વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૪મું
નવેમ્બર - ૨૦૧૯
અંક : ૪૯૮
મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૯૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## દિપોત્સવી અંક
## "કચ્છી ઓજસ" વિશેષાંક




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-હુંભીમવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org




**AVAIL FREE HOUSEHOLD APPLIANCES WITH EACH APARTMENT**

Split AC | Refrigerator | TV | Washing Machine | Microwave Oven | Cooktop | RO Water Purifier

gala ETERNIA
HAPPINESS FOREVER

Call: +91 81416 70000 | 95860 70000

**Site Address: Gala Eternia,** Drive-in Road, Ahmedabad - 380052. | **Email:** perfection@galainfra.com | **www.galainfra.com**

Reg. No. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA00144/140917 | gujrera.gujarat.gov.in

***Conditions apply | Offer valid till 30th November, 2019.**

**DEEP Industries Limited**

**Oil & Gas Exploration Production & Services**



- **EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS**
- **EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE**
- **NATURAL GAS COMPRESSION SERVICES**
- **OIL & GAS PROCESSING EQUIPMENT**
- **WORK OVER AND DRILLING RIGS**
- **HIGH PRESSURE MOBILE AIR COMPRESSION**
- **NATURAL GAS BASED POWER GENERATION**
- **GAS DEHYDRATION UNIT**

• CONTACT DETAILS •

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com




# દીપોત્સવ તેમજ નૂતનવર્ષ પ્રસંગે

## સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં અણમોલ પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ઉત્સવ-પર્વ [ગુજરાતનાં ઉત્સવો, પર્વો અને મેળાઓ] | લેખસંગ્રહ | કમલેશ ચાવડા | 130 |
| સદાચાર | લેખસંગ્રહ | ફાધર વાલેસ | 125 |
| પ્રસન્નતાની પાંખડીઓ | લેખસંગ્રહ | ફાધર વાલેસ | 80 |
| ઉજાસ | લેખસંગ્રહ | મોહમ્મદ માંકડ | 500 |
| ચાલતા રહો, ચાલતા રહો | લેખસંગ્રહ | મોહમ્મદ માંકડ | 150 |
| માનવસંબંધો | લેખસંગ્રહ | સ્વામી સચ્ચિદાનંદ | 130 |
| વીરતા પરમો ધર્મઃ | પરમવીર ચક્ર અને મહાવીર ચક્રથી સન્માનિત સૈનિકોની ચરિત્રકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| ઈદમ્ ચરિત્રમ્ | હાસ્ય ચરિત્રકથાઓ | વિનોદ ભટ્ટ | 180 |
| ભજ આનંદમ્ | હાસ્યલેખો | રતિલાલ બોરીસાગર | 170 |
| રંગતરંગ-1 | હાસ્યલેખો | જ્યોતીન્દ્ર દવે | 160 |
| શ્રી કૃષ્ણની અલૌકિક લીલા | આધ્યાત્મિક | ભાણદેવ | 280 |
| હિમાલયમાં ઉદ્ધવજીની કૃષ્ણકથા | આધ્યાત્મિક | ભાણદેવ | 500 |
| શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે | આધ્યાત્મિક | ભાણદેવ | 500 |
| લોકોનાં દિલ જીતવાની કલા (અંગ્રેજી) | લેખસંગ્રહ | ડેલ કાર્નેગી, અનુ. પી.જી. શાહ, અચલા વોરા | 195 |
| 42 પ્રેરણાત્મક પ્રસંગો | પ્રેરક પ્રસંગો | ડૉ. આશિષ ચોક્સી | 60 |
| બ્રહ્મ સત્યથી જગત સત્ય ભણી | લેખસંગ્રહ | રમેશ સંઘવી | 100 |
| જ્ઞાતથી અજ્ઞાત ભણી | લેખસંગ્રહ | રમેશ સંઘવી | 100 |
| ગુજરાતી કથાગીતો | આસ્વાદ | સંક. જીના વીરેન શેઠ | 300 |
| જીવનયોગ | યોગ વિષયક | સ્વામી અધ્યાત્માનંદ | 150 |
| સેલિબ્રિટિ સાથે સંવાદ | ઈન્ટરવ્યૂ | આનંદ ઠાકર | 150 |
| સફળ જિંદગી જીવવાની જડીબુટ્ટી | લેખસંગ્રહ | કાન્તિ પટેલ | 150 |
| જીવન એક ઉત્સવ | લેખસંગ્રહ | હરેશ ધોળકિયા | 150 |
| ક્ષણનો ઉત્સવ | સત્યકથાઓ | ડૉ. કુમારપાળ દેસાઈ | 150 |
| જીવન અને પોઝિટિવિટી | જીવનપ્રેરક | ડૉ. આશિષ ચોક્સી | 60 |









ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● *દિવાળી તથા નૂતન વર્ષ*
ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા... ૭
● અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ... ૮
● આગામી કાર્યક્રમોની એક ઝલક ... ૯

## સંપુટ-૧

### કચ્છ દર્શન

● કચ્છ કેટલું જૂનું? ... ૧૦
● કચ્છી પ્રજા ... ૧૧
● કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ ... ૧૨
● કચ્છનાં સ્થાપત્યો તથા પુરાતત્ત્વિય સ્થળો ... ૧૬
● કચ્છ પ્રવાસન : બદલાતા પરિમાણો ... ૧૮
● ભૂખરા રણમાં મેઘધનુષ્ય અને સંગીતનો સમન્વય! ... ૨૦
● જામ ફૂલો ... ૨૨
● લાખો ફૂલાણી ... ૨૪
● હોથલ પદમણી અને ઓઢો જામ ... ૨૭
● ત્રણ ઐતિહાસિક પાત્રોનું મનોજગત ... ૩૧
● છેલ્લા હજાર વર્ષનું કચ્છ : એક વિહંગાવલોકન ... ૩૭
● સત્યનો પ્રભાવ ... ૪૪
● દેશળ દરબારના ત્રણ રત્નો : જૈન યતિઓ ... ૪૭
● ભારતનો તારણહાર : જગડૂ દાતાર ... ૪૯
● કચ્છના દેવતા જખદાદા ... ૫૧
● રા'ની રોઝડી ... ૫૪
● કચ્છનો પ્રખ્યાત અલી ચોર ... ૫૭
● વીજળી વેરણ થઈ! ... ૫૯
● જંગબાર અને કચ્છ ... ૬૨
● સ્વામી વિવેકાનંદ કચ્છમાં ... ૬૫

## સંપુટ-૨

### પ્રાસંગિક

● ચાલો, કર્તવ્યનો દીપ પ્રગટાવીએ ... **ચંદ્રકાંત પટેલ 'સરલ'** .... ૬૬

### કચ્છ

● કચ્છનું રહસ્યસભર રણ અને કચ્છી રહેવાસીઓ ... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૬૮

### દીપશીખા

● સફળતાની બાધક : શંકા ● હાર-જીતને પચાવતા શીખો ... **ડૉ. પૂજા કોટક** .... ૬૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## અહેસાસ

● પ્રેમ અને વિશ્વાસ એકબીજાના પૂરક ...... **ડૉ. મેહા વી. સંઘવી**.... ૭૦

## આરોગ્ય

● મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં કાંઈ ....... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**.... ૭૧
સમજતા નથી, પોતાનું ધાર્યું કરે છે **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## સેવા જ્યોત

● નવજ્યોત અંધજન મંડળ અમદાવાદમાં
પ્રજ્ઞાચક્ષુ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓનો ચાલતો સેવાયજ્ઞ ...... **કિરણ ચાંપાનેરી 'સેતુ'**.... ૭૩

## બંધન

● આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે ...... **મગનલાલ સંઘવી**.... ૭૪

## વૈવિધ્ય

● આંજો કાગર ...... ૭૭
● ગેમ્સ ગેલેરી : જ્ઞાન સાથે ગમ્મત ...... **ભાવના એ. ઝવેરી**.... ૭૮
● સુખનું સરનામું ...... **જાદવજી કાનજી વોરા**.... ૭૯
● વાંચનયાત્રા ...... **ગુલાબચંદ ડી. સાવલા**.... ૮૦

## YOUTH CLUB

● Some Golden Rays ...... ૮૦

## મનોરમ્ય

● ખજાનો : **સુનિતા એ. શાહ** ● મોબાઈલ મેં નેરી ગીન : **વિપુલ બી. જોશી 'કચ્છી બેફામ'** ..... ૮૧
● સપનું : **રમીલા પી. મહેતા** ● બેઠો છું : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ...... ૮૧
● લઘુ કાવ્યો : **અરુણા અરુણ ઠક્કર** ● તમે : **સુધા એ. ઝવેરી** ...... ૮૨
● માતા-પિતા : **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૮૨

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ...... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૮૩
● *Nano Nine* શબ્દ રમત-૧૫૭ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૧૫) **સંકલન : રજનીકાંત પારેખ**...... ૮૫
● વલોવતન ...... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૮૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
પરિવાર સમાચાર ...... ૮૯
● સંસ્થા સમાચાર ...... ૮૯

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# દિવાળી તથા નૂતન વર્ષ

## ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા...

કચ્છી જ્ઞાતિના સર્વે પરિવારજનોને દિવાળીની શુભેચ્છા તથા નૂતન વર્ષ શુભ ફળ આપનારું, યશસ્વી અને સુખમય નીવડે અને પરિવારજનોના દરેક સભ્યો પ્રગતિના શિખરો સર કરે એવી શુભ કામના!

દીપોત્સવી અને નવા વર્ષના પર્વો એટલે દીપ ઉત્સવના પર્વ, આનંદના પર્વ, આશાના પર્વ અને શક્તિ સંચારના પર્વ છે. દરેક પર્વ, ઉત્સવ માનવમાત્રના જીવનમાં નવી તાજગી, ચેતના તથા નવો ઉમંગ પ્રદાન કરે છે.

આ શુભ અવસરોએ આપણે સૌ સાથે મળીને આપણા આંતરદીપને પ્રગટાવીએ અને સમાજના હિતમાં અને સમગ્ર સમાજ પરિવારજનોની પ્રગતિ માટે વિરાટ સામૂહિક શક્તિનું નિર્માણ કરીએ. **'તમસો મા જ્યોતિર્ગમય'** – પ્રકાશના પુંજનું સર્જન થાય તેવી અપેક્ષા રાખીએ. હકીકતમાં દીપોત્સવ એટલે પાંચ પર્વોનો સ્નેહ સંગમ. **દિવાળીના અવસરે બહાર તો દીવડા પ્રગટાવવાના જ છે પણ દિલમાં દીવો કરવાનો છે.** તે માટે ઘી અથવા તેલની જરૂર નથી. દરેકને પ્રેમ આપવાનો છે તથા અંદરના આત્માને અજવાળવાનો છે. દિવાળીની સંગાથે છે... લક્ષ્મી પૂજનનું પર્વ એટલ ધનતેરસ. લક્ષ્મીનો સદુપયોગ એ જ ધનતેરસનો પર્વ. તેવી રીતે પ્રભુએ નરકાસૂરનો વધ કર્યો, એ છે કાળી ચૌદસ. ત્યાર પછી **દિવાળી એટલે જીવનના ચોપડાનું સરવૈયું કાઢવાનો દિવસ.** વેરઝેર, રાગદ્વેષ, ઈર્ષ્યા અને કટુતા દૂર કરી નવા વર્ષને સુંદર બનાવવાનો પર્વ નૂતન વર્ષ. પર્વોની શ્રેણીમાં ભાઈ-બહેનના સંબંધનો પવિત્ર દિવસ એટલે ભાઈબીજ. આ રીતે દીપોત્સવી એટલે પર્વોનું સ્નેહ સંમેલન.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના વાચકવર્ગ માટે આ વર્ષે દીપોત્સવના પ્રસંગે 'મંગલ મંદિર'ના માધ્યમથી એક અનોખો ઉપહાર લઈને આવેલ છે. કચ્છ અને કચ્છીયત... તેનો ઈતિહાસ, ભૌગોલિક અને રાજકીય સ્થિતિ, સ્થાનિક પ્રજા, કચ્છની ભાતીગળ જીવનશૈલી, ત્યાંનું સ્થાપત્ય અને પુરાતત્ત્વિય સ્થળો, કચ્છના પનોતા પુત્રો, લોક સંસ્કૃતિ, ત્યાંનો વિકાસ તથા ત્યાંના ખંત, ખમીર જેવા કેટલાક વિશેષ વિષયો કચ્છને સંબંધિત છે. આ પ્રકારના વિષયો આવરી લઈને, તેને ઉજાગર કરવાનો એક નમ્ર પ્રયાસ આ વર્ષના દીપોત્સવ વિશેષાંકમાં કર્યો છે.

ઉપરોક્ત વિશેષાંકના કેટલાક મુખ્ય લેખો અને સામગ્રી માટે કચ્છ : વિહંગાવલોકન, કચ્છી કથાઓ, કચ્છ : કેટલાક અવલોકન તથા કચ્છની રસધાર પુસ્તકો અને તેનાં સર્જકો શ્રી હરેશ ધોળકિયા, શ્રી સ્વામી સચ્ચિદાનંદ તેમજ દુલેરાય કારાણી સાહેબનો ઋણ અદા કરીએ છીએ.

બેસતા વર્ષે આપણે સૌનું અભિવાદન કરીએ. જે ન બોલે તેને બોલાવીએ, પરસ્પરના વેરઝેરને દૂર કરીએ અને સમગ્ર માનવજાત, સમગ્ર સમાજ માટે શુભ ચિંતન તથા શુભ વિચારોનું નિર્માણ કરીએ.

જિંદગી એક કેલેન્ડર જેવી છે. તેમાંથી રોજ એક પત્તુ ફાટે છે. વર્ષાંતે કેલેન્ડર પૂરું થઈ જાય છે. જિંદગીનું પણ આવું જ છે. કામની રફતારમાં વર્ષો ચાલ્યા જાય છે. સમય બદલાઈ રહ્યો છે. સમયની ગતિ બદલાઈ રહી છે. સમય બહુ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. ટેકનોલોજી અને વિજ્ઞાને સમયની ગતિને વધારે વેગ આપ્યો છે. આ પ્રકારના માહોલમાં **આવો, આપણે બધા મળીને સમયની ગતિ જોડે ચાલવાની કોશિષ કરીએ. કારણકે સમયની જોડે નહીં ચાલીએ તો સમય આપણને પાછળ છોડી દેશે.** વિકાસક્રમ એ કુદરતનો ક્રમ છે. આ સિદ્ધાંતને અનુલક્ષીએ તો મનુષ્ય પોતાના માનવ જીવનમાં જેટલો વિકાસ કરી શકે છે તેટલો અન્ય જીવન કે અન્ય ક્ષેત્રમાં નથી કરી શકાતો. મનુષ્ય કેટલાક ઉચ્ચ ગુણો પામી શકે છે અને ગુણોથી જ તેની વિશેષતા અંકાતી હોય

છે. અગત્યની બાબત એ છે કે, **ધન-દૌલત કે યૌવન સદાકાળ અમર નથી પરંતુ સામાજિક સેવા, સખાવત, સંસ્કાર, સાહસ, સ્વાર્પણની લગની અને શૌર્યથી અંકિત થયેલા કાર્યો જ ઇતિહાસે અમર બની જાય છે.** નિર્મળ સરિતા સમાન ગૌરવવંતુ અને મહાન જીવન જીવનારી વિભૂતિઓ સર્વત્ર સુરભી પાથરે છે.

નૂતન વર્ષે દરેક પરિવારજનો પર પ્રભુની અમિદૃષ્ટિ વરસે અને દરેકને સનાતન સુખ, શાંતિ પ્રદાન થાય તેવી પ્રાર્થના.

*"કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ;*
*જિત હિકડો કચ્છી વસે, ઉતે ડિયાણી કચ્છ."*

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : નવેમ્બર

૦૭ રાષ્ટ્રીય કેન્સર જાગરુકતા દિન
૦૯ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિન
૧૧ શિક્ષા દિન
૧૪ બાલ દિન (જવાહરલાલ નેહરુ જન્મદિન)
૧૬ રાષ્ટ્રીય પત્રકારિતા દિન
૨૦ બાળ અધિકાર દિન
૨૪ એન.સી.સી. સ્થાપના દિન
૨૬ રાષ્ટ્રીય કાયદા દિન

### માસ : ડિસેમ્બર

૦૧ બીએસએફ સ્થાપના દિન
૦૨ પ્રદૂષણ નિવારણ દિન
૦૪ નૌસેના દિન
૦૬ નાગરિક સુરક્ષા દિન
૦૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૪ ઊર્જા સંરક્ષણ દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા

## વિશ્વ : અગત્યના દિન

### માસ : નવેમ્બર

૦૯ વિશ્વ ઉર્દૂ દિન
૧૪ વિશ્વ ડાયાબિટીસ દિન
૧૯ વિશ્વ શૌચાલય દિન
૨૦ વિશ્વ બાળ અધિકાર દિન
૨૭ વિશ્વ મહિલા હિંસા નિવારણ દિન

### માસ : ડિસેમ્બર

૦૧ વિશ્વ એઇડ્સ દિન
૦૩ વિશ્વ વિકલાંગ દિન
૦૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૧ યુનિસેફ દિન
૩૧ ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા

*દેશાવરમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી પ્રગતિનાં ઊંચા શિખર સર કર્યા છતાં 'કચ્છી માડુ' ક્યારેય માતૃભૂમિને ભૂલ્યો નથી અને આજેય તેનાં સંસ્કાર સાચવીને બેઠો છે.*

*સફળતા એ મંઝિલ નથી; સફળતા એ માર્ગ છે.*
*તૃપ્તિ ઉપલબ્ધિમાં નથી; તૃપ્તિ પામવાના પ્રયત્નોમાં છે.*
*હું આજે નક્કી કરું છું કે હું પ્રયત્ન કરીશ, પુરુષાર્થ કરીશ.*
*એક ધ્યેય પ્રાપ્ત થતાં બીજું ધ્યેય ધારીશ, અટકીશ નહીં.*
*તેમાં રોજેરોજ આગળ વધીશ. ભલે ધીમી ગતિએ ચાલીશ, પણ ચાલીશ મક્કમ ગતિએ.*

## શુભેચ્છા – અભિનંદન

શુભ દીપાવલી પ્રસંગે અને નૂતન વર્ષના
મંગલમયી પ્રભાતે સર્વેને હાર્દિક શુભ કામના....



**પ્રદીપભાઈ મહેતા**
માનદ્ મંત્રી

**પ્રતાપભાઈ દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી

**ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**
**તથા 'મંગલ મંદિર' પરિવાર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## વિજ્ઞપ્તિ

*અમારા માનવંતા અનેક તજજ્ઞ સર્જકો તરફથી તેમની રચનાઓ 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા માટે પ્રાપ્ત થયેલ છે. પરંતુ સ્થળ સંકોચ જેવા અનિવાર્ય સંજોગોના કારણે દરેક લેખન સામગ્રીઓનો 'મંગલ મંદિર'ના દીપોત્સવ – વિશેષાંકમાં સમાવેશ કરી શક્યા નથી.*

ક્ષમા પ્રાર્થી....

*– તંત્રી મંડળ*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૯ સાંજે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | (૧) વાર્તાલાપ<br>(૨) અંતાક્ષરી, હાઉસી અને વિવિધ રમતો. |
| ● સોમવાર, તા. ૨૫-૧૧-૨૦૧૯થી દરેક સોમવારથી શુક્રવાર | નવનીત ભવન, આણંદજી કલ્યાણજીની પેઢી, બહેરામપુરા, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગૃહ ઉદ્યોગ સમિતિ | કોમ્પ્યુટર ક્લાસીસ તથા સિલાઈ તાલીમના વર્ગ |
| ● તા. ૦૩-૧૨-૨૦૧૯થી તા. ૧૪-૧૨-૨૦૧૯ | પ્રસ્થાન : અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | શિખરજી પંચતીર્થી ભાગલપુર સાથે બનારસ યાત્રા પ્રવાસ |
| ● રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૯ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પુરસ્કાર સમિતિ | ધોરણ-૧૦ અને તેની ઉપરના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે ઈનામ વિતરણ કાર્યક્રમ |
| ● તા. ૦૩-૦૧-૨૦૨૦થી તા. ૦૫-૦૧-૨૦૨૦ | પ્રસ્થાન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ | જવાઈ ડેમ ટ્રેકિંગ એન્ડ એડવેન્ચર ટુર |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

કચ્છ દર્શન

# કચ્છ કેટલું જૂનું?

કચ્છ પ્રદેશનો જેમજેમ પરિચય મેળવતા જઈએ છીએ, તેમતેમ તેની ઐતિહાસિકતા, તેની પ્રાચીનતા સમજાતી જાય છે. ઈતિહાસમાં જેમ પાછળ જતા જઈએ છીએ, તેમ તેમ તેમાં અન્ય પ્રદેશોની જેમ કચ્છનો પણ ઉલ્લેખ જોવા મળે છે. તે દર્શાવે છે કે પ્રાચીનકાળથી વિશ્વમાં કચ્છ જાણીતું હતું. તેની યાદી તો ખૂબ લાંબી છે. અહીં તો માત્ર ઝાંખી કરી છે.

'કચ્છ' શબ્દ સંસ્કૃત છે. તેનો અર્થ 'કાચબો' છે. આમ તો તે તેના ભૌગોલિક આકારના આધારે આ નામ પાડેલ છે, પણ ભાગવતમાં ભગવાન વિષ્ણુનો એક અવતાર 'કચ્છપ' છે. તે ઉલ્લેખ આ નામને પવિત્રતા સાથે પ્રાચીનતા આપે છે.

'વાયુ પુરાણ'માં પણ અન્ય પ્રદેશો સાથે કચ્છનો ઉલ્લેખ કરતાં લખેલ છે કે, 'નર્મદા પાસેના ભાનુ કચ્છ, સારસ્વત, કચ્છ, સુરાષ્ટ્ર અને આનર્ત – એ પ્રદેશો આબુ પર્વત સાથે જોડાયેલા છે.' પુરાણોમાં ચાર મહા સરોવરોનો ઉલ્લેખ છે. તેમાં એક **'નારાયણ સરોવર'** છે. એમ કહેવાય છે કે ઋષિઓએ ત્યાં તપસ્યા કરી હતી.

કવિ કાલિદાસે 'મેઘદૂત'માં અલકાપુરીનો માર્ગ બતાવતા વર્ણનમાં કચ્છનો નિર્દેશ કર્યો છે. **(કન્દલીશ્યાનુકચ્છમ્.)**

'અમરકોશ'માં તથા 'પાણિનિ અષ્ટાધ્યાયી'માં કચ્છ શબ્દની ચર્ચા છે.

જૈન ગ્રંથ 'ભગવતી સૂત્ર'માં લખેલ છે કે 'નદીના પાણીથી ઘેરાયેલ વૃક્ષોવાળું સ્થાન તે કચ્છ.'

સાહિત્ય તપાસીએ તો વનવાસ દરમિયાન રામ, સીતા અને લક્ષ્મણે નારાયણ સરોવરની યાત્રા કરી હતી. આજે પણ ત્યાં રામકૂવો, સીતાવાડી, રામગુફા, લક્ષ્મણગુફા વગેરે નામધારી સ્થળો છે. રાવણ પણ શિવલિંગ લઈ પાછો વળતો હતો, ત્યારે નારાયણ સરોવર પાસે શિવલિંગ નીચે મૂકતાં **આ શિવલિંગ કોટી સ્વરૂપમાં ફેરવાઈ ગયું. તેના આધારે 'કોટેશ્વર' મંદિર** બનેલ છે એમ મનાય છે.

મહાભારતમાં પાંડવો વનવાસ દરમિયાન છેલ્લું વર્ષ જે ગુપ્તવાસમાં રહ્યા, તે, મનાય છે કે, **રાપર પાસે આવેલ 'ગેડી'માં રહ્યા હતા.** ત્યાં આજે પણ ભીમગૂડો સ્થળ છે.

વિદેશી સાહિત્યમાં જોઈએ તો મેગેસ્થનિસે કચ્છનો 'પાતાળદ્વીપ' નામે ઉલ્લેખ કર્યો છે. **સિકંદર પણ પાછા વળતાં કચ્છમાંથી પસાર થયો હતો તેમ મનાય છે.** ઈ.સ.ના પ્રથમ સૈકામાં પ્લિન નામના એક પ્રવાસીએ કચ્છી પ્રજાને 'ઓદમ્બરી' નામે ઓળખાવી છે. બેક્ટ્રીયન લેખક સ્ટ્રબોએ કચ્છનો 'તાજ રાષ્ટ્ર' તરીકે નિર્દેશ કર્યો છે. પાછળથી આના આધારે જ કદાચ મોગલ યુગમાંના લેખક અબુલ ફઝાએ ભુજને 'તેજ' તરીકે દર્શાવેલ છે.

આ ઉપરાંત, ટોલેમી, પેરિપ્લસ, ક્ષત્રપનો શિલાલેખ, હ્યુ-એન-સંગ વગેરે દ્વારા પણ કચ્છનો ઉલ્લેખ થતો રહ્યો છે.

આ બધા નિર્દેશો સૂચવે છે કે કચ્છ પ્રાચીન છે અને સદાય પ્રચલિત રહ્યું છે. ■

## મહાત્મા ગાંધીજી અને કચ્છ

મહાત્મા ગાંધીજીએ ઈ.સ. ૧૯૨૫માં કચ્છનો પ્રવાસ કર્યો હતો. તા. ૨૨-૧૧-૧૯૨૫ના 'નવજીવન'માં ગાંધીજીએ લખ્યું છે કે, *"કચ્છને કેટલેક દરજ્જે સિંધને મળતો એક વિભાગ ગણી શકાય. સિંધને તો સિંધુ નદી મળી છે એટલે સિંધ નભી શકે છે. જો સિંધુ નદી ન હોત તો સિંધ બરબાદ થઈ જાત. કચ્છને તો એવી કોઈ નદીનો આશરો નથી. તેથી કચ્છમાં અંજાર, મુંદ્રા ઈત્યાદિ થોડા પ્રદેશો છોડીને ઝાડપાન ભાગ્યે જ જોઈ શકી. જ્યાં ઝાડપાન હોય નહીં ત્યાં વરસાદ હંમેશાં થોડો પડે છે. કચ્છની એવી સ્થિતિ છે. વરસાદ એટલો બધો થોડો અને અનિયમિત પડે છે કે ભાગ્યે જ ત્યાં દુકાળ ન હોય. પાણીની ખેંચ તો રહ્યા જ કરે છે. જો કચ્છમાં નિયમસર અને ખંતપૂર્વક વૃક્ષો રોપવામાં આવે તો કચ્છમાં વરસાદ વધારી શકાય અને તેથી મુલક વધુ ફળદ્રુપ થાય. જોહાનિસબર્ગ એક એવો જ પ્રદેશ હતો જ્યાં એક વેળા ઘાસ સિવાય કાંઈ જ ઉગતું ન હતું. એ જ ચાળીસ વર્ષમાં સુવર્ણપુરી બની ગયું છે. એવો સમય હતો કે જ્યારે લોકોને એક ડોલ પાણીના બાર આના આપવા પડતા. ત્યાં આજે પાણી છે અને વૃક્ષો છે. શરૂઆતથી સોનાની ખાણના માલિકોએ અતિ ઉત્સાહપૂર્વક દૂર દૂરથી વૃક્ષો મંગાવી, રોપીને એ પ્રદેશને લીલોછમ કરી મૂક્યો છે અને વરસાદનું પ્રમાણ વધાર્યું છે."*

***સૌજન્ય : "ભાતીગર ભોમકા કચ્છ"***

કચ્છ દર્શન

# કચ્છી પ્રજા

કચ્છ ભૌગોલિક રીતે વિષમતામાં જીવતો પ્રદેશ છે. કર્કવૃત્ત અહીંથી પસાર થાય છે. પરિણામે ગરમી ખૂબ હોય છે. વરસાદ પણ ઘણો ઓછો છે. વારંવાર દુકાળો પડે છે. રણ પણ છે. જીવન ટકાવવાનાં માધ્યમો ઓછાં છો. તેથી જે કચ્છીઓ સાહસિક છે, તેઓ તો કચ્છ છોડી રોજગારીની શોધમાં બહાર જાય છે. મુખ્યત્વે તો મુંબઈ જાય છે. પણ હવે તો સમગ્ર ભારતમાં કચ્છીઓ વિસ્તરી ગયા છે. કેટલાક તો વળી પરદેશ પણ જાય છે. તેમાં મુખ્યત્વે આફ્રિકા અને બ્રિટન જાય છે. આ બધા ત્યાં સખત મહેનત કરી ખૂબ કમાયા છે અને સમૃદ્ધ થયા છે.

જે લોકો પાસે સાહસિકતા કે સગવડ નથી, તેઓ સ્થાનિકે જ રહી જાય છે. તેમનામાં સામાન્ય રીતે સાહસિકતા અને સર્જકતા ઓછી હોય છે. પરિણામે તેઓ પરંપરાગત વ્યવસાયમાં જ કામ કરે છે. સામાજિક રીતે પણ પછાત જ રહે છે. તેથી સ્થાનિક પ્રજા પણ પછાત રહે છે. બહાર ગયેલાની તુલનામાં તેમની આર્થિક સ્થિતિ પણ સામાન્ય રહી છે. આ લોકો સતત અસલામતીમાં જીવે છે. તેથી વિકાસ નહિંવત થાય છે. આ તો બહાર ગયેલ એન.આર.આઈ.ઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થવાથી થોડો પણ વિકાસ દેખાય છે.

આવી પ્રજામાંથી ઉત્સાહી, સર્જનાત્મક કે સ્વપ્નશીલ નેતાઓ જન્મવા લગભગ અશક્ય હોય. **તેથી કચ્છના સમગ્ર ઇતિહાસમાં અને આજે પણ નેતૃત્વ અતિ નબળું અને પ્રભાવહીન રહ્યું છે.** તે પણ પ્રજાને પછાત રાખવામાં મદદ કરે છે.

સદ્‌ભાગ્યે, કચ્છમાં ઔદ્યોગીકરણ શરૂ થવાથી આધુનિકતાનો પ્રવેશ થઈ રહ્યો છે. હવે બિનકચ્છી લોકો આવી રહ્યા છે. સંભવ છે, તેમાંથી નવું કોર્પોરેટ નેતૃત્વ પ્રગટે. હજી તો તેઓ કેવળ કમાવા આવ્યા છે. કદાચ સ્થિર થાય તો સ્થાનિકે રસ લેવાનું શરૂ કરશે. તો કદાચ નેતૃત્વ લે પણ અને આધુનિકતાને ઝડપી બનાવે. લોકમાનસ પણ બદલે.

તે માટે રાહ જોવી રહી. ■

સામાન્ય રીતે કચ્છમાં કોઈ પ્રવેશ કરે અને ગામડાં કે શહેરોમાં ફરે, તો તેને સ્થાનિક લોકો તરફથી ખૂબ જ ઉષ્મા અને ઉમળકાનો અનુભવ થતો હોય છે. કચ્છના ઊંડાણના વિસ્તારોમાં પણ ફરે અને કદાચ ભાષાની તકલીફ પણ હોય, તો પણ તેને ખાસ મુશ્કેલીનો અનુભવ નથી થતો. લોકો તેને પોતાની વ્યક્તિ માની લે છે.

કચ્છી પ્રજાની ખાસિયત વિશે કચ્છ વિશે મબલખ અને અભ્યાસની રીતે લખનાર **શ્રી દુલેરાય કારાણી**એ આ રીતે વર્ણન કર્યું છે :

*"કચ્છડો ખેલેં ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસેં, ઉતે ડિયાણી કચ્છ."*

એટલે કે, "મહાસાગરમાં જેમ માછલી સરળતાથી તરે છે, તેમ કચ્છી વ્યક્તિ પણ દુનિયાભરમાં આરામથી ઘૂમે છે અને જ્યાં પણ એક પણ કચ્છી દેખાશે, ત્યાં કચ્છનું જ દર્શન થવાનું."

સામાન્ય રીતે કચ્છી પ્રજા સાહસિક છે, ખમીરવંતી છે, વતનપ્રેમી છે. શહેરોમાં કદાચ તે જુદા નહીં પડતા હોય, પણ હજી પણ ગ્રામ્ય વિસ્તારોમાં તેમનો પહેરવેશ, તેમની ભાષા, તેમની બોલવાની ઢબ, તેમની પાઘડી કે સાડી... આ બધા ધ્યાન ખેંચે છે અને તેનું વૈવિધ્ય આકર્ષે છે.

કચ્છની મૂળ પ્રજા કોણ છે તેનો ખ્યાલ આવતો નથી. મોટાભાગના લોકો કચ્છ બહારથી જ આવીને વસતા રહ્યા છે. **કચ્છનું જાડેજા રાજવી કુળ સિંધમાંથી આવેલ છે. રજપૂતોનાં વિવિધ કુળો ગુજરાતમાંથી આવ્યાં છે.** બીજી જ્ઞાતિઓ પણ એક યા બીજા સમયે વિવિધ સ્થળોએથી આવેલ છે. આમ, સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન વગેરે દૂર-સુદૂર વિસ્તારોમાંથી સદીઓથી વિવિધ સમૂહો આવતા રહ્યા છે અને કાળાંતરે કચ્છી બનતા રહ્યા છે. ૨૦૦૧ના ભૂકંપ પછી તો કચ્છમાં ઔદ્યોગીકરણ શરૂ થવાથી હવે તો બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાંથી પણ લોકો આવવા શરૂ થયા અને કચ્છ "કોસ્મોપોલિટન" બનતું ગયું.

*"વંકી ધરા ને પાઘડી વંકી, વળી મૂછ કટારી વંકી અતિ, નેક ટેકના રાખણહારા માનવ કેરી આ ધરતી, ધન ધન કચ્છની આ ધરતી."*

કચ્છ દર્શન

# કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ

કોઈ પણ પ્રદેશનો વિકાસ, આખરે તો, તેના શાસકો પર આધારિત હોય છે. જે શાસકો દીર્ઘદૃષ્ટા, સક્રિય અને લોકકલ્યાણ - માનસ ધરાવતા હોય છે, તેઓ પ્રજા કલ્યાણના કાર્યો કરતા હોય છે અને તેની પ્રજા સુખસગવડો વચ્ચે જીવતી હોય છે. જ્યાં જ્યાં 'આવા' શાસકો થાય છે, ત્યાં પ્રજા સુખાકારીની માત્રા ઊંચી હોય છે.

ભારત ૧૯૪૭ સુધી એક સુગ્રથિત દેશ ન હતો. ચારસો-પાંચસો નાનાં-મોટાં રજવાડાઓમાં વહેંચાયેલો વિસ્તાર હતો. ધર્મ અને સંસ્કૃતિથી અવશ્ય એક હતો, પણ રાજકીય રીતે તો તે ટુકડાઓમાં જ વહેંચાયેલો હતો. એટલે ત્યાં સુધી સમગ્ર દેશના વિકાસનો ખ્યાલ જ ન હતો. કારણકે સમગ્ર દેશના કોઈ એક શાસક જ ન હતા. વર્તમાનમાં હવે આ સંકલ્પતા વિકસિત થઈ છે, પણ ભૂતકાળમાં તે શક્ય ન હતી. પરિણામે દરેક રજવાડાનો વિકાસ તેના શાસકની મુનસફી પર આધારિત રહેતો. જ્યાં પણ ઉત્તમ શાસક હોય, તે રજવાડું વિકસિત બનતું. ગુજરાતમાં વડોદરા, ગોંડલ કે ભાવનગર જેવાં રજવાડાં ઠીકઠીક વિકસિત હતા.

*કચ્છની સ્થિતિ શું હતી?*

● **ગઈકાલ :**

૧૯૪૮ સુધી કચ્છ પણ દેશી રજવાડું જ હતું. સદીઓથી અહીં પણ રાજાઓ જ વહીવટ ચલાવતા હતા. સમગ્ર ભૂતકાળ તપાસવો તો લાંબી પ્રક્રિયા બને, કારણકે કચ્છનો ઘણો ઈતિહાસ વણનોંધાયેલ છે. એટલે કચ્છનો રાજકીય વિકાસ વ્યવસ્થિત રીતે તપાસવો હોય તો ખેંગારજી પહેલા (૧૫૧૦) દ્વારા જે 'જાડેજા વંશ' શરૂ થયો, તેને આધારે રાજકીય વહીવટ તપાસવો તુલનાત્મક સરળ પડે.

રાજકીય સ્થિતિ કે વહીવટનું મૂલ્યાંકન કેમ કરાય?

મૂલ્યાંકન, મહદ્ અંશે, રાજકર્તાઓનાં કાર્યો દ્વારા કરી શકાય. **ત્રણ પ્રકારના શાસક હોય. પ્રજાવિરોધી, તટસ્થ અને પ્રજાહિતેચ્છુ.** પ્રજાવિરોધી એટલે કોઈ પણ બહાનાં હેઠળ પ્રજાને સતત કનડનારા. તેના અમલ દરમિયાન પ્રજા દુઃખી હોય, પછાત રહે. તટસ્થ એટલે 'માસ્તર મારે પણ નહીં અને ભણાવે પણ નહીં.' પ્રજાને હેરાન પણ ન કરે અને તેના વિકાસમાં બહુ રસ પણ ન લે. પરંપરાગત કામો ચાલુ હોય... પણ પ્રજાહિતેચ્છુ રાજવી તો સામેથી પહેલ કરીને પ્રજાનાં વિવિધ વિકાસલક્ષી કામો કરે. પ્રજાની સ્થિતિ સુધારે. તે વિસ્તારનું આંતરમાળખું મજબૂત કરે, આર્થિક વિકાસ તરફ ધ્યાન આપે. ખોટા સામાજિક રિવાજોને નાબૂદ કરીને પ્રજાને આગળ વિચારવા - વધવા પ્રેરણા આપે. આવા શાસકો વિકાસનું માધ્યમ બને છે.

કચ્છમાં જે છેલ્લા અઢાર રાજવીઓ થયા, તેમને તેમનાં કાર્યોના આધારે, આ સ્તરોના આધારે મૂલ્યાંકન કરવું જોઈએ.

*પ્રથમ પ્રજાવિરોધી રાજવીઓ જોઈએ.*

કચ્છ આવા રાજવીઓ બાબતે સદ્ભાગી રહ્યું છે. અઢારમાંથી કેવળ એક જ **રાજવી રાયધણજી બીજા** (૧૭૭૯)ને તેમાં મૂકી શકાય. તે રાજા અસ્થિર મનોદશાના હતા. સ્વભાવે આક્રમક અને ઝનુની હતા. કમનસીબે તે પીર મહમદ પનાહના રવાડે ચડી ગયા અને તેના પ્રભાવમાં આવીને કચ્છમાં ઈસ્લામને પ્રસરાવવાનું ઝનૂન તેમનામાં પ્રવેશ્યું. તેમાં તેમને થોડા સીદી રક્ષકોનો સાથ મળ્યો. તેણે બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાનો અને એકવાર તો, ધર્મસ્થાન તોડવાનો પણ પ્રયાસ કર્યો. તેનાં આ કૃત્યોથી પ્રજા, ખાસ કરીને **ભુજ અને માંડવીની**, ત્રસ્ત થઈ ગઈ. માંડવીમાં તો ધર્મ સ્થાન તોડવા વખતે પ્રજાએ પોતાનો ગુસ્સો પણ પ્રગટ કરી દીધો. ભુજમાં પ્રજા ત્રસ્ત થઈ, છતાં કોઈ સામૂહિક બળવો ન થયો. પણ થોડા લોકોએ બળવો કર્યો. શરૂઆતમાં કેટલાક મૃત્યુ પામ્યા, પણ પછી **મેઘજી શેઠ**ની આગેવાની નીચે બળવો થયો અને તેણે અને **જમાદાર ફતેહમામદે** સાથે મળીને રાજાને કેદ કર્યા અને થોડો સમય **'બાર ભાયા'**ની વ્યવસ્થા ઊભી કરી.

રાવ રાયધણજીના આક્રમક વર્તનને પરિણામે તેના દ્વારા કોઈ જ વિકાસકાર્યો ન થાય તે સ્વાભાવિક હતું. કેવળ પ્રજાને હેરાનગતિ થઈ. અલબત્ત, ધર્મ પરિવર્તનની બળજબરીને બાદ કરતાં બીજી કોઈ હેરાનગતિ થઈ ન હતી અને તેની આસપાસના ગાદીભક્ત લોકોએ પરિસ્થિતિને જાળવી લીધી હતી. પણ કચ્છ માટે તે વિકાસહીન સમય રહ્યો.

### *તો તટસ્થ રાજવીઓમાં કોણ આવે?*

બે-ચારને બાદ કરતાં લગભગ બધા જ.

તટસ્થ એટલે કેવા? આમ તો કચ્છના રાજવીઓ, સામાન્ય રીતે, સ્વસ્થ રહ્યા છે. પ્રજાને હેરાન કરવાનો ક્યારે પણ પ્રયાસ નથી કર્યો. અંગત જીવનમાં કે અન્ય સંદર્ભોમાં જેવા રહ્યા હોય તેવા, પણ પ્રજાને મહદ્ અંશે સ્વસ્થ રાખી છે. ધર્મ બાબતે તટસ્થ રહ્યા છે. પરંપરાને તોડવાનો કે સમાજ વ્યવસ્થાને બદલાવવાનો પ્રયાસ તેમણે નથી કર્યો. થઈ શકે તેવાં કામો કરવાનો પણ તેમણે પ્રયાસ કર્યો છે. પરિણામે આ રાજાઓના સમયકાળ દરમિયાન પ્રજા દુઃખી નથી રહી, શાંતિથી રહી છે.

પણ વિકાસ કાર્યોનો સંબંધ છે તે સંદર્ભે આ રાજવીઓ તટસ્થ રહ્યા છે. મોટાભાગનામાં કોઈ દીર્ઘદૃષ્ટિનાં દર્શન નથી થતાં. ચીલાચાલુ જે કાર્યો કરવાં જોઈએ તે કર્યા છે, પણ તે સમયના સંદર્ભમાં કોઈ આધુનિક દૃષ્ટિ કેળવી વિકાસના કાર્યો કર્યા હોય તેવું જોવા નથી મળતું. અંગ્રેજોના આગમન પછી તો તેઓ કચ્છ બહાર કે ક્યારેક તો ઈંગ્લેન્ડ પણ ગયા છે. ત્યાંની આધુનિકતા પણ જોઈ છે, છતાં કચ્છમાં તેવું માળખું ઊભું કરવાનો વિચાર કર્યો નથી દેખાતો. છેલ્લે સુધી પુરાણું માળખું જ ચાલુ રાખ્યું છે. **ખેંગારજી ત્રીજા** તો આધુનિકતા વચ્ચે જ રહેતા હતા. ઈંગ્લેન્ડમાં તેમની પ્રશંસા થતી હતી. તે બુદ્ધિશાળી પણ હતા. છતાં કચ્છ તો ત્યાંને ત્યાં જ — પછાત જ — રહ્યું.

તેમનો બચાવ કરવા ખાતર કહેવું જ હોય, તો કહી શકાય કે કચ્છની રાજકીય વ્યવસ્થા વિચિત્ર હતી. રાજા સંપૂર્ણ કચ્છના માલિક ન હતા. અનેક વિસ્તારો 'ભાયાતો'ના હાથમાં હતા. સ્થાનિક બાબતોમાં ભાયાતો સ્વતંત્ર હતા. માત્ર લશ્કરી રીતે તે રાજા સાથે જોડાયેલા હતા અને મહદ્ અંશે, હંમેશાં, ભાયાતો રાજાથી દબાયેલા ન હતા. તેમાં પણ અંગ્રેજોએ એવા નિર્ણયો લીધા હતા કે ભાયાતોની સત્તા વધતી ગઈ અને રાજા વધારે નબળા પડ્યા. પરિણામે છેલ્લા ચાર-પાંચ રાજવીઓનો સમય તો આ ગેરવ્યવસ્થા સામે લડવામાં અને પોતાની સત્તા પાછી મેળવવાના પ્રયાસમાં ગયો અને તેમાં પણ સફળ ન થયા.

ભાયાતો તદ્દન રૂઢિચુસ્ત અને દૃષ્ટિવિહીન હતા. તેમણે પોતાના તાબાના વિસ્તારોમાં કોઈ જ વિકાસ કાર્યો કર્યા હોય તેવું નથી દેખાતું. અને કચ્છના રાજવી તેમાં માથું મારી શકે તેમ ન હતા. આ ભાયાતી વિસ્તારની વસ્તી તુલનાત્મક રીતે અસ્વસ્થ રહી. તેમાં પણ પૂર્વ કચ્છમાં તો આ બાબતે લગભગ અંધાધૂંધી જ પ્રવર્તતી રહી. પરિણામે રાજાઓ, કદાચ ઇચ્છા હશે તો પણ, કશું કરી શક્યા ન હતા.

પણ આ બચાવ નબળો ત્યાં દેખાય છે કે રાજાઓ જ નબળા હશે, તેથી ભાયાતો સબળા થયા હશે ને!

રાજાઓનો વહીવટ પણ મોટાભાગે નબળો દેખાય છે. તેનું ઉદાહરણ લગભગ રાજાઓના દીવાનો સતત બદલાતા રહ્યા છે. રાજાઓ અને દીવાનો અને દીવાનો-દીવાનો વચ્ચેની ખટપટ સતત ચાલતી દેખાય છે. કોઈ પ્રબળ દીવાન લાંબું ટક્યા હોય તેવું જોવા નથી મળતું. કદાચ ટક્યા, તો તેમને કાવતરાં કરી મારી નાખવામાં આવ્યા છે. **વિવેકાનંદે ખેંગારજી ત્રીજાની પ્રશંસા કરી છે, પણ ગાંધીજી, મણિલાલ કોઠારી વગેરેએ તેમના વહીવટની ખુલ્લેઆમ ટીકા કરી છે.** આ બે વિરોધાભાસ સૂચવે છે કે રાજા બુદ્ધિશાળી હતા, પણ વહીવટ પર તેમની પકડ ન હતી. જે હોય તે, પણ મોટાભાગના કચ્છના રાજાઓનો વહીવટ નબળો જ દેખાય છે.

આનો જવાબ એક બીજા સંદર્ભમાં પણ જોવા મળે છે. કચ્છ જ્યારે સ્વતંત્ર થયું, ત્યારે કચ્છની સ્થિતિ તદ્દન પછાત હતી. રસ્તા, વાહનવ્યવહાર, આર્થિક વિકાસ, સામાજિક જાગૃતિ, શિક્ષણ — લગભગ બધાં જ ક્ષેત્રોમાં કચ્છ તદ્દન જુનવાણી હતું. રેલવે નૅરોગેજ અને અતિ ધીમી હતી. એક જ વિમાન આવતું. બસ વ્યવસ્થા પણ પ્રાથમિક અવસ્થામાં અને ધીમી હતી. કચ્છ બહાર જવાના માર્ગો શૂન્ય. માત્ર દરિયાઇ માર્ગ. રણ પસાર કરવાનો કોઈ જ પાકો માર્ગ ન હતો. સંદેશાવ્યવહાર નહિવત. કોઈ પણ ક્ષેત્રમાં જોઈએ તો ક્યાંય પ્રગતિ હતી જ નહીં. સ્વતંત્ર ભારતને વડોદરા જેવાં રાજ્યો સમૃદ્ધ મળ્યાં, પણ કચ્છ તદ્દન પછાત મળ્યું. તેનો વિકાસ 'એકડે એકથી' કરવાનો હતો. આ 'દર્શન' જ રાજવીઓની નિષ્ક્રિયતા બતાવે છે.

### *તો, પ્રજાની ચિંતા કરનારા રાજવીઓ કોણ હતા?*

સામાન્ય સંદર્ભમાં **દેશળજી બીજા** મુખ્ય ગણાય છે. પ્રજાના હિતેચ્છુ હોવાથી તે 'દેશરા પરમેશરા' કહેવાયા. પ્રજાએ તેમને ભગવાન સ્વરૂપ માન્યા. **સંત મેકણે** તેમને પ્રશંસેલા. એટલે પ્રજાના દૈનિક જીવનને સ્વસ્થ રાખનાર રાજવી હતા.

પણ વિકાસના સંદર્ભમાં ગણવા હોય તો પ્રથમ રાવ **લખપતજી**ને ગણી શકાય. આમ તો તે મુખ્યત્વે 'કલાકાર' રાજવી હતા. સાહિત્ય, બાંધકામો વગેરેના શોખીન હતા. આર્થિક બાબતોમાં તેમને કેટલો રસ હતો તેનો ખ્યાલ નથી આવતો. પણ તે સદ્ભાગી હતા કે તેમને રામસિંહ માલમ જેવો સાથીદાર મળી ગયો. રાવની વિશિષ્ટતા એ હતી કે તે તેની પ્રતિભાને ઓળખી શક્યા અને તેને કામ કરવાની સ્વતંત્રતા આપી દીધી. **પરિણામે રામસિંહે કચ્છમાં અનેક ઉદ્યોગો શરૂ કર્યા. જેણે કચ્છમાં આર્થિક ક્રાંતિ આણી એમ જ કહી શકાય.** તેને પરિણામે માત્ર ખેતી અને

પશુપાલન પર જ જીવતાં કચ્છને અનેક નવા રોજગાર મળ્યા. તત્કાલીન આર્થિક પ્રગતિને વેગ મળ્યો જ હશે. એટલે વિકાસના સંદર્ભમાં રાવ લખપતજીએ કચ્છનો વિકાસ કર્યો એમ કહી શકાય.

ત્યાર પછી **પ્રાગમલજી બીજા** ધ્યાન ખેંચે છે. તેમણે કચ્છમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરી. શિક્ષણનો પ્રસાર ઝડપથી થવો શરૂ થયો. **ખેંગારજી ત્રીજા**એ તેને ચાલુ રાખ્યો. **પરિણામે ૧૯૪૮માં અન્ય ક્ષેત્રો કરતાં શિક્ષણમાં કચ્છ ઠીક ઠીક આગળ હતું એમ દેખાય છે.** પણ હા, કૉલેજ શિક્ષણ ત્યાં સુધી શરૂ ન થયું. ભણનારને પ્રાગમલજી સ્કૉલરશિપ અપાતી, પણ કૉલેજ શિક્ષણ લેવા તો અમદાવાદ, ભાવનગર, મુંબઈ કે પૂના જ જવું પડતું. અહીં માત્ર મેટ્રિક સુધી જ સગવડ કરાઈ હતી.

પણ આ સમગ્ર ચાર સદી તરફ નજર કરાય, તો રાજકીય નેતૃત્વ નબળું રહ્યું દેખાય છે. વહીવટ નબળો, રાજા-ભાયાતો વચ્ચે વિખવાદો, દીવાનોની અસ્થિરતા, સ્થાનિકોની અવગણના, અંગ્રેજોની દખલગીરી, કુદરતી આફતો વગેરે પરિબળોએ તેમાં ભાગ ભજવ્યો. ખેતી, પશુપાલન સિવાય બીજી કોઈ જ આર્થિક વ્યવસ્થા ન વિકસી. પરિણામે સાહસિક લોકોને તો વિકાસ કરવા કચ્છ બહાર જવા સિવાય બીજો કોઈ ઉપાય જ ન હતો. પરિણામે કચ્છનું બુદ્ધિધન હંમેશાં બહાર ઘસડાતું રહ્યું, જેણે પણ કચ્છના વિકાસને ધક્કો પહોંચાડ્યો. રામસિંહ માલમ સિવાય કોઈએ આર્થિક ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડ્યું નથી દેખાતું. સ્થાનિક ખટપટો અને નિષ્ક્રિયતાએ વિકાસનો ભોગ લીધો.

***આમ સ્વતંત્રતા સુધી કચ્છ પછાત રહ્યું.***

● **સ્વતંત્રતા બાદ :**

સ્વતંત્રતા પછી રાજકીય રીતે કચ્છમાં ત્રણ વાર પલટા થયા. શરૂમાં **તેને 'ક' રાજ્ય તરીકે કેન્દ્ર સાથે રાખ્યું.** ૧૯૫૬માં ભાષાવાર રાજ્યો થતાં **દ્વિભાષી મુંબઈ રાજ્યમાં** જોડાયું. **૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના** થતાં તે ગુજરાતનો જિલ્લો બન્યું. આજ સુધી તે એ સ્થિતિમાં છે. આમ તે રાજકીય રીતે સતત ફંગોળાતું રહ્યું.

સ્વતંત્રતા પછી કચ્છ પર બે રાજકીય શાસન રહ્યાં છે – કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર. **એટલે સાંસદો અને ધારાસભ્યો** દ્વારા રાજકીય નેતૃત્વ મળતું રહ્યું છે. સાથે સ્થાનિક નેતૃત્વ પણ રહ્યું છે.

*આ ત્રણે સ્તરે કેવું નેતૃત્વ રહ્યું છે?*

સંસદની લગભગ ચૌદ જેટલી ચૂંટણીઓ થઈ છે. તે દ્વારા લોકસભા અને રાજ્યસભામાં સાંસદો કચ્છમાંથી ગયા છે. લગભગ કોઈનો કેન્દ્ર સ્તરે પ્રભાવ નથી દેખાયો. રાષ્ટ્ર સ્તરે જે આયોજન થાય છે અને તેમાં કચ્છના ફાળે જે આવે છે, તેનો સર્વસાધારણ (general) વિકાસ કચ્છનો થતો રહ્યો છે. કોઈ સાંસદના પ્રભાવથી વિકાસની ગતિ ઝડપી બની હોય કે વિશિષ્ટ વિકાસ થયો હોય તેવું નથી દેખાતું.

મુંબઈ અને ગુજરાતમાં જે ધારાસભ્યો ગયા તેમાંથી ક્યારેક પ્રધાનપદું કે વિધાનસભાનું અધ્યક્ષપદ મળ્યું છે. એક વાર થોડો સમય ગુજરાતનું મુખ્યમંત્રીપદ પણ મળેલ છે, પણ તેનાથી કચ્છને કોઈ વિશિષ્ટ લાભ મળ્યો હોય તેવું પણ નથી દેખાતું. **કચ્છનો વિકાસ થાય તે માટે પગ ખોડીને ઊભા રહે તેવા કોઈ ધારાસભ્ય કચ્છને નથી મળ્યા.** પરિણામે કોઈ પણ ક્ષેત્રમાં ઉત્તમ વિકાસ, વિશિષ્ટ વિકાસ નથી થયો. વહીવટમાં તો કચ્છમાં બદલીને 'સજા' માનવામાં આવતું – તેથી બહારથી આવનાર અધિકારીને કામ કરવામાં રસ ઓછો અને બદલવામાં રસ વધારે રહ્યો છે. સારા અધિકારીઓ ઘણા આવ્યા હશે, પણ વિઝનરી અને કાર્યક્ષમ અધિકારીઓ ગણ્યાગાંઠ્યા જ આવ્યા છે. પરિણામે આજ સુધી વહીવટ ગતાનુગતિક અને આડખીલીઓથી ભરપૂર રહ્યો છે.

સ્થાનિક સ્તરે પણ રાજકીય નેતૃત્વ ખાસ નથી રહ્યું. થોડા જૂના નેતાઓ હતા ત્યાં સુધી લોકસંપર્ક હતો, થોડાં કામો પણ થયા હશે, પણ છેલ્લા થોડા દાયકામાં તો પક્ષીય વ્યવસ્થા એટલી જડબેસલાક થઈ ગઈ છે કે પ્રજા પાછળ ધકેલાઈ ગઈ છે. પંચાયત અને ગ્રામ્ય સ્તરે પણ આ તકલીફ રહી છે. તેનો પ્રભાવ વિકાસકાર્યો પર થતો રહ્યો છે. નેતાઓનો વ્યક્તિગત પ્રભાવ નહિંવત રહ્યો છે.

આમ ત્રણે સ્તરે રાજકીય નેતૃત્વ નબળું રહ્યું છે. ક્યાંય અભ્યાસનિષ્ઠા, વિકાસની તમન્ના, પ્રભાવકતાનાં દર્શન નથી થતાં. વ્યક્તિગત સ્તરે ઉત્તમ લોકો હોવા છતાં પ્રભાવના અભાવે કચ્છને કશો જ ફાયદો નથી થયો. રાજ્ય કે રાષ્ટ્ર સ્તરે કોઈ નેતૃત્વ નથી સર્જી શકાયું. ઇ.સ. ૨૦૦૦ સુધી કચ્છનો સાધારણ જ વિકાસ થતો રહ્યો છે.

● **આજ**

એકવીસમી સદીની શરૂઆતથી શરૂ થતા સમયને આપણે "આજ" માનીએ, તો છેલ્લા દસકાની રાજકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવું જોઈએ.

૨૦૦૧ના વર્ષની શરૂઆત કચ્છમાં ભયાનક ધરતીકંપથી થઈ. અડધા કચ્છને વ્યાપક નુકસાન થયું. આ ઘટનાએ કચ્છના રાજકીય નેતૃત્વને કસોટીએ ચડાવ્યું. સદ્‌ભાગ્યે ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ રાહત કામ

ઉપાડી લીધું. વૈશ્વિક સંસ્થાઓએ પણ તેમાં સાથ પુરાવ્યો. કચ્છની સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પડકાર ઝીલી લીધો. આ બધાએ સાથે મળીને કચ્છને સ્વસ્થ કર્યું.

*ત્યારે સ્થાનિક રાજકીય નેતૃત્વે કેવો ભાગ ભજવ્યો?*

રાહત કામ સંદર્ભે તેમની કામગીરી સારી રહી. પણ કટોકટી સમયે જે નેતૃત્વ લેવું જોઈએ, તે લેવામાં સક્ષમ ન નીવડ્યું. કદાચ ક્યાંક તો આડખીલીરૂપ બન્યું. સક્ષમ અધિકારીઓ સરકારે મૂક્યા, તો તેમને ટકવા ન દીધા. અનેક બાબતોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો જે બાબતે તેણે આંખ બંધ રાખી. વહીવટ જ્યાં નબળો અને આડખીલીરૂપ થતો હતો, ત્યાં લોકોના પડખે રહેવામાં નાકામિયાબ નીવડ્યું. સદ્‌ભાગ્યે, એક સક્ષમ કલેક્ટર આવ્યા, જેણે પરિસ્થિતિને કાબૂમાં લીધી અને વિકાસને ખૂબ ઝડપી બનાવ્યો.

**ભૂકંપે એક આડકતરો ફાયદો કર્યો. કેન્દ્ર સરકારે કચ્છને આર્થિક રીતે પગભર કરવા 'ટેક્સ હોલીડે' જાહેર કર્યો.** તેણે ઉદ્યોગોને કચ્છમાં આવવા આકર્ષ્યા. પરિણામે ઝડપથી આર્થિક ગતિશીલતા આવી. રોજગારી ઊભી થઈ. લોકોમાં નવી ચેતના આવી. સાહસિકતા આવી. તેને પરિણામે આંતરમાળખામાં વિકાસ શરૂ થયો. **દસકામાં કચ્છ ઊભું થઈ ગયું. સાડા ચારસો વર્ષની પછાત સ્થિતિ અચાનક પલટાઈ ગઈ.**

ત્રીજું પરિબળ બન્યા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી. તેમને કોઈ અકળ કારણોસર કચ્છમાં રસ પડ્યો અને તેમણે જુદાજુદા કાર્યક્રમો દ્વારા કચ્છ તરફ વિશ્વનું ધ્યાન ખેંચ્યું. જેણે પણ આર્થિક પ્રવૃત્તિને વેગ આપ્યો.

**આ બધાં પરિબળોના કારણે ખેતી અને પશુપાલન સાથે હવે ઉદ્યોગો, પ્રવાસન, મનોરંજન વગેરે નવાં ક્ષેત્રો વિકસ્યાં. કચ્છનો નવો જ ચહેરો ઊભો થવા લાગ્યો.**

પણ આ બધામાં ગતિશીલતા લાવનાર પરિબળો ઉદ્યોગો અને મુખ્યમંત્રી જ રહ્યા છે. **સ્થાનિક નેતાગીરી કે સાંસદ કે ધારાસભ્યો મુખ્યમંત્રીના પ્રચારકો જ રહ્યા છે.** સમગ્ર રાજકીય વાતાવરણ મુખ્યમંત્રીના કાર્યક્રમોને કે પક્ષના કાર્યક્રમો આધારિત બની ગયું છે. સમગ્ર કચ્છનો સર્વપક્ષીય વિચાર નામશેષ થયો છે. **કચ્છ રાજકીય રીતે ખંડિત થઈ ગયું છે.** મુખ્યમંત્રીને બાદ કરતાં બધા જ પક્ષો નિઃસત્ત્વ બન્યા છે. કોઈ જ પ્રભાવક નથી રહ્યું. સમગ્ર કચ્છના કોઈ નેતા તો નથી જ, પણ નાના સ્થાનિક સ્તરે પણ નથી. સાંસદ કે ધારાસભ્યને જે માન મળે છે, તે પદના કારણે મળે છે, નહીં કે તેમના નેતૃત્વના પ્રભાવે. ક્યાંય વિઝન, સર્વગ્રાહી દૃષ્ટિ, સર્વોદયી વૃત્તિ, ગરીબોનો વિચાર નથી દેખાતાં. બહુ વિચિત્ર સ્થિતિ છે. ચિંતાજનક!

વર્તમાનમાં જે પણ થોડું ઘણું નેતૃત્વ છે, તે સ્વૈચ્છિક સંસ્થાગત છે. બાકી રાજકીય ક્ષેત્રે શૂન્યાવકાશ છે.

- **આવતી કાલ :**

આવતી કાલ રાજકીય નેતૃત્વની કેવી હશે?

આવતી કાલનું કચ્છ વિકસિત હશે તેની કલ્પના તો કરી જ શકાય છે. જો ઔદ્યોગીકરણ સતત રહ્યું, તો હવે નવી રાજકીય નેતાગીરી, સંભવ છે, ઉદ્યોગોમાંથી આવશે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભણેલ વર્ગમાંથી નેતૃત્વ આવ્યું. સ્વતંત્રતા પછી ખેડૂતો કે વેપારીઓમાંથી આવ્યું. હવે ઉદ્યોગો કે જ્ઞાનક્ષેત્રમાં કામ કરનારા લોકોમાંથી નેતૃત્વ આવે તેવો સંભવ છે.

અત્યારે તો પ્રજા કોમ-જ્ઞાતિ-ધર્મ વગેરેમાં વિભાજિત છે. પણ હવે ધીમેધીમે સમજવા લાગી છે કે સંકુચિત નેતાઓ ચૂંટવાથી કામો નથી થતાં. એટલે હવે સક્ષમ નેતૃત્વની શોધ ચાલશે. સદ્‌ભાગ્યે, અત્યારે રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વ સ્તરે સક્ષમ નેતાઓ જાહેર માધ્યમો દ્વારા જોવા મળે છે. તેનાં પરિણામો અને વિકાસ પણ પ્રજા જુએ છે. તે તેમને વિચારવા અને નેતાને ચકાસવા પ્રેરશે. તેમાં ભૂલો થશે, તે લોકશાહીમાં અનિવાર્ય છે. પણ તેમાંથી જ સબળ નેતૃત્વ આવવા સંભવ છે. લોકશાહી અનંત શક્યતાઓ ધરાવે છે. તેની બધી મર્યાદાઓ છતાં તેમાં પુષ્કળ સંભાવનાઓ છે. તે જ પ્રજાને શિક્ષિત કરે છે. એટલે, ઉજ્જવળ ભાવિની શ્રદ્ધાપૂર્વક રાહ જોવી રહી. ■

## ભારતનો તારણહાર : જગડૂ દાતાર

**(અનુ. : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)**

જગડૂ શાહને સંતતિમાં પ્રતિમતિ નામની એક સદ્‌ગુણી કન્યા હતી. દૈવયોગે આ કન્યા વૈધવ્ય પામેલી હોવાથી જગડૂ શાહનું હૃદય ગમગીન રહેતું. તેણે તેની કન્યાના કલ્યાણ અર્થે કેટલાંક જૈન દેરાસર બંધાવ્યા હતા. આ ઉપરાંત તેણે કચ્છ કાઠિયાવાડમાં અનેક સ્થળે મંદિરો, ધર્મશાળાઓ, કૂવાઓ, વાવો આદિ બંધાવીને અનેક લોકોપયોગી કાર્યોમાં પોતાની સંપત્તિનો સદ્‌વ્યય કર્યો હતો.

પુરાણા વસઈનાં દહેરાંનો જીર્ણોદ્ધાર પણ જગડૂ શાહે કરાવ્યો હતો. કહેવાય છે કે એક વખત માતાજી એના પર પ્રસન્ન થયા અને વરદાન માગવાનું જણાવેલ ત્યારે જગડૂ શાહે અપુત્ર રહેવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કુળને બોળે એવા કોઈ પુત્રના પિતા થવા કરતાં અપુત્ર રહેવાનું તેણે વધારે પસંદ કર્યું હતું.

ધન્ય હો! દેશના શણગાર સમા જગડૂ શાહ દાતારને!

કચ્છ દર્શન

# કચ્છનાં સ્થાપત્યો અને પુરાતત્ત્વિય સ્થળો

કોઈ પણ પ્રદેશની પ્રાચીનતા જાણવી હોય તો જેમ પુરાતત્ત્વિય અવશેષોનો અભ્યાસ અનિવાર્ય બને છે, તેમ પ્રદેશની સંસ્કૃતિનો પરિચય મેળવવો હોય, તો તેની કળા, સંગીત, ચિત્ર વગેરે સાથે શિલ્પ - સ્થાપત્યનો પણ અભ્યાસ જરૂરી બને છે.

આપણા દેશમાં આમ તો મોટાભાગનું સ્થાપત્ય 'ભારતીય સ્થાપત્ય' તરીકે જ ઓળખાય છે. છતાં તેના પેટા વિભાગોમાં હિંદુ સ્થાપત્ય, મુસ્લિમ સ્થાપત્ય, જૈન સ્થાપત્ય વગેરે વિભાગો કરી શકાય છે.

**કચ્છનો ભૂતકાળ ઘણો લાંબો છે. હડપ્પીય સંસ્કૃતિથી વર્તમાન સુધી તેનો ઇતિહાસ પથરાયેલો છે.** સમગ્ર કાળમાંનું જે આજે વિદ્યમાન છે, તેમાંથી સ્થાપત્યનો અભ્યાસ કરી શકાય છે. આ વિષય અતિ વિશાળ છે. અહીં તો કચ્છમાંનાં સ્થાપત્યોની ઝાંખી કરવી પૂરતી થશે.

કચ્છનાં કેટલાંક સ્થળો સ્થાપત્યની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે.

● **કેરાનું શિવમંદિર**

ભુજથી મુંદ્રા તરફ જતાં ૨૦ કિ.મી. પર કેરા ગામ આવેલ છે. ત્યાં ઘણી જગ્યાઓ મુલાકાત લેવા જેવી છે. પણ તેમાં ગામ બહાર કેરા કોટ પાસે આવેલ અને પ્રાચીન શિવમંદિર સ્થાપત્યની દૃષ્ટિએ અગત્યનું છે.

કેરા પોતે પ્રાચીન ગામ ગણી શકાય. પૌરાણિક કપિલમુનિનો આશ્રમ અહીં છે. **મોડ મનાઇ, લાખો ફુલાણી** વગેરે નામો સાથે ગામ સંકળાયેલ છે. લાખાએ આ શિવમંદિર બંધાવેલ છે. કેટલાકના મતે તેના પહેલાં બંધાયેલ છે. જે હોય તે, પણ મંદિરનું સ્થાપત્ય ધ્યાન ખેંચે છે. મંદિર ઘણું જ જીર્ણ થઈ ગયેલ છે. ભૂકંપોએ તેને પાયાથી હચમચાવી દીધું છે, છતાં જે કંઈ બચ્યું છે તેનું સ્થાપત્ય આકર્ષક છે.

આ મંદિર નાગરશૈલી કે ચૌલુક્ય શૈલીમાં બંધાયેલ છે. તેના ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણાપથ છે. ત્રણ ઝરૂખાદાર જાળીવાળી બારીઓ છે. ત્યાં અપ્સરાઓ તથા દેવીઓની આકૃતિઓ કંડારેલ છે. તેના બાંધકામ પર નજર કરાય તો તે પ્રચંડ શિલાઓથી, સિમેન્ટનો ઉપયોગ કર્યા વિના, સરસ રીતે ચણાયેલ છે. પથ્થરમાંનું કોતરકામ પ્રમાણસર અને સૌંદર્યમંડિત છે. મૂર્તિઓનું અંગભંગ લાવણ્યમય છે. આ બધાને જોતાં તત્કાલીન ધર્મ, લોકજીવન વગેરેનાં દર્શન થાય છે.

● **કોટાયનું શિવ મંદિર**

ભુજથી ઉત્તરે જતાં હબાય ડુંગર પાસે આ કોટાયનું મંદિર આવેલ છે. તે ભૂતકાળમાં **કાઠી લોકોની** વસાહત હતી. તેઓ સૂર્યપૂજક હતા. તેમણે સૂર્યમંદિરો સર્જ્યા હતા. આ મંદિર પણ કાળની થપાટો ખાઈને ખખડધજ થઈ ગયેલ છે. બહુ ઓછું સ્થાપત્ય બચ્યું છે.

આ મંદિરની ઉત્તર અને દક્ષિણ દિશામાં એકએક ઝરૂખાબારી છે. આમ તો તે સળંગ પથ્થરમાં કોતરી છે, પણ આજે તે તૂટેલ હાલતમાં છે. સભામંડપ ભગ્ન હાલતમાં છે. છતાં તેની જૂની ભવ્યતાની ઝાંખી તો થાય જ છે. તેમાં ક્યાંક નૃત્યમૂર્તિઓ, જલલહર કે પદ્મપૂંજો જોવા મળે છે. તેના સ્તંભો પર સિંહમુખો તથા કીચકો મૂકી તેના પર છત ટેકવી છે. છતમાં રાસમંડળી અને પાંખડીઓવાળા કમળનું શિલ્પ આંખને ગમી જાય એવું છે.

આ ઉપરાંત ત્યાં ગણેશમૂર્તિ, નવગ્રહનો પટ, રાસમંડળ, વેલ વગેરે પણ ધ્યાનાકર્ષક છે. આ બધું જોતા માનવ જીવનની ગતિશીલતા, ઉલ્લાસ, તાલબદ્ધતાનો ધબકાર દેખાય છે. મંદિરના તોરણ પર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિમાઓ અને ચામરધારિણીઓ કોતરેલ છે. ઉત્તરમાં જળધારી અને ગોમુખ દેખાય છે. મંદિર આસપાસ ભોગાસનો આલેખેલ છે. જે શૈવ સંસ્કૃતિને સ્પષ્ટ કરે છે. સંગીતનાં વાદ્યો દેખાય છે. આ બધું અજંતાના શિલ્પોને અનુસર્યું છે તેવો અભિપ્રાય છે.

● **કંથકોટનું સ્થાપત્ય :**

કંથકોટ પણ પ્રાચીન સ્થળ છે. તે રાપર પાસે આવેલ છે. આઠમી સદીમાં તે કાઠીઓની રાજધાની હતું. તેથી અહીં પણ સૂર્યમંદિર છે. **યોગી કંથડનાથ** સાથે સંકળાયેલ હોવાથી તેનું નામ 'કંથકોટ' પડ્યું છે. અહીં જુદાજુદા સમયે વિવિધ રાજવીઓએ રાજ્ય કરેલ છે.

અહીંના સ્થાપત્યમાં તેનો કિલ્લો **'કંથદુર્ગ'** જાણીતો છે.

તે અત્યારે તો ભગ્નાવશેષ છે.

કંથકોટનું **જૈન મંદિર** ધ્યાન ખેંચે છે. તે પણ ખખડધજ છે. છતાં સ્થાપત્ય ડોકિયાં કરે છે. મંદિરનો ગભારો, ઘુમ્મટો, સ્તંભો પણ જર્જરિત અને ખવાઈ ગયેલ છતાં સ્થાપત્યના સુંદર નમૂના જોવા મળે છે. આ બધા સૂચવે છે કે જ્યારે તે મૂળ સ્થિતિમાં હશે, ત્યારે વિશાળ, શોભનીય અને કલાસભર હશે.

એવું જ ત્યાં **સૂર્યમંદિર** છે. અત્યારે તો ભૂકંપને કારણે નષ્ટ સ્થિતિમાં છે. તેના સ્થાપત્યમાં સાદગીની આકર્ષકતા છે. અહીં શિલ્પકામ ઓછું છે. કેવળ શિખર પર અને ગર્ભ મંદિરના સાખ પર દેખાય છે. કીચકો, સૂર્યની મૂર્તિ વગેરે દેખાય છે. દરવાજા પર અષ્ટગ્રહોની આકૃતિ છે. સમગ્ર મંદિર પર રાજસ્થાની પ્રભાવ દેખાય છે.

● **પુંઅરેશ્વરનું શિવ મંદિર**

ભુજથી પશ્ચિમ તરફ જતાં **મંજલ** પાસે આવેલ પુંઅરાગઢમાં આ પ્રાચીન મંદિર આવેલ છે. તે રાજા પુંઅરાએ બંધાવેલ છે એમ મનાય છે.

મંદિર પશ્ચિમાભિમુખ છે. તે પંચાયતન પ્રકારનું છે. ઊંચી જગતી પર બાંધેલ છે. સાદું ગર્ભગૃહ છે. શિખરનો ઉપરનો ભાગ ખંડિત છે. બાંધણીની દૃષ્ટિએ સાદું છે. કીચકો, કરાલમુખો, પુષ્પાકૃતિઓ પ્રશંસનીય છે. ભગ્ન માનવ આકૃતિઓની અંગભંગીઓ સુંદર છે.

● **અન્ય :**

આ ઉપરાંત **અંજાર** પાસે આવેલ ભડેશ્વરનું શિવમંદિર પ્રાચીન મનાય છે. તેની મૂર્તિઓની કોતરણી મનમોહક છે. વિવિધ યુગ્મ શિલ્પો ધ્યાન ખેંચે છે. ચારેબાજુ વિવિધ શિલ્પોથી મંદિર શોભે છે. તેની શિલ્પસમૃદ્ધિ મંદિરને દસમી સદીનું હોવાનું સૂચવે છે.

● **મુસ્લિમ સ્થાપત્યો :**

કચ્છમાં થોડાં મુસ્લિમ સ્થાપત્યો પણ છે. આ સ્થાપત્યોમાં મુખ્યત્વે મસ્જિદ, ઇદગાહ, મિનારા, રોજા વગેરેનો સમાવેશ થાય છે. મુસ્લિમ સ્થાપત્યમાં કમાન, ઘુમ્મટ, મિનારા, ગોખલા, કુરાનની આયાતો, જાળીઓ, સપાટ દીવાલો વગેરે મુખ્ય હોય છે. મુખ્ય સ્થાપત્યોમાં....

૧. **સોળથંભી મસ્જિદ :** તે **ભદ્રેશ્વર**માં આવેલી છે. તેનો મોટો ભાગ રેતી નીચે દબાઈ ગયેલ છે. જે બચેલ ભાગ દેખાય છે તેના આધારે તેમાં પથ્થરનાં મોટાં ચોસલાં વપરાયાં હોય તેવું લાગે છે. નામને આધારે સોળ થાંભલા પર હશે એમ માની શકાય. કોઈ તેને 'સો થંભી' - સો થાંભલાવાળી પણ માને છે. તેનું શિલ્પ જૈન શિલ્પને મળતું આવે છે. તેથી પાછળથી તે કદાચ મસ્જિદમાં ફેરવાઈ હશે એમ માની શકાય.

૨. **ખીમલી મસ્જિદ :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. ત્યાં ખાસ કોતરકામ જોવા મળતું નથી. બે સાદાં બારણાં છે. તે સોળથંભીને મળતી જ છે.

૩. **લાલ શાહબાજનો મકબરો :** તે પણ ભદ્રેશ્વરમાં જ છે. તે મકબરા સ્થાપત્યનો નમૂનો છે. દીવાલો પર બાર થાંભલા છે. ગોળાકાર ગુંબજ છે. બહાર તે શંકુ આકારનો છે. છત પર કમળનાં ફૂલ દેખાય છે. ત્રણે બાજુ વેલની કોતરણી છે.

૪. **પીરગોસનો મકબરો :** તે **લખપત**માં આવેલ છે. તેની રચના ગોળાકાર છે. સ્તંભો મિનારા જેવા છે. તેમાં સરસ કોતરકામ છે.

૫. **લખપતી પીરની દરગાહ :** તે લખપતમાં જ છે. તેનું શિલ્પ સ્થાપત્ય સરસ છે. વચ્ચે ગોળ ગુંબજ છે અને તેને આસપાસ ફરતા નાના ગુંબજો છે. આગળના ભાગ પર નકશીકામ છે. છત પર કાંગરીઓ છે.

● **જૈન સ્થાપત્યો :**

**કચ્છમાં જૈન ધર્મનો પ્રસાર ઘણો થયો છે.** તેથી સ્વાભાવિક રીતે, તેનાં દેરાસરો બંધાયા છે. તેના પર હિંદુ મિશ્રિત જૈન સ્થાપત્ય શૈલી જોવા મળે છે. તેની વિશિષ્ટતાઓમાં ઊંચે ઇમારત બાંધવી, ત્યાં જવા પગથિયા હોય, પથ્થરનો વધારે પડતો ઉપયોગ, સપાટ છત, સજાવટવાળી ઇમારતો, આસપાસ આંગણું, અપ્સરાની મૂર્તિઓનો અભાવ વગેરે ગણી શકાય.

કચ્છમાં જૈન સ્થાપત્યો મુખ્યત્વે **જૈન પંચતિથિઓનાં** દેરાસરોમાં જોવા મળે છે. તેમાં ભદ્રેશ્વર, નલિયા, કોઠારા, સુથરી અને તેરા છે. જૂનું ભદ્રેશ્વરનું દેરાસર ૨૦૦૧ના ભૂકંપમાં નાશ પામ્યું છે. હવે નવું દેરાસર બંધાયું છે. જૂના દેરાસરમાં પુષ્કળ મૂર્તિઓ અને કોતરકામ હતું.

કોઠારાનાં જૈન દેરાસરની ભીંત પર પુષ્કળ મૂર્તિઓ અને આકૃતિઓ જોવા મળે છે. સુથરીનાં દેરાસરોનો સિમેન્ટી રંગ પૂનમની રાતે એક અલગ જ માહોલ ઊભો કરે છે. તેરાનું દેરાસર પણ જોવાલાયક છે. અન્ય દેરાસરોમાં પણ હિંદુ મિશ્રિત સ્થાપત્ય જોવા મળે છે.

આ ઉપરાંત ભુજના જૈન ડેલ્લામાં આવેલ દેરાસરો શિલ્પ સમૃદ્ધ છે. નવા દેરાસરોમાં બોંત્તેર જિનાલય દર્શનીય છે.

આ સિવાય પણ નાનાં નાનાં શિલ્પ સ્થાપત્યો ઠેરઠેર વેરાયેલ જોવા મળે છે. દરેકમાં નાની મોટી વિશિષ્ટતાઓ ધ્યાન ખેંચે છે. પણ એકંદરે બધાં ભારતીય શિલ્પ સ્થાપત્યની પરંપરાને અનુસરે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)**

કચ્છ દર્શન

# કચ્છ પ્રવાસન : બદલાતાં પરિમાણો

પૃથ્વી પર સમાજ અને સભ્યતાનો વિકાસ થયો ત્યારથી કચ્છનો પ્રદેશ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતો રહ્યો છે. પ્રાચીનકાળથી અનેક પ્રવાસીઓ કચ્છમાં આવતા રહ્યા છે, ફરતા રહ્યા છે, ક્યારેક તેની નોંધ પણ કરી છે. પુરાણો, મહાકાવ્યો વગેરેમાં કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. જેનો અર્થ કરી શકાય કે અહીં તે દરમિયાન કોઈ ને કોઈ આવતા રહ્યા છે. **રામ, પાંડવો વગેરે પણ વસવાટ કરી ગયા છે તેવા પૌરાણિક ઉલ્લેખો છે.** અનેક યોગીઓ, તપસ્વીઓ અહીં વિવિધ સ્થળોએ તપસ્યા કરી ગયા છે. હિંદુ-બૌદ્ધ-શીખ-જૈન-ઈસ્લામનાં સ્થાનો અહીં ઊભા થયાં છે. બીજી બાજુ ધોળાવીરા સમયે વ્યાપાર વિકસ્યો હશે, જેને કારણે પણ આવનજાવન થતી હશે. આ બધાં પરિબળોના પ્રભાવે કચ્છ પ્રત્યે સતત આકર્ષણ રહ્યું હશે અને પ્રવાસીઓ આવતા રહ્યા હશે. મધ્યયુગ અને આધુનિક યુગમાં પણ આ આવનજાવન ચાલુ રહી. **વિવેકાનંદ જેવા દરિયો ખેડીને કે રણ ઓળંગીને પણ કચ્છમાં ફર્યા હતા.** અનેક અંગ્રેજોએ તો પ્રવાસની નોંધો પણ કરી છે.

કચ્છમાં આવવાનું કે પ્રવાસ કરવાનું આકર્ષણ કયું હશે – આ પ્રશ્ન સ્વાભાવિક થાય.

મુખ્ય પરિબળો તો સ્વાભાવિક રીતે, ધાર્મિક જ હોય. પ્રાચીનકાળથી વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાતે પ્રવાસીઓ - યાત્રાળુઓ - આવતા રહ્યા હશે. ઈ.સ.ની બીજીથી નવમી સદી દરમિયાન બૌદ્ધ સ્થાનોએ આ આકર્ષણને જીવંત રાખ્યું હશે. **હ્યુ-એન-સંગ**ની મુલાકાત તેનો પુરાવો છે.

બીજું પરિબળ તેનું સ્થાન છે. ભારતમાંથી પશ્ચિમમાં જવા કે પશ્ચિમમાંથી ભારત આવવા કચ્છમાંથી કે કચ્છ પાસેથી પસાર થવું અનિવાર્ય બને છે. દરિયો તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કૃષ્ણ, સિકંદર જેવા અનેકો આ સંદર્ભમાં અહીંથી પસાર થયા છે. યુદ્ધ કરવા જવા કે ત્યાંથી પાછા વળતાં અહીંનો માર્ગ સરળ પડતો હશે.

પાછળથી એક પરિબળ ઉમેરાયું તે સંશોધન. કચ્છની ભૂમિ જીવંત મ્યુઝિયમ જેવી છે. ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રી, જૈવિક વગેરે અનેક રીતે કચ્છ પ્રાચીન હોવાથી વૈવિધ્ય ધરાવે છે. અહીં જમીન, રણ, દરિયો – અનેક બાબતોમાં વિવિધતા રહી છે જે સંશોધકોને આકર્ષતી રહી છે. પરિણામે અનેક સંશોધકો આજ સુધી અહીં આવતા રહ્યા છે અને તેમની નોંધો અન્યોને અહીં ખેંચી લાવે છે.

**છેલ્લાં થોડાં વર્ષોથી કચ્છની હસ્તકળાઓ પ્રવાસનનું માધ્યમ બની છે.** જ્યારથી તે વ્યવસાય જગતમાં પ્રવેશી છે, ત્યારથી દેશ-વિદેશમાં તે પ્રચલિત થવા માંડી છે. તેનાં રંગ અને ડિઝાઈનનાં વૈવિધ્યે સમગ્ર વિશ્વને તે જોવા અહીં આવવા-જોવા-શીખવા આકર્ષિત કર્યું છે. દિન-પ્રતિદિન તેનું મહત્ત્વ વધતું જાય છે.

આ બધાં નિમિત્તોનાં પરિણામે કચ્છ હંમેશાં પ્રવાસનના નકશામાં પ્રચલિત સ્થાન રહ્યું છે. જગતભરના દેશોની વૈશ્વિક પ્રવાસન ગાઈડબુકમાં કચ્છ પ્રવાસ માટે અનિવાર્ય સ્થળ રહ્યું છે.

વીસમી સદીમાં પ્રવાસીઓ તો આવતા જ, પણ તેમનો પ્રવાહ છૂટોછવાયો અને ધીમો રહ્યો. તેનો કોઈ પ્રચાર ન હતો. ધાર્મિકો સ્વાભાવિક રીતે આવતા. બાકીના માહિતી મળે ત્યારે આવતા. પણ આ સમગ્ર પ્રક્રિયા સ્વાભાવિક રીતે રહેતી. તેનો કોઈ પ્રચાર ન હતો.

પણ એકવીસમી સદીના પ્રારંભે, વર્ષના પહેલે મહિને જ, આ બાબતમાં તીવ્ર વળાંક આવ્યો. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલા વિનાશક ભૂકંપે વિશ્વનું ધ્યાન ખેંચ્યું. વ્યાપક વિનાશને હળવો કરવા અને પુનઃનિર્માણનું કામ કરવા વિશ્વભરની સંસ્થાઓ કચ્છમાં આવી અને ખૂણેખૂણામાં કામ કર્યું. નુકસાન અને પુનઃ નિર્માણનાં કામને જાહેર માધ્યમો દ્વારા વ્યાપક પ્રચારનો લાભ મળ્યો. બંનેનો અભ્યાસ અને સંશોધનો થયાં. તેણે વધારે રસ જમાવ્યો અને પ્રવાસીઓની સંખ્યા વધવા લાગી. શરૂમાં કરુણાભાવ હતો, પણ અહીં આવી વૈવિધ્યસભર સમાજ અને સંસ્કૃતિ જોઈ જિજ્ઞાસાભાવ વધ્યો. જેણે મોટો ભાગ ભજવ્યો.

તેમાં પ્રથમવાર ભળ્યા સરકારના પ્રયાસો. મુખ્યમંત્રી શ્રી મોદીને, અકળ કારણોસર, કચ્છમાં બહુ રસ પડ્યો છે. બધા જિલ્લાઓમાંથી મહત્તમ મુલાકાત તેઓ કચ્છની લેતા રહ્યા. આ મુલાકાતો દરમિયાન તેમને વિવિધ સ્થળોના સૌંદર્યો ગમતાં

રહ્યાં. તેમણે જયારથી **'વાઇબ્રન્ટ ગુજરાત'**નો મુદ્દો ઉપાડ્યો, ત્યારથી કચ્છને પણ વાઈબ્રન્ટ બનાવવાના પ્રયાસો આદર્યા. અન્ય પગલાંઓ સાથે વિવિધ ઉત્સવોનું આયોજન તેમણે કચ્છમાં શરૂ કર્યું. શરૂમાં 'શરદોત્સવ' આવ્યો. પાછળથી તે **'રણોત્સવ'**માં ફેરવાયો. તેમાં રણમાં રહેવું, ફરવું, તેનું સૌંદર્ય જોવું, તે દરમિયાન અન્ય સ્થળોની મુલાકાત ગોઠવવી, કાર્નિવલ દ્વારા આકર્ષણ વધારવું – આવા વિવિધ કાર્યક્રમો દ્વારા તે કચ્છ વિશેનું આકર્ષણ વધારતા ગયા. આ નિમિત્તે કચ્છમાં આવનાર પ્રવાસીઓની સંખ્યા સ્થિર રીતે વધતી ગઈ છે.

૨૦૧૦માં ગુજરાત સરકારે – એટલે કે શ્રી મોદીએ – 'વાઈબ્રન્ટ' કાર્યક્રમમાં ગુજરાત પ્રત્યે આકર્ષણ વધારવા આક્રમક પ્રચાર કાર્યક્રમ શરૂ કર્યો અને જાણીતા અભિનેતા **શ્રી અમિતાભ બચ્ચન**ને ગુજરાતનો પ્રચાર કરવા માટે ગુજરાતના પ્રવાસન-એલચી બનાવ્યા. તેમના અવાજમાં ગુજરાતનાં મુખ્ય પ્રવાસન સ્થળોની આકર્ષક સી.ડી.ઓ. તૈયાર કરવામાં આવી અને ટી.વી. તથા ફિલ્મોમાં પ્રસારિત કરવામાં આવી. આ પ્રચારમાં એક નાનો ટુકડો કચ્છ પણ છે. તેમાં રણ વગેરે બતાવી અમિતાભ "કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા" એમ માદક અવાજમાં ભારપૂર્વક અને આગ્રહપૂર્વક કહે છે. જાહેરાતો પછી કચ્છમાં જે રીતે પ્રવાસીઓની સંખ્યા વધી છે અથવા તો બુકિંગો અને ટૂરો વધતાં જોવા મળ્યા છે, તે લાગે છે કે, આ અમિતાભના પ્રભાવનું કારણ હતું. રણોત્સવ-૨૦૧૦માં જે ભીડ જોવા મળી, તે પણ આ ધારણાને બળ આપે છે. સળંગ એક માસ સુધી રણના તંબુઓ કે કચ્છની હોટેલો જે રીતે બુક થયેલ, તે પણ તેને ટેકો આપે છે.

આમ, ૨૦૦૧ પછી કચ્છના પ્રવાસને નવું જ પરિમાણ ઊભું કર્યું છે. શરદોત્સવથી અમિતાભના પ્રચાર સુધી કચ્છ પ્રત્યેનું આકર્ષણ વધતું જ ગયું છે.

આમાં એક અન્ય પરિબળનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. તે છે છેલ્લા ભૂકંપ પછી થયેલ કચ્છનો ઔદ્યોગિક વિકાસ. ભૂકંપ પછી કચ્છમાં વિકાસ કરવા અને રોજગાર વધારવા કેન્દ્ર સરકારે ઉદ્યોગોને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહિત કરવા **"ટેક્સ હોલીડે"**ની જાહેરાત કરી હતી. તેનાથી આકર્ષાઈ ઉદ્યોગોએ કચ્છમાં આવવાની શરૂઆત કરી. **હવે તો લગભગ ૫૦૦ જેટલા નાના-મોટા ઉદ્યોગો કચ્છમાં પથરાઈ ગયા છે.** સમગ્ર દરિયા કિનારો ઉદ્યોગોથી છલકાય છે. ઉદ્યોગોમાં રોજગારી મળવાથી સમગ્ર દેશના લોકો અહીં વસવાટ કરવા લાગ્યા છે. તેના દ્વારા પણ તથા ઉદ્યોગોના સંદર્ભમાં પણ સામાન્ય પ્રવાસન અને આર્થિક પ્રવાસન વધતું જાય છે. તે પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરે છે.

**બીજું એક ગૌણ પણ ધ્યાનાકર્ષક પરિબળ છે કચ્છમાં શરૂ થયેલું ફિલ્મોનું શૂટિંગ.** 'બોર્ડર', 'હમ દિલ દે ચૂકે સનમ', 'લગાન' વગેરે ફિલ્મોમાં જે રીતે કચ્છનું સૌંદર્ય બતાવવામાં આવે છે, તેણે પણ, સંભવ છે, આકર્ષણમાં નોંધપાત્ર વધારો કર્યો જ છે. તે સંદર્ભમાં પણ પ્રવાસન વધે છે.

બાબરી વિધ્વંસ પછી દેશમાં, ખાસ કરીને ગુજરાતમાં, ધાર્મિક ઉછાળ આવ્યો છે, ધર્મઝનૂન વધ્યું છે. પરિણામે ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક સ્થળોની મુલાકાત વધવા લાગી છે. માતાનો મઢ, હાજીપીર, લખપતનું શીખ ધાર્મિક સ્થળ જેવા સ્થળોમાં એક યા બીજા સંદર્ભમાં યાત્રા કરવાનું મહત્ત્વ વધતું જતું દેખાય છે. તે પણ **દેશના અનેક વિસ્તારોમાંથી ભાવિકોને અહીં ખેંચે છે.** તે પણ એક પરિબળ બન્યું છે.

આમ આવાં અનેક નાનાં-મોટાં પરિબળોએ પ્રવાસન વ્યવસ્થાને જબરો ધક્કો પૂરો પાડ્યો છે. પરિણામે દિન-પ્રતિદિન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. પહેલાં શિયાળામાં વધારે પ્રવાસીઓ જોવા મળતા. હવે બારે માસ આવતા રહે છે, તે નોંધનીય છે.

આ ઘટના કચ્છના સાંસ્કૃતિક વિકાસ અને આર્થિક પ્રગતિ માટે આવકારદાયક છે. **સેંકડો વર્ષો પછી પ્રથમવાર કચ્છ વૈશ્વિક સ્થાન બની રહ્યું છે.** પ્રથમવાર વ્યવસ્થિત અને વ્યાપક આર્થિક વિકાસ થઈ રહ્યો છે. પ્રથમવાર પ્રજાનું જીવનધોરણ સુધરી રહ્યું છે, જે સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં પરિવર્તન લાવી રહ્યું છે.

તે સાથે અન્ય બાબતો પણ ધ્યાન ખેંચે છે. કચ્છનો વ્યાપક પ્રચાર થાય છે અને પ્રવાસીઓ વધી રહ્યા છે. આ બાબત પ્રોત્સાહક હોવા સાથે આવનાર પ્રવાસીઓને રહેવા વગેરે જેવી બાબતો વિશે પણ ધ્યાન આપવાની જરૂર છે. આ **'આતિથ્ય મેનેજમેન્ટ' જોઈએ તેટલું ઝડપી નથી વિકસતું. પર્યટન સ્થળે અન્ય આકર્ષણોનો વિકાસ ધીમો છે. પ્રવાસન-માર્ગદર્શન લગભગ શૂન્ય છે.** પ્રવાસન ખાતું પોતે જ તદ્દન અજ્ઞાની છે. તેના પાસે પ્રચાર સાહિત્ય નહિંવત્ છે. માહિતી તો નથી જ. પ્રવાસીઓ વિશેનું દસ્તાવેજીકરણ - આંકડાઓ - પણ શૂન્ય છે. હા, ખાનગી સંસ્થાઓ તે મર્યાદા પૂરી કરવા પ્રયાસ કરે છે. માર્ગદર્શકો ઓછા છે. તેમના વિશેની માહિતી પણ નથી મળતી. આ બધાં પરિબળો પ્રવાસીને નાહિમત અને નિરાશ કરે છે. આ બધામાં વ્યવસ્થિત આયોજનની જરૂર છે તો **કચ્છ ગોવા કે ઇટાલીના રોમ જેટલું જ વિશ્વપ્રસિદ્ધ બની શકે તેમ છે.** ■

*"આવર, બાવર, બેરડી, ફુલ, કંઢા ને કખ;*
*હલો હોથલ કચ્છડે જિત માડુ સવા લખ!!"*

કચ્છ દર્શન

# ભૂખરા રણમાં મેઘધનુષ્ય અને સંગીતનો સમન્વય!

રણ!

આ શબ્દનું ઉચ્ચારણ થાય અને રેતીના મોટા મોટા ઢૂવા દેખાવા લાગે. અચાનક પવન ફુંકાવો શરૂ થાય અને ઢૂવાની રેતી ઊડવા લાગે અથવા આમતેમ ખસવા લાગે. આકાશ ડમરીથી ભરાઈ જાય. સૂરજ ઢંકાઈ જાય. કઈ બાજુ જવું તેની સૂઝ ન પડે. મનુષ્ય મૂંઝાઈ જાય અને જો રસ્તો ભૂલ્યો, તો તો ગયો સમજો! થાય ભટકી-ભટકીને હેરાન. ચિત્રમાં સુંદર લાગતું રણ, હકીકતે, થોડી ભૂલ થઈ તો ભયાનક છે!

કચ્છનું રણ!

લ્યો! આખો જુદો શબ્દ 'કચ્છનું' આપવાની શી જરૂર! રણ એટલે રણ. કચ્છનું હોય કે રાજસ્થાન કે સહરાનું હોય! રણ તો, બસ રણ જ હોઈ શકે. સુંદર અને ખતરનાક. વ્યર્થ લીટી બગાડી ને!

**બસ! આ જ ભૂલ છે. વિશ્વનાં અન્ય રણો કરતાં કચ્છના રણની તાસીર જુદી છે.** રણનું એક પણ લક્ષણ નથી તેનામાં. નથી રેતીના ઢૂવા કે નથી રણદ્વીપો. બસ, કેવળ સૂકો પ્રદેશ. આઠ માસ દરમિયાન દરિયાનાં પાણીથી ભરેલ. તે સૂકાય પછી કેવળ મીઠાના પડથી છલકાતો પ્રદેશ. બપોરે સૂર્યનો તડકો તેના પર પડ્યો નથી અને ચાંદીની જેમ ચળકી ઊઠે. તેને પરિણામે અહીં અન્ય રણો કરતાં મૃગજળ વધારે ખતરનાક દેખાય. ભલભલાને ચકરાવે ચડાવે. કચ્છનું રણ એટલે અફાટ મીઠાનો મહાસાગર. માટે જ રણ માટે વપરાતો શબ્દ Desert કચ્છના રણ માટે નથી ઉપયોગાતો. **તેના માટે ખાસ *Rann* જ લખાય છે.** તદ્દન સૂકું! ભૂખરું! બપોરે ચળકાટવાળું! રાતે ઠંડું અને ગાઢ અંધકાર! પરિચય થઈ જાય તો ગાઢ પ્રેમમાં પડી જવાય તેવું, નહીં તો...!

કચ્છ મોટાભાગે સૂકો પ્રદેશ. વરસાદ અનિયમિત. તો પણ સરાસરી. પાછી ગરમી. એટલે હોય તે પાણી પણ ઝડપથી સૂકાય. પરિણામે જમીન લગભગ તરસી જ રહે. વરસાદને અભાવે વનસ્પતિ પાંખી. જંગલનો તો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકાય. મોટાભાગે ડુંગરાળ અને સપાટ જમીન. ખુલ્લી, ખરબચડી. આંખને તેની ભૂરાશ ખૂંચે. આકાશ ભૂરું. જમીન ભૂરી. રણ ધોળું - ભૂરું મિશ્રિત. વાતાવરણમાં એક જાતની ઉદાસીનતા. વિચિત્ર ખાલીપો અનુભવાય. માઈલોના માઈલો ખાલીખમ રંગહીન વિસ્તારમાં પથરાયેલો દેખાય. સહજ છે કે વસ્તી ઓછી જ હોય. છૂટક છવાઈ હોય, સરાસરી જીવતી હોય. આંખમાં ખાલીપો હોય. વર્તનમાં ખરબચડાપણું હોય. જીવન શુષ્ક હોય.

પણ દુનિયાનાં રણોથી જેમ કચ્છનું રણ અલગ પડે છે, તેમ અન્ય પ્રજાજીવનથી, કદાચ, કચ્છના રણના પરિઘ પર રહેતું લોકજીવન પણ જુદું પડે છે.

**તેનું કારણ છે કચ્છી પ્રજાની સંઘર્ષ કરવાની તાકાત.**

સૂકો પ્રદેશ. રણ પાસે નહિંવત્ સગવડો. એટલે ઝઝૂમવાનું જ હોય. સવારથી રાત સુધી એ જ શુષ્કતા વચ્ચે રહેવાનું હોય. પ્રજા શૂન્યમનસ્ક થઈ જાય. તેનું જીવન પણ રંગહીન થઈ જાય અને આવું હોય તો નવાઈ પણ ન લાગે.

પણ રણીય પર્યાવરણને સ્પર્શતી કચ્છી પ્રજા તો જીવંત છે. તેની પાસે ત્રીજી આંખ છે જે આ મૌન અને રંગહીનતામાંથી જ સંગીત અને રંગો શોધી કાઢે છે અને રણને સંગીતમય અને મેઘધનુષી બનાવી દે છે. તેને જીવંત કરી દે છે.

તેનાં પ્રથમ દર્શન થાય તેમનાં ઘરોમાં. રણમાં કે આસપાસ રહેનારાનાં ઘરો વિશિષ્ટ ઘાટ ધરાવે છે. **તેને તેઓ 'ભૂંગું' કહે છે.** એક જ રૂમનું ભૂંગું. ગોળાકાર. ઉપર જતાં શંકુ આકારનું થતું જાય. લાકડાં-માટી-ઘાસનું મિશ્રિત. પર્યાવરણને સો ટકા અનુકૂળ... પણ જેવા અંદર પ્રવેશ્યા, આહાહા! ચકિત જ થઈ જવાય. વાસણોની ગોઠવણી, વસ્તુઓની ગોઠવણી, તેમાં છલકાતા રંગો. રૂમમાં પ્રવેશ્યા નથી અને આંખો અસ્થિર થતાં શરીર પર હળવેથી ઘૂમવાનું. આંખને જોતી અટકાવવી જબરી મથામણ કરાવે.

રણ વચાળે ભૂંગળામાં જવું, જોવું, મસ્તી અનુભવવી - ભૂલી જ જવાય કે રણમાં છીએ, હોં!

તો, આ પ્રદેશમાં રહેતા લોકો ભૂખરા રંગને નીચોવી નીચોવી તેમાંથી સાતે રંગના ઢગલેઢગલા સીંચે અને ભૂંગાં સાથે પોતાનાં વસ્ત્રોને તથા વસ્તુઓને તેમાં બોળી પોતાને અને વાતાવરણને મેઘધનુષી બનાવી દે.

બીજા લોકો તેને 'હસ્તકળા' કહે છે. હસ્તકળા તો હાથથી કરતા દેખાય છે. હકીકતે તો 'દર્શન-કળા' છે. વાતાવરણની આરપાર (within and beyond) જઈ તેમાંથી રંગ જોવાની અને તેને પોતાના જીવનમાં ભરી દેવાની આવડત આ લોકોએ કેળવી છે. પાસેના રણમાં પવન ફુંકાતો હોય, બળબળતો તડકો હોય કે કડકડતી ઠંડી હોય, તે વચ્ચે આ લોકો – કલાકારો – પોતાનાં દર્શનને અનેક માધ્યમોમાં વ્યક્ત કરે છે. દેખાય છે હાથ કામ કરતા, હકીકતે આંખથી કામ કરે છે તેઓ.

પણ આ હસ્તકળાઓ રણનો અને રણમાં વસતા લોકોનો મિજાજ બદલાવી નાખે છે. એક વિશિષ્ટ પર્યાવરણ ઊભું કરે છે, જે એક અકથનીય અનુભૂતિમાં ભૂસકો મરાવે છે અને આનંદ સમાધિમાં ખેંચી જાય છે.

**કેવીકેવી હસ્તકળાઓ આ દર્શનીય લોકો તૈયાર કરે છે!**

સૌથી દર્શનીય છે **'ધડકી'**. આપણે શહેરી લોકો તેને ગોદડું કહીએ છીએ. ગોદડું બનાવવું કદાચ 'કામ' છે, પણ આ રણ-વીરોએ તેને 'કળા'માં પલટાવી નાખી છે. હસવું આવે, પણ ધડકી બને છે અનેક વસ્ત્રોના ટુકડામાંથી. કદાચ તેને ચીંથરાં પણ કહી શકાય. પણ જેમ કાચના ટુકડા ગોઠવાતાં 'કેલીડોસ્કોપ' બને છે જે અનેક ડિઝાઇનો બનાવે છે, તેમ આ સાદા ટુકડાઓને વ્યવસ્થિત રીતે ગોઠવી, સીવી, ધડકી તૈયાર કરવામાં આવે છે. બનાવનાર મહિલા કલાકારના મનમાં જે મેઘધનુષ્ય તરતું હોય છે, તેને નીચોવી તે ધડકીને તેમાં ઝબોળી દે છે. ધડકી પર નજર ચડે તો તેનું રંગવૈવિધ્ય અને કલાકારનો કલ્પના-વૈભવ જોઈ છક થઈ જવાય છે. જોનારની આંખો પણ રંગોથી છલકાવા લાગે છે.

**આવું જ છે 'ભરતકામ.' કપડાં અને દોરા વચ્ચેની રમત! તેમાં થતી રંગપૂરણી.** ભરતકામમાં ઘટ્ટ રંગોનો ઉપયોગ થાય છે. શુષ્ક જીવનમાં લોહીને ગરમ રાખવા લાલ રંગનો મહત્તમ ઉપયોગ થાય છે. જીવનની ઉત્તેજના કાયમ રહે છે!

અને કલાકારોની કલ્પનાશક્તિ! કાપડના છેડા પરની ઝીણી રેખાઓ, તેની આસપાસ વિવિધ ડિઝાઇનો, આકૃતિઓ, આભલાં - આહા, જોયા જ કરીએ. ભરતકામને અને તેને ઓઢનારને. અહીં રણનું અને જીવનનું સૌંદર્ય સાથે અભિવ્યક્ત થાય છે. પરંપરા અને કલ્પનાનું સામૂહિક નૃત્ય ભરતકામ રજૂ કરે છે. તે પણ રણના શુષ્ક પર્યાવરણને હંફાવવામાં મોટો ફાળો આપે છે.

**એવું જ ચામડા પરનું ભરતકામ.** જુઓ તો ખરા, મૃત પશુનાં ચામડાં પર પણ સૌંદર્ય પ્રગટાવવું ઓછી વાત છે? નાનકડી 'આર' અને દોરાના માધ્યમથી ચામડાં પર પ્રગટે છે માછલી, મોર, ફૂલ, બુટી...! જેવી આંખ તેના પર ઠરે છે, તરત તેની નજાકત અને સુંવાળપ શરીરમાં ફરી વળે છે અને એક ઊંડો રોમાંચ જન્માવે છે.

તો રોગાન! પરંપરાગત આકૃતિઓમાં સંકુલતા લાવી તેને રંગોથી છલકાવી દેવામાં આવે છે. છે તો આના એક જ કલાકાર, પણ એકે હજાર જેવા છે.

**તેવું જ અદ્‌ભુત કામ કરે છે 'વાઢા' કલાકારો.** લાકડાં પર સંઘાડાનું. લાકડાંને વસ્તુમાં આકારિત કરે છે અને જ્યારે તેના પર રંગકામ કરે છે, તેમાં જે રંગોનો મેળ કરે છે, જોનારને તો જાણે બાંધણી તૈયાર થતી હોય તેવો જ આભાસ થાય છે. વૃક્ષો નીચે રહેતા અને સૂતા, મૂળાક્ષરો એટલે શું તેને સ્વપ્નમાં પણ ન જાણતા આ મસ્તફકીરો જ્યારે સંઘાડાકામ કરે છે, ત્યારે તાજમહાલના કલાકારોની યાદ અપાવે છે.

અને આ રંગોને સૂર આપે છે **'ખરકી'**. આપણે તેને ઘંટડી કહીએ છીએ. સાદા પતરામાં મનમાં રહેલ પ્રતિભાને પ્રગટ કરીને આ ખરકી બનાવે છે. દરેક ખરકીના સૂર પાછા અલગ. રણના મૌન વાતાવરણમાં પશુના ગળામાં રણકતી આ વિવિધ સૂરોવાળી ખરકીઓ સમગ્ર રણ જાણે મંદિર હોય અને સતત ઘંટારવ થતો હોય તેવો આભાસ ઊભો કરે છે. સૂકા વાતાવરણમાં લીલુંછમ, ભીનું અને લયબદ્ધ મન થઇ જાય છે.

આવી તો નાનીમોટી બીજી પણ અનેક હસ્તકળાઓ છે. રણમાં ફરવાની પોતીકી મજા છે. તેમાં જો આંખ-કાનને આ હસ્તકળાઓનો સ્પર્શ થાય, તો **રણમાં તો 'અરેબિયન નાઇટ્સ' જેવું રંગીન વાતાવરણ ખડું થઈ જાય છે** અને વિદેશમાં રણમાં 'સફારી' વખતે જે આનંદ અનુભવાય છે, તે અહીં આ હસ્તકળાઓ જોતાં-સાંભળતા અનુભવાય છે. (બધાનો સંગમ જોવો હોય તો ધ્રંગનો મેળો જોવો.)

એટલે તો કચ્છનું રણ 'વિશિષ્ટ' છે અને ત્યાં પળેપળ કેવળ 'ઉત્સવ' છે. તે બધાને હરહંમેશ માણવા આમંત્રણ આપે છે. ■

## ભોજન ટાણે મથો નમાયણું

પેલા જે વખતમેં માડુ ચાકરે તે વૈ ને ગોઠણ નીચે
ગોઠણીયું રખી સાત્ત્વિક ભોજન કરીંધા વા
અતરે ખાધે ટાણે હનીકે મથો નમાયણું ખપધો વો
જાણે હકડે હકડે 'ગટે' તે અન્વ દેવતાકે 'નમન' થીયેતો
અજ ત ડાઈનિંગ ટેબલ જી ખુરશી તે વૈ,
છરી કાંટે સે વેરાયટીયું ખેંતા,
અન્ન દેવતા કે મથો નમાયજો સવાલ જ નાંય!

કચ્છ દર્શન

# જામ ફૂલો

ખાનદાનીનો સંબંધ શ્રીમંતાઈ સાથે નથી હોતો. ઘણી વાર શ્રીમંત વ્યક્તિઓ પણ હલકી વૃત્તિ અને પ્રવૃત્તિની હોય છે, તો કેટલીક વાર તદ્દન ગરીબ અને ઊગરતી જ્ઞાતિના લોકો પણ મહાખાનદાન હોય છે. ખાનદાનીનો મૂલાધાર વફાદારી છે. **જે વ્યક્તિના વ્યવહારમાં પૂરેપૂરી વફાદારી હોય તે ખાનદાન હોઈ શકે. વફાદારી ત્રણ કક્ષાની હોય છે.** (૧) જે કરાર કર્યા હોય તેને વળગી રહે તે - નોકર અને વ્યાપારની વફાદારી. (૨) મૈત્રીની વફાદારી : મિત્રની સાથેના સંબંધોમાં કપટ ન કરે અને સંપત્તિ કે વિપત્તિના સમયમાં આગળ-પાછળ પૂરેપૂરો વફાદાર રહે તે અને (૩) સર્વોચ્ચ અને સર્વસ્વ બલિદાન આપીને પણ સંબંધને અણિશુદ્ધ પાર પાડે. આ ત્રીજી વફાદારી સૌથી મહાન કહી શકાય. જે લોકો ત્રણેમાંથી એક પણ વફાદારી રાખી શકતા નથી અને છતાં સંબંધો રાખે છે તેઓ ગદ્દાર થઈ જતા હોય છે. ગદ્દારી-વિશ્વાસઘાત-મહાપાપ જ કહેવાય.

રાજકારણ ખટપટો વિનાનું હોતું નથી. મોટા ભાગે વારસો મેળવવા માટે ખટપટો થતી હોય છે. **જામ લાખા**ને ચંદ્રાબાથી ઉન્નડકુમાર જન્મેલો. ચંદ્રાબાના વચન માગવાથી લાખાએ ઉન્નડે જામની પાઘડી પહેરાવી, પણ ઓરમાન માતાનો મોડ કુમાર તેથી મનમાં દાહ થવા લાગેલો. ભલે તે ઉપરી મનથી લાખાને રાજી કરવા ઉન્નડની ગાદીનો સ્વીકાર કરતો રહ્યો પણ અંદરથી તો તેનો ઘાટ ઘડી નાખવાના પેંતરા સજતો રહ્યો. મોડનો મામો વીરમ ચાવડો હતો. મામા-ભાણેજે મળીને એક કાવતરું ગોઠવ્યું. પોતાનું મંધી પરગણું જોવા માટે ઉન્નડને આમંત્રણ આપીને ઉન્નડને પોતાનો અતિથિ બનાવ્યો અને ત્યાં જ તેનું મસ્તક કાપી નાખ્યું. જામ લાખો તો દેવ થઈ ચૂક્યો હતો. ચંદ્રાબા ગોહિલ રાણી અને ચાવડી રાણી વચ્ચે પોતપોતાના કુંવરોને વારસદાર બનાવવાની સ્પર્ધા ચાલી રહી હતી તેમાં ઉન્નડનું કાસળ કાઢી નાખવામાં આવ્યું. ચંદ્રાબાને ખબર પડતાં જ રોક્કળ કર્યા વિના તરત જ નગરસમૈના દરવાજા બંધ કરાવી, સમા કુમારને ગાદીએ બેસાડી દીધો. જરા પણ વિચલિત ન થતાં પૂરી સ્વસ્થતા ધારણ કરે તેને યોગી કહેવાય. જામ ઉન્નડની હત્યા કરીને મોડ પોતાના ભાઈઓ સાથે ગાદીએ બેસવા મારતે ઘોડે નગરસમૈ આવી રહ્યો હતો ત્યાં તેને ખબર પડી કે ચંદ્રાબાએ પોતાના સમા કુમારને ગાદીએ બેસાડી દીધો છે અને નગરના દરવાજા બંધ કરાવી દીધા છે. તેથી મોડ વગેરે કચ્છ તરફ જવા વળી ગયા. ચંદ્રાબાનું આ સમયસર બુદ્ધિપૂર્વકનું સાહસ હતું, જેણે પોતાના વંશના હક્કને બચાવી લીધો.

મોડ વગેરે કચ્છમાં પોતાના મામા વાઘમ ચાવડાને મળ્યા. વાઘમે મોડ વગેરેનો તિરસ્કાર કર્યો. પોતાના ઓરમાન ભાઈનો વધ કર્યો તે વાઘમને ગમ્યું ન હતું. ખરા સમયે ખરી વાત કહેવી અને સાચા પક્ષનું સમર્થન કરવું, એટલું જ નહીં, ખોટા પક્ષને ધુત્કારી દેવો તે પણ મર્દાનગી જ કહેવાય.

મામાનો વ્યવહાર મોડને ગમ્યો નહીં. તેથી એક દિવસ કોટેશ્વરના કુંડ ઉપર વાઘમ જ્યારે માળા ફેરવીને પ્રભુભજન કરી રહ્યો હતો ત્યારે મોડે વાઘમની હત્યા કરી નાખી. હવે તેણે મામાની રાજધાની પાટગઢ ઉપર કબજો કરી લીધો. ચાવડાવંશ ઉપર સમાવંશ સ્થાપિત થઈ ગયો.

પાટગઢ કબજે તો કર્યું, પણ તે ગુંતરીગઢના વાઘેલાઓનું ખંડિયું રાજ્ય હોવાથી વાઘેલાઓ ચઢી આવ્યા ત્યારે લડાઈથી બચવા સમાવંશના મોડ વગેરેએ શરણાગતિ સ્વીકારી સંધિ કરી. સમાવંશવાળા રોજનાં અઢાર ગાડાં ઘાસનાં ખંડણી તરીકે વાઘેલાઓને મોકલે તેવી સંધિ થઈ. તે સંધિ પળાવવા માટે પોતાના ભાઈ મનાઈને વાઘેલાને ત્યાં ઓળમાં મૂક્યો હતો. સંધિ પ્રમાણે રોજ અઢાર ગાડાં ઘાસનાં મોડ મોકલતો રહ્યો. એક વાર ચાલાકીથી ઘાસમાં હથિયાર અને સૈનિકોને ભરીને સમા લોકો વાઘેલાના ગુંતરીગઢમાં પેસી ગયા અને દેવપૂજામાં વ્યસ્ત વાઘેલાઓની કતલ કરી ગુંતરીગઢ ઉપર સમાવંશની સ્થાપના કરી દીધી અને આ રીતે કચ્છનો મોટો ભાગ મોડના હાથમાં આવી ગયો. આમ છેક વારાહી-સાંતલપુર સુધી તેણે પોતાની આણ વર્તાવી દીધી. જ્યારે ગોહિલ રાણીને મોડના રાજવિસ્તારની ખબર પડી તો તેણે પણ સેના ભેગી કરીને મોડ ઉપર હુમલો કરીને તેને વાગડ તરફ ભગાડી મૂક્યો. અહીં મોડ અને વાઘેલાઓ વચ્ચે મૈત્રી થઈ. મોડનો કુમાર સાડ થયો. સાડનાં લગ્ન ધરણ વાઘેલાની બહેન સાથે કરવામાં આવ્યાં. તે પછી મોડનું અવસાન થઈ ગયું. મોડ પછી તેની

ગાદીએ સાડ આવ્યો. જામ સાડનો સાળો ધરણ વાઘેલો હતો. સાળા-બનેવી વચ્ચે દુશ્મનાવટ થઈ ગઈ, તેથી ધરણ વાઘેલાએ દગાબાજી કરીને સાડની હત્યા કરી નાખી. રજવાડાંઓનો ઈતિહાસ હત્યાઓથી ભરેલો જોવા મળે છે. પોતપોતાના સગા જ પોતાના ભાઈઓની હત્યા કરીને વારસદાર બની જતા.

ધરણ વાઘેલાને થયું કે સાડની તો હત્યા કરી નાખી, પણ તેનો કુંવર ફૂલ છે તે હજી બાળક છે, તેની પણ હત્યા કરી નાખવી જોઈએ, જેથી સમાવંશનો કોઈ વારસદાર જ ન રહે. ફૂલકુમારની હત્યા કરવા ધરણ વાઘેલો સેના સાથે કંથકોટ આવી રહ્યો છે તેવા સમાચાર રાણીઓને મળતાં બધાં ફફડી ઊઠ્યાં. **આ વખતે ફારક નામની દાસીએ જે અપ્રતિમ બલિદાન આપ્યું તે કચ્છની યાદગાર કથા જ કહેવાય.**

ધરણ વાઘેલાની સેના છેક કંથકોટના દરવાજે આવી ગઈ ત્યારે ફારક નામની દાસીએ વિચાર્યું કે ભલે આખા નગરનો, રાજ્યનો અને રાજમહેલનો નાશ થાય, પણ રાજ્યના વારસદારનો નાશ થવો ન જોઈએ. રાજ્યનો એકમાત્ર વારસદાર ફૂલ કુમાર હતો, જે હજી ફૂલ જેવો ઘોડિયે હીંચતો હતો. કોઈ પણ ભોગે તેને બચાવવો જોઈએ. ફારક અને તેનો પતિ બંને ફૂલને અને પોતાના બાળકને લઈને નાઠા. બારીમાંથી મહેલ છોડીને રણ તરફ નાસી છૂટ્યાં. ધરણ વાઘેલાએ મહેલનો કબજો કર્યો, બધું ખોળી વળ્યો, પણ ફૂલ ન મળ્યો. કોઈ ચાડીખોરે કહી દીધું કે ફૂલને લઈને ફારક રણમાં દોડી જાય છે. ચાડીખોરો બધી જગ્યાએ મળી રહેતા હોય છે. ચુગલખોરો કોઈના સ્વર્ગ જેવા ઘરને નર્ક બનાવી દેતાં વાર નથી કરતા.

ધરણ વાઘેલો પાછળ પડ્યો. પાછળ ધૂળની ડમરીઓ ઊડતી જોઈને ફારક સમજી ગઈ કે ફૂલનો કાળ પાછળ દોડ્યો આવે છે. ઝટ દઈને તેણે ફૂલનાં રાજવી કપડાં પોતાના બાળકને પહેરાવી દીધાં અને પોતાના બાળકનાં મેલાંઘેલાં ચીંથરાં ફૂલને પહેરાવી દીધાં. **વસ્ત્રો પણ ઘણી વાર તમારા વ્યક્તિત્વની ચાડી ખાતાં હોય છે.** ધરણ વાઘેલો આવી પહોંચ્યો. તેણે ફારકના હાથમાંથી બાળક લઈ લીધું અને તેને જ ફૂલ સમજીને જોરથી પછાડીને તેના ભુક્કા બોલાવી દીધા. ફારકે પોતાના પતિને ઈશારો કરીને શાંત રહેવા સૂચના આપી દીધી. પોતાની આંખ આગળ જ પોતાના બાળકને બળબળતા રણમાં તરફડતો જોઈને પણ ન તો ફારક રડી, ન તેનો પતિ રડ્યો. આને કઠોરતા ન કહેવાય, પણ શેતાનની કઠોરતાથી રાજના વારસદારને બચાવવા માટેની પરાકાષ્ઠાની કરુણતા જ કહેવાય. તપેલા રણમાં તરફડતા બાળક ઉપર પગ મૂકીને ધરણે તેને તરફડતું બંધ કરી દીધું. ધરણ વાઘેલો કામ પૂરું થયું તેવું સમજીને પાછો વળી ગયો. અંગ્રેજો આવતાં પહેલાં આ દેશનાં રજવાડાં પરસ્પરના વિખવાદથી આવી ઘોર અશાંતિ ભોગવતાં હતાં.

ફારક અને તેનો પતિ હવે કચ્છમાંથી સિંધના રસ્તે ફરી ભાગવા મંડ્યાં. પોતાનો વહાલસોયો પુત્ર ગુમાવીને પણ તેમણે દેશનો વારસદાર બચાવી લીધો હતો તેનો તેનો સંતોષ હતો. પૂરું જીવન સત્કર્મોમાં વીત્યું ન હોય તો કાંઈ નહીં, પણ જીવનમાં એકાદ અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું હોય, જેમાં આખો ઈતિહાસ છુપાયો હોય તો પણ જીવન ધન્ય થઈ જાય.

પણ હવે જવું ક્યાં? જીવ બચાવીને ભાગેલા માણસને કોણ આશરો આપે? બંને બાંભણાસર પહોંચી ગયાં. અહીં અજા અને અણગોર નામના બે શ્રેષ્ઠીઓને ત્યાં પતિ-પત્ની મજૂરી કરવા લાગ્યાં. ફૂલ જરા મોટો થયો તો તે પણ વાછરડાં ચારવા લાગ્યો. જેમતેમ કરીને ત્રણે જણાં પેટિયું રળવા લાગ્યાં.

બાંભણાસરનો રાજા પરમાર કીર્તિરાજ હતો. તેના રાજ્યમાં એક વિકરાળ સિંહ માણસખાઉ બની ગયો હતો. તે રોજ એક માણસનો શિકાર કરી ખાઈ જતો હતો. રાજાએ ઘણા પ્રયત્નો કર્યા પણ સિંહ મરાયો નહીં. એક વાર સિંહ ફૂલના વાછરડા ઉપર ઝપટ્યો. ફૂલે બહાદુરીથી તેનો સામનો કર્યો અને તલવાર વડે તેને મારી નાખ્યો. પરાક્રમ છૂપું રહેતું નથી. તે પ્રસંગની રાહ જોતું તૈયાર બેઠું હોય છે. પ્રસંગ આવે પણ પરાક્રમ ન પ્રગટે તો સમજવું કે તે પરાક્રમનો દેખાવ કરનારું કોઈ મડદું જ છે.

રાજાને ખબર પડી. તેણે ફૂલને બોલાવ્યો, તેની પાલક માતા ફારકને બોલાવી. ફારકે પહેલા તો પોતે કચ્છની દાસી છે અને પેટ ભરવા સિંધ આવી છે તેવું જણાવ્યું. પણ પછી બધી સાચી હકીકત કહી દીધી. રાજા સમજી ગયો કે આ ફૂલકુમાર સાડ જામનો કુંવર છે. વિપત્તિનો માર્યો તે ફારકના ખોળામાં ઊછરીને મોટો થયો છે. હવે તે જુવાન થયો છે. તે દાસીપુત્ર નથી પણ રાણીપુત્ર છે. તેનું રાજપૂતી પરાક્રમ એ જ તેની નિશાની છે. રાજાએ ફૂલને સ્વીકારી લીધો, એટલું જ નહીં, તેની વેરે પોતાની રાજકુમારી પરણાવી દીધી. જે ગઈકાલ સુધી વાછરડાં ચરાવતો હતો એ ગોવાળિયો હવે રાજાનો જમાઈ થઈ ગયો હતો. આને નસીબ કહેવાય. **જે પુરુષાર્થથી મળે તે તમારું કહેવાય, પણ જે વગર પુરુષાર્થે ઓચિંતું આવી મળે તે નસીબ કહેવાય.**

ફૂલ અને તેની નવવધૂ ભોગવિલાસમાં મસ્ત થઈ ગયાં. સ્ત્રી રમીને રમાડનારી હોય છે. તે ભાન ભૂલીને ભાન ભુલાવનારી હોય છે. ફૂલ ભોગ વિલાસમાં તરબોળ થઈ ગયો. ફારકને ચિંતા થઈ : શું આ માટે મેં આનો જીવ બચાવ્યો હતો? એક દિવસ તેણે ફૂલને જૂની વાત કહી સંભળાવી અને ધરણ વાઘેલાએ કરેલી હત્યા યાદ કરાવી, ફૂલને વેર લેવા તૈયાર કર્યો. ધલુરાના રાજાએ પણ સંમતિ આપી. પોતાની

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૩ ઉપર)

કચ્છ દર્શન

# લાખો ફૂલાણી

ભારતમાં – ખાસ કરીને ઉત્તર ભારતમાં બહુરંગી પ્રજા વસે છે. કેટલીક પ્રજા એકદમ કાળી તો કેટલીક એકદમ ગોરી. કાળી અને ગોરીની વચ્ચે વળી પાછા કેટલાયે સ્તર જોવા મળે છે. આ બહુરંગીપણાનું કારણ જુદા જુદા સમયે નજીકના અને દૂરના પ્રદેશોથી આવી, તે જુદી જુદી પ્રજાઓ છે. તેમાં આર્ય, શક, સિથિયન, હૂણ, ગ્રીક, પારસી, આરબ વગેરે પ્રજાઓ મુખ્ય છે. એટલે આ દેશ બહુરંગી પ્રજાથી બન્યો છે. જ્યાં કાળી પ્રજા વસતી હોય ત્યાં ગોરી પ્રજાનું મહત્ત્વ વધુ રહે અને જ્યાં ગોરી પ્રજા વસતી હોય ત્યાં અતિગોરી પ્રજાનું મહત્ત્વ વધી જાય. **કોઈ માને કે ન માને, ચામડીનો રંગ અને શરીરનો બાંધો પણ વ્યક્તિ તથા સમાજના વ્યક્તિત્વને નિખારવામાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.**

કચ્છના પાવર પરગણામાં કુડધર રબારી પોતાની ઑથ સાથે રહે. તેને એક પાલક પુત્રી હતી. તેનું નામ સોનલ. સોનલ યુરોપિયન મૂળની અત્યંત રૂપાળી કન્યા હતી. તે કુડધરને નિરાધાર અવસ્થામાં મળી આવી હતી. તેથી તેને લાડકોડથી ઉછેરીને મોટી કરતો હતો. સોનલમાં જેટલું રૂપ હતું તેટલું જ તેનામાં બળ પણ હતું અને ગુણોનો તો તે ભંડાર હતી. આવું અપ્સરા જેવું કન્યારત્ન સાંઢણીઓની પાછળ ગામેગામ વિચરતું રહેતું હતું. રબારી વિચરતી પ્રજા. ક્યાંય લાંબો સમય સ્થિર ન રહે. પોતાનો પરિવાર લઈને ઊંટ-ગધેડાં, ઘેટાં-બકરાંની સાથે આ ગામથી પેલે ગામ વિચર્યા કરે.

એકવાર જામ ફૂલો પોતાના ઝરૂખામાંથી જોઈ રહ્યો હતો. સોનલ માથે પાણીભરેલું બેડું મૂકીને બે હાથમાં બે પાડીઓ લઈને આવતી હતી. બરાબર આ જ સમયે બે મદોન્મત્ત પાડાઓ લડતા લડતા ધમાસાણ મચાવતા આવી પહોંચ્યા. લોકો ભાગંભાગ કરી રહ્યા હતા ત્યારે સોનલે હિંમતથી બંને પાડીઓનાં દોરડાંને પગ નીચે દબાવીને બંને પાડાઓને જોરથી એકએક થપાટ લગાવી. બંને પાડા જુદા પડી ગયા. શાંતિ થઈ ગઈ. આ દૃશ્ય આશ્ચર્યચકિત થઈને જામ ફૂલાએ જોયું. તેને થયું કે આવી કન્યામાં જો બીજ રોપ્યું હોય તો મહાન પુત્ર જન્મે. ઉત્તમમાં ઉત્તમ બીજ પણ ઉત્તમ જમીનની અપેક્ષા રાખે છે. બીજ ઉત્તમ હોય પણ જમીન ખારી હોય તો બીજ વ્યર્થ જાય. કેટલાક પુરુષો રૂપઘેલા હોય છે, જેઓ કન્યાનું રૂપ જોઈને પરણતા હોય છે, તો કેટલાક પુરુષો ગુણઘેલા હોય છે, જેઓ કન્યાના ગુણ જોઈને પરણતા હોય છે, તો કેટલાક વીર પુરુષો કન્યાની વીરતાથી અંજાય છે. જેઓ વીરતા જોઈને પરણતા હોય છે. **રૂપ તરત જ દેખાય, ગુણ જોતાં વાર લાગે. ઘણો સમય સાથે રહેનારને ગુણ-અવગુણ દેખાય અને વીરતા તો પ્રસંગ આવ્યે જ દેખાય.** પ્રસંગ રોજરોજ ન આવે. જો પાડાનો પ્રસંગ ન આવ્યો હોત તો સોનલની વીરતા જામ ફૂલાને દેખાત નહીં. જીવનમાં કેટલાક કામો ઉતાવળથી - ત્વરિત કરવા જોઈએ, તો કેટલાંક ધીરેધીરે ધીરજ રાખીને કરવા જોઈએ.

આ સોનલ કોણ છે તેની તપાસ જામ ફૂલાએ કરાવી તો જાણવા મળ્યું કે તે કુડધર રબારીની પાલક પુત્રી છે. જામ ફૂલાએ કુડધર પાસે સોનલનો હાથ માગ્યો. કુડધર ધન્ય થઈ ગયો. રબારીની દીકરી, જામના ઘરે! આથી વધુ ધન્યતા બીજી શી કહેવાય? બંનેનાં લગ્ન થઈ ગયા. જામ ફૂલાને પાંચ રાણી હતી.

★

રબારણ સોનલ હવે રાણી થઈ ગઈ. તેને બે સખીઓ હતી : (૧) લખી ખવાસણ અને (૨) લાલઇ – નિરમલ ખવાસની સ્ત્રી. ત્રણેને એક જ દિવસે ગર્ભ રહ્યો અને ત્રણેને એક જ દિવસે સંતાન જન્મ્યાં. સોનલની કૂખે લાખો જન્મ્યો, લખીને ત્યાં ધાણ નામની પુત્રી જન્મી, લાલઇને ત્યાં ખીલ નામનો પુત્ર થયો.

જેને ઘણી સ્ત્રીઓ હોય તે બધી એકસરખી ન હોય. સૌનાં સ્વભાવ અને ક્ષમતા જુદા જુદા હોય. માણસ ધારે તો પણ બધાની સાથે એકસરખો વ્યવહાર ન રાખી શકે કારણકે વ્યવહાર ગુણકર્મ-આધારિત હોય છે. એક સ્ત્રી આંજ્ઞાકિત હોય, પતિનું વચન ઉથાપતી ન હોય અને બીજી સ્ત્રી સામું બોલનારી, હંમેશાં વિરુદ્ધ દલીલ કરનારી હોય, તો બંને વચ્ચે સરખો ભાવ ન રહે. એક વહેમીલી, હઠીલી અને કાચા કાનની હોય અને બીજી ડાહી - શાણી, સહનશક્તિવાળી હોય તો બંને વચ્ચે સરખો વ્યવહાર ન હોઈ શકે.

જામ ફૂલાની પાંચ રાણીઓમાં સૌથી વધુ રૂપાળી સોનલ હતી. તે સૌથી વધુ ગુણવતી પણ હતી. તેથી તે બધામાં વધુ માનીતી થઈ ગઈ. જ્યાં કોઈ માનીતું હોય ત્યાં બીજું અણમાનીતું હોવાનો ભાવ અનુભવે. આમાંથી ઈર્ષ્યા પેદા થાય. સ્ત્રી પોતે જ ઈર્ષ્યાનું મૂર્તિમંત રૂપ હોય છે. તે પતિ દ્વારા બીજી સ્ત્રીનાં વખાણ સહન કરી શકતી નથી. ડાહ્યો પતિ કદી પણ પોતાની પત્ની આગળ અન્ય સ્ત્રીનાં વખાણ કરે નહીં. તીવ્ર ઈર્ષ્યા નિષ્ક્રિય ન રહી શકે. ઈર્ષ્યા પણ પ્રવૃત્તિની પ્રેરક બનતી હોય છે. સોનલને હલકી પાડવા બધી રાણીઓએ બધા ઉપાયો કર્યા પણ સફળ ન રહી. અંતે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કર્યો. કોઈ સ્ત્રી કે પુરુષને હલકો પાડવો હોય તો તેના ચારિત્ર્ય સંબંધી અપવાદ ફેલાવવો. સાંભળનારા લોકો કશી તપાસ કર્યા વિના જ આવા અપવાદોને માની લેતા હોય છે અને કરોડના માણસને કોડીનો બનાવી દેતા હોય છે. તેમાં પણ રૂપાળી પત્નીનો પતિ તો હંમેશાં મોટાભાગે શંકાશીલ રહેતો જ હોય છે.

ફૂલાની કાનભંભેરણી થઈ. એકે કહ્યું, બીજીએ કહ્યું, ત્રીજીએ કહ્યું, ચોથીએ કહ્યું — કાંઈ બધાં ખોટાં ન હોય એવું માનીને ફૂલાએ સોનલનો ત્યાગ કરી દીધો. જે અતિ પ્રેમી હોય તેના તરફથી આંખ ફેરવી લેવી અને તેની ઉપેક્ષા કરવી એ ત્યાગ જ કહેવાય. પણ આ ભયંકર કસોટીમાંથી સોનલ હેમખેમ પાર ઊતરી. ડાહ્યા મંત્રી અણગોરની મધ્યસ્થીથી પતિ-પત્ની બંને વચ્ચે પાછો હતો તેવો જ સંબંધ બંધાઈ ગયો. **પ્રેમ કદી કસોટી વિનાનો હોતો નથી.** મંત્રી અણગોરના આવા ડહાપણની કદર કરીને જામ ફૂલાએ તેના નામે ઈ.સ. ૮૫૭માં નવો કિલ્લો 'અણગોરગઢ' બાંધ્યો.

હવે રાજધાની બેલાડીગઢમાંથી ખસેડીને બધાં અણગોરગઢમાં રહેવા ગયાં. કોઈકોઈ વાર આવાસ બદલવો પણ જરૂરી થઈ જતો હોય છે. એક જ જગ્યાએ રહેવાથી વિકાસમાં અવરોધ પણ થતો હોય છે.

★

સંબંધો વિના માણસ રહી શકતો નથી. ત્યાગી - વીતરાગી મનાતા સાધુ-સંતો પણ ભક્તો - સેવકો - અનુયાયીઓને ઇચ્છે છે અને તે બધા પોતા પ્રત્યે દૃઢ શ્રદ્ધા ધરાવતા થાય અને રહે તેવા ખરા-ખોટા પ્રયત્નો કરતા રહે છે. ખરા એટલા માટે કે સમજણપૂર્વકની સાચી શ્રદ્ધાથી જે વળગ્યા રહે તે ખરા કહેવાય, પણ જેઓ ચમત્કારો જોઈને કે લોભ-લાલચ-પ્રલોભનો પૂરાં કરવા વળગ્યા હોય તે ખોટા કહેવાય. સાચા કરતાં ખોટા જ વધારે હોય. **સત્યને પ્રચારની અપેક્ષા રહેતી નથી, પણ સત્યના અંચળામાં છુપાવેલું અસત્ય પ્રચારના જોરે જ ફેલાતું હોય છે.** મોટાભાગનું ધાર્મિક ક્ષેત્ર આવું જ હોય છે. તેથી તેજસ્વી પરિણામ નથી આવતા હોતા. તેજમાંથી તેજ પ્રગટતું હોય છે. જો ત્યાગી-વીતરાગી સંબંધોની આવી દશા હોય તો સામાન્ય સંસારીની તો વાત જ શી કરવી!

બધા સંબંધોમાં ગાઢ સંબંધ બહુ સુખદાયી અને બહુ દુઃખદાયી હોય છે. **ગાઢ એટલે હૃદયનો સંબંધ. આવો સંબંધ અતિ વિશ્વાસ વિના બંધાતો નથી.** બાકીના આર્થિક, વ્યાપારિક, વ્યવહારિક વગેરે સંબંધો હૃદયથી બંધાયા નથી હોતા. હૃદય એટલે લાગણીનો પૂંજ. લાગણી લાગણીમાં ભળે તો જીવન ધન્ય થઈ જાય. પણ સાચી લાગણી ભળ્યા પછી છૂટી થઈ શકતી નથી. જોર કરો તો તૂટીને જુદી થાય. તૂટેલી લાગણી બહુ પીડા કરે છે, કારણકે તેનો ઘા રૂઝાતો જ નથી. તે ઘામાંથી જીવનભર પરુ નીકળતું રહે છે.

હોળીના દિવસો હતા. રાજમહેલમાં બધાં રંગે ખેલી રહ્યાં હતાં. લાખો પોતાની ભાભીઓ સાથે રંગે રમી રહ્યો હતો. આવી રમતોમાં લોકો વધુ પડતા ભાવુક થઈ જતા હોય છે. રંગ ઉડાડતાં-ઉડાડતાં એક તરફ ઊભેલી પોતાની ઓરમાન માતા સોઢી રાણી પાસે તે પહોંચી ગયો અને સોઢી રાણી પર રંગ નાખી બેઠો. સોઢી રાણી ક્રોધાયમાન થઈ ગઈ. સાવકો દીકરો માતા પર રંગ નાખે તે તો હદ થઈ ગઈ કહેવાય. લાખાએ પગમાં પડીને માફી માગી, પણ રાણી માની નહીં. તે ગુસ્સામાં ને ગુસ્સામાં જામ ફૂલા પાસે ગઇ અને ફરિયાદ કરી કે, "જુઓ! તમારા પાટવી કુંવરે મારા ઉપર રંગ નાખ્યો!" માતાની સાથે હોળી ખેલાય નહીં. આવી મર્યાદા હોવાથી જામ ઉશ્કેરાઈ ગયો. જલ્દી ઉશ્કેરાઈ જનારા ઘણી વાર ખોટા નિર્ણયો કરી બેસતા હોય છે. તેમાં પણ સ્ત્રીઓના રાગ-દ્વેષથી પ્રેરાઈને નિર્ણય કરનારા પાછળથી પસ્તાતા હોય છે. પોતાની સૌથી વહાલી રાણી સોનલનો કુંવર લાખા જામને બહુ વહાલો હોવા છતાં આવેશમાં તે બોલી ઊઠ્યો : "જા! તને હું દેશવટો આપું છું. નીકળી જા મારા દેશમાંથી."

ત્યારે એવો રિવાજ હતો કે રાજા જેને દેશવટો આપે તે કાળા ઘોડા ઉપર સવાર થઈને, કાળાં લૂગડાં પહેરીને રાજ્યની સીમા બહાર નીકળી જતો. કાળાં વસ્ત્રો એટલા માટે કે લોકો જાણે કે આ રાજાનો તિરસ્કૃત છે, જેથી કોઈ તેને સાથ ન આપે, ન લાગણી બતાવે. જીવનમાં તિરસ્કૃત જીવન જીવવું એ પણ મહાપીડા જ કહેવાય. તેમાં પણ સ્વજન - તિરસ્કૃતતા અતિ દુઃખદાયી બની જતી હોય છે. સ્વજન એટલે પિતા, માતા, પતિ, પત્ની, પરિવાર વગેરે. એક વાર શ્રીરામનું પણ આવું જ થયું હતું. ત્યારે પણ સાવકી માતા (કૈકેયી)એ જ ભાગ ભજવ્યો હતો અને આજે પણ સાવકી માતા - સોઢીરાણીએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

લાખો કચ્છ છોડીને નીકળી પડ્યો. જે લોકો તિરસ્કૃત

થઈને ઘરમાંથી પહેરેલ કપડે નીકળી પડતા હોય છે તેઓ સમૃદ્ધ થઈને પાછા ફરતા હોય છે — જેમ રામ પુષ્પક વિમાન લઈને પાછા ફર્યા હતા.

લાખો ફૂલાણી (ફૂલનો દીકરો હોવાથી ફૂલાણી) ફરતો ફરતો અણહિલપુર પાટણ પહોંચી ગયો. ત્યાં રાજ ખટપટથી ભારે અશાંતિ સર્જાઈ હતી. ત્યાંના રાજા સામંતસિંહ ચાવડાએ લાખાને રોકી લીધો. લાખાએ થોડા જ સમયમાં રાજ્યમાં શાંતિ સ્થાપિત કરી દીધી. શાંતિ સ્થાપિત કરી શકે તે જ રાજા કહેવાય. શાંત રાજ્યને અશાંત કરી મૂકે તે રાજા નહીં, અનાડી જ કહેવાય. **શાંતિ, પરાક્રમ અને મુત્સદ્દીગીરીથી સ્થાપિત થતી હોય છે.** આ બંને ગુણો વારસામાં જન્મજાત મળતા હોય છે, કૉલેજોમાંથી નથી મળતા હોતા.

પોતાના અશાંત રાજ્યમાં નવ-આગંતુક લાખાએ શાંતિ સ્થાપિત કરી દીધી. એટલું જ નહીં, પ્રજા ધંધા રોજગારમાં લાગી જવાથી રાજ્યમાં સમૃદ્ધિ પણ આવવા લાગી. આ બધું જોઈને સામંતસિંહ ચાવડા પ્રસન્ન થયો. જે રાજા કે અધિકારી પોતાના તાબેદારોનાં કાર્યોથી પ્રસન્ન થતો હોય છે તે કદરદાન પણ હોય છે. કદરદાન હોવું તે પણ વ્યક્તિનો મોટો ગુણ કહેવાય. **કદરદાન કીર્તિમાન બનતો હોય છે અને કીર્તિમાનનું જીવન ધન્ય બનતું હોય છે.** ચાવડા રાજાએ લાખાની કદર કરી અને પોતાની કુંવરીનો હાથ તેના હાથમાં મૂકી દીધો. લાખો હવે અણહિલપુરનો રાજજમાઈ થઈ ગયો. કેટલીક વાર પુત્ર કરતાં જમાઈનું માન - પ્રભુત્વ વધી જતું હોય છે. શાંતિ સ્થાપનાર લાખો હવે પોતે જ ત્યાં શાંતિથી રહેવા લાગ્યો. શાંતિ આપનારને શાંતિ મળતી હોય છે, સુખ આપનારને સુખ મળતું હોય છે અને સમૃદ્ધિ આપનારને સમૃદ્ધિ મળતી હોય છે. **જે જેવું આપે તેવું પામે.**

માણસ ગમે તેટલે વતનથી દૂર જાય તો પણ એનો એક તાર વતન સાથે જોડાયેલો જ રહેતો હોય છે. તેમાં પણ જો તેને તિરસ્કૃત થઈને કે અપમાનિત કરીને વતન છોડવું પડ્યું હોય તો તો વતન વધુ યાદ આવતું હોય છે. તિરસ્કાર અને અપમાન અને તે પણ પોતાના સ્વજનો દ્વારા થયાં હોય તો-તો ડંખ કદી પણ જતો નથી. લાખાને વતન યાદ આવ્યું. **તેને સમાચાર મળ્યા કે લાખાના ગયા પછી કચ્છમાં ઘણા અનર્થો થવા લાગ્યા છે.** આપણે માનીએ કે ન માનીએ, કોઈના પગલે સુખશાંતિ આવતી હોય છે, તો કોઈના પગલે દુ:ખ-અશાંતિ પણ આવતાં હોય છે. લાખાના જવાથી તે જ વરસે ભયંકર દુષ્કાળ પડ્યો. કચ્છ તો પશુપાલકોનો દેશ. જ્યાં હજારો પશુઓની ઑથો રહેતી હોય તે ઘાસ વિના જાય ક્યાં? પશુઓને જીવાડવા માલધારીઓ નીકળી પડ્યા હતા. પશુઓ અને માલધારીઓ વિના કચ્છ પોતાનું હાસ્ય ખોઈ બેઠું હતું. જામ ફૂલાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. રાણી ધાણ વાઘેલી પેટમાં કટાર મારીને મરી ચૂકી હતી. લાખાસાગર તળાવ સૂકાઈ ગયું હતું. એમ કહો કે આખું કચ્છ સૂકાઈ ગયું હતું.

પૂરી પ્રજા દુ:ખી દુ:ખી થઈ રહી હતી. આવા સમયે સૌને લાખો યાદ આવ્યો : "જો લાખો હોત તો કચ્છની આવી દશા ન થાત!" રાજા કે તેના માટે આથી મોટું બીજું કોઈ પ્રમાણપત્ર નથી. ભયંકર વિપત્તિમાં લોકો ભગવાનને યાદ કરે છે. તેવી જ રીતે ભયંકર વિપત્તિમાં પણ લોકો જે રાજા કે નેતાને યાદ કરે તે રાજા કે નેતા ધન્યધન્ય થઈ ગયો કહેવાય. આટલાં વર્ષો પછી પણ લોકો **સરદાર વલ્લભભાઈ પટેલ**ને વારંવાર યાદ કરે છે. લોકો બોલે છે : **"જો સરદાર હોત તો આવું ન થાત!"** જે લોકોએ સરદારનો હક્ક ડુબાવ્યો, પોતાના પરિવારને ગાદી ઉપર બેસાડી દીધા, એટલું જ નહીં, સરદારનાં નામોનિશાન મટાડી દેવા પ્રયત્નો કર્યા તેમને કોઈ યાદ નથી કરતું. ઘણી વાર પ્રશ્ન થાય છે કે શું આપણને સાચા માણસો પચતા જ નથી? કેટલા સરદારો અને કેટલા દયાનંદોને આપણે પચાવી શક્યા નથી! જે પ્રજા સાચાને પચાવી કે સ્વીકારી ન શકે તેના કરમે પછી ધુતારા જ લખાયેલા હોય છે.

કચ્છની પ્રજા પોકાર પાડવા લાગી : "લાખા, આવો! લાખા આવો!" અંતે આ પોકાર લાખા સુધી પહોંચ્યો. લાખો તો વતન આવવા થનગની રહ્યો હતો. ભલે અપમાન કે તિરસ્કાર કર્યો હોય તો પણ મારાં સ્વજનો છે ને! મારા ભાંડુ છે ને! લોહીની સગાઈ પ્રબળ હોય છે. લાખાને બોલાવવાની કોઈની હિંમત ચાલતી ન હતી. અંતે એક લંઘાની દીકરી તૈયાર થઈ ગઈ. જોગણનું રૂપ ધારણ કરીને તે ડાહી ડુમણી પાટણની ગલીએ-ગલીએ ફરતી-ફરતી લાખાના મહેલ સુધી પહોંચી ગઈ અને કચ્છી ભાષામાં કચ્છની દુર્દશાનું ગીત ગાવા લાગી. લાખો બધી પરિસ્થિતિ સમજી ગયો. સામંતસિંહ ચાવડાની રજા લઈને મોટી સવારી સાથે લાખો પાછો કચ્છ જવા ઊપડ્યો. વતનથી અપમાનિત માણસ ફરી જ્યારે વતન પાછો ફરે ત્યારે ધૂમધામ અને સમૃદ્ધિથી પાછો ફરે તો જ તેનું માન વધે અને અપમાન ધોવાય.

લાખાના આવતાં જ કચ્છમાં બારે મેઘ તૂટી પડ્યા. જળબંબાકાર થઈ ગયું. તળાવો ભરાઈ ગયા. ધરતી લીલીછમ થઈ ગઈ. બધા માલધારીઓની ઑથો પાછી ફરવા લાગી. સૌના કંઠે એક જ વાત હતી :

***આપણા મલકનાં માયાળુ માનવી!***
***હાલો ને આપણા મલકમાં!***

આખું કચ્છ લાખાના સ્વાગતમાં ઊમટી પડ્યું. લાખાથી કચ્છ ધન્ય થઈ ગયું અને કચ્છથી લાખો ધન્ય થઈ ગયો.

કચ્છ દર્શન

# હોથલ પદમણી અને ઓઢો જામ

સંયુક્ત પરિવારનું સૌથી મોટું ભયસ્થાન ધર્મથી અમાન્ય યૌન સંબંધ છે. સતત સાથે રહેવાથી નર-નારીનું આકર્ષણ થતું જ હોય છે. જો ધાર્મિક અને સાંસ્કૃતિક પવિત્ર ભાવનાઓ ન હોય તો ગમે ત્યારે ગમે તેની સાથે યૌન સંબંધ સ્થાપિત થઈ જવાની પૂરેપૂરી સંભાવના રહેતી હોય છે. આવા અધાર્મિક યૌન સંબંધ બે પ્રકારના હોય છે : એક તો નાનાં બાળકો સાથેનો સંબંધ અને બીજો બે પ્રૌઢોનો સંબંધ. નાનાં બાળકોમાં બાળક કરતાં બાળકી વધુ ભોગ બનતી હોય છે. ઘરમાં કામથી અતૃપ્ત પુરુષ કેટલીક વાર ભાન ભૂલીને નાની બાળકી સાથે પણ યૌન સંબંધ બાંધી બેસતો હોય છે. આવો સંબંધ પુરુષપ્રેરિત અથવા પુરુષના દબાણથી થતો હોય છે. અબુધ બાળકી વશ થઈને પછી કાયમ લાચાર થઈ જતી હોય છે. બાળકોનું કામ-ઉત્પીડન મોટા ભાગે ઘરના જ માણસોથી થતું હોય છે અથવા નજીકના માણસોથી થતું હોય છે. આવી વસ્તુઓ જલદી બહાર નથી આવતી હોતી. ઘરનાં માણસો કદાચ જાણી જાય તો પણ આબરૂ ઢાંકવા માટે પડદો પાડી દેતા હોય છે. મોટો પ્રશ્ન આવો શિકાર બનેલી બાળકીને પછી પરણાવવાનો થતો હોય છે, તેથી બધું ઘરમાં જ ઢંકાઈ જતું હોય છે. આવી ઘટનાઓ ત્યારે જ બહાર આવતી હોય છે, જ્યારે બાળકી સગર્ભા થઈ જાય અને તેને સગેવગે કરવા જતાં વાત ખુલ્લી થઈ જાય.

ઘરમાં સાથે રહેનારાં માણસોમાં અધાર્મિક યૌન સંબંધ પુખ્ત ઉંમરના લોકોનો પણ થઈ જતો હોય છે. મોટાભાગે આવો સંબંધ સ્ત્રીપ્રેરિત હોય છે. ઘરના માણસોમાંથી કોઈ એક ઉપર સ્ત્રીને પ્રબળ આકર્ષણ થઈ જાય અને પોતાના પતિ દ્વારા તેને સંતોષ ન થતો હોય ત્યારે આવું બનતું હોય છે. આવો સંતોષ બે પ્રકારનો હોય છે : એક તો દેહસંતોષ અને બીજો લાગણી સંતોષ. સ્ત્રી સંતોષ ઝંખે છે. તે ન મળે તો તે આકુળવ્યાકુળ રહે છે. પછી જે સમીપમાં હોય તેને આકર્ષિત કરવા તે ઉપાયો કરે છે. મોટા ભાગના પુરુષો થોડા પ્રયત્નોથી જ આકર્ષિત થઈ જતા હોય છે, કારણકે પુરુષોને શિયળ નથી હોતું. બધી લાલચોને લાત મારી શકાય, પણ સ્ત્રી દ્વારા ઊભી કરાયેલી કામલાલચને ઠોકર મારવી સહેલી નથી; પણ કદાચ કોઈ ન લલચાનારો મક્કમ લક્ષ્મણ જાતિ જેવો કોઈ નીકળે તો તેમાંથી મોટી કથા થઈ જતી હોય છે. આવી જ કથાની વાત કરવાની છે.

જામ મનાઈના ત્રણ દીકરા — જામ હોથી, મોડ અને જામ ઓઢો. ત્રણેમાંથી મોટા બંને પરણી ગયા, પણ નાનો જામ ઓઢો કુંવારો હતો. જામ ઓઢાનાં લગ્ન આજે હોથલ પદમણી સાથે થઈ રહ્યાં હતાં. પીઠી ચોળીને વરરાજા ઘોડેસવાર થઈને હોથલને વરવા વાજતેગાજતે જઈ રહ્યો હતો. લગ્નપ્રસંગે વાજીંત્રો વગાડવાનો અર્થ એ થાય છે કે આ લગ્ન ચોરીછૂપીથી - ભાગી જઈને નથી કર્યા પણ વાજતેગાજતે થાય છે. ઘોડે ચઢીને વરરાજા જ્યારે કન્યાના માંડવે આવે ત્યારે કન્યાપક્ષ તેને સ્વીકારની નિશાની સ્વરૂપ તેને પોંખે, વધાવે, બંને પક્ષના સાજન-માજન રમે-જમે, એકબીજાને ભેટે અને પછી ધર્મવિધિ પ્રમાણે હસ્તમેળાપ થાય. **અહીં 'સાજન-માજન' શબ્દ સમજવા જેવા છે. 'સાજન' એટલે સજ્જન - સ્વજન અને 'માજન' એટલે મહાજન - પ્રતિષ્ઠિત લોકો. આ બધાની હાજરીમાં લગ્ન થાય એટલે દસ્તાવેજ લખાઈ જાય.**

વર અને કન્યા તો તે દિવસે સુંદરમાં સુંદર વસ્ત્રો પહેરે, પણ બંને પક્ષનાં નર-નારીઓ પણ સારામાં સારાં વસ્ત્રો અને દરદાગીના પહેરે. કદાચ ન હોય તો ઉછીના લાવીને પણ પહેરે. જીવનમાં મહાલવાનો સમય વારંવાર આવતો નથી. લગ્નપ્રસંગ બંને પક્ષોને મહાલવાનો પ્રસંગ કહેવાય. પ્રત્યેક માણસ રૂપાળો દેખાવા માંગતો હોય છે. તેમાં પણ જે રૂપાળા નથી હોતા તેઓ રૂપાળા દેખાવા વધુમાં વધુ શણગાર કરતા હોય છે. શણગારથી માણસ દીપી ઊઠે છે. રૂપાળો ઓઢો આજે વધુ રૂપાળો દેખાતો હતો. કન્યાનું મોઢું ઘૂંઘટથી ઢાંકેલું હોવાથી કન્યાનું રૂપ તો ન દેખાય, પણ તેના હાથ-પગનાં આંગળાં દેખાય. હાથપગનાં આંગળાં પણ તેના રૂપની ચાડી ખાઈ જાય. રૂપ માત્ર મોઢા ઉપર જ નથી હોતું, પણ અંગેઅંગથી છલકાતું હોય છે. આવી વ્યક્તિને સર્વાંગસુંદર કહેવાય છે.

બધા ઠાઠમાઠથી લગ્ન પૂરા થયા. લગ્નનો પ્રસંગ પૂરો કરવો એ ઈડરિયો ગઢ જીતવા જેવું કહેવાય. કારણકે આવા પ્રસંગે જ રીસાનારાં સગાં ઊંધાં થઈને બાજી બગાડવા ટાંપીને બેઠાં હોય છે. સ્વર્ગે જવા માટે એક વૈતરણી તરવી પડે, પણ

લગ્ન પૂરાં કરવા સાત વૈતરણીઓ તરવી પડે.

ઓઢાના મોટા ભાઈનું નામ હોથી હતું અને તેની પત્નીનું નામ મીણાવતી હતું. માણીવતી પરણીને આવી ત્યારથી જ તેને નાના દિયર ઓઢા પ્રત્યે તીવ્ર આકર્ષણ થવા લાગ્યું હતું. પણ ઘર-પરિવારની મર્યાદાના કારણે તે આકર્ષણને વ્યક્ત કરી શકતી ન હતી, પણ આજે તો સજેલા-ધજેલા ઓઢાને જોઈને તેનું મન હાથમાં ન રહ્યું. મન વીફર્યું. વીફરેલી ઘોડી કાબૂ બહાર થઈ જાય તેમ વીફરેલું મન પણ કાબૂ બહાર જતું રહે.

મીણાવતી ઘરની વડીલ હોવાથી જામ ઓઢો તેને પગે લાગવા તેના ઓરડે ગયો. આ આપણી સંસ્કૃતિ છે. સારા-માઠા પ્રસંગે ઘરનાં વડીલોને પગે લાગવું અને તેમના આશીર્વાદ લેવા જરૂરી છે. તેમ કરવાથી બધાંનાં મન જીતી શકાય છે. **મન જીતો તો સુમેળ થાય અને સુમેળ હોય ત્યાં જ સુખ હોય.**

ઓઢો મીણાવતીના ઓરડાના ઉંબરે ઊભો રહીને પગે લાગવા મંડ્યો. જે ઓરડામાં એકલી સ્ત્રી હોય તે ઓરડામાં ખાનદાન પરપુરુષ પ્રવેશ ન કરે. આ મર્યાદા છે. તેમાં રક્ષણ છે.

મીણાવતીએ ઓઢાને અંદર આવવા જણાવ્યું : "આવો દિયરજી! અંદર પધારો. ઉંબરા બહાર નહીં, અંદર આવીને આ પલંગ ઉપર બેસો."

ઓઢો મીણાવતીના ભાવ સમજી ગયો. તેણે કહ્યું : "એ પલંગ તો મારા મોટા ભાઈ હોથીનો છે. તમે તેમનાં પત્ની હોવાથી મારા માટે માતા બરાબર છો. મારાથી એ પલંગ ઉપર તમારી સાથે ન બેસાય."

મીણાવતીને પોતાનું આમંત્રણ નિષ્ફળ જતાં તે ભોંઠી પડી ગઈ. ગર્વિલું માણસ ગર્વ ઊતરતાં જ ભોંઠું પડી જતું હોય છે. પછી તો મીણાવતીએ ઓઢાને ખેંચવા બહુ પ્રયત્નો કર્યા, પણ ઓઢો ડગ્યો નહીં. ખાનદાન ઘરમાં બનેલી આવી ઘટનાને પ્રગટ પણ ન કરાય અને ગુપ્ત પણ ન રાખી શકાય. બધા જ પ્રયત્નો નિષ્ફળ જતાં મીણાવતી ઝેરીલી નાગણની માફક છંછેડાઈ ગઈ. પુરુષ સ્ત્રીની છેડતી કરે તો તેવા પુરુષને સ્ત્રીનાં સ્વજનો મારપીટ કરે, પણ જો સ્ત્રી પુરુષની છેડતી કરે અને નિષ્ફળતા મળે તો તે પોતે છંછેડાઈ જાય અને બદલો લેવા ગમે તે કરવા તૈયાર થઈ જાય. ઓઢો ઉંબરા બહારથી જ વંદન કરીને ચાલતો થયો. ફૂંફાડા મારતી મીણાવતી એકલી રહી ગઈ.

સ્ત્રીનું સૌથી મોટું હથિયાર પુરુષો બનતા હોય છે - પછી તે પતિ હોય, પિતા હોય કે ભાઈ હોય, ગમે તે હોય. સ્ત્રી તેમની આગળ ખોટુંખોટું રડે તો પણ મોટી ઘટના બની જાય.

મીણાવતીએ પોતાના પતિ જામ હોથી આગળ ધ્રુસકે ને ધ્રુસકે રડીને ઓઢાની ફરિયાદ કરી કે : "તમારા ભાઈએ મારો હાથ પકડીને મને ખેંચી હતી. એ તો સારું થયું કે મેં ધક્કો મારીને હાથ છોડાવી દીધો, નહીં તો ન જાણે આજે શું થઈ જાત!"

મીણાવતીની કાનભંભેરણીથી હોથી ઉશ્કેરાઈ ગયો અને તરત જ ઓઢાને બોલાવીને સભા વચ્ચે તેને દેશ નિકાલની સજા ફરમાવી દીધી. રાજા કે વડીલે કદી પણ ઉશ્કેરાટમાં નિર્ણય લેવો જોઈએ નહીં. શાંત ચિત્ત થયા પછી જ જે-તે નિર્ણય લેવાય.

ઓઢાએ માથું નમાવીને મોટા ભાઈની આજ્ઞાનો સ્વીકાર કર્યો. સ્ત્રી જ્યારે કોઈ આબરૂદાર પુરુષને કલંક લગાડે ત્યારે તેવા કલંકને બુદ્ધિથી ધોવું કઠિન થઈ જાય. તલવારના માર્યા મરવું સારું, પણ કલંકના માર્યા મરવું બહુ દુઃખદાયી થઈ જાય. તલવારથી મરેલો શહીદ થઈ જાય, અમર થઈ જાય, પણ કલંકથી મરેલો ખાનદાન પુરુષ તો કાળોમેશ થઈને મરે.

**ઓઢા જામે પોતાના ઊંટ તૈયાર કર્યા અને કચ્છને છોડીને સિંધ તરફ ચાલતો થયો.** દેશવટાનું દુઃખ રામે ભોગવ્યું હતું. પોતાનું વતન છોડીને પ્રત્યેક વતનપ્રેમીનું હૃદય કપાવા માંડે. તેમાં પણ કલંકની ચાદર ઓઢીને જવાનું થાય તો-તો સંતાપનો પાર ના રહે. પણ જીવનમાં આવું પણ બનતું હોય છે. જીવનનાં બધાં સૂત્રો વ્યક્તિના હાથમાં નથી હોતા. આપણે આપણું કરેલું ભોગવીએ છીએ અને બીજાનું કરેલું પણ ભોગવતા હોઈએ છીએ.

ઓઢો પોતાનું પશુધન લઈને છેક બન્નીના કીરા ડુંગર પાસે પહોંચી ગયો. કચ્છમાં ડુંગરા ઘણા અને લગભગ પ્રત્યેક ડુંગર પશુઓના ચારા માટે અક્ષયપાત્ર સમાન ગણાય.

ઓઢાએ પોતાનું મોટાભાગનું પશુધન ભાટ-ચારણ વગેરે યાચક લોકોને આપી દીધું અને જે થોડું ઘણું રહ્યું તે લઈને વહાણમાં બેસીને સિંધ તરફ ચાલવા માંડ્યું.

સિંધમાં બાંભણાસર નગરમાં પોતાના સસરા વિશળદેવ વાઘેલની પાસે તે ગયો. બરાબર એ જ સમયે વાઘેલાની ઑથો ધલૂરાનો સુલતાન હાંકી ગયો હતો. **તે જમાનામાં માલધારીઓ અને રાજા તથા સુલતાનો એકબીજાનાં ઢોરો લૂંટી જતા.** ઓઢાને ખબર પડતાં જ તે સુલતાનની પાછળ પડ્યો. રસ્તામાં એક જગ્યાએ ઓઢાએ પડાવ નાખ્યો. પુત્ર કરતાં પણ જમાઈનું પરાક્રમ વિશેષ અપેક્ષિત રહેતું હોય છે. પુત્ર કદાચ નમાલો હોય તો ચાલે, પણ જમાઈ નમાલો ન હોવો જોઈએ.

એવામાં એવું બન્યું કે ઓઢાના વૃદ્ધ સસરા દેવ થઈ ગયા. તેમની અંતિમવિધિ પતાવી, હોથલ પુરુષનો વેશ ધારણ કરી, પોતાના સૈનિકો સાથે લઈ, ધલુરાના સુલતાન સામે યુદ્ધ

કરી, પોતાની ઑથો પાછી લઈ આવવા નીકળી પડી હતી, પણ પુરુષવેશમાં હોવાથી તે જલ્દી ઓળખાતી ન હતી. તેણે પોતાનું નામ હોથી રાખ્યું હતું. ઓઢો અને હોથી રસ્તામાં મળી ગયાં. બંનેનું લક્ષ્ય એક જ હોવાથી બંનેએ મળીને સુલતાન સાથે ધિંગાણું કરીને ઑથો પાછી લાવવી તેવું નક્કી કર્યું. પણ પછી બંનેનો સરખો ભાગ રહે તેવું પણ ગોઠવ્યું.

બાંભણાસરની નજીક બંને આવી પહોંચ્યા. અહીં ધલુરાના સુલતાનની ઑથો રબારીઓ ચારી રહ્યા હતા. બધા રબારીઓને બાંધીને ઓઢા અને હોથીએ મળીને બધું પશુધન પાછું વાળી લીધું. પરાક્રમ વિના પ્રશ્નો ઉકેલાય નહીં. જો પરાક્રમની સાથે પ્રતિભા ભળે તો અશક્ય પણ શક્ય થઈ શકે છે.

હવે શરત પ્રમાણે બંનેએ પશુધન વહેંચી લીધું. પોતાના ભાગનું પશુધન લઈને હોથી ચાલતો થયો. પણ ઓઢાના મનમાં વિયોગની તડપ મૂકતો ગયો. વિયોગમાં તડપ વિના પ્રેમ હોય નહીં. ઓઢાથી રહેવાયું નહીં. તે પણ હોથીની પાછળ-પાછળ ચાલવા લાગ્યો. જેમ લોહચુંબક લોઢાને દૂરથી ખેંચી લે છે તેમ પ્રેમ પણ દૂરથી પ્રેમીને ખેંચી લે છે. લોઢાને ન ખેંચાવું હોય તો પણ તે લોહચુંબકની સાથે ચોંટી જાય છે. તેમ પ્રેમી પણ પરવશ થઈને ખેંચાઈ જતો હોય છે. ઓઢો હોથીનાં પગલાં જોતો જોતો એક તળાવની પાળ ઉપર પહોંચી ગયો. ત્યાં જુએ છે તો તળાવના પાણીમાં એક યુવતી પોતાના કેશ ફેલાવીને સ્નાન કરી રહી છે. સામુદ્રિક શાસ્ત્રમાં પદ્મિનીનાં લક્ષણોમાં તેના વાળની લંબાઈ પગની પાની સુધી બતાવવામાં આવી છે, જ્યારે શંખણીના વાળ માત્ર એક વેંત જેટલા જ બતાવ્યા છે.

રૂપાળી યુવતી સોળ શણગાર સજેલી હોય ત્યારે તેને જોવાથી પુરુષનું મન વિચલિત થઈ જાય છે. સ્ત્રીઓ શણગાર સજતી હોય છે પુરુષોનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે. પતિની ગેરહાજરીમાં પણ જે સ્ત્રી ખૂબ શણગાર સજીને રસ્તામાં કે બજારમાં ફરતી હોય છે તે વિકારી પુરુષોને વધુ વિકારી બનાવવા માટે ફરતી હોય છે. તે વિકારી પુરુષોને વધુ વિકારી તો બનાવે છે, પણ સ્વયં - જાતે પણ વિકારી બની જતી હોય છે. બે વિકારોનું મિલન અંતે મહા અનર્થમાં બદલાઈ જતું હોય છે. તેથી વૃદ્ધ અનુભવી લોકો રૂપને ઢાંકવાનું કહે છે. ઢંકાયેલું રૂપ વધુ આકર્ષક અને વધુ સુરક્ષિત રહેતું હોય છે. પણ જે રૂપને પચાવી શકે તે જ રૂપને ઢાંકી શકે, ન પચાવે તો લિલામ કરવા પ્રદર્શન કરે.

પણ શણગારના આકર્ષણ કરતાં પણ શણગાર વિનાનું વસ્ત્ર વિનાનું નારીશરીર પુરુષો માટે વધુ આકર્ષક થઈ જતું હોય છે. પહેલાં શણગારથી આકર્ષવાનું કામ સ્ત્રીઓ કરતી, હવે વસ્ત્રત્યાગથી આકર્ષવાનું કામ કરે છે.

વસ્ત્ર વિનાની યુવતીને જળક્રીડા કરતી જોઈને ઓઢો દંગ રહી ગયો. તેને મૂર્છા આવી ગઈ. મોહ મૂર્છા કરાવે છે. હોથલ કિનારે નીકળી, કપડાં પહેરીને ઓઢા પાસે ગઈ અને તેને ભાનમાં લાવવા ઉપાયો કરવા લાગી. આ તો પોતા જ દ્વારા મરેલા માણસને જીવાડવા પ્રયત્ન કરી રહી છે!

અંતે ઓઢો ભાનમાં આવ્યો. પોતાને હોથલના ખોળામાં સૂતેલો જોઈને તે ધન્ય થઈ ગયો. મમતાભરી માનો ખોળો અને વહાલભરી પત્નીનો ખોળો જેને મળ્યો હોય તેને સ્વર્ગની શી જરૂર? સ્વર્ગ તો આ બંને ખોળામાં ભર્યું છે. તેનો પરલોક સુધરે કે ન સુધરે પણ તેનો આ લોક તો સુધરી જ ગયો કહેવાય. જેને આ બે ખોળામાંથી એકે ખોળો ન મળ્યો હોય તે ભલે ત્યાગી - વીતરાગી થાય, તેમનો આ લોક સુધર્યો નથી. તેથી પરલોક સુધારવા માટે ભલે ફાંફાં મારતા રહે.

જામ અને હોથલ બંને રાપર તાલુકાના સઈ ગામે આવ્યાં. અહીં એક નાનો સરખો ડુંગરો છે. હવે લોકો તેને હોથલ ડુંગરો કહે છે. બંનેએ આ ડુંગરા ઉપર ગાંધર્વ લગ્ન કરી લીધાં. સૂર્યની સાક્ષીએ બંનેએ હાથ જ ન મેળવ્યા, અંગેઅંગ મેળવી લીધું. લગ્ન થાય અને અંગેઅંગની એકતા ન થાય તો તે લગ્ન મહા દુઃખદાયી થઈ શકે છે. અંગેઅંગ મળવાથી માત્ર આનંદ જ પેદા થતો નથી, પણ એક ત્રીજા અંગની ઉત્પત્તિ પણ થાય છે. કુદરતની પ્રત્યેક ક્રિયા સકારણ હોય છે. હોથલના ખોળામાં બે કુમારો રમતા થયા. એકનું નામ જખરો અને બીજાનું નામ જેસંગ.

હોથલ અને ઓઢાએ દેશવટાના રૂપમાં ડુંગરાના ભોંયરામાં ઘણો સમય વિતાવ્યો. હવે બંને કુમારો મોટા થયા હતા. ઓઢાને વારંવાર વતન યાદ આવતું હતું. પણ પાછા કેમ જવાય? તે વારંવાર હોથલને કચ્છ જવા મનાવતો રહ્યો, પણ હોથલને સૂકા કચ્છથી ચીઢ હતી. તે કચ્છનું નામ સાંભળતા જ ગુસ્સે થઈ જતી. ઓઢો તેના ગુસ્સાને સહન કરીને વધુ પ્રેમથી મનાવતો રહેતો. ગુસ્સા વિનાનાં પતિ-પત્ની ભાગ્યે જ હોય. દાંપત્યની સિદ્ધિ એકબીજાના ગુસ્સાને સહન કરવાથી મળતી હોય છે.

અંતે એક દિવસ ઓઢો હોથલને કચ્છ જવા રાજી કરી શક્યો. પત્નીના રાજીપા વિના ગામ કે ઘર બદલાય નહીં અને કદાચ હઠ કરીને કોઈ બદલે તો સુખી થાય નહીં. હોથલ રાજી તો થઈ, પણ એક શરત કરી કે મારું નામ ગુપ્ત રાખવું, પ્રગટ કરવું નહીં. જો પ્રગટ થઈ જશે તો હું તરત જ વિદાય થઈ જઈશ. પત્નીઘેલો પતિ પત્નીની બધી શરતો માની લેતો હોય છે.

અંતે બંને કચ્છ જવા વિદાય થયા. વતન જવાની ઉત્સુકતા

વ્યક્તિમાં ઊભરો પેદા કરે છે. ગમે તેવું તો પણ 'મારું વતન! મારું વતન!' એમ રોમે-રોમે નાદ ગુંજવા લાગે છે.

રસ્તામાં એક ચારણનો નેસ આવ્યો. આ તો એ જ ચારણ હતો જેણે ઓઢા પાસેથી તેની અતિવહાલી ભેંસ માગી લીધી હતી. ભેંસ હવે ઘરડી થઈ ગઈ હતી તો પણ તે ઓઢાને ઓળખી ગઈ. તે રેંકતી-રેંકતી ઓઢા પાસે આવી ગઈ. ઓઢો તેના ગળે વળગી પડ્યો. **પશુઓની લાગણી માણસો જેવી બેવફા નથી હોતી. બંને વળગી રહ્યાં. પ્રેમનું મિલન પ્રભુમિલન કરતાં પણ હૃદયને વધુ પ્રફુલ્લિત કરનારું બની જતું હોય છે.**

ઓઢા જામના દેશવટે ગયા પછી રાણી મીણાવતી પણ લાંબું જીવી નહીં. તેનું મૃત્યુ થઈ ગયું. મરતાં પહેલાં તેણે પોતાના પતિ હોથીને બધી સાચી વાત કહી દીધી કે જામ ઓઢો નિર્દોષ હતો, દોષ મારો જ હતો. મરતાં પહેલાં પણ પોતાના દ્વારા લગાવેલા કલંકને ધોઈ નાખવાનો પ્રયત્ન થાય તો એક તરફ એક વ્યક્તિ કલંકમુક્ત થઈ જાય, તો બીજી તરફ બીજી વ્યક્તિ પણ પાપમુક્ત થઇ જાય. કલંક લગાડવાથી બીજું મોટું પાપ નથી અને પાપમુક્ત થવું તેનાથી બીજી કોઈ મોટી સાધના નથી. હવે હોથીના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. નિર્દોષને દોષી માનીને તેને કલંક લગાડવાનું પાપ જ્યારે ભૂંસાઈ જાય ત્યારે ઉતાવળિયા સ્વભાવવાળો સજ્જન ખોબલે ને ખોબલે આંસુએ રોતો હોય છે. આ આંસુ તેને ગંગાજળની માફક નવડાવીને શુદ્ધ - સ્વચ્છ કરી દેતાં હોય છે.

અંતે ઓઢો અને હોથલ બંને ગોયલગઢ આવ્યા. આખું નગર હર્ષના ઊભરે ચઢ્યું. જાણે ચૌદ વર્ષ વનવાસ ભોગવીને રામ પાછા અયોધ્યા પધાર્યા.

હવે ઓઢો અને હોથલ બંને કુમારો સાથે પ્રેમ અને શાંતિથી રહેવા લાગ્યા, પણ એક દિવસ એવું બન્યું કે બે વિકરાળ પાડાઓ લડતા લડતા ગામમાં પેસી ગયા. બધા ખાર કરતાં પાડાખાર ઘણો ભયંકર બની જતો હોય છે. કેટલાક માણસો પણ પાડાખારી બની જતા હોય છે.

બંને પાડાઓ લડતાં-લડતાં હોથલના આંગણે પહોંચી ગયા. આ વખતે હોથલના બંને કુમારો આંગણામાં રમી રહ્યા હતા. પાડા હમણાં બંનેને કચડી નાખશે તેવા ભયથી લોકોના જીવ અધ્ધર થઇ ગયા હતા. ઓઝલમાં રહેતી હોથલ ઓચિંતી પ્રગટ થઇ અને બંને પાડાઓની વચ્ચેથી બંને કુમારોને ઊંચકીને પાછી લઈ આવી. લોકો તો તેનું રૂપ અને તેનું પરાક્રમ જોઈને છક જ થઈ ગયા.

હવે આખા ગામમાં હોથલની જ ચર્ચા થવા લાગી. લોકો જાતજાતની ખરી-ખોટી વાતો કરવા લાગ્યા. આ બાઈ કોણ છે? કોઈ કહે કે દેવી છે, તો કોઈ કહે કે ચુડેલ છે, પણ માણસ તો નથી જ. અંતે ઓઢાને હોથલની ખરી ઓળખ આપવી પડી. અરે! આ તો હોથલ પદમણી છે – તેવું સમાધાન થતાં લોકો શાંત થયા. લોકવંટોળ ભલભલાને ઉડાવી દેતો હોય છે. અને પ્રત્યેક ગામમાં એકાદ માણસ વંટોળિયા પેદા કરનારો હોય જ છે. તેનું કામ વાતનું વતેસર કરીને મોટો વંટોળિયો પેદા કરવાનું હોય છે.

આખા ગામમાં હોથલની જ ચર્ચા થવા લાગી. શરત પ્રમાણે હોથલ એક દિવસ વિદાય થઈ ગઈ. પણ ઓઢાને વચન આપતી ગઈ કે જ્યારે બંને કુમારોનાં લગ્ન થશે ત્યારે નવી વહુઓને આશીર્વાદ દેવા પાછી આવીશ.

ઓઢો ફરીથી હોથલના વિયોગમાં રીબાવા મંડ્યો. તેની વેદના અસહ્ય થઈ ગઈ. તેણે વિયોગી દોહા ગાવા માંડ્યા :

*ચમતો ચીરે ન્યારો પકો માં પિરીયન જો*

અર્થાત્ મારી ચામડી ચીરીને જો તો અંદર મારું માંસ વિરહાગ્નિથી પાકી ગયું છે.

અંતે બંને કુમારોનાં લગ્ન લેવાયાં. પોતાની શરત પ્રમાણે હોથલ બંને નવી વહુઓને પોંખવા આવી. ઓઢાએ બંનેને શિખવાડી રાખ્યું હતું કે હોથલ કાંઈ માગવાનું કહે તો કાયમ અહીં રહી જવાનું માગજો.

મોટી વહુએ હોથળના ગળામાં હાર જોયો. તે હાર જ માગી બેઠી. અર્થપ્રધાન માણસ પૈસો જ શોધ્યા કરતો હોય છે. પણ નાની વહુ આજ્ઞાંકિત નીકળી. **જેના પરિવારમાં આજ્ઞાંકિત માણસો હોય તે જ સુખી હોય. નાની વહુએ હોથલ પાસે માગી લીધું : "હવે તમે કાયમ માટે અહીં જ રહો."** હોથલ બંધાઈ ગઈ. તે ફરીથી ઓઢા જામને ત્યાં રહેવા લાગી. સુકાઈ ગયેલો બાગ ફરીથી લીલોછમ થઈ ગયો. ત્યક્તા પત્ની ફરીથી પતિના ઘરે આવે અને નવી દુનિયા વસાવે ત્યારે તે વધુ ઉજ્જવળ દુનિયા થાય.

જામ ઓઢો અને હોથલ પદમણી કચ્છનાં અમર પાત્રો કહેવાય છે. ■

## કચ્છ અઢી અખરો

*કચ્છ મેં ને કચ્છ બા'ર રોંધલ મુંજા કચ્છી 'ભાવર'!*
*ગાલ ત ચોણી આય અજ મુંકે હકડી કમનેં!!*
*લખી 'કચ્છ'ને દુનિયાજો નકશો ખણો હથમેં*
*દેશ રાજ શહેર ગામ, ગંજાને ગરાસ ડસો*
*મણી શહેરે જા ઐં સ્ટેશન સ્ટ્રીટ ને 'પરા' ડસો*
*કાનેમાતાર વારા 'અઢી અખરા' આંકે ઘણેં મલધા*
***પણ કાને માતર વગર જો હકડો મુંજો કચ્છ!!***

*કમલા અશ્વિન ચંદન 'કપીલા'*

કચ્છ દર્શન

# ત્રણ ઐતિહાસિક પાત્રોનું મનોજગત

વર્તમાન સમયની સ્થિતિનો, તેના પ્રશ્નોનો, તેની સિધ્ધિનો, અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે આ બધાનાં મૂળિયાં ઈતિહાસમાં છૂપાયેલાં છે. વર્તમાન પ્રજા-માનસ ઐતિહાસિક સંદર્ભમાં ઘડાયું હોય છે. ઈતિહાસે સમયના પટ પર નાના-મોટા ખૂબ વળાંક લીધેલા હોય છે, જેનો પ્રભાવ પ્રજા પર ઊભો થયો હોય છે. આ ઈતિહાસના વળાંકનો પાછો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે આ વળાંક તત્કાલિન વ્યક્તિઓને કારણે આવ્યા હોય છે. ઈતિહાસમાં ક્યારેક એવી વ્યક્તિઓ આવી જતી હોય છે જે ત્યારના સમયને – ક્યારેક તો પછીને સમયને પણ – જબરી પ્રભાવિત કરતી હોય છે. ઈતિહાસની દિશા બદલાવી નાખવામાં કે તેને નવો રંગ આપવામાં તેઓ પાયાનો ભાગ ભજવતી હોય છે. પરિણામે તેમનો અભ્યાસ કરવામાં ભારે રસ પડે છે.

આવી વ્યક્તિઓના 'ઐતિહાસિક' મહત્ત્વનો કે કાર્યોનો અભ્યાસ કરવા લાગીએ, ત્યારે જાણતાં - અજાણતાં તેમની કાર્યપધ્ધતિનો પણ અભ્યાસ થાય અને તે કરતાં કરતાં, હળવેકથી, તેમનાં માનસનો અભ્યાસ કરવામાં સરી પડાય છે. વ્યક્તિની સિધ્ધિ કે મર્યાદા સમજવા જતાં, તેમની મર્યાદા તપાસતી વખતે, તેમના મનના તળિયામાં પ્રવેશવું પડે. પરિણામે, આ અભ્યાસ માત્ર ઈતિહાસનો જ ન રહેતાં, મનોવિજ્ઞાનનો પણ બની જાય છે અને તેમાં રસ ખૂબ વધી જાય છે. આ અભ્યાસ 'મનો-ઐતિહાસિક' (psycho-historical) બની જાય છે.

★

કચ્છનો ઈતિહાસ, ખાસ કરીને છેલ્લાં ચારસો પચાસ વર્ષનો, – મોટેભાગે – સીધો અને સપાટ રહ્યો છે. કોઈ ધૂમધડાકાવાળી ઘટનાઓ ખાસ બની નથી. બધાં વર્ષ એક જ વંશે રાજ્ય કર્યું છે. મહદ્ અંશે સરળતાથી ગાદીવારસો આવતા રહ્યા છે. મોટેભાગે શાંતિથી અને નિષ્ક્રિયતાથી જીવ્યા છે, પ્રજા પ્રત્યે ખાસ ચિંતા સેવી નથી. સુધારાઓ પણ, અપવાદ બાદ કરતાં, ખાસ નથી કર્યા. આધુનિકરણમાં નથી પડ્યા. પરિણામે પ્રજા પણ શાંત અને નિષ્ક્રિય રહી છે – આજ સુધી!

આ સીધા પટમાં, હા ક્યારેક, તીવ્ર વળાંક આવ્યા છે. છે તે નાના વળાંક, ટૂંકા ગાળાના વળાંક, પણ તત્કાલિન સમાજને તેમણે પ્રભાવિત કરેલ છે. અને આ પ્રભાવિત કરનાર વ્યક્તિઓ ત્યારે ખૂબ મહત્ત્વની બની રહી છે. તેથી તેમનું અવલોકન ખૂબ રસપ્રદ બની જાય છે.

**ઈતિહાસને પ્રભાવિત કરનાર વ્યક્તિઓ હંમેશાં પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતી હોય છે.** સામાન્ય અને પ્રભાવશાળી વ્યક્તિઓ વચ્ચે જબરો તફાવત એ હોય છે કે સામાન્ય વ્યક્તિ પ્રભાવશાળી નથી બની શકતી. તેથી તે સતત સામાન્ય જ રહે છે. સરાસરી જીવે છે. માટે જેમ કશો ફાયદો નથી કરાવી શકતી, તેમ નુકસાન પણ નથી કરતી. સીધી લીટીમાં જીવી જાય છે... ત્યારે પ્રભાવશાળી વ્યક્તિ પ્રતિભાની ઊંચાઈએ તો પહોંચે જ છે, પણ સમાંતરે, ક્યારેક, અચાનક, સામાન્યતામાં પણ ઉતરી જાય છે. ત્યારે, ક્યારેક, નુકસાન પણ કરી બેસે છે. એવાં ક્ષુદ્ર કૃત્યો કરી બેસે છે કે નવાઈ લાગે કે આવી જબરી વ્યક્તિ આમ સામાન્ય કેમ થઈ ગઈ? પણ પ્રતિભાશાળીની આ જ કરુણતા હોય છે કે તેઓ બે સ્તરે ઝુલ્યા કરતા હોય છે અને આ બંને સ્તરો તેને સતત પ્રભાવિત કર્યા કરતા હોય છે. વળી, ઘણીવાર આવી વ્યક્તિઓ પોતાનાં ક્ષેત્રમાં ભલે પ્રભાવશાળી હોય છે, પણ તેથી કંઈ પોતાનાં વર્તન પ્રત્યે જાગૃત હોય તેવું માનવાની જરૂર નથી. ક્યારેક તો ઉછેર, સંયોગો, સોબત વગેરે કારણે તેમનું મન એક જ દિશામાં કામ કરે છે અને તેને તે સાચું માને છે. માટે પોતાની મર્યાદાઓ જોવામાં નિષ્ફળ નીવડે છે. એટલે તેની કુશળતા કે બુધ્ધિ ફાયદો કરે છે, પણ મર્યાદાઓ પ્રત્યેની જાગૃતિનો અભાવ નુકસાન પણ કરી બેસે છે. બંનેનો પ્રભાવ, આખરે તો, સમાજે જ ભોગવવો પડે છે.

એટલે, અહીં જે વ્યક્તિત્વોનાં માનસનું પૃથક્કરણ કરવાનો પ્રયાસ કર્યો છે, તેમાં ક્યાંક, તેમની મર્યાદા બતાવી હોય તો તે તેમને ઉતારી પાડવાના ઈરાદાથી નથી કરવામાં આવ્યું. **માત્ર તેમનું માનસ કેમ કામ કરતું હતું તે જ બતાવવાનો પ્રયાસ કર્યો છે અને ત્યાં પણ તેમની કુશળતા કે પ્રતિભા પ્રત્યે આદર જ રહે છે.** માત્ર પ્રતિભા કેવા દ્વંદ્વમાં રહે છે તે જ ખ્યાલ આપવાનો ઈરાદો રહે છે.

## રાવ લખપતજી

કચ્છની રાજાશાહીના ઇતિહાસમાં માનભેર નામ લેવું હોય તો રાવ લખપતજીનું લઇ શકાય. સારા, ઉત્તમ, ભલા રાજાઓ તો બીજા પણ હતા, પણ પોતાના અને પછીના સમયને પ્રભાવિત કર્યો હોય, ચીલો મૂકી ગયા હોય, તો તે રાવ લખપતજી હતા.

*પ્રથમ તેમની પ્રતિભા જોઈએ.*

★ યુવરાજ હતા ત્યારથી બીજા પર પ્રભાવ પાડતા રહ્યા. ત્યારના મોગલ બાદશાહ પણ તેમનાથી પ્રભાવિત થયેલા અને અનેક લાભો તેમને આપેલા.

★ પિતાને કેદ કર્યા પછી પણ ભાયાતોને શાંત કરી શકેલા – સામ, દામ, દંડથી!

★ મોટામાં મોટી સિધ્ધિ એ કે રત્નપારખુ હતા. **રામસિંહ માલમની પ્રતિભા તેમણે ઓળખી**, સ્વીકારી, પોષી. પરિણામે કચ્છમાં આઇના મહેલ જેવી ઉત્તમ કલાકૃતિ ઊભી થઈ. કચ્છમાં ઉદ્યોગો શરૂ થયા. કદાચ દાવા સાથે કહી શકાય કે કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિના પ્રણેતા જ તે હતા. ભલે તે આગળ જતાં વિકસી નહીં, પણ કચ્છનાં વ્યવસાય જગત પર આજે પણ તેનો પ્રભાવ છે.

★ તેવી જ રીતે તે ઉત્તમ સાહિત્યકાર હતા, સંગીતજ્ઞ હતા. સાહિત્યની પણ તાલીમ આપી શકાય અને સાહિત્યકારોને સર્જી શકાય તે ખ્યાલને તેમણે 'વ્રજ પાઠશાળા' દ્વારા મૂર્તિમંત કર્યો. કવિઓની પેઢીઓ - પરંપરા તૈયાર કરી.

★ એક ઉત્તમ વહીવટકાર પણ રહ્યા. કચ્છમાં ન્યાય વ્યવસ્તાને વ્યવસ્થિત પ્રથમ તેમણે કરી. દંડ વ્યવસ્થા દાખલ કરી. રાજ્ય સુરક્ષાની વ્યવસ્થા કરી. પ્રજાને સુખ-સગવડ અને અધિકારોની ખાતરી આપી. વેપાર-ધંધા-ઉદ્યોગ વિકસાવ્યા. સર્વધર્મ સમભાવ ચાલુ રાખ્યો.

★ તે જ રીતે રાવ લખપતજી એક ઉત્તમ રાજનીતિજ્ઞ પણ હતા. મોગલો સાથે ગાઢ સંબંધો બાંધ્યા. રાજસ્થાનના રાજવીઓ અને ગાયકવાડ સાથે મૈત્રી કરી. પરિણામે, મહદ્ અંશે, બહારથી ચડાઈઓ ન થઈ.

★ કેટકેટલી રીતે તેમની પ્રતિભા પ્રગટ થઈ હતી! તેમના સમયે કચ્છ ખૂબ સ્વસ્થ રહ્યું હતું.

પણ આ બધા વચ્ચે, ક્યારેક તે એવી સામાન્યતામાં ઉતરી જતા હતા કે તેનું વ્યક્તિગત નુકસાન ભોગવતા અને રાજ્યને પણ નુકસાન થતું અને તેમના ગયા પછી પણ કચ્છને નુકસાન ભોગવવું પડ્યું... થોડાં ઉદાહરણો બસ થશે...

★ બાળપણથી અતિ રસિક અને શોખીન વ્યક્તિત્વ ધરાવતા. પાછા રાજવીપુત્ર. પરિણામે ઉડાઉ થઈ ગયા. તેથી સમય જતાં તિજોરીને ખૂબ નુકસાન થયેલું.

★ તોરી અને ઉડાઉ વ્યક્તિને પોતાની સ્વતંત્રતા પર કાપ આવે તે ન ગમે. તે તેનો તીવ્ર પ્રત્યાઘાત આપે જ! લખપતજીના પિતા **રાવ દેશળજી** સ્વભાવે કરકસરીયા. એટલે તેમણે લાખાજીનાં ઉડાઉપણાં પર કાપ મૂક્યો. લાખાજી છેડાયા. રીસાઇને રાજ્ય છોડીને ચાલ્યા ગયા. અલબત્ત, પાછા વળી આવ્યા, પણ તેમને વહેમ રહ્યો કે પિતાને ચડાવનાર **દીવાન દેવકરણ** હતા અને તે જ આ કાપ મૂકાવતા હતા. પરિણામે દીવાન પર ગુસ્સો ચડ્યો જે તેને મરાવીને જ જંપ્યો. કચ્છે એક સરસ દીવાન ગુમાવ્યા.

★ તેનું ઉડાઉપણું, તોરીલાપણું, પરિણામે સ્વચ્છંદીપણું, માત્ર દેવકરણને મારી સંતુષ્ટ ન થયું. તેને પિતા પણ આડખીલીરૂપ લાગ્યા. એટલે તેમને પણ કેદ કર્યા અને મૃત્યુપર્યંત નજરકેદ રાખ્યા. હા, તે અસંસ્કારી ન હતા, પિતાનું મૂલ્ય જાણતા હતા. તેથી રાખ્યા માનભેર, પણ નજરકેદ! 'દેશરા પરમેશરા'ને પણ ન છોડ્યા!!

★ લાખાજીએ એક, ભલે નાની, ભૂલ કરી. સિંધનો કબજો મેળવવા પ્રયાસ કર્યો. તેમાં તે નિષ્ફળ ગયા. પણ ત્યારના **સુબા ગુલામશા ક્લોરા**ને જાણતા - અજાણતા ગુસ્સે કરી દીધો જે પાછળથી **ઝારાના યુધ્ધમાં** પરિણમ્યો. કચ્છને તેણે વ્યાપક નુકસાન કર્યું.

તેમના વ્યક્તિત્વના બંને પાસા જોયા પછી તેમના માનસિક વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવું હોય તો કંઈક આવા જવાબો મળે છે :

★ લાખાજી ખૂબ કલા રસજ્ઞ છે.

★ તેનામાં જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબનું અજબ મિશ્રણ જોવા મળે છે. જહાંગીર જેમ રીસાઇને ચાલ્યા જાય અને પાછા ચાલ્યા આવે. શાહજહાં જેવા કલામર્મજ્ઞ છે અને આયના મહેલ જેવી શ્રેષ્ઠ કૃતિ સર્જવામાં પ્રોત્સાહક બને છે અને ઔરંગઝેબની જેમ પિતાને કેદ કરી ગાદી પડાવી લે છે. આ કાર્ય તેમના માટે, એક રીતે જોતાં, વ્યર્થ છે કારણકે ગાદી માટે તેમનો કોઈ હરીફ પણ નથી. તેમને જ ગાદી મળવાની હતી છતાં આવું કેમ કરે છે તે પ્રશ્ન થાય. કોઈએ તેમને ભંભેર્યા હશે? અને તો તે કાચા કાનના હશે? (દેવકરણને મારવામાં આ એક જ કારણ મનાય છે!) અથવા ઉડાઉપણું નહીં પોષાતું હોય અને પિતાનું કરકસરપણું આડખીલીરૂપ લાગતું હશે, માટે જલ્દી જલ્દી ધન ભોગવી શકાય તે માટે પિતાને કેદ કર્યા હશે? કલ્પનાઓ કરવી રહી. પણ એક ભલા પિતાને કેદ કર્યા એ હકીકત છે.

★ તે કલારસજ્ઞ, સંગીતજ્ઞ, સાહિત્યકાર – ઘણા ગુણો ધરાવે છે, પણ કલાકારની કોમળતા તેમનામાં દેખાતી નથી. અંતે તો તે આત્મરત અને સ્વાર્થમિશ્રિત વ્યક્તિત્વ ધરાવતા હોય તેવું જ લાગે છે. હંમેશાં પોતાના તોરને જ મહત્ત્વ આપ્યું છે. માટે યુવાનીમાં પિતાની ચિંતા નથી કરી અને પછી, પોતાની સ્વચ્છંદતા પોષવા જતા, રાણીઓને નારાજ કરી છે. રાણીઓ હંમેશાં તેમનાથી દૂર જ રહી છે. એટલે તે કૌટુંબિક વ્યક્તિ હતા તેવું નથી લાગતું. માત્ર પોતાના તુક્કાઓમાં મસ્ત રહ્યા છે.

★ લાખાજી રસિક હતા તેમ કહી શકાય, પણ આ રસિકતા તેમને વિલાસ અને સ્વચ્છંદતા તરફ ખેંચી ગઈ છે. રાણીઓ તો હતી જ, પણ પંદર રખાતો પણ તેમના પાસે દેખાય છે. તેનાં અનૌરસ સંતાનો પણ થયા છે તેવું નોંધાયું છે. આ સ્વચ્છંદતાએ ચાર પરિણામો આપ્યા છે....

- તેમની મુખ્ય રાણીને ખૂબ ગુસ્સે રાખ્યા છે. તેને આ રખાતો પર ઊંડો ગુસ્સો રહ્યો હશે.
- વળી, તેને ડર લાગ્યો હશે કે કોઇ અનૌરસ સંતાન ગાદીનો દાવો કરશે તો પોતાના પુત્ર ગોડજીને નુકસાન તશે. માટે, સંભવ છે, ગોડજી પ્રત્યે તેમને વધારે મોહ થયો હશે જેણે ગોડજીને ચંચળ બનાવી દીધા.
- ત્રીજું પરિણામ એ આવ્યું કે આ સ્વચ્છંદતાએ તેમના શરીરને વહેલું નબળું પાડી દીધું અને અકાળ મૃત્યુ આવ્યું. એક કુશળ રાજવી કચ્છે ગુમાવ્યો.
- અને છેલ્લું પરિણામ બીચારી રખાતોને ભોગવવું પડ્યું. ઇતિહાસમાં ભલે ગૌરવપૂર્વક કહેવાય કે રાણી બદલે – તેના કરતાં – રખાતો રાવને એટલી ચાહતી હતી કે તેમની પાછળ સતી થઈ. પણ ઊંડાણથી વિચારવામાં આવે તો લાગે છે કે રખાતો સમજી ગઈ હશે કે રાવનાં મૃત્યુ પછી રાણી તેમના શું હાલ કરશે! તેના કરતાં સતી થઈ જાય તો બચી જાય અને કદાચ, ગૌરવ મળે! (આ કદાચ અજ્ઞાત ખ્યાલ હોય) જીવતાં સતત બળવા કરતાં થોડા કલાકોની બળતરા તેમણે પસંદ કરી હશે. રાજવીનો વિલાસ નિર્દોષ છોકરીઓનો જીવ લઈ ગયો.

★ રાવ કચ્છના ભાયાતોને પણ પસંદ નહીં હોય. તેમનું ઉડાઉપણું, દીવાનની હત્યા કરાવવી, પિતાને કેદ કરવા, ભાયાતોને તોપ વડે દબાવવા, વારંવાર દીવાનો બદલાવવા, વિલાસીપણું – આ બધાથી તેઓ વિરૂધ્ધ હશે. બોલી નહીં શકતા હોય, પણ ટેકો તો નહીં જ આપતા હોય.

★ પ્રજાને કેવા લાગ્યા હશે? આરામથી કહી શકાય કે તે પ્રજાને ખૂબ ગમતા હશે. બે કારણોસર, એક તો પ્રજા 'દબદબા'થી જલ્દી પ્રભાવિત થાય. એટલે તેમનું ઉડાણપણું, તેમનો વિલાસ, ભવ્ય મહેલ, રંગીલા દરબાર - વગેરેથી સામાન્ય પ્રજા ખૂબ અંજાતી હશે અને આભી થઇને જોતી હશે... અને બીજું, રાવે નવા નવા ઉદ્યોગો શરૂ કર્યા. તેની તાલીમશાળાઓ શરૂ કરાવી. બાંધકામો કરાવ્યા. પરિણામે ખૂબ રોજગારી ઊભી થઈ હશે. તેથી પ્રજા આર્થિક રીતે સુખી થઈ હશે. વેપાર-રોજગાર પણ વધ્યા હતા. તેથી લોકો તેમના પર ખુશ હશે. તિજોરી ખાલી થવા છતાં લોકો પર કરવેરા ન વધવાને કારણે લોકોએ તિજોરીની કે વિલાસની ચિંતા નહીં કરી હોય!

આમ, લખપતજીનું વ્યક્તિત્વ એક સંકુલ વ્યક્તિત્વ છે – પ્રભાવશાળીનું હોય તેવું જ! મનોવિજ્ઞાનીઓને ખૂબ રસ પડે તેવું અને માટે તો તેઓ ધ્યાનાર્હ રાજવી બની શક્યા છે.

## પૂંજા શેઠ

આવું જ બીજું વ્યક્તિત્વ છે – પૂંજા શેઠ.

કચ્છના ઇતિહાસમાં જે ભયાનક અને કરુણ ઝારાનું યુધ્ધ નોંધાયું છે અને જેમાં લાખો લોકો કપાઈ મૂવા છે, તે બધાની આળ આ પૂંજા શેઠ પર આવે છે.

તેની કથા આવી અને આટલી જ. દેવકરણ દીવાનના પુત્ર. પિતાનું ખૂન લખપતજીએ જ કરાવ્યું. પછી પોતાનાં ઉડાઉપણાંને પોષે તેવા દીવાનની શોધમાં પુત્ર પૂંજાને જ પસંદ કર્યા. પાંચ વર્ષ દીવાન રહ્યા. પણ રાવનાં ઉડાઉપણાંનો પોષી ન શક્યા. દીવાનપણું ગયું. એટલું જ નહીં, પણ ચાર વર્ષ કેદમાં રહેવું પડ્યું. ફરી દીવાન બનાવ્યા. ફરી નિષ્ફળ ગયા. કાઢ્યા. હવે પૂંજાને લાગી આવ્યું. તેણે રાવ - તેની રાણી અને પુત્ર ગોડજી વચ્ચે ઝઘડો જોયો. લાખાજીને હેરાન કરવા ગોડજીના પક્ષમાં ગયા. ત્યાં કાવતરા કર્યા. પિતા-પુત્રને વઢાડી માર્યા. ગોડજી મુંદ્રામાં સ્થિર થયા, પણ પછી પિતા-પુત્ર વચ્ચે સમાધાન થયું. પૂંજાના હાથ હેઠા પડ્યા.

લાખાજીનાં મૃત્યુ પછી ગોડજી ગાદીએ બેઠા. ત્યારે જીવણ શેઠ દીવાન હતા. પૂંજાને આશા હતી કે ગોડજી પોતાને જ દીવાન બનાવશે. પણ ગોડજીએ જીવણને જ ચાલુ રાખ્યા. જીવણે સલામતી માટે પૂંજાને દૂર રાખવા રાવના કાન ભંભેર્યા અને પૂંજાને ભાગવું પડ્યું. આ તેના માટે અપમાન બન્યું. હવે તેના મનમાં વેરની ભાવના જાગી – જીવણ અને રાવ

બંને પ્રત્યે. બંનેને પાઠ ભણાવવા તે સિંધ ગયા. ગુલામશા ક્લોરાનો સંપર્ક સાધ્યો. ક્લોરાને લખપતજીના સમયથી વેર લેવાની ઈચ્છા હતી. બે વેર ભેગા થયા. પરિણામે ઝારાનું યુધ્ધ થયું. પણ પાછળથી પૂંજાને પોતાનાં આ કૃત્ય વિશે પસ્તાવો થયો. એટલે તેણે રાવ-રાણીની દરખાસ્ત સ્વીકારી અને ક્લોરાને પાછળ વાળ્યો. ફરી દીવાન બન્યા. રાજ્યમાં સ્થિરતા આણી. પણ રાવને પૂંજો પસંદ ન હતો. તેણે પોતાને હાથે તેને ઝેર આપી મારી નાખ્યો.

પૂંજા શેઠની સમગ્ર કહાણી એટલે મહત્ત્વાકાંક્ષા અને વેર વચ્ચેની કહાણી. એક ઉત્તમ, બુધ્ધિવાન, કુશળ વ્યક્તિ મહત્ત્વાકાંક્ષામાં અંધ બની ગઈ અને અપમાનો છતાં મહત્ત્વાકાંક્ષા પોષવા મથતી રહી. ન પોષાઈ ત્યારે સામે છેડે વેર લેવા પહોંચી... અને છેવટે સંતોષી.

અતિ મહત્ત્વાકાંક્ષા જ્યારે મગજનો કબજો લે છે ત્યારે વ્યક્તિ કેટલી મૂર્છિત થઈ જાય છે, તેનું ઉત્તમ (?) ઉદાહરણ પૂંજા શેઠ છે. તેને ખબર છે, અથવા વહેમ છે કે, પોતાના પિતા દેવકરણનું ખૂન યુવરાજ લખપતજીએ કરાવ્યું છે. તેને તો તેના પ્રત્યે ગુસ્સો હોવો જોઈએ અને તે વખતે વેરની ભાવના પ્રગટવી જોઈએ, પણ તેને તો દીવાન બનવું હતું, સત્તા ભોગવવી હતી. માટે રાવ લાખાએ દીવાનપદની ઑફર કરી ત્યારે તરત બધું ભૂલી, તૈયાર થઈ ગયા અને બેસી ગયા. પૂરા તકવાદી દેખાય છે તે. પિતાના ખૂની પણ પોતાની મહત્ત્વાકાંક્ષા પોષે, તો માફ!!

તે લાખાજીની ચંચળતા જોઈ ન શક્યા. મહત્ત્વાકાંક્ષાથી અંધ તેની બુધ્ધિ સત્ય ન જાણી શકી (કે સત્યને દાબી દીધું હશે?) તેને ખ્યાલ હતો કે રાવ ખૂબ ઉડાઉ છે. ગમે તેટલું ધન તેને કદી સંતોષી નહીં શકે. છતાં દીવાન બન્યા અને ખરેખર સંતોષી ન શક્યા. પરિણામે દીવાનપણું તો ગયું જ, પણ સાથે જેલ પણ મળી. કેમ? રાવને શંકા હતી કે જે પૈસો એકઠો થયો હતો, તે પૂંજો પોતાને ઘેર રાખી મૂકતો હતો. વાત સાચી કે ખોટી, તે તો ભગવાનને ખબર, પણ રાવનો તેના પર અવિશ્વાસ દેખાય છે તે સ્પષ્ટ છે અને આ પૈસો કઢાવવા રાવે તેને જેલમાં ત્રાસ આપ્યો. પછીનો દીવાન પણ રાવની પૈસાની ભૂખ સંતોષી ન શક્યો. તો ફરી તેણે પૂંજાને દીવાન બનાવ્યો. પૂંજાને ત્રાસ બાદ તો જ્ઞાન થયું હોત તો તે દૂર જ રહ્યો હોત, પણ ફરી મહત્ત્વાકાંક્ષા પોષવા દીવાન બન્યો અને ફરી નિષ્ફળ ગયો! બે ચંચળ લોકોની હાસ્યાસ્પદ કથા નથી?

ફરી રાવે તેને કાઢ્યો ત્યારે તો તેને સંપૂર્ણ જ્ઞાન થવું જોઈતું હતું અને દૂર થઈ જવું જોઈતું હતું. પણ ના, મહત્ત્વાકાંક્ષાની બળબળતી આગ તેને "તું નહીં તો તારો દીકરો" – ન્યાયે ગોડજી પાસે લઈ ગઈ. ત્યારે પણ તેની કુશાગ્ર બુધ્ધિને ખ્યાલ હશે કે આ ગોડજી પણ તેના બાપના "પૂરા વારસદાર" હતા! તેને પોતાના તુક્કા સંતોષવા હતા!! તે પણ તેના ભાવિ માટે જોખમી હતા. છતાં પૂંજો તેના પાસે ગયો અને કાવતરા કર્યા.... પણ ગોડજી રાવ બન્યા ત્યારે તરત તેને ભૂલી ગયા. પૂંજો બાજુમાં રહી ગયો.

આ પળે તો તેને હવે "અસારતા"નું જ્ઞાન થઈ જવું જોઈતું હતું પણ મૂર્છાએ તો વેરને ભડકાવ્યું. "હું સુખી નહીં થાઉં, તો તને પણ સુખી થવા નહીં દઉં" – આ ભાવનાએ તે ક્લોરાને તેડી આવ્યો. અંધત્વમાં તેને એ ખ્યાલ ન રહ્યો કે વેર વ્યક્તિગત લેવું હતું, પણ પરિણામ કચ્છે ભોગવવાનું હતું. અને જ્યારે તેણે એ પરિણામ જોયું ત્યારે તે હબક ખાઈ ગયો અને તેમાંથી જન્મ્યો 'અપરાધભાવ.' પરિણામે તરત રાવની દરખાસ્ત સ્વીકારી લીધી અને ક્લોરાને કાઢ્યો. ત્યાર પણ ક્લોરાને, રાવને પૂછ્યા વિના, રાજકુમારીને પરણાવવાની લાલચ આપેલ.

દીવાન થયા પછી તેની વર્ષોની કુશળતા ખીલી ઉઠી. ખૂબ સરસ કામ કર્યું. પણ તે ભૂલી ગયો કે રાવે તેની સામે માથું નીચું કરેલ. તે ગોડજી ભૂલી શકે તેમ ન હતા. તે પૂંજાને કાઢવા તત્પર હતા, પણ સરસ વહીવટ તે કરાવતાં અટકાવતો હતો. ને પૂંજો ભ્રમમાં રહ્યો કે પોતે હવે અનિવાર્ય છે! પૂંજામાં માણસને ઓળખવાની કાં તો આવડત નથી દેખાતી, અથવા લાલસાતી મૂર્ચ્છા તેને અજ્ઞાનમાં કૂદકો મરાવે છે. તેણે કુંવરીના લગ્નની વાત ચાલુ જ રાખી – હઠાગ્રહ જ રાખ્યો. બસ! રાવને બહાનું મળી ગયું. તેને ફરી કેદ કર્યો. આ છેલ્લો ઘા હતો. રાવનો દબાયેલો ગુસ્સો હવે ફાટી નીકળ્યો. **તેણે જાતે જેલમાં જઈ પૂંજાને ઝેર આપ્યું અને મારી નાખ્યો.** રાવનો ગુસ્સે કેટલો પ્રબળ હશે કે પોતાના સામે તેને તરફડતો મરતાં જોવા ઈચ્છતો હશે.

પૂંજાનું સમગ્ર જીવન મહત્ત્વાકાંક્ષા – વેર - અપમાન - અપરાધભાવ વચ્ચે ઝોલા ખાતું રહ્યું. તેની બધી કુશળતા તે પોષવામાં જ ખર્ચાઇ ગઈ. આખું જીવન તે પદ - જેલ - ભટકવું - અપમાનો - યુધ્ધ - વેર - અપરાધભાવ - ફરી જેલ અને છેવટે પરાણે મોત... વચ્ચે ઘૂમતો રહ્યો. ન પોતે સુખી થયો, ન ત્યારના દીવાનોને સુખી થવા દીધા, ન લાખાજી કે ગોડજીને સુખી થવા દીખા કે ન પ્રજાને સુખી થવા દીધી! **સમગ્ર કચ્છનાં વીરત્વને ખલાસ કરી નાખ્યું.** ઉત્તમ લડવૈયા તેના વાંકે મૃત્યુ પામ્યા. ઉત્તમ વ્યક્તિ મોતનો સોદાગર બની ગઈ.

તેના બચાવમાં કહેવું હોય તો તેની કુશળતાનો લાભ લેતાં લખપતજી કે ગોડજી બંનેને ન આવડ્યું. લાખાજી

રામસિંહની કુશળતા પારખી શક્યા, પણ પોતાની તદ્દન નજીક હતા તેવા પૂંજાની વહીવટી કુશળતાને ન ઓળખી શક્યા. તેમણે તેનો જો લાભ લીધો હોત તો કચ્છનો ઇતિહાસ કંઈક જુદો જ રચાયો હોત. તે રામસિંહની ઔદ્યોગિક હોંશિયારી સાથે પૂંજાની વહીવટી કુશળતાથી વધુ સમૃધ્ધ બન્યું હોત.

પણ વેર ક્યાં સુધી વ્યક્તિનું પતન કરાવી શકે છે તે પૂંજા શેઠનું ઉદાહરણ બતાવે છે. એક પ્રતિભાશાળી વ્યક્તિત્વ અંધારામાં દોડતું રહ્યું અને સતત નુકસાન કરતું રહ્યું.

## જમાદાર ફતેહમામદ

**કચ્છના ઇતિહાસમાં જો કોઇ જાજવલ્યમાન વ્યક્તિત્વ થયું હોય, તો તે જમાદાર ફતેહમામદ છે. આટલી પ્રતિભાશાળી વ્યક્તિ કચ્છના ઇતિહાસમાં બીજી કોઈ નથી દેખાતી.** છેલ્લાં ચારસો વર્ષના ઇતિહાસમાં કચ્છની કટોકટીનો સમય રાવ રાયધણજીનો ગણી શકાય. તદ્દન અસ્થિર મગજના, ધૂની, ઇસ્લામનું વળગણ લાગેલ, તદ્દન હલકી કક્ષાના નોકરોની બુધ્ધિને વશ એવા રાયધણજીના સમયમાં પ્રજાએ સૌથી વધુ ત્રાસ ભોગવ્યો છે. ધાર્મિક કટોકટી ઊભી થાય તેવી પરિસ્થિતિ હતી તેમના સમયમાં અને, સંભવ છે, કચ્છ મુસ્લિમ સત્તામાં ફેરવાઈ પણ ગયું હોત — જો જમાદાર ફતેહમામદ ન હોત તો!

ફતેહમામદે અન્ય કોઈ કાર્ય ન કર્યા હોત, તો પણ રાયધણજીને કેદ કરી કચ્છને ઇસ્લામી થતાં અટકાવવાનું કાર્ય કર્યું એ એક માત્ર કામ કર્યું હોત, તો તેથી પણ તે અમર થઈ શકવાની શક્તિ મેળવી લેત. કારણકે અહીં મહત્ત્વની એ ઘટના છે કે તે પોતે મુસ્લિમ હતો. તેણે તો રાયધણજી કે મહમદ પનાહને મદદ કરવાની હોય (મહમદ પનાહે તેને એવો આગ્રહ નહીં કર્યો હોય?), પણ તેણે વ્યક્તિનિષ્ઠા અને ધર્મ નિષ્ઠાને બદલે ગાદી નિષ્ઠા બતાવી છે. વ્યક્તિગત ખ્યાલોને તેણે તદ્દન ગૌણ રાખ્યા છે. આ એક ઘટના તેને સલામ ભરવા પ્રેરે છે.

ફતેહ મામદની ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતા એ છે કે તે સાવ નિરક્ષર છે. તદ્દન નાના ગામડામાંથી આવ્યો છે. પછાત ગોવાળિયો છે. બિનઅનુભવી છે, પણ બે બાબત તેની પાસે છે... **સ્વપ્નાં જોવાની અને મહત્ત્વાકાંક્ષા રાખવાની.** આ બે બાબતોને તેની બુધ્ધિને તીવ્ર વ્યવહારુ અને ઝડપી વિચાર કરનાર બનાવે છે. પરિણામે ભલભલા જે ઘટનાઓ નથી જોઈ શકતા, તે ફતેહ મામદ આગળથી જોઈ લે છે અને તેની તૈયારી પણ કરી લે છે.

વળી, તેની પાસે લશ્કરી શિસ્ત છે. આ શિસ્ત તંને હંમેશાં ચોખ્ખો રાખે છે. દરેક બાબતમાં તે ચકોર રહે છે. માટે સ્થૂળ રીતે બે વાર મરતાં તો બચે છે, પણ વારંવાર હારમાંથી પણ બચે છે. અથવા કહીએ તો વારંવાર જીત મેળવે છે. ભાયાતોને આ વ્યક્તિ ખુશ રાખી શકે છે. લોકોને વ્યવસ્થિત રાખે છે. લૂંટારાઓને ત્રાસ પોકારાવે છે. અંગ્રેજોને કચ્છથી દૂર રાખે છે. સૌરાષ્ટ્રને થથરાવે છે. ટીપુ જેવાને કચ્છની મૈત્રી રાખવા પ્રેરે છે.

કેટકેટલાં પાસાં છે આ ફતેહ મામદનાં! વારી જવાય તેનાં વ્યક્તિત્વ પર! તેની ઉદારતા, શિસ્ત, ઇચ્છાશક્તિ, રાજકીય કુનેહ, વફાદારી, બહાદુરી — બધા પર. માટે તો કવિઓ તેના પર ફીદા છે અને વારંવાર તેની પ્રશંસા કરે છે.

પણ... આ જ ફતેહ મામદના જીવનનો પૂર્વાર્ધ જેટલો ઝળહળતો છે, તેટલો ઉત્તરાર્ધ ઝાંખો છે. અચાનક તેને લૂંટફાટ કરવાની ઇચ્છા થાય છે. પોતાનાં કાર્યો પૂરાં કરાવવા બળજબરીથી પૈસા પડાવવાની ઈચ્છા થાય છે. અચાનક તેની રાજા - ભાયાતો - તેના વફાદાર સાથીઓ - પ્રજા પરથી પકડ ઘટે છે અને જાણે એકલો થઈ જતો હોય તેવું લાગે છે. પાછળથી તેને નવી નવી વ્યૂહરચનાઓ કરવી પડે છે તેવું લાગે છે. ક્યાંક તો પ્રજા તેનાથી ત્રાસી જતી હોય તેવું પણ દેખાય છે. મૃત્યુ સુધી સક્રિય રહેલ આ ભડવીર જાણે એકલ લડાઇ લડતો હોય તેવો વહેમ જાય છે. ક્યાંય ઉલ્લેખ નથી, પણ તેનું જીવન તપાસતાં એવો ચોક્કસ વહેમ જાય છે કે તે હતાશાનો શિકાર બન્યો જ હશે. યોધ્ધો છે, તેથી નમ્યો નથી, પણ એકલતા જરૂર અનુભવી હશે.

આવું કેમ બન્યું હશે?

રાયધણજીને કેદ કરી તેના નાના ભાઈને ગાદીએ બેસાડી તેને પ્રબળ બનાવવા ફતેહ મામદે ખૂબ મહેનત કરી. તેને પૂરો વફાદાર રહ્યો. એ જ ભાઈજીબાવાએ (ભલે નશામાં) તેના પર રાજદ્રોહનો આક્ષેપ મૂકી તેને મારી નાખવા પ્રયત્ન કર્યો — અને તે પણ ફતેહમામદે ગોઠવેલા કાર્યક્રમમાં જ! ફતેહમામદે તે વાત દબાવી દીધી, પણ તે પળથી તેનું મન ખાટું થઈ ગયું હશે. 'સંસ્કારગત' વફાદારી ચાલુ રહી હશે, પણ તેની તીવ્રતા તૂટી પડી હશે.

બીજું, તેના હાથે, અકસ્માતે, રાયધણજીને ગોળી વાગી અને ઘાયલ થયા. તેથી પણ ત્યારે પ્રજાને તેના પ્રત્યે અણગમો થયો! જે પ્રજાને તેણે રાયધણજીથી બચાવી, ધર્મઝનૂનથી મુક્ત રાખી, તે જ પ્રજા 'રાજા એટલે દેવ' એ ખ્યાલે, રાજાથી ત્રાસવા છતાં, તેના પ્રત્યે આદર ન મૂકી શકી. એટલે રાજાને ઘા એટલે તેના પ્રત્યે બેવફાઈ એમ માની ફતેહમામદ પ્રત્યે શંકાશીલ થઈ હશે. પરિણામે જે સો ટકા આદર હશે તેમાં કાણું પડ્યું હશે. આ દર્શને ફતેહમામદને વ્યગ્ર કર્યો હશે.

આ કારણોસર, સંભવ છે, તે ચીડિયો બન્યો હશે. આ ચીડિયાપણું પછી તેનાં કૃત્યોમાં પ્રગટવા લાગ્યું. વાગડમાં લૂંટારાને હટાવવા ગયેલ તે પોતે ગામો લૂંટતો હતો. લોકોને

ત્રાસ આપતો હતો. ખાસ કરીને તેના વિરોધીઓનાં જે ગામો હતા તેને ખાસ ત્રાસ આપતો. જંગી તેનો દાખલો છે.

પ્રજાની કૃતઘ્નતા જોઈ તે વધુ વ્યગ્ર બન્યો હશે. તેથી જ પ્રજામાં વધુ પડતી કડકાઈ દાખલ કરી હશે. વારંવારની અવ્યવસ્થાને કારણે, સંભવ છે, તેને એવું ઠસી ગયું હોય કે ત્રાસ અને ભય વિના પ્રજા અને ભાયાતો માનશે નહીં. વળી, જેને જેને તેણે આગળ કર્યા તે બધા ખરે ટાણે ખસી ગયા કે દગો દીધો. પરિણામે તે બધા તરફ તો આત્યંતિક કડકાઈ બતાવી અને છતાં તેમાં સફળ ન ગયો.

**ટીપુ સુલતાન** તરફ તેને ખૂબ આદર હતો. અંગ્રેજોને દૂર રાખવામાં બંને સાથે રહ્યા હતા. છતાં, પાછળથી, ટીપુને કચ્છમાં ઘૂસવાની ઈચ્છા થઈ. અલબત્ત, ફતેહમામદ તે સમજી ગયો અને તેની યોજનાઓ ચતુરાઈપૂર્વક તોડી નાખી. પણ આ ઘટનાએ પણ તેને હચમચાવ્યો હશે. સૌરાષ્ટ્રમાંની ઝનૂની લડાઈઓ પણ મિત્રો ખસવાના ગુસ્સામાંથી જ થઈ હશે.

સંભવ છે, પાછળથી તેને એવું લાગ્યું હોય કે તેના સિવાય કચ્છનું રક્ષણ કોઈ નહીં કરી શકે (મેઘજી શેઠ ત્યારે શાંત થઇ ગયેલ) અને પોતાની અનિવાર્યતાનો મોહ, અને તેમાંથી જન્મતો સત્તામોહત, તેને વધારે ખર્ચ કરવા તરફ ધકેલતો ગયો. પૈસા ખજાનામાંથી તો મળે તેમ ન હતા. તેથી શેઠોને દબાવવા, લૂંટફાટ કરવી વગેરે માર્ગો અખત્યાર કર્યા હોય.

વિચિત્ર લાગે કે આટલોચતુર, આટલો સજાગ, લોકપ્રિયતાની ઈચ્છા ધરાવતો, બધાને સાચવનાર વ્યક્તિ અચાનક એવું વર્તન કરે કે લોકો જ તેનાથી વિરોધી થઈ જાય. સત્તામોહ, અતિ કડકાઈ, અનિવાર્યતાની ભ્રમણાએ તેને મૂર્ચ્છિત કરી નાખ્યો હશે? તેનો એવો કોઇ હિતેચ્છુ નહીં હોય, જેણે તેને ચેતવ્યો નહીં હોય? કે પછી તે માન્યો નહીં હોય? તેને જગજીવન મહેતા પર ખૂબ વિશ્વાસ છે. નથુ કચરા પર અતિ શ્રધ્ધા છે. તો તેઓ પણ તેને નહીં અટકાવી શક્યા હોય? કે તેણે તેમનું પણ નહીં માન્યું હોય? કે પુત્રોની સલાહ પર વધુ પડતો વિશ્વાસ રાખ્યો હશે.

આ કોઈના જવાબો ઈતિહાસમાં નથી. પણ ફતેહ મામદનો ઉત્તરાર્ધ અદ્ભુત, સક્રિય છતાં ઝાંખો બની ગયો છે. લોકમાન્ય વ્યક્તિની જ લોકો વિરૂધ્ધ બને તે નવાઈ લાગે. ભાયાતો, રાજદ્વારીઓ વિરુધ્ધ બને તે સમજાય, પણ લોકોનો તો તે ‘હીરો’ હતો. તેઓ જ વિરોધી બને?

નિર્ણયો લેવામાં અત્યંત કુનેહી તે વ્યક્તિગત દૂરંદેશીમાં ગુંચવાઈ ગયો હોય તેવું તેનું ચરિત્ર જોતાં લાગે છે.

અને છતાં, તે અંતિમ પળ સુધી જાજવલ્યમાન વ્યક્તિ જ રહે છે. કઇ ગુંચવણો અનુભવી હશે તેણે, શું મુંઝવણો અનુભવી હશે તેણે, — આ બધું, નોંધના અભાવે, ઈતિહાસના ગર્ભમાં જ રહી ગયું છે. હા, તેની વ્યથાઓ એક પત્રમાં — **ભાઈજીબાવાની રાણીને** લખેલ - પ્રગટ થાય છે.

છતાં આ વ્યક્તિત્વ અદ્ભુત રહ્યું છે. ગાદી પર બેસી શકવાની શક્તિ ધરાવનાર વ્યક્તિએ તેનો વિચાર જ ન કર્યો અને છતાં, વગર ગાદીએ, વધારે સત્તા ભોગવી. ભલભલાને થરથરતા રાખ્યા. **કચ્છને કટોકટીની પળે છાંયો આપ્યો.** એને જો ‘બિનવફાદારી’ ન નડી હોત, યા પ્રજાનો પ્રેમ મળ્યો હોત, તો તે ક્યાં સુધી પ્રગતિ કરત તે કલ્પના જ કરવી રહી. આજે પણ તેનાં ખોરડાંને આદરથી જોનાર હોય, તો તેની હાજરીમાં તો તેને કેવો આદર મળ્યો હશે?

★

આ ત્રણે વ્યક્તિત્વો વિશિષ્ટ છે, પ્રભાવશાળી છે અને પ્રતિભાશાળી છે. આદર ઉત્પન્ન કરે તેવા છે. ઈતિહાસ પર પોતાની છાપ મૂકી છે તેમણે... અને છતાં, ક્યાંક, સામાન્યતામાં ઝોલાં ખાઈ ગયા અને ઈતિહાસમાં ઘસરકા પણ પાડ્યા. આ સામાન્યતા (પૂંજાને બાદ કરતાં) તેમની પ્રતિભાને જરા પણ ઝાંખી નથી પાડતી. તેમના પ્રત્યે આદરમાં જરા પણ ઘટાડો નથી કરતી... પણ એક વાત સૂચવી જાય છે કે આવા પ્રતિભાશાળીઓ પણ મનોજગતમાં ઝુલ્યા કરતા હોય છે. તો સામાન્ય લોકોની હાલત શું હશે?

આવા વ્યક્તિત્વો આમ બેવડી રીતે દીવાદાંડીની ગરજ સારે છે. ■

## દેશળ દરબારના ત્રણ રત્નો

(અનુ. : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)

છે અને વૈદનો હાથ સાંભળતો હોય છે. આ પરિસ્થિતિ જોઈને ચારણ કવિના અંતરમાંથી કચ્છી ભાષાનો એક દોહરો બહાર આવી પડ્યો —

*હથ બોલે ને હથ સુણે, કન તાં સુણે ન કીં;*
*કાં બોડો ગુરુજી સુણે, બ્યો કો સુણે ન તીં.*

— હાથ બોલે છે અને હાથ સાંભળે છે. કાન કશું જ સાંભળતા નથી. સાંભળે છે એક બહેરો ગોરજી અને બીજો કોઈ ન સાંભળે એવી રીતે એ સાંભળે છે.

બોલવાનો જેનો ધર્મ નથી તે બોલે છે અને સાંભળવાનો જેનો ધર્મ નથી તે સાંભળે છે એવા અર્થનો આ દોહરો આગળ જતાં એ પિરોલી (પહલી)માં પલટાઈ ગયો.

યતિ શ્રી ખાંતિવિજયજીનું નામ ભદ્રાવતી તીર્થના ઉદ્ધારક તરીકે અને નાડી પરીક્ષક વૈદરાજ તરીકે આખા કચ્છમાં પ્રખ્યાત થઇ ગયું. ■

કચ્છ દર્શન

# છેલ્લા હજાર વર્ષનું કચ્છ : એક વિહંગાવલોકન

થોડા સમય પહેલાં માત્ર એક સદી જ પૂરી નથી થઈ, પણ સાથે એક હજાર વર્ષનો સમયગાળો પૂરો થયો છે. ઈસવીસનના સંદર્ભમાં વિચારીએ તો બે હજાર વર્ષ પૂરાં થયાં છે.

દર વર્ષે જેમ વ્યાપારી પોતે શું કમાયો કે ખોટ ખાધી અને અકંદરે વર્ષ કેવું ગયું તેનું જેમ અવલોકન કરે, તેમ **દર સો વર્ષે – સદી પૂરી થાય ત્યારે – સમાજે, રાષ્ટ્રે તથા વિશ્વે આ સો વર્ષ દરમિયાન પોતે ક્યાં પહોંચ્યા તેનું અવલોકન કરવું જોઈએ.** વીસમી સદી શરૂ થઈ ત્યારે વિવેકાનંદ તથા ટિળકનો અવાજ રણકતો હતો. કોંગ્રેસ સ્થિર થઈ હતી. રાષ્ટ્રની ચેતના જાગતી હતી. ત્યારે હવે એકવીસમી સદી શરૂ થઈ રહી છે ત્યારે? વ્યક્તિગતથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણે ક્યાં ઊભા છીએ? અને ફરી યાદ કરીએ તો, હજાર વર્ષ (મિલેનિયમ) પૂરાં થયાં છે ત્યારે સમૂહગત દેશે કે વિશ્વે શું પ્રગતિ કરી – આગલા હજાર વર્ષની તુલનામાં – તેનું પણ તટસ્થપણે અવલોકન કરવું અનિવાર્ય બને છે.

શા માટે આ અવલોકન અને પૃથક્કરણ જરૂરી છે?

આજે વ્યક્તિ કે સમૂહ જે કંઇ છે, જ્યાં છે, તે કંઇ થોડાં વર્ષોનો પ્રભાવ નથી, સદીઓનો પ્રભાવ છે. માત્ર છેલ્લા હજાર વર્ષને જ ધ્યાનમાં લઈએ તો આ વર્ષો દરમિયાન સંસ્કૃતિએ જે ચડતી-પડતી જોઈ છે, પ્રયોગો કર્યા છે, તેના પરિપાકરૂપે જ આજે જ્યાં છે ત્યાં પહોંચી છે. આજની સ્થિતિ હજાર વર્ષના પ્રભાવનો સરવાળો છે. માટે, આજની સ્થિતિને સમજવી હોય તો આ સમગ્ર કાળના ઈતિહાસ પર નજર નાખવી આવશ્યક બને છે.

સમગ્ર દેશની કદાચે ચિંતા ન કરીએ, પણ "કચ્છ", જ્યાં આપણે વસીએ છીએ, જેની ધરતીથી પોષાઈએ છીએ, તેનાં હજાર વર્ષનું મૂલ્યાંકન કરવું એ તો આપણી ફરજ જ ગણી શકાય. આજની આપણી મર્યાદાનાં મૂળિયાં આપણે ત્યાં જ શોધવા રહ્યાં. તો પ્રગતિ કરવા, આ મર્યાદાઓમાં જ છૂપાયેલ શક્યતાઓનાં બીજ શોધવાં રહ્યાં.

એટલે, નવી સદી અને નવું મિલેનિયમ શરૂ થઈ રહ્યાં છે ત્યારે કચ્છનાં છેલ્લાં હજાર વર્ષનું, ભલે ઉપરછલ્લું વિહંગાવલોકન કરીએ.

★

આમ તો કચ્છ અત્યંત પ્રાચીન દેશ છે. તેની ભૂસ્તરીય ઉંમર તો સાઠ લાખ વર્ષથી પણ વધુ – લગભગ પાંચ કરોડ વર્ષ – ગણાય છે. ચાર પાંચ વાર દરિયામાં ડૂબ્યો છે, છતાં કરોળિયાની જેમ ઉપર આવ્યો છે. આ ઘટના જ તેની જીજીવિષા બતાવે છે. **અહીં સિંધુ સંસ્કૃતિ પણ વિકસી હતી.** વૈદિક યુગે પણ તેના પર પ્રભાવ પાડ્યો. પુરાણ-બૌધ્ધ-શિવ બધા પ્રભાવો તેણે ઝીલ્યા. ઈસુનાં પ્રથમ હજાર વર્ષ પૂરા થયાં ત્યાં સુધી તો તેણે શક, ક્ષત્રપ, ગુપ્ત, ગુર્જર, ચાલુક્ય, ચાવડા, સોલંકી વંશોને પસાર થતા જોયા. લાખો ધુરારો, મોડા-મનાઈ, જામ ફુલ, લાખો ફુલાણી, જામ પુંઅરોને પણ પોતાની ધરતી પર રાજ કરતા, કાવતરા કરતા, શૌર્ય બતાવતા જોઈ નાખ્યા.

## રાજકીય ક્ષેત્ર

આ 'મિલેનિયમ' શરૂ થયું ત્યારે સમા વંશનો લાખો જાડેજા ૧૧૪૭માં ગાદી સ્થાપે છે. ૧૧૪૭થી ૧૫૦૬ સુધી કુલ દસ 'જામ' રાજાઓ (લાખાથી હમીરજી) કચ્છ પર રાજ્ય કરી જાય છે. છેલ્લા જામ હમીરજીને તેના પિત્રાઈ જામ રાવળની વેરવૃત્તિનો સામનો કરવો પડ્યો. રાવળે તેનું ખૂન કરાવ્યું. એટલું જ નહીં, પણ તેના વંશજોનું કાસળ કાઢી નાખવાનો નિશ્ચય કર્યો. પણ નિયતિને તે મંજૂર નહીં હોય, તેથી છછર બુટો તથા ભિયાં કક્કલની સ્વામી ભક્તિએ તેના બે કુંવર ખેંગારજી તથા સાહેબજીને બચાવી લીધા અને અમદાવાદના સુલતાન પાસે છુપાવી દીધા. ખેંગારજીની બહાદુરીએ સુલતાનને ખુશ કરાવ્યો અને તેના લશ્કરની મદદથી ખેંગારજીએ જામ રાવળને હરાવ્યો અને **૧૫૧૦માં તે કચ્છના પ્રથમ 'રાવ' બન્યા.** ખેંગારજી સદ્ભાગી હતા કે પછીનાં ૪૩૮ વર્ષ તેમના વંશજોએ જ નિશ્ચિત રીતે, પ્રજાના વિરોધ વિના, રાજ કર્યું.

રાવ ખેંગારજીથી રાવ રાયધણજી પહેલા (૧૫૧૦ - ૧૬૯૮) સુધી જે છ ગાદીવારસો આવ્યા તેઓ પરંપરાગત આવ્યા. પણ **રાયધણજી પછી તેના મોટા પુત્રને ગાદી મળે, પણ ત્રીજા પુત્ર પ્રાગમલજીએ દગાથી ગાદી પડાવી લીધી.** ત્યારથી ખટપટનાં બીજ વવાતાં દેખાય છે. અલબત્ત,

પ્રાગમલજીનો કાર્યકાળ સફળ રહ્યો. તેના પુત્ર **ગોડજી** રહ્યા તો માત્ર પાંચ વર્ષ, પણ "સુધારા"ની શરૂઆત તેમણે કરી. તેના પુત્ર **દેશળજી** 'પ્રજાપ્રિય' રાજવી ગણાયા. ખુદ **સંત મેકણે** તેમને પ્રશંસ્યા. તેમનો વહીવટ સારો રહ્યો.

ફરી તેમના પુત્ર લાખાજીએ તેમને જ કેદ કરી ગાદી મેળવી. તે ઈતિહાસમાં બદનામી ગણાત, પણ રાવ લખપતજી પાછળથી કલાપ્રેમી તથા શક્તિશાળી જાહેર થઈ ઈતિહાસમાં પોતાની અમીટ છાપ મૂકી ગયા. **રામસિંહ માલમ**ની મદદથી તેમણે કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિ જ કરી તેમ કહી શકાય. તેમ પણ ખૂબ ટૂંકો સમય રહ્યા, પણ તેમના સમયને શાહજહાંના સમય સાથે તુલના કરી શકાય. કલા-કારીગરીની રેલમછેલ અને તિજોરીનું તળિયું!

તેમના પુત્ર ગોડજીને **'ઝારાનું યુધ્ધ'** જોવું પડ્યું. **પૂંજા શેઠ** સાથે સમાધાન કરવું પડ્યું. તેમણે સારાં કાર્યો કર્યા પણ તે તરંગી, અવ્યવહારુ અને સામાન્ય સ્વભાવના હોવાથી બધું ઢંકાઈ ગયું.

**રાયધણજી બીજા**ના ઈસ્લામના ઝનૂનથી કચ્છે ખૂબ ભોગવ્યું. કચ્છન સદ્ભાગ્યે **જમાદાર ફતેહમામદ** મળ્યો, જેણે કચ્છને સ્વસ્થ રાખ્યું. **ત્યારે 'બાર ભાયા'નો પ્રયોગ પણ થયો. પણ ત્યારથી કચ્છ ક્રમશઃ બ્રિટીશ સત્તા નીચે આવતું ગયું.** ૧૮૦૯ના કરારથી અંગ્રેજોની દખલગીરી શરૂ થઈ, જે રાજાશાહીના અંત સુધી રહી.

તેમના પછી આવેલા **ભારમલજી**નો વહીવટ અંધાધૂંધીભર્યો રહ્યો. દીવાન લક્ષ્મીદાસને કારણે થોડી વ્યવસ્થા જળવાઈ. ત્યારથી કચ્છમાં ભાયાતોની સત્તા વધવા લાગી અને મહારાવની ઘટવા લાગી. આ સમયમાં **કેપ્ટન મેકમર્ડો**એ કચ્છની ખટપટોમાં ભાગ લીધો.

**રાવ દેશળજી** સમાજ સુધારક તરીકે જાણીતા થયા. તેમને ૧૮૧૯ના ધરતીકંપનો તથા ૧૮૫૭ના દુકાળનો સામનો કરવો પડ્યો. **પ્રાગમલજી બીજા**એ તેમની પ્રગતિને આગળ વધારી. **ખેંગારજી ત્રીજા**એ પણ ખેંગારજી પહેલાની જેમ ખૂ...બ લાંબું રાજ્ય કર્યું. ખૂબ જ હોંશિયાર, ઈંગ્લેન્ડની રાણીના પણ પ્રીતિપાત્ર, આમ છતાં તે ઘણા કારણોસર ઝળકી ન શક્યા. તેમને યોગ્ય દીવાન ન મળ્યા. વળી, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામે તેમને નબળા કર્યા. ભાયાતોના પ્રશ્નોના પરિણામે તેમના સમયમાં કચ્છની ખાસ પ્રગતિ ન થઈ. તેમના વારસ **વિજયરાજજી** ગાદીએ બેઠા ત્યારે તે વૃધ્ધત્વમાં પ્રવેશતા હતા. તેમનું સ્વાસ્થ્ય બગડતું હતું. રાજકીય વાતાવરણ ક્ષુબ્ધ હતું. પરિણામે વહીવટમાં સુધારા કરવાના પ્રયાસો છતાં તે ખાસ ઝળકી ન શક્યા. છેલ્લા મહારાવ **મદનસિંહ** હજી તો ગાદીએ બેસે ત્યાં ભારતને સ્વતંત્રતા મળી. **તેમણે સામેથી કચ્છનું રાજ્ય ત્યાગી તેને ભારતમાં ભેળવી દીધું. ૧૯૪૮માં રાજાશાહીનો અંત આવ્યો.**

સ્વાતંત્ર્ય બાદ કચ્છ શરૂઆતમાં કેન્દ્રિય પ્રદેશ તરીકે રહ્યું. પછી મુંબઈમાં જોડાયું. ૧૯૬૦માં ગુજરાતમાં ભળ્યું. આજ સુધી કચ્છે ઘણા સંસદ સભ્યો અને ધારાસભ્યો મોકલ્યા. રાજકીય રીતે બધા પ્રભાવહીન રહ્યા. કચ્છનો વિકાસ તેમના કારણે થવા કરતાં રાષ્ટ્રીય આયોજનના પ્રભાવે જ થયો છે.

## *હજાર વર્ષની રાજકીય સત્તાનો સરવાળો શું?*

સામાન્ય રીતે જોઈએ તો આ સમય દરમિયાન પ્રજા શાંતિથી રહી છે, પણ વિકાસની દષ્ટિએ જોતાં મહારાવો તથા ભાયાતોના ઝઘડામાં વિકાસ નહિવત થયો છે. રાજાની આવક મર્યાદિત રહી, પરિણામે, ક્યારેક ઈચ્છવા છતાં, તે નાણાંના અભાવે કશું ન કરી શકતા અને ભાયાતો તો તદ્દન સામાન્ય હતા. તેથી વિકાસની કોઈ સંકલ્પના જ તેમના મનમાં ન હતી. આ બધાનો ભોગ કચ્છ બની ગયું. **સ્વાતંત્ર્ય બાદ કચ્છમાં સબળ નેતાગીરી ઊભી ન થઈ.** સત્તા મેળવવાની લાલસામાં કચ્છને 'ક' વર્ગની વિશિષ્ટતા ગુમાવવી પડી અને મુંબઈ તથા ગુજરાતના એક 'નાના' જિલ્લા તરીકે રહેવું પડે છે. **જે લાભ અન્ય કેન્દ્રિય પ્રદેશો લઇ શક્યા છે, તે કચ્છ નેતાગીરીના અભાવે નથી લઈ શક્યું. સારા નેતાઓના અભાવે પ્રજાનું ઘડતર પણ નથી કરાયું.** તેથી પ્રજાને રાજકીય લાભોનું મહત્ત્વ નથી સમજાતું અને જે છે તેને ચલાવી લે છે. એક જાતની નિષ્ક્રિયતામાં જીવ્યા કરે છે. આજે ફરી 'ક' વર્ગ મેળવવાની વાતો થાય છે, પણ સમગ્ર જિલ્લા સ્તરના, પ્રભાવી, અભ્યાસી, તટસ્થ અને રાષ્ટ્રીય સ્તરે પ્રભાવ પાડી શકે તેવા નેતા ન હોવાથી નથી પ્રજાને ક્રિયાન્વિત કરી શકાતી, કે નથી કેન્દ્ર સરકાર દાદ આપતી! આવતી સદીમાં કચ્છે પ્રભાવી નેતાની રાહ જોવી રહી!!

## *હજાર વર્ષના કાળમાં કચ્છે યુધ્ધો કેટલા જોયા?*

આ મિલેનિયમની શરૂઆત થાય તે પહેલાં લાખા ફુલાણી યુધ્ધ લડેલા, પણ તે કચ્છની ધરતી પર નહીં, સૌરાષ્ટ્રમાં લડેલા. **આ મિલેનિયમની પ્રથમ અગત્યની લડાઈ જામ રાવળ તથા ખેંગારજી પહેલા વચ્ચે દેખાય છે** જેમાં રાવળ હારી ગયા અને ખેંગારજી ગાદીએ બેઠા. અલબત્ત, પ્રજા તેમાં સંકળાઈ નથી.

**પ્રથમ મોટું યુધ્ધ મહારાવ દેશળજીના સમયમાં ગુજરાતના સૂબા શેરબુલંદખાન સાથે થયું છે.** ભુજ પાસે ભુજીયાની તળેટીમાં આ યુધ્ધ થયું હતું. આમાં રાજા સાથે ભાયાતો, સરદારો, નાગા બાવાઓ પણ લડેલા. શેર બુલંદખાન હારી ગયેલો. ભુજ અને રાવ બંને બચી ગયેલા.

કચ્છના ઈતિહાસમાં અગત્યનું ગણાય તેવું યુધ્ધ રાવ ગોડજીના સમયમાં થયું જે **"ઝારાના યુધ્ધ"** તરીકે ઓળખાય છે. પૂંજા શેઠને દીવાનપદ ન મળવાથી અપમાનિત થઈ સિંધના અમીર ગુલામશા ક્લોરાને તે કચ્છમાં તેડી આવ્યો અને **ઝારા પાસે ૧૭૬૨માં યુધ્ધ થયું.** પ્રથમવાર પ્રજાનો મોટો ભાગ તેમાં જોડાયો. તોપ સમયસર ન ફૂટવાથી જન્મેલ હતાશાએ કચ્છી સૈન્યનો જુસ્સો તોડી નાખ્યો. અલબત્ત, તે ખૂબ બહાદુરીપૂર્વક લડ્યું. સાથે સ્ત્રીઓ પણ જોડાયેલી. પણ વર્ષોના આરામી જીવને, બિન અનુભવી ભાયાતોને તથા સામે વ્યવસ્થિત અને તાલીમબધ્ધ સિંધી લશ્કરને કારણે કચ્છી સૈન્ય હાર્યું. **તેમાં કુલ એક લાખ લોકો મર્યા જેમાં ત્રીસ હજાર કચ્છીઓ હતા.** રાવને સમાધાન કરવું પડ્યું. પાછળથી ફરી ક્લોરાએ ચડાઈ કરી, પણ ત્યારે ન ફાવ્યો. પણ વેરભાવના ગુસ્સામાં તેમણે સિંધુ નદીનું વહેણ બંધ બાંધી વાળી નાખ્યું. ત્યારથી લખપત તાલુકો ઓછો સમૃધ્ધ થતો ગયો.

રાવ રાયધણજી વખતે ફતેહમામદે થોડી લડાઈઓ કરેલી, પણ તે રાજકીય લડાઈઓ હતી. તેમાં પ્રજા ભળી ન હતી. પછી તો બ્રિટીશો સાથે કરાર થતાં, સિંધ નબળું પડતાં તથા કચ્છનાં વિશિષ્ટ ભૌગોલિક વ્યક્તિત્વને કારણે ખાસ લડાઈઓ ન થઈ.

**સ્વાતંત્ર્ય બાદ ૧૯૬૫, ૧૯૬૮, ૧૯૭૧ – એમ ત્રણવાર પાકિસ્તાને ભારત પર હુમલા કર્યા હતા.** ત્રણે સમયે કચ્છને છાંટા ઉડ્યા હતા. કરાર પ્રમાણે છાડબેટ કચ્છે ગુમાવ્યું. ૧૯૭૧ના ચૌદ દિવસનાં યુધ્ધ દરમિયાન ભુજનું એરપોર્ટ વારંવાર બોમ્બમારાનો ભોગ બન્યું હતું. ૧૯૯૯ની પાકિસ્તાનની લડાઈ કારગીલમાં જ મર્યાદિત રહેતાં કચ્છને તેનો સ્પર્શ ન થયો. અલબત્ત, ત્યારે કારગીલ માટે કચ્છે દાનની સરવાણી વહેવડાવી રાષ્ટ્રીય ભાવનાને પ્રદર્શિત કરેલી.

## પ્રજાકીય લડતો

*રાજા સામે પ્રજાકીય લડતો થઈ?*

ખેંગારજી પહેલાં કોઈ લડત નથી દેખાતી. પ્રજાકીય વિરોધ છેક રાવ રાયધણજી બીજાના સમયમાં દેખાય છે. સીદીઓ તથા મહમદ પનાહના રવાડે ચડેલ રાવે ધર્મપલટો કરાવવા પ્રજા પર જુલ્મ કર્યા. મંદિરોની મૂર્તિઓ તોડવા પ્રયાસ કર્યા. **ત્યારે માંડવીમાં પ્રજાએ બળવો કર્યો અને મહારાવને નસાડ્યા.** ભુજમાં મેઘજી શેઠે આગેવાની લીધી અને તેમને બંદીવાન બનાવેલા.

આ સમયમાં બે ઘટના ધ્યાન ખેંચે છે. એક તો હિંદુ રાયધણજીએ પ્રજાને મુસ્લિમ બનાવવા પ્રયાસ કર્યો, ત્યારે તેને અટકાવવામાં અગત્યનો ફાળો મુસ્લિમ જમાદાર ફતેહમામદનો રહ્યો. **આ વિરોધાભાસે કચ્છમાં રહેલી સર્વધર્મ સમભાવની વાતને પુષ્ટિ આપી છે.** બીજું, રાયધણજીની ગેરહાજરીમાં ''બાર ભાયા''નો પ્રયોગ થયો. આમા કંઈ પ્રજાકીય પ્રતિનિધિત્વ નથી. મેઘજી શેઠને કદાચ તેવા માની શકાય, બાકી તો ભાયાતો જ વધુ હતા. પણ આવો પ્રયોગ પ્રથમવાર થયો તે મહત્ત્વનું છે. ખટપટોને કારણે તે નિષ્ફળ ગયો, પણ બરાબર ચાલત, તો ઈતિહાસકાર શ્રી વ્રજલાલ છાયા કહે છે તેમ, કચ્છના ઈતિહાસનું સોનેરી પ્રકરણ બનત.

ત્યાર પછી ફરી શાંતિ રહી. રાજા - ભાયાતો વચ્ચે માથાકુટ ચાલુ રહી, પણ પ્રજા તો શાંત જ રહી. છેક ૧૯૦૧માં ખેંગારજી ત્રીજાના વહીવટમાં અંધેર હોવાના આક્ષેપ સામે અવાજ ઉઠાવવા મુંબઈમાં સભા બોલાવાઈ. ત્યારે તો કશું પરિણામ ન આવ્યું, પણ અંદરથી ધૂંધવાટ ચાલુ રહ્યો.

**ગાંધીયુગની પ્રેરણાથી ૧૯૨૩માં "કચ્છ પ્રજા સંઘ" નામે સંસ્થા સ્થપાઇ. માનસંગ કચરા, કાંતિપ્રસાદ અંતાણી વગેરેએ ખાદી પ્રવૃત્તિ શરૂ કરી અને પ્રજાને જગાડવાના પ્રયાસો કર્યા.** ૧૯૨૫ના ગાંધીજીના પ્રવાસે કુલ આઠ અધિવેશનો મળ્યા હતા. નાની મોટી વિવિધ લડતો પણ લડાઈ. **યુસુફ મહેરઅલી** પણ તેમાં હાજર રહ્યા. **સુભાષચંદ્ર બોઝે** પ્રોત્સાહન આપ્યું. ૧૯૪૮માં કચ્છ ભારતમાં ભળી જતાં આંદોલન અટકી ગયું. **ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા** કચ્છના ઈતિહાસમાં અમર બની ગયા.

કચ્છમાં પ્રજાકીય લડતો શા માટે ઓછી થઈ?

મૂળ કારણોમાં રાજાઓ મોટાભાગે પ્રજા વિરોધી ન હતા. આંતરિક ખટપટો ચાલ્યા કરતી, પણ વ્યાપાર ઉદ્યોગને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. પ્રજા આર્થિક રીતે નબળી ન હતી. રાયધણજી બીજાને બાદ કરતાં કોઈએ પ્રજાને કનડવાનો પ્રયાસ ન કર્યો. વળી, રાજા - ભાયાતો વચ્ચે સત્તા વહેંચાયેલી હતી. મોટાભાગની પ્રજા ભાયાતોના તાબા હેઠળ હતી. ભાયાતો પ્રજામાં રસ ન લેતા તેમજ તેને હેરાન પણ ન કરતા. તેથી પ્રજા શાંત રહી હશે.

સ્વાતંત્ર્ય ચળવળ તરફ નજર કરીએ તો વ્યક્તિગત રીતે રાજા પ્રત્યે કોઇ રોષ નથી દેખાતો. તેમાં વહીવટકર્તા પ્રત્યે પ્રજાએ વિરોધ પ્રગટ કર્યો છે, પણ રાવનું હંમેશાં સન્માન કર્યું છે. સામે રાવે પણ કોઇ નેતાને હેરાન નથી કર્યા. પરિણામે લડતમાં તીવ્રતા કે કટુતાનો અભાવ રહ્યો છે. આ સાથે પ્રજાનાં જુનવાણી માનસમાં રાજાના બંધારણીય અધિકાર પ્રત્યે રાજ્ય ભક્તિ તથા પૂજ્યભાવે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરિણામે હજાર વર્ષમાં એકાદ-બે દાખલા બાદ કરતાં પ્રજા શાંત રહી છે.

સ્વાતંત્ર્ય બાદ **ઇનામી નાબૂદી ધારા** સામે સંબંધિત વર્ગે ચળવળ કરેલી. પણ તેને સમગ્ર પ્રજાની લડત ન કહી શકાય.

૧૯૬૮માં **'કચ્છ કરાર'**ના વિરોધ વખતે રાષ્ટ્રીય નેતાઓની હાજરીના પ્રભાવે થોડી ઉત્તેજના આવેલી, પણ સ્થાનિકે તેણે કોઇ ચળવળનું રૂપ ધારણ ન કરેલું. બાવન વર્ષ એકંદરે શાંત ગયા છે. તેમાં નેતાગીરીના અભાવે મોટો ભાગ ભજવ્યો છે. અત્યારે નર્મદા, રેલવે વગેરે પ્રશ્નો ચર્ચાય છે, પણ પ્રજાની ઉદાસીનતાથી તે ચળવળ બનતા નથી.

## લશ્કરી તાકાત

હજાર વર્ષ દરમિયાન રાજ્યની લશ્કરી તાકાત કેવી હતી?

સામાન્ય રીતે બધા રાજવીઓના સિંધને બાદ કરતાં રજપૂતો, મોગલ, સૌરાષ્ટ્ર, ગુજરાત સાથે સંબંધો સારા રહ્યા હતા. તેથી અપવાદ બાદ કરતાં, ખાસ યુધ્ધો નથી થયા.

ખેંગારજી પ્રથમ પાસે દસ હજાર ઘોડા અને પચાસ હજારનું પાયદળ હતું. રાવ ગોડજીને શેર બુલંદખાનનો સામનો કરવો પડ્યો ત્યારે ભાયાતોનાં લશ્કર કામ આવેલા. પણ તેમણે બોધપાઠ લઇ કિલ્લા મજબૂત કરાવ્યા અને પધ્ધતિસર લશ્કરની શરૂઆત કરી. તેણે તોપનો ઉપયોગ શરૂ કર્યો. લશ્કરને તાલીમ આપી. લશ્કરમાં હબસીઓની ભરતી કરી હતી.

**લશ્કર પ્રત્યે પધ્ધતિસર ધ્યાન ફતેહમામદે આપેલું.** તેણે સજ્જડ તાલીમ આપી. પરિણામે લડાઈઓ જીતતો અને વિસ્તાર કરતો.

પાછળથી બ્રિટીશો સાથે કરાર થતાં સ્થાનિકે બ્રિટીશોનું લશ્કર રહેવા લાગ્યું. કરારોના પરિણામે લડાઈઓ ઘટવા લાગી. સિંધ નબળું પડતાં અને સ્વાતંત્ર્ય ચળવળ થતાં લશ્કરનું મહત્ત્વ ઘટવા લાગ્યું હતું.

સ્વાતંત્ર્ય બાદ તો રાષ્ટ્રીય લશ્કર થયું. ભૂમિદળ તથા હવાઈદળ કચ્છમાં રહે છે.

## પ્રજા જીવન

'મિલેનિયમ' દરમિયાન કઈ પ્રજાઓ કચ્છમાં આવીને વસી?

કચ્છના મૂળ વતનીઓ કોણ તે પ્રશ્ન છે. સામાન્ય રીતે કાઠીઓ, આહીર, રબારી તથા ભરવાડો મૂળ વતની ગણાય છે. અત્યારે જે લોકો છે તે બધા તો બહારથી આવેલા છે. **કચ્છનો રાજવંશ સિંધમાંથી આવેલો છે. ભાટિયા - લોહાણા સિંધ - મુલતાનથી આવેલા છે.** બ્રાહ્મણો, રાજગોરો ખેંગારજી સાથે આવેલા છે. વાઘેલા, ચાવડા, સોલંકી વગેરે ગુજરાતમાંથી આવ્યા છે. કારીગરો સિંધ, ગુજરાતમાંથી આવ્યા છે.

કચ્છમાં મુખ્યત્વે હિંદુઓ અને મુસલમાનો વસવાટ કરતા રહ્યા છે. બહુ મોડેથી થોડા પારસીઓ ઉમેરાયા છે. બ્રિટીશરો માત્ર અધિકારી તરીકે રહ્યા હતા. સ્વાતંત્ર્ય બાદ નોકરી અર્થે ઉત્તર ગુજરાત, મહેસાણાથી ખૂબ લોકો કચ્છમાં આવીને વસ્યા છે.

હજાર વર્ષ દરમિયાન પુષ્કળ કચ્છીઓ વિદેશ ગયા છે. કચ્છમાં પાણીની તંગી, જૂનવાણી વાતાવરણ, તકોનો અભાવ તથા દરિયો — આ પરિબળોને પ્રભાવે કચ્છીઓ ભારત, આફ્રિકા તથા દક્ષિણ પૂર્વ એશિયામાં ગયા છે અને મોટી પેઢીઓ સ્થાપી વેપારી બન્યા છે. સ્વાતંત્ર્ય પછી તેમણે કચ્છમાં નાણું રોક્યું છે. તેથી કચ્છમાં બેન્કિંગ પ્રવૃત્તિ ખૂબ વિકસી છે. હવે તો **'બિન રહેવાસી ભારતીયો' (N.R.I.)** તરીકે તેઓ મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે અને તેમની સહાયથી શિક્ષણ, આરોગ્ય જેવી પ્રવૃત્તિઓ ઝડપથી વિકસી રહી છે.

હજાર વર્ષ દરમિયાન પ્રજાએ સામાન્ય રીતે શાંત જીવન ગાળ્યું છે. આર્થિક રીતે પણ ખાસ તકલીફ ભોગવી નથી - દુકાળોના અપવાદ બાદ કરતાં. હા, સિંધ, મારવાડ, મોરબી વગેરેની ખટપટોને કારણે જે કંઈ ચડાઈઓ થઈ તે ઉત્તર-પૂર્વથી થતી. તેથી પૂર્વ કચ્છમાં અંધાધૂંધી ઘણી રહેતી. તેની તુલનામાં પશ્ચિમ-દક્ષિણ-મધ્ય કચ્છે શાંતિ અને સમૃધ્ધિ ભોગવ્યા છે. બધી જ જાતિના લોકો પરસ્પર હળીમળીને રહેતા ભાયાતોના પ્રદેશમાં ખેડૂતો થોડા દુઃખી રહેતા. ગામડાંઓમાં મહાજનો ગામ કલ્યાણનું ધ્યાન રાખતા.

**સ્વાતંત્ર્ય પછી તો પંચરંગી પ્રજા થતી જાય છે. છતાં એકંદરે શાંતિથી જીવે છે.**

● **ધર્મ :**

'મિલેનિયમ'ની શરૂઆતમાં કચ્છમાં સિંધથી સમા રાજપૂતો આવ્યા. તેમનો ધર્મ કયો હતો તે નક્કી નથી થતું. પણ જેમ્સ બર્ન્સના મતે શરૂઆતમાં તેઓ મુસ્લિમ ધર્મ પાળતા. સમય જતો ગયો તેમ અને સત્તાધારી બનતા ગયા તેમ હિંદુ ધર્મના રિવાજો સ્વીકારતા ગયા અને બસ્સો વર્ષમાં તો હિંદુ રજપૂતોમાં ભળી ગયા.

કચ્છના રાજવીઓનો અભ્યાસ કરીએ તો જણાય છે કે, રાયધણજી બીજાને બાદ કરતાં, બધાએ ધર્મ બાબતમાં ઉદારતા જ બતાવી છે. રાજાઓ મંદિર-મસ્જિદ બંનેમાં જઇ માન આપતા. લખપતજીએ બગદાદમાં દરગાહ બંધાવી આપેલી. રાજાઓ માંડવીથી જતા હજયાત્રીઓને મફત વહાણ પણ આપતા. આગળ કહ્યું તેમ ફતેહમામદે રાજાને મુસ્લિમ ધર્મ પ્રસરાવતાં અટકાવેલ. તેણે ધાર્યું હોત તો તેને મદદ કરી શકત, પણ કચ્છનાં ઉદાર વાતાવરણમાં શ્વાસ લેવાને કારણે તેને એ વિચાર જ ન આવ્યો.

**કચ્છમાં હિંદુ, જૈન, મુસ્લિમ મુખ્ય ધર્મો તરીકે**

**વિકસ્યા છે.** સાથે સાથે બધાના વિવિધ સંપ્રદાયો પણ મુક્ત રીતે પ્રસર્યા છે. ધર્મસ્થાનો બંધાવાથી ભક્તિમાર્ગ વધુ વિકસ્યો છે.

આ બધી ઉદારતાનું કારણ **સંત મેકણ, શાહ મુરાદ** જેવા સંતો છે. અન્ય ભારતીય સંતોની જેમ આ સંતોએ પણ સમન્વય તથા સહિષ્ણુતાનો સંદેશ પ્રસરાવ્યો હતો. વળી, **નારાયણ સરોવર**ની યાત્રાએ આવતા અનેક સંતો - સંન્યાસીઓએ કે સૂફી ફકીરોએ પણ તેમાં મદદ કરી. સાથે રણ તથા દરિયાના કારણે અલગ પડી જવાથી બહારના ઝનૂની પ્રભાવો — ખાસ કરીને સિંધના — થી કચ્છ મુક્ત રહ્યું છે. સમગ્ર હજાર વર્ષ દરમિયાન અહીં વાતાવરણ સુમેળભર્યું રહ્યું છે. સ્વાતંત્ર્ય બાદ વિદેશી પ્રયાસો છતાં અયોધ્યાનો બનાવ બનવા છતાં અહીં ઝનૂન પ્રગટ થયું નથી કે કોમી તોફાનો નથી થયાં તે આનો પુરાવો ગણી શકાય.

## સામાજિક સુધારા

સામાજિક સુધારાનો પ્રથમ અણસાર સંત મેકણ આપે છે. ત્યારે સમાજમાં પ્રવર્તતા અસ્પૃશ્યતાનો રિવાજ, ધન ઘેલછા વગેરે સામે તે ચેતવણી આપે છે. એટલું જ નહીં, વ્યવહારુ જીવનમાં પણ તેના ઉદાહરણો આપે છે.

સંત મેકણે રાવ દેશળજી પર ખૂબ પ્રભાવ પાડ્યો છે. તે તેમના શિષ્ય જ બન્યા હતા. સંભવ છે, તે પણ તેમના પ્રભાવે સામાજિક સુધારામાં રસ લેતા થયા હશે. તેમણે રજપૂતોમાં પ્રવર્તતી બાળહત્યાની પ્રથા, સતીના રિવાજ સામે પગલા લીધા હતા. રજપૂતોમાં જન્મતી પુત્રીઓની જન્મનોંધ તથા મૃત્યુનોંધ ફરજિયાત કરાવી હતી.

રાવ પ્રાગમલજી બીજા પણ સમાજ સુધારક તરીકે પ્રગટ થાય છે. **તેમણે દિવાની તથા ફોજદારી કાયદા ઘડ્યા અને તે માટે કોર્ટ પણ શરૂ કરાવી. તેથી ન્યાયની વ્યવસ્થિત પ્રથા શરૂ થઇ. તેમણે પણ બાળકીઓને દૂધ પીતી કરવાની પ્રથા સામે પૂર્ણ કડકાઈ બતાવીને બંધ કરાવી.** તેમણે અદ્ભુત કાર્ય કર્યું, તેમણે ગુલાબની પ્રથા જ નાબૂદ કરાવી. વિદેશોમાં કચ્છી વેપારીઓ આ વેપાર કરતા હતા. તેમને પણ અટકાવ્યા. સાથે જરૂર પડ્યે કચ્છ બહાર જવાની પ્રથા શરૂ કરી. પણ તેમનો જે મહત્તમ ફાળો હતો તે શિક્ષણ વધારવાનો. તે સમજતા હતા કે યુગ બદલી રહ્યો છે ત્યારે અંગ્રેજો સાથે ઊભવા તથા પ્રગતિ કરવા શિક્ષણ લેવું અનિવાર્ય છે. **તેથી તેમણે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ શરૂ કરાવી.** તેમના રાજ્ય અમલ દરમિયાન ઈક્કોતેર શાળાઓ અસ્તિત્વમાંઆવી. સાથે પુસ્તકાલયોને પણ પ્રોત્સાહન આપ્યું.

આમ છતાં, મહદ્ અંશે, સમાજ મધ્યયુગી માનસમાં જ રહ્યો. ત્યારના જ્ઞાતિના બંધનો કડક હતા. અસ્પૃશ્યતા પણ હતી. તેના દાખલા સ્વાતંત્ર્ય સંગ્રામના સમય દરમિયાન જોવા મળે છે. **ગાંધીજી કચ્છના પ્રવાસે આવ્યા ત્યારે અસ્પૃશ્યતાના સંદર્ભમાં ભુજમાં તેમના પ્રત્યેનું વર્તન અને માંડવીમાં તો તેમને મારવાની તૈયારી પણ થઈ તે નોંધનીય છે.** તેમની સાથે રહેલા પાંચ કાર્યકરોને તેમની જ્ઞાતિએ નાત બહાર કાઢેલા. તેમની હાજરીમાં અસ્પૃશ્યોને માટે શાળા ખોલનારને છેવટે કચ્છ છોડી ચાલ્યા જવું પડેલું.

સ્વાતંત્ર્ય બાદ તો બંધારણ અસ્તિત્વમાં આવતા ઘણું ઘટવા લાગ્યું છે. રેડિયો અને ટી.વી. હવે બંધનો તોડે છે. આંતરજ્ઞાતિય લગ્નો વગેરે સામાન્ય થતા જાય છે. છતાં હજી જ્ઞાતિનો પ્રભાવ ચાલુ દેખાય છે.

## સાંસ્કૃતિક વિકાસ

સામાન્ય રીતે તો સમગ્ર ભારતમાં જે રીતે સંસ્કૃતિ વિકસતી હતી, તેનો જ પ્રભાવ કચ્છ પર રહેતો હતો. છતાં મુખ્યત્વે સિંધ, રાજસ્થાન તથા ગુજરાતનો પ્રભાવ વધુ હોવાથી ત્યાં થતા ફેરફારો અહીં પણ અનુભવાતા હતા.

- **સાહિત્ય :**

**રાવ લખપતજીએ સાહિત્યને જાહેરમાં સ્વીકૃતિ આપી.** પોતે સારા સાહિત્યકાર હતા. સાથે વ્રજશાળા ખોલી કવિઓ સર્જવાનો સારો પ્રયાસ કર્યો. ત્યાર પછી મેકણ સંત-કવિ તરીકે જાણીતા થયા. અન્યમાં કવિ કેશવ, રાઘવ, દુલેરાય કારાણી, નિરંજન વગેરે થયા. સ્વાતંત્ર્ય પછી જયંત ખત્રી, બકુલેશ, વિનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા વગેરેએ અગત્યનો ફાળો આપ્યો છે. કચ્છ રાજ્યે સાહિત્યને ઉત્તેજન પણ આપ્યું છે. મણિભાઈ જશભાઈ સાહિત્યપ્રેમી દીવાન હતા. રણછોડભાઈ ઉદયરામ, કેશવ હર્ષદ ધ્રુવ જેવા સાહિત્યકારો કચ્છમાં રહી ગયા છે.

- **સંગીત :**

રાવ લખપતજી આમાં પણ આગળ પડતા તરી આવે છે. તે સારા સંગીતપ્રેમી હતા. અન્ય રાજાઓના દરબારમાં સંગીતકારોને માન મળતું. **સ્વાતંત્ર્ય બાદ વિનાયક વોરા, કલ્યાણજી - આણંદજી, સુલેમાન જુમા, વનરાજ ભાટિયા વગેરેએ મોટો ફાળો આપ્યો છે.**

- **ચિત્ર :**

કચ્છના વિવિધ મહેલો - ગઢોમાં ચિત્રકારી જોવા મળે છે. આયના મહેલનાં ચિત્રો રામસિંહની કળાસૂઝ બતાવે છે.

રાજાની અસવારીનું ચિત્ર, રામસિંહ રાઠોડના મ્યુઝિયમમાંના ચિત્રો કચ્છી કલાકારોની ઊંડી અને આગવી સમજ બતાવે છે. સ્વાતંત્ર્ય બાદ એલ.સી. સોની, એલ. એમ. પોમલ જેવા ચિત્રકારોએ દેશમાં નામના કાઢી છે. ભુજમાં તો 'આર્ટ સ્કૂલ' ચાલતી. તે જ કળાપ્રીતિનાં દર્શન કરાવે છે. ફોટોગ્રાફીમાં ટી.એસ. લાલ, એલ. એમ. પોમલ, વસંત સંઘવી, રમેશ સોની, જયેશ શેઠ જેવા રાષ્ટ્રીય ક્ષેત્રે નામના કાઢી રહ્યા છે.

આ ઉપરાંત આ મિલેનિયમમાં 'હસ્તકળાઓ' પણ વિકસતી રહી છે. બાંધણી, બાટીક, ભરતકામ જેવી નાની મોટી અનેક હસ્તકળાઓએ કચ્છના આત્માના શણગારને વ્યક્ત કર્યો છે. સ્વાતંત્ર્ય પછી તેનો ઘણો વિકાસ થતો રહ્યો છે. આજે તો કચ્છી હસ્તકળા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મશહૂર છે.

## શિલ્પ - સ્થાપત્ય

મિલેનિયમનું પ્રભાત ફુટવાની શરૂઆત થતી હતી ત્યાં કચ્છે કેરા તથા કોટાયનાં ભવ્ય મંદિરો ભેટ આપ્યા હતા.

'જામ' રાજાઓના સમયમાં **માતાના મઢનું મંદિર** બાંધવાની શરૂઆત થઈ હશે. દેશળજી પ્રથમના સમયમાં ભુજનો ગઢ મજબૂત કરાય છે, પણ તેમાં કળા - શિલ્પનો અભાવ દેખાય છે.

રાવ લખપતજીના સમયમાં કલા - શિલ્પનો સુવર્ણયુગ દેખાય છે. રામસિંહ માલમની મદદથી તેમણે કળાનો ખજાનો જ ઊભો કર્યો. તેમાં ટોચરૂપ છે 'આયના મહેલ.' તેનું બાંધકામ, તેની કારીગરી, તેમાં મૂકેલ વસ્તુઓ, ચિત્રો, જાળીઓ — બધું જ આજે પણ જોનારને આકર્ષે છે. ઉપરાંત છતરડી, માંડવીનાં મકાનો વગેરે પણ ધ્યાન ખેંચે છે. બંનેએ સાથે મળીને જાણે કચ્છમાં સાંસ્કૃતિક આંદોલન ઊભું કર્યું હતું. સાથે કચ્છી ભરત, મીનાકામ, ધાતુકામ ક્ષેત્રે પણ સર્વોચ્ચતા મેળવી. અલબત્ત, આ બધાને કારણે રાજ્યની તિજોરી પર ખૂબ બોજો આવી ગયો હતો.

ત્યાર પછી છેક પ્રાગમલજી બીજાના સમયમાં થોડો સળવળાટ દેખાય છે. તેમણે ઇટાલિયન બાંધણીવાળો ટાવરવાળો રાજમહેલ બાંધ્યો. **સાથે ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, જેલ વગેરે મકાનો બંધાવ્યા.** ત્યાર પછીના છેલ્લા ત્રણ રાજાઓનું આ ક્ષેત્રે ખાસ પ્રદાન નથી. વિજય વિલાસ મહેલ જેવું છૂટક કામ દેખાય છે.

આ સમગ્ર સમય દરમિયાન થોડાં મંદિરો - મસ્જિદો કે અન્ય બાંધકામો થયા છે પણ ધ્યાન ખેંચે તેવા નથી. સ્વાતંત્ર્ય બાદ થોડા જૈન મંદિરો શિલ્પની દૃષ્ટિએ થયા છે પણ કલા ક્ષેત્રે મોટા કામ નથી દેખાતા. આ હજાર વર્ષ દરમિયાન થયેલા કલાકારોના નામ ખાસ મળતા નથી. માત્ર રામસિંહ આગળ તરી આવે છે. અન્ય કલાકારો થયા જ હશે, પણ નોંધ નથી. સ્વાતંત્ર્ય બાદ તો શિલ્પ ક્ષેત્રે ખાસ કલાકાર દેખાતા નથી.

**એકંદરે, હજાર વર્ષમાં રાષ્ટ્રનું ધ્યાન ખેંચે તેવું ખાસ દેખાતું નથી.**

## આર્થિક સ્થિતિ

આ સમગ્ર કાળ દરમિયાન કચ્છના મુખ્ય વ્યવસાયો ખેતી, પશુપાલન, દરિયાઇ વ્યાપાર, હસ્તકળાઓ, મત્સ્યોદ્યોગ વગેરે રહ્યા છે.

'મિલેનિયમ'ની શરૂઆતમાં રાવ રાયધણજીના સમયમાં થયેલ ભૂકંપે રણને ઉપસાવ્યું. તેથી ખેતીને નુકસાન થયું હશે. સાથે અન્ય વિસ્તારોથી અલગ પડી જવાથી જમીન માર્ગે થતા વ્યાપારને નુકસાન થયું હશે. પણ એકંદરે ત્યારે કોઈ વિજેતાને આકર્ષી શકે તેટલી સમૃધ્ધિ આ પ્રદેશમાં નહીં હોય.

રાવ ભારમલજીએ દરિયાપારનો વેપાર વધારવામાં રસ લીધો છે. તેથી વહાણ ઉદ્યોગ વિકસ્યો હશે. **તેમના સમયથી કચ્છનું અલગ નાણું શરૂ થયું છે.** તે પણ તેમની સારી આર્થિક સ્થિતિનું સૂચક ગણી શકાય.

રાવ ગોડજીએ નવા ગામો વિકસાવી, પડતર જમીનને ખેડવાણ બનાવી ખેતીના વિકાસમાં ફાળો આપ્યો છે. કચ્છમાં આવનારી આર્થિક આબાદીનો પાયો તેમણે નાખ્યો છે. **રાવ દેશળજીના સમયમાં આર્થિક પ્રગતિ ઘણી બધી હતી.** નવા ગામો વિકસતા હતા. રાવ લખપતજી કળાના શોખીન હોવાથી ખૂબ ઉડાઉ હતા. છતાં ત્યારે કરવેરા ઓછા હતા. આવક ખૂબ થતી હતી. તેથી આર્થિક આબાદી તો હશે જ. ગોડજીના સમયમાં તો કચ્છ સુખ સમૃધ્ધિના શિખરે હતું તેવું કહેવાય છે. વહાણ ઉદ્યોગ, દરિયાઇ વ્યાપાર વગેરે વધ્યા હતા. અનાજની નિકાસ પણ થતી હતી.

રાવ ભારમલજીના સમયનું વર્ણન કરતા **મેકમર્ડો** લખે છે, "માંડવીનાં બંદરમાં ૮૦૦૦ જેટલા વહાણો રોકાયેલા રહેતા હતા. માંડવી બંદર તથા શહેરની વાર્ષિક ઉપજ અઢી લાખ રૂપિયા જેટલી હતી. લખપતની ૬૦,૦૦૦ અને મુંદ્રાની ૩૦,૦૦૦ હતી." કર્નલ ટોડે પણ તેને ટેકો આપ્યો છે.

**૧૮૧૯ના ધરતીકંપે** પશ્ચિમ કચ્છને, ખાસ કરીને લખપતને, ખૂબ નુકસાન પહોંચાડ્યું. ચોખાની ખેતી બંધ થઈ ગઈ.

રાવ દેશળજીના સમયનું વર્ણન કરતાં **કેપ્ટન જેમ્સ બર્ન્સે** કહ્યું છે કે ત્યારે દરિયાઇ વ્યાપાર વધતો હતો. જમીન વેપાર પોઠોથી થતો હતો. ખેડૂત કરતાં માલધારીની સ્થિતિ સારી

હતી. ગરાસ હેઠળનાં ગામોમાં અંધાધૂંધી પ્રવર્તતી હોવાથી ખેતી કરવા માટે લોકોમાં ઉત્સાહ ઓછો હતો. પૂર્વ કચ્છમાં રાજકીય સ્થિતિ નબળી હોવાથી વિકાસ ઓછો હતો. સારો વરસાદ થાય તો વસતી પાંચ લાખની થતી. દુકાળના સમયમાં લોકો સિંધ બાજુ ચાલ્યા જતા. દેશળજીનો સમય આર્થિક પ્રગતિનો સમય જણાય છે.

પ્રાગમલજી બીજાએ વહીવટ સુધારી મહેસૂલી આવક વધારી, પણ પૂર, તીડ, દુકાળો વગેરેને કારણે આર્થિક ડામાડોળતા રહેતી હતી. ખેંગારજી ત્રીજાને ઘણાં કામો કરવા હતા, પણ આર્થિક સંકડામણને કારણે કરી શકતા ન હતા. **છતાં કંડલા શોધ્યું,** સિંચાઇ યોજનાઓ, ખેતી વગેરેમાં સુધારા કરવા પ્રયાસો કર્યા.

કચ્છના રાજાઓની આવક ઓછી હતી. ક્યારેક તો ખર્ચ ખૂબ હતા. છતાં મોટાભાગના સમયમાં કરવેરા ઓછા રહ્યા તે ધ્યાન ખેંચે છે. તેનું કારણ એ મનાય છે કે રાજાને ખેંચ પડતી ત્યારે ગામના મહાજનો તેને પૈસા ધીરતા. સામે પક્ષે રાજાઓ તેમને સ્વતંત્ર રીતે વેપાર કરવા દેતા. બીજી બાજુ ભાયાતોના વિસ્તારમાં દષ્ટિના અભાવે ખેતી વિકસી શકી ન હતી.

એકંદરે, લોકો સંતોષી હોવાથી સુખ-શાંતિથી રહેતા હતા. દુકાળોને બાદ કરતાં તકલીફો ભોગવતા ન હતા.

સ્વાતંત્ર્ય બાદ પંચવર્ષીય યોજનાઓનો લાભ મળવો શરૂ થયો. નવા કાર્યો શરૂ થયા. ખેતી વગેરેને પ્રોત્સાહન મળવા લાગ્યું. વિજ્ઞાનની મદદ મળી. રસ્તા, વાહન વ્યવહાર સુધરતાં ગયા છે. સ્વૈચ્છિક સંસ્થાઓનું માર્ગદર્શન વધવા લાગ્યું છે. તેથી ધીમે ધીમે પણ ચોક્કસ રીતે કચ્છની આર્થિક પ્રગતિ થતી જાય છે.

- **સમાપન :**

સમગ્ર હજાર વર્ષનું અવલોકન અને પૃથક્કરણ કંઇ આટલું ટૂંકમાં કરી શકાય નહીં. તે કાર્ય તો હવેના સમયમાં નિરાંતે થશે. આ તો માત્ર રૂપરેખા જ ગણી શકાય.

સમગ્ર હજાર વર્ષ પર નજર નાખતાં દેખાય છે કે કચ્છ સામાન્ય રીતે સુખી-સ્વસ્થ પ્રદેશ રહ્યો છે. સંતોષ, તુલનાનો અભાવ, રાજ્ય ભક્તિ વગેરેને પરિણામે અસંતોષને ઓછી તક મળી છે. પણ સ્વાતંત્ર્ય સમયે રાજકોટ, વડોદરા, પોરબંદર, ભાવનગર, ગોંડલ વગેરે જેટલાં પ્રગતિશીલ હતાં, તેનો અંશ પણ કચ્છમાં ન હતો. અન્ય કારણોના સ્વીકાર સાથે મોટાભાગના રાજાઓમાં કલ્પના શક્તિનો અભાવ દેખાય છે. ઈંગ્લેન્ડ વગેરે જવા છતાં તેવી સગવડો ઊભી કરવાનો વિચાર તેમણે કર્યો નથી દેખાતો. તેમને પ્રભાશંકર પટ્ટણી જેવા સમર્થ સલાહકારો પણ નથી મળ્યા.

હવે જ્યારે નવી સદી અને નવું મિલેનિયમ શરૂ થયું છે **ત્યારે કચ્છ પ્રગતિના પંથે દેખાય છે.** નવા ઉદ્યોગો કચ્છમાં પ્રવેશી રહ્યા છે તે શુભ ચિહ્ન છે. પણ અભાવગ્રસ્ત વ્યક્તિને અચાનક સમૃધ્ધિ દેખાય અને તેને તે વગર વિચાર્યે સ્વીકારી લે અને વખાણ કરે, તેવી જ સ્થિતિ કચ્છની છે. ઉદ્યોગો આવે તે આવશ્યક્તા છે, પણ સાથે પર્યાવરણના પ્રશ્નોનું ઉલ્લંઘન થાય છે તેની સામે ચેતવાની જરૂર છે. ઉદ્યોગો ફાયદો તો જે કરે તે, પણ મોટાભાગના વિસ્તારનાં પર્યાવરણને નુકસાન તો કરશે જ — જો પ્રજા જાગૃત નહીં રહે તો! અને, કમનસીબે, પ્રજા જાગૃત નથી!!

એટલે, આવતી સદી "જાગૃતિ"ની અને "વિવેક"ની સદી બને તેવું જ ઇચ્છવું રહ્યું. ■

## જામ ફૂલો

(અનુ. : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)

વિશાળ સેના અને અજો અને અણગોર નામના બંને શાહુકારો પણ આપ્યા. બધું લઈને ફૂલ કચ્છમાં આવી પહોંચ્યો. જો કોઈ અભિજાત વ્યક્તિ ભૂલમાં ડૂબી ગયો હોય, પણ જો તેને સમયસર જગાડનાર કોઈ ઘટના બને કે કોઈ માણસ મળી જાય તો તે જાગીને બમણા વેગથી પોતાનાં કર્તવ્યો બજાવવા લાગે છે. શરત એટલી કે તે અભિજાત વ્યક્તિ હોવી જોઈએ.

વિશાળ સેના સાથે ફૂલ કંથકોટની નજીક પહોંચી ગયો. જ્યાં તેણે છાવણી નાખી તેને આજે 'ત્રીકડી' કહેવાય છે. ફૂલની વિશાળ સેનાને જોઈને ધરણ વાઘેલો ગભરાયો. તે નમી પડ્યો. સંધિ કરી. કંથકોટ છોડી દીધું, એટલું જ નહીં, પોતાની રાજકુમારી પણ ફૂલને પરણાવી. જ્યારે ચઢતીના દિવસો આવે છે ત્યારે ચારે તરફથી ચઢતી થવા લાગે છે.

સંધિ કર્યા છતાં ધરણ વાઘેલાની દાનત સુધરી ન હતી. તે હજી પણ ફૂલનું કાસળ કાઢી નાખવાની પેરવી કરતો રહેતો હતો. જે ખાનદાન ન હોય તે ગમે તેટલો નમી પડે તો પણ તેનો વિશ્વાસ ન કરાય. ફૂલ તેની દાનત પારખી ગયો. અંતે એક દિવસે તેને જીવતો પકડી લીધો અને તેની જીવતાં ચામડી ઉતરાવી, પછી ગરદન કાપી નાખી પોતાના પિતાનું વેર લીધું. પોતાના પિતાની આવી દુર્દશા કરેલી જોઈને વાઘેલી રાણી (ધરણની કન્યા) છંછાડાઈ ગઈ. તેણે પતિનો ત્યાગ કરી હિમાલયમાં તપ કરવા જવાનું નક્કી કર્યું. પણ તેને પૂરા માસ જતા હોવાથી અને ફૂલકુમારે પોતાની અમાનત માગવાથી પેટમાં કટારી ઘોંચીને ગર્ભ કાઢી આપ્યો. આ ગર્ભથી જે કુંવર થયો તે ધારો કુંવર કહેવાયો.

વાઘેલી રાણી કુંવર આપીને ચાલતી થઈ. વેર-ઝેર, દગા-ફટકા અને ડહાપણ વિનાના શૂરાતનનો ઈતિહાસ ડગલે ને પગલે દેખાતો રહે છે. ■

કચ્છ દર્શન

# સત્યનો પ્રભાવ

વર્ષા ઋતુની રમણીય સવાર હતી. ઠેકઠેકાણે ઊગી નીકળેલાં લીલાંછમ તૃણાંકુરો દષ્ટિને પ્રસન્ન કરી દેતાં હતાં. આખી રાત વરસીને થાકેલા મેહુલાએ પાછલી રાતે જ જરા વિસામો લીધો હતો. **વાંકી - પત્રી** વચ્ચે વહી રહેલી ભૂખી અથવા નેરણ નદીનો ધસારાબંધ વહેતો પ્રવાહ કંઈક હળવો બનીને બંને કાંઠે ઊભેલા લોકોને ઉકાર આપવા આમંત્રી રહ્યો હતો.

વર્ષા ઋતુની મનોહરતાનો આનંદ માણવાનો ઉત્સાહ પુખ્ત વયના માણસો કરતાં નાનાં બાળકોમાં અધિકતર જોવામાં આવે છે. કૃત્રિમતાને અભાવે નાનાં બાલુડાં કુદરત સાથે ઝટ ઓતપ્રોત થઈ જાય છે. મોટા માણસોમાં આવી વસેલી કૃત્રિમતા તેમને તેમ કરતાં અટકાવે છે.

વાંકી ગામના બાલમિત્રોની મંડળી આજે નેરણ નદીને કિનારે એકત્ર થઈને અનેક પ્રકારની રમતો રમી રહેલ છે. નદીના પૂરની એને પરવા નથી. ભીંજાવાનો ભય નથી. મગજમાં કશી ચિંતા નથી. સૌ કોઈ પોતપોતાની રમતમાં મશગૂલ છે.

કેટલાંક બાળકો માનવ હૃદયના આશા - મહેલો જેવાં રેતીનાં ઘરો ઘડીકમાં ચણી નાખે છે. ઘડીકમાં ચોળી નાખે છે. કેટલાંક નદીની રેતીમાં નાના વીરડા બનાવે છે અને તેમાં પાણી પ્રકટતાં ઉત્સાહમાં આવીને તાળીઓ પાડે છે. કેટલાંક તો લાત મારીને જમીનમાંથી પાણી કાઢવાની પોતાની શક્તિ જોઈને ફુલાઈ જાય છે અને પોતાના પરાક્રમની પરીક્ષા કરવા અન્યોને આમંત્રે છે.

આ રીતે વાંકીના બાલમિત્રો નાનાવિધ પ્રકારની રમતગમતમાં ગુલતાન બની ગયાં છે. અહીં એક ઓસવાળ કોમની વણિક બાલિકા નદીની ભેખડ ઉપર એકલી એકલી ખાડો ખોદી રહી છે. ખાડો જરા ઊંડો થતાં ઢાંકણીથી ઢાંકેલી માટીની મગ (= મોટા ઘડા જેવું સાંકડા મોઢાનું વાસણ) જમીનમાં દાટેલી દેખાય છે.

મગનું ઢાંકણું ઉઘાડી જોતાં તેમાં કાટથી લીલા રંગની બનેલી રાસાઈ કોરીઓ જોવામાં આવી. આ કોરીઓ જોઈને બાલિકાના આનંદનો પાર રહ્યો નહિ. વણિક બાળાએ બધી કોરીઓ હાથની બે સપડતી મુઠ્ઠીઓમાં ભરી લીધી. મંગ મોટી હતી પણ કોરીઓ આ બાળાની મુઠ્ઠીઓમાં સમાઈ જાય એટલી જ હતી. બંને મુઠ્ઠી કોરીઓથી ભરીને આ બાળા એકદમ પોતાની માતા પાસે દોડી ગઈ.

કોરીઓ લાવનાર બાલિકાનું નામ હતું **જેઠીબાઈ** અને એની માતાનું નામ હતું **ઉમરબાઈ.**

પરમાત્માનાં સ્તવનો ગાતાંગાતાં આખો દિવસ રેંટિયો કાંતવાનું પવિત્ર કાર્ય જેનું નિત્ય કર્મ છે એવી આ ભક્તિ ભરપૂર હૃદયવાળી ધર્મપરાયણા ઉમરબાઈનું નિર્મળ મન બાલિકાની બે મુઠ્ઠી કોરીઓના મોહમાં મોહાઈ જાય એવું ન હતું. ઉમરબાઈએ આ કોરીઓને એક કુલડીમાં નાખીને તે ઊંચી રાખી દીધી.

ઉમરબાઈના પતિનું નામ પાલણશા. ધંધો ખેતીનો. હમણાં ચોમાસાની મોસમ હોવાથી પાલણશા આખો દિવસ ખેતીના કામમાં જ રચ્યોપચ્યો રહેતો.

સાંજે પાલણશા ખેતરના કામકાજમાંથી પરવારીને ઘેર આવ્યો ત્યારે ઉમરબાઈએ જેઠીને જડેલી કોરીઓ સંબંધી સઘળી હકીકત તેની પાસે રજૂ કરી. જમીનમાંથી જડેલી કોરીઓ પત્રી જઈને પત્રીના ઠાકોરને આપી આવવા ભલામણ કરી.

પાલણશાએ કહ્યું : 'હમણાં તો ખેતીના કામમાંથી ઘડીવારની પણ ફુરસદ નથી. પણ ચાર દિવસ પછી પાખી આવે છે એટલે પાખીના દિવસે આ કોરીઓ પત્રી દરબારને આપી આવીશ.'

વાંકી અને પત્રી એ બંને ગામો નેરણ નદીને સામસામે કિનારે આવેલ છે. નેરણ નદી પોતાના પ્રવાહથી આ બંને ગામોને વિખૂટાં પાડે છે. આમ છતાં બોલચાલમાં તો વાંકી - પત્રી નામ સાથે જ બોલાય છે. વાંકી અને પત્રીના ગામધણી ગ્રાસીઆ પત્રીમાં જ રહેતા હતા.

પાખી આવી પહોંચતા પાલણશાને જરા અવકાશ મળ્યો. જમીજૂઠી, કોરીઓવાળી કુલડી ખેસમાં બાંધી પાલણશા પત્રી તરફ ચાલતા થયા.

પત્રી દરબાર અને એમનો કારભારી દરબારગઢની ડેલીમાં વાતો કરતા બેઠા હતા ત્યાં પાલણશા પણ આવી પહોંચ્યો.

**'પાલણશા, અજ તા આંઈ નિકરી આયા?'** (પાલણશા, આજે તો તમે નીકળી આવ્યા!') પત્રી દરબારે પાલણશાનો સત્કાર કરતાં પ્રશ્ન કર્યો.

'બાવા, ઘણા દિવસથી તમારાં દર્શન થયા ન હતાં, એટલે મળવાનો વિચાર કરતો હતો ત્યાં એક બીજું કામ નીકળી આવ્યું.'

'તો વાત કરો, શું કામ છે?'

'બાવા! વાત એમ છે કે ચાર-પાંચ દિવસ પર મારી દીકરી જેઠી આપણી નદીમાં બીજાં છોકરાં જોડે રમતી હતી. એને રમતાંરમતાં નદીમાં દાટેલી આ કોરીઓ મળી હતી તે આપની પાસે લઈ આવવાની હતી. આજે પાખી હોવાથી એ લઈ આવ્યો છું.' એમ કહીને પાલણશાએ ખેસમાંથી કોરીઓની કુલડી કાઢી દરબારના પગ પાસે મૂકી.

પાલણશાનું પ્રામાણિકપણું જોઈ દરબાર ખુશ થયા. પાલણશાને શાબાશી આપી. પાસે બેઠેલા કારભારી બાસે પાલણશાની પ્રામાણિકતાનાં વખાણ કર્યાં.

થોડી વારની વાતચીત પછી પાલણશા પત્રી દરબારને સલામ કરી વિદાય થયો.

'બાવા! જોઈ આ વાણિયા વિદ્યા?' દરબારી કારભારીએ ટકોર કરી.

'એમ કેમ કહો છો, કારભારી?' દરબારે કારભારીને પ્રશ્ન કર્યો.

'બાપુ! આ વાણિયો આપણને બનાવી ગયો! શું એને એટલી જ કોરી મળી હશે?'

'ત્યારે તમે શું ધારો છો?'

'ધારવું તો ખુલ્લું છે બાપુ! એની દીકરીને એટલી જ કોરીઓ મળી હોય તો તે આપણને દેવા આવે એવો સતવાદી કે'દી હતો? વળી એ કહે છે કે ચાર-પાંચ દિવસ પહેલાં કોરીઓ મળી હતી. તો પત્રી ક્યાં દૂર છે? તે દિવસે જ કેમ ન આવે? દરબાર! આપ તો રાજા છો એટલે એની વાત સાચી માની લ્યો! અમે તો આવા દાખલા નજરે જોઈ લીધા છે. એને તો કોઈ મોટો ખજાનો હાથ ચડ્યો હોય એમ લાગે છે. આ વાત પાધરી થાય છે કે કેમ, તેની એણે ચાર-પાંચ દિવસ સુધી વાટ જોઈ. પછી વિચાર્યું કે ન કરે નારાયણ ને આ વાત જાહેર થાય તો તેમાંથી છટકી જવાના બહાનારૂપે આ એક મુઠ્ઠી કોરીઓ આપીને આપનું મન મનાવી ગયો. માળો ભારે ચાલાક હોં! બાવા! પાલણીઓ એટલે તમે શું સમજો છો? એ તો મોટો છે તે છે! નંદના ફંદ ગોવિંદ ન જાણે!'

કારભારીની આ લાંબી કહાણીથી દરબારનું મન પણ ઢચુપચુ થઈ ગયું. એને થયું કે કારભારીની વાત ખોટી નથી. જ્યાં કોરીઓ દાટેલી હોય ત્યાં આટલી તો ન જ હોય. કોરીઓનો ખજાનો પાલણીઆએ દાબી દીધો હશે?'

દરબારની શંકાને સ્વાર્થવૃત્તિએ વધારે ઉશ્કેરી. ધનમોહની લાલસા વધુ પ્રબળ બની. કારભારીને સાથે લઈને પત્રી દરબારે આ વાતની પાકી તપાસ ચલાવવા અને વાણિયાની ખબર લેવા વાંકી જવા માટે નેરણ નદીના છીછરા પ્રવાહમાં ઝંપલાવી દીધું.

થોડી જ વારમાં નદી ઓળંગી બંને વાંકી ગામે આવી પહોંચ્યા. વાંકી ગામના ચોરામાં દરબારને માટે દૂધ જેવાં સફેદ ગાદલાં પથરાઈ ગયાં. ઠાકોરે અને કારભારીએ વાંકીના ચોરામાં પોતાનું આસન જમાવ્યું. તરત જ પાલણશાને બોલાવી લાવવા પાંટીઆને હુકમ કર્યો.

પાંટીઓ થોડી જ વારમાં પાછો આવ્યો અને પાલણશા સીમમાં છે એવા સમાચાર આપ્યા.

ઠાકોરે વિચાર્યું કે આ તો ઠીક લાગ આવ્યો છે. પાલણશાની ઘરવાળીને બોલાવીને જરા ધમકાવીશું એટલે એ વાણિયાણી પોપટની જેમ પઢી દેશે.

તે જ વખતે ઠાકોરના હુકમથી વાંકી ગામનો પાંટીઓ પાલણશાની પત્નીને બોલાવી લાવ્યો. રેંટિયો ચલાવી રહેલી આ બાએ રેંટિયાને પડતો મૂકી ઠાકોરને માન આપી ચોરામાં જ્યાં માનવ મેદની જામી હતી ત્યાં આવી પહોંચી.

'તમારું નામ શું, માજી?' ઠાકોરે બાઈને પ્રશ્ન કર્યો.

'મારું નામ ઉમરબાઈ.' બાઈએ જવાબ આપ્યો.

'ઉમરબાઈ, અમને પાલણશા કહી ગયા તે કોરીઓનો ભંડાર તમને જડ્યો તેને કેટલા દિવસ થયા?' ઠાકોરે આંટીઘૂંટીવાળો સવાલ પૂછ્યો.

'કોરીઓનો ભંડાર? આ શું બોલો છો, બાપુ? ભંડાર કેવો ને વાત કેવી?' ઉમરબાઈએ ગભરાટમાં જવાબ આપ્યો.

'આવું હળાહળ જૂઠાણું બોલીને તું કોને બનાવે છે તેનું તને ભાન છે?' દરબારે પોતાની સત્તાનું ભાન કરાવતાં કહ્યું.

'જૂઠાણું તો બાપા, મારી જિંદગીમાં નથી બોલી તે આજે ઓછું જ બોલવાની હતી?'

ઉમરબાઈનો આવો બેપરવાઈ ભરેલો જવાબ સાંભળીને ઠાકોર ક્રોધાયમાન થયા. એમણે પાસે બેઠેલા કારભારીને કહ્યું : 'આ ડોકરી એમ માનવાની નથી. તમે હમણાં જ એક રાંપ મંગાવી, લાલચોળ તપાવી એના હાથમાં આપો. સાચકૂડનું હમણાં જ પારખું!'

'આ કળિકાળના ચોથા આરામાં, બાપુ, એવું સત જ ક્યાં રહ્યું છે?' ઉમરબાઈ નમ્રતાથી બોલી.

'તો હાથે કરી કાં દુઃખી થાય છે? સાચી વાત કરી દે. કોરીઓનો ખજાનો ક્યાં સંઘરી રાખ્યો છે?'

'અમારો ખજાનો તો બાપુ, બધો ખેતરોમાં છે. બીજો તો ક્યાંય નથી.'

'એ તો હમણાં જ ખબર પડશે. તમે લોકો વાતથી માનવાનાં નથી. લાતથી જ માનવાનાં છો.'

આમ ઠાકોર ઉમરબાઈને ધમકીઓ આપી રહ્યા હતા ત્યાં પાંટીઓ લોઢાની રાંપ લઈ આવ્યો અને દેવતા સળગાવી તેને ગરમ કરવા લાગ્યો.

એટલામાં પાલણશાને આ વાતની ખબર પડતાં તે પણ દોડતો આવ્યો અને છાનોમાનો ઊભો રહીને હવે શું થાય છે તે જોવા લાગ્યો.

રાંપ તપીને લાલ થઈ ગઈ ત્યારે બે માણસોએ તેને બે સાણસા વડે દેવતામાંથી ઊંચકી અને અગ્નિના તણખા ઝરતી ધગધગતી રાંપ હાથમાં પકડી લેવા દરબારે બાઈને હુકમ કર્યો.

ઉમરબાઈ જે આટલો વખત આંખો બંધ કરી પરમાત્માનું ધ્યાન ધરતી ઊભી હતી તે આ હુકમ સાંભળી હેબતાઈ ગઈ. એટલામાં રગરગતી રાંપ આવી પહોંચી. ચોરામાં ઊભેલા પીપળાનાં જમીન પર પડેલાં બે પાંદડાં બે હાથ પર લઈ રામનામનાં ઉચ્ચાર સાથે આગની શિખો ફૂટતી રાંપ પોતાના બંને હાથ પર લઈ લીધી. કળિયુગના કપરા સમયમાં પણ સત્યનો આવો પ્રભાવ જોઈને જોનારા તો ચકિત થઈ ગયા. આમ છતાં પેલા કારભારીએ દરબારના કાનમાં કહ્યું : 'બાપુ! આ તો પીપળાના પાનનો પ્રતાપ જણાય છે. હવે ફરી રાંપ તપાવીને એના ખુલ્લા હાથ પર મૂકવી જોઈએ.'

આથી રાંપને ફરી ગરમ કરવાનો દરબારનો હુકમ છૂટ્યો. રાંપ તપીને લાલચોળ થતાં તેને ફરી ઉમરબાઈના હાથ પર મૂકવાનું ફરમાન કર્યું.

ઉમરબાઈ તો પરમાત્માનું સ્મરણ કરતી શાંત ઊભી હતી. હરણાકંસના લોહસ્તંભને બાઝી પડેલા પ્રહલાદની માફક એને પણ હવે આત્મવિશ્વાસ બેસી ગયો હતો. તેણે ફરીથી ધગધગતી રાંપ 'રામ' કહીને પોતાના ખુલ્લા હાથ પર લઈ લીધી.

'હી રંભ તાં ઠરી વઈ લગેતી ભલા!' દરબારના મોંમાંથી અવાજ આવ્યો.

આટલો વખત ચૂપચાપ ઊભેલા પાલણશાથી હવે આ જુલમ સાંખી શકાતો ન હતો. એનું અંતર ઊકળી રહ્યું હતું. પાલણશાએ હવે આગળ આવીને પોતાની પત્ની ઉમરબાઈને કહ્યું : **'રંભ ઠરી વઈ વે ત વારેને વિજ ઠક્કરજી નિડીમેં!** (રાંપ ઠરી ગઈ હોય તો તેને વાળીને નાખ ઠાકોરના ગળામાં!)'

પતિની આજ્ઞા સાંભળીને સત્યમૂર્તિ સતીએ રાંપને વાળીને દરબાર તરફ દોટ મૂકી.

દરબારે વિચાર્યું : 'હવે આવી બન્યું લાગે છે! હવે અહીંથી ભાગી નહિ છૂટીએ તો હમણાં જ બાર વાગી જવાના!'

અને દરબાર તથા કારભારી ત્યાંથી ઊઠીને મુઠ્ઠીઓ વાળી એવા ભાગ્યા કે વહેલી આવે પત્રી! ■

## કચ્છના સ્થાપત્યો અને પુરાતત્ત્વિય સ્થળો

(અનુ. : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)

● **કચ્છમાં પુરાતત્ત્વિય સ્થળો :**

**કચ્છને પુરાતત્ત્વિય પ્રયોગશાળા કહી છે તે ખોટું નથી.** સિંધુ નદીના કિનારે જે પ્રાચીન સંસ્કૃતિ વિકસી તેનો એક હિસ્સો કચ્છમાં પણ હતો. તેના મહત્ત્વના પુરાવા રાપર પાસેના ખડીર ટાપુ પર આવેલ **ધોળાવીરા**માં જોવા મળે છે. તે શહેરી વસાહત હોય તેમ લાગે છે. તે એક બંદર હશે તેવી પણ માન્યતા છે. આ શહેરમાં અનેક બાબતો ધ્યાન ખેંચે છે. તેને ફરતો કિલ્લો જોવા મળે છે. પાંચ હજાર વર્ષ પહેલાં દુશ્મનથી બચવા કેટલું સાવચેત હશે તે દેખાય છે. **આ ઉપરાંત તેની નગરરચના તો આજના ઇજનેરોને પણ ચકિત કરે છે.** પાણી એકઠું કરવા જે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે ત્યારની આધુનિક વિચારસરણી બતાવે છે. તેની લિપિ પણ મળી છે જે હજી ઉકેલાઈ નથી. ગટર વ્યવસ્થા પણ હતી. આ ઉપરાંત ત્યાંથી મળેલ મુદ્રાઓ, વજનિયાં, મણકાં, સોનાનાં આભૂષણો, માતૃકા વગેરે પણ તેના વિશે વધારે અભ્યાસ કરવા પ્રેરે છે.

ધોળાવીરાને જ મળતાં અવશેષો કચ્છમાં નવી નાળ, દેશલપર ગુંતલી, નાની રાયણ, શિકારપુર અને ખાવડામાં કુરન પાસે મળેલ છે. આ બધી ગ્રામ્ય વસાહતો હોય તેમ દેખાય છે.

● **અન્ય :**

આ ઉપરાંત પુરાતત્ત્વિય બાબતોમાં અશ્મિભૂત અવશેષો પણ મળેલ છે. તેને આધારે ત્યારનાં વૃક્ષો કે જનાવરોનો ખ્યાલ આવે છે. એક તો દેવદાર વૃક્ષનું અવશેષ હોય તેવું લાગે છે. તેને આધારે કહી શકાય કે ત્યારે કચ્છમાં દેવદાર વૃક્ષ પણ થતાં હશે.

**આ ઉપરાંત કચ્છમાં માનવજાતનું પગેરું દોઢ લાખ વર્ષ પહેલાંનાં પથ્થર યુગના ઓજારોમાંથી મળે છે.** ભુજ, અંગિયા વગેરે સ્થળોએથી તે મળેલ છે. ત્યારબાદ ક્ષત્રપ સમયનો શિલાલેખ અણ અંધૌમાંથી મળેલ છે. તે બૌદ્ધ વસ્તીને સૂચવે છે. ઉપરાંત, રુદ્રસેનના તથા ગુપ્ત યુગના સિક્કાઓ પણ મળેલ છે. સાથે મંદિરો, મસ્જિદો અને ગુફાઓ મળેલ છે. ગામેગામથી છતરડીઓ અને પાળિયાઓ મળે છે. કાષ્ટકળાના નમૂના મળે છે, ચિત્રો મળે છે, મહેલો દેખાય છે.

આ બધાની અત્યારે હાલત સારી નથી. તેની ખૂબ જ સંભાળ લેવાની જરૂર છે. પણ આ બધાં સચવાઈ જાય તો કચ્છના ઈતિહાસનો પૂરો દસ્તાવેજ તૈયાર કરી શકાય. સંશોધકોને પણ તે ખૂબ જ ઉપયોગી થાય. ■

કચ્છ દર્શન

# દેશળ દરબારના ત્રણ રત્નો : જૈન યતિઓ

ધારાનગરની ભોજ રાજાનો દરબાર જેમ ચૌદ રત્નો વડે શોભતો હતો તેમ **કચ્છ-ભુજનો દેશળ દરબાર પણ ચૌદ રત્નો વડે દીપતો હતો.** આ રત્નોમાં પ્રથમનાં ત્રણ રત્નો તરીકે ત્રણ જૈન યતિઓની ગણતરી થતી હતી. આ ચૌદ રત્નોનાં નામનો એક છપ્પય નીચે મુજબ છે :

*મોતી, મેર, અરુ, ખંત, ફત્તુ ઔર અકબર અલી,*
*રુદ્ર, ચંદ્ર, ગોવિંદ, ઉન્નડ કવિ, કેશવ કલી;*
*કહાન, વીર ખેંગાર, વાલ, અરુ લાલ છલ્લી,*
*જુગ મયંક સમ અંક, રત્ન નર મહા પ્રબલ્લી;*
*જ્યોં ભોજ ભૂપ ધારાપતિ, લસત બસત બલ બુદ્ધિયુત,*
*ત્યોં ઈત રાજ રાજેન્દ્ર, રાજ્યો દેશલ કચ્છપત.*

## ગોરજી મોતીચંદજી

આ ચૌદ રત્નોમાં પહેલાં ત્રણ રત્નોમાંના ગોરજી કચ્છ અંજારમાં હતા. આજે પણ દેવળિયાને નાકે એમનાં મકાનો મોજૂદ છે. મોતીચંદ ગોરજી આયુર્વેદના નિષ્ણાત હતા. એમની વૈદકીય કુશળતાની અનેક વાતો આજે પણ કચ્છમાં પ્રચલિત છે.

વૈદરાજ મોતીચંદજી કચ્છના રાજકુટુંબમાં પણ માનીતા હતા. રાજકુટુંબની કુશળતાની ખબર કાઢવા દર અઠવાડિયે અંજારથી ભુજ આવતા. મોતીચંદજી મોટા નાડીવૈદ હતા. માત્ર નાડી જોઈને એ બધું સમજી શકે છે એવી માન્યતા આખા કચ્છમાં ફેલાયેલી હતી. યતિ મહારાજની આ પ્રશંસા સાંભળીને એક વાર ભુજ દરબારગઢના જનાનખાનાની રાણીઓને એમની કસોટી કરવાની ઈચ્છા થઈ આવી.

ગોરજી મોતીચંદજી જયારે ભુજ આવતા ત્યારે જનાનખાનાની રાણીઓની નાડી પણ જોઈ લેતા. રાણીઓ ઓઝલમાં રહેતી હોવાથી રાણી અને ગોરજી વચ્ચે પડદો રાખવામાં આવતો. નાડી જોવા માટે રાણીના હાથના કાંડામાં દોરી બાંધવામાં આવતી. એ દોરીનો બીજો છેડો ગોરજીના હાથમાં રહેતો. રાણીના હાથના ધબકારા દોરીમાં ઊતરતા અને દોરીના ધબકારા પરથી મોતીચંદ ગોરજી રાણીના સ્વાસ્થ્યને સમજી લેતા. આ રીતે રાણીઓની નાડીપરીક્ષા કરવામાં આવતી!

આજે તો રાજરાણીઓને ગોરજીની જ પરીક્ષા કરવી હતી. રાણીઓએ પોતાના હાથમાં દોરી બાંધવાને બદલે એક બિલાડી પકડીને તેના પગમાં દોરી બાંધી દીધી અને દોરીનો બીજો છેડો ગોરજી મહારાજના હાથમાં આપ્યો. દોરી હાથમાં લઈ ગોરજી તેના ધબકારાનું નિરીક્ષણ કરવા લાગ્યા. આ વખતે થયું એવું કે બિલાડીના મ્યાંઉનો ઝીણો અવાજ ગોરજીએ સાંભળી લીધો. ગોરજી મહારાજ ચતુર હતા. રાણીઓનું કારસ્તાન તે સમજી ગયા હતા. એમણે ધીમે સાદે કહ્યું કે, 'કાં તો આ રાણીજીએ આજે ઉંદરનો આહાર કર્યો છે અને કાં તો મારું મોત ભરાઈ આવ્યું છે.'

વૈદરાજની આ વાત સાંભળીને રાણીઓના આશ્ચર્ય અને આનંદનો પાર રહ્યો નહીં. એમણે સારી ભેટ આપીને ગોરજી મહારાજને વિદાય કર્યા. આ વાત આખા કચ્છમાં ફેલાઇ ગઈ અને ગોરજીની નાડી પરીક્ષાની ખ્યાતિ ચારે તરફ ગવાઈ ગઈ. મોતીચંદજી ગોરજી પછી એમનો ચેલો દેવચંદજી એમની ગાદી પર આવ્યો.

## ગોરજી માણેક મેરજી

કચ્છના જામ હમીરજીને ચાર કુંવર હતા : ખેંગારજી, સાહેબજી, રાયબજી અને અલિયોજી. જામ રાવળે જૂના વેરનો બદલો લેવા હમીરજીને પોતાના બાળા ગામે બોલાવીને દગાથી તેનું ખૂન કર્યું અને આખા વંશનું ઉચ્છેદન કરવા તે ખેંગારજી અને સાહેબજી પાછળ પડ્યો. હમીરજીના નિમકહલાલ સેવક છછર બૂટાને આ વાતની જાણ થતાં તે બંને કુંવરોને લઇને પોતાના મિત્ર મિયાણા ભીંયા કક્કલને ત્યાં પહોંચી ગયો. ભીંયા કક્કલે પોતાના છ છોકરાના ભોગે જામ રાવળના પંજામાંથી કુંવરોને બચાવી લીધા એ હકીકત સુપ્રસિદ્ધ છે.

છછર બૂટો કુંવરોને લઇ, રણ ઓળંગીને ચરાડવા ગામે આવ્યો. એ વખતે સાંજનું અંધારું થઈ ગયેલું હોવાથી આ ત્રણે જણાએ ગામના પાદરમાં એક વડલા નીચે પોતાનું મેલાણ નાખ્યું. છછર બૂટો રણના પ્રવાસથી થાકેલા કુંવરોની ચોકી કરવા આખી રાત જાગ્યો હતો.

અહીં ચરાડવા ગામે માણેક મેરજી નામે એક પ્રખ્યાત

જૈન યતિ રહેતો હતો. તે માતા અંબાજીનો પરમ ભક્ત હતો. સવારમાં જ્યારે માણેક મેરજી દિશાજંગલ જતા હતા ત્યારે પાદરે સૂતેલા ખેંગારજીના પગ પર તેની દૃષ્ટિ પડી. ગોરજી મહારાજ સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાતા હતો. ખેંગારજીના પગમાં ચાજચિહ્ન જોઈને તેને નવાઈ લાગી. રાજકુમાર જેવા કિશોરને એક રખડુની હાલતમાં પડી રહેલો જોઈને ગોરજીના મનમાં એક હીલો આવી જવાથી તેનું મસ્તક ડોલી ઊઠ્યું અને ગોરજી પોતાના હાથમાંના લોટા સાથે આગળ વધ્યો.

ગોરજીના મસ્તકનું ડોલન ચાલાક છછર બૂટાના લક્ષ બહાર ન રહ્યું. તેને વહેમ પડ્યો કે આ માણસ જામ રાવળનો જાસૂસ હોય તો બધી બાજી બગડી જાય. આથી તેણે ગોરજીની પીઠ પકડી તેનો હાથ પકડી લીધો અને તેને માથું ધુણાવવાનું કારણ પૂછવા લાગ્યો. ગોરજીએ કહ્યું : 'એ કારણ અહીં કહેવાય તેમ નથી, કારણ જાણવું હોય તો ઉપાશ્રય પર આવજો!' અને ગોરજી ચાલતા થયા.

ગોરજીની વાત છછરના મનમાં ખટકવા લાગી. આ ત્રણે જણ નિત્યકર્મથી પરવારીને ચરાડવા ગામમાં ગોરજીના ઉપાશ્રયની શોધમાં નીકળી પડ્યા. ઉપાશ્રય શોધતાં બહુ સમય લાગે તેમ ન હતું. ગોરજીને નમન કરી છછર બૂટાએ તેને ફરી માથું ધુણાવવાનું કારણ પૂછ્યું. એ વખતે ગોરજીએ ખેંગારજી તરફ અંગૂલિનિર્દેશ કરીને કહ્યું કે, 'આ કિશોરના પગમાં રાજરેખા હોવાથી તે ભવિષ્યમાં રાજા થશે એમ મને લાગે છે.'

ગોરજી મહારાજની આ ભવિષ્યવાણીએ આ ત્રણે જણની નિરાશામાં આશાની ચમક ભરી દીધી. એમના આનંદનો પાર રહ્યો નહીં. ગોરજીને એક સમર્થ મહાનુભાવ માનીને છછર બૂટાએ તેને પગે પડીને માર્ગદર્શનની માંગણી કરી.

ગોરજીએ ખેંગારજીના હાથમાં માતા અંબાજીની સાંગ આપીને કહ્યું કે, આ સાંગ વડે તેમનો રસ્તો સરળ થશે અને તેની નિશાની તરીકે રસ્તામાં તેમને ધોળું શિરામણ અને કાળો ઘોડો મળશે.

ગોરજી મહારાજની બધી વાતો સાચી નીવડી. આ ત્રણે જણ અમદાવાદ ગયા. ત્યાં ખેંગારજીએ એ જ સાંગ વડે સિંહનો શિકાર કરી મહમદ બેગડાનો જાન બચાવ્યો અને કચ્છમાંથી જામ રાવળને દૂર કરી કચ્છની રાજગાદી પ્રાપ્ત કરી.

કચ્છની રાજગાદી પર આવીને ખેંગારજીએ આપત્તિના સમયમાં તેને સહાય કરનારાઓને બદલો આપવા માંડ્યો. ગોરજી માણેક મેરજીને ઉપાધ્યાયની પદવી અને બાર ગામ આપ્યા. ઉપરાંત કચેરીમાં ખાસ મિસલ આપી અને વણિક યજમાનો ઉપર લાગો કરી આપવામાં આવ્યો. ગોરજીએ એમને આપેલી સાંગ આજે પણ ભુજની પોશાળમાં મોજૂદ છે. વિજ્યા દશમીના દિવસે આ સાંગની આજે પણ પૂજા કરવામાં આવે છે.

## ગોરજી ખાંતિવિજયજી

ગોરજી ખાંતિવિજયજી કચ્છ માંડવીના. એનું બીજું નામ 'બોડો ગુરુજી.' આખા કચ્છમાં એ બોડા ગોરજીના નામે પ્રખ્યાત હતો. કહેવાય છે કે 'કર્ણપિશાચિકા' નામની વિદ્યાની સાધના કરતાં એ સાધના અવળી ઊતરી અને એના કાનની શક્તિ એ ગુમાવી બેઠા હતા. બોડા ગોરજી મોટા વૈદરાજ હતા. એમની બાળાગોળીઓ આખા કચ્છમાં પ્રખ્યાત હતી.

એ ખાંતિવિજયજી યતિ રાજ દરબારમાં પણ માનકારી હતા. દેશળજી બાવા એમને કાકા કહીને બોલાવતા. દેશળજી બાવાને એમની વૈદ્યકીય શક્તિમાં ખૂબ શ્રદ્ધા હતી. જ્યારે જ્યારે એમની જરૂર પડતી, ત્યારે ખાસ વેલ મોકલીને એમને ભુજ બોલાવી લેતા.

ખાંતિવિજયજી મહારાજે દરેક વરસનું ભવિષ્ય ભાખતા દોહરાનો એક મોટો સંગ્રહ તૈયાર કર્યો હતો. એના એક-બે નમૂના અત્રે આપવામાં આવે છે :

*સંવત ઓગણીસ ત્રેપનો, મકડ મોલને ખાય,*
*ખાંતિવિજય કહે રા દેશળને, માનવ પણ મર જાય.*

સંવત ૧૯૫૩માં ઉપરના દોહરા પ્રમાણે કચ્છમાં તીડોનો ત્રાસ એકદમ વધી પડ્યો હતો અને મુંબઈ તથા માંડવીમાં મરકીના રોગે ભારે ઉત્પાત મચાવ્યો હતો.

*સંવત ઓગણીસ પચાવનો, નદીએ ખળકે નીર,*
*ખાંતિવિજય કહે રા દેશળને, ધૈનુએ ઝાઝાં ખીર.*

આ રીતના અનેક દોહરા ખાંતિવિજયજી મહારાજે રચેલા હતા. પરંતુ આજે એમનું સાહિત્ય લુપ્ત થઈ ગયું છે.

**એકવાર દેશળજી બાવા અને યતિ ખાંતિવિજયજીનું ભદ્રેસરમાં મિલન થઈ ગયું. એ વખતે વસહી તીર્થધામની સ્થિતિ બેહાલ બની ગઈ હતી.** ખાંતિવિજયજીએ વસહી તીર્થની દયાજનક હાલત દેશળજી બાવાને રૂબરૂ બતાવી અને આ તીર્થનો ઉદ્ધાર કરવાની ઇચ્છા વ્યક્ત કરી. દેશળજી બાવાને યતિજી માટે ખૂબ માન હતું. ભુજ જઈને એમણે જૈન સંઘના અગ્રણીઓને એકઠા કર્યા અને વસહી જેવા મહાન તીર્થની કોઈ સંભાળ લેતું નતી એ માટે એમને મીઠો ઠપકો આપ્યો. જૈન સંઘના અગ્રેસરોએ બાવાનો ઠપકો માથે ચડાવ્યો અને વસહી તીર્થના ઉદ્ધારનું કાર્ય શરૂ કરી દીધું. આ કાર્યમાં દેશળજી બાવા તરફથી પણ સારી રકમની સહાય મળી હતી.

એક વખત ખાંતિવિજયજી એક ચારણકવિની નાડી જોઈ રહ્યા હતા. નાડી પરીક્ષા વખતે દર્દીના હાથની નાડી પર વૈદનાં આંગળાં રહેલાં હોય છે. એ વખતે દર્દીનો હાથ બોલતો હોય

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

કચ્છ દર્શન

# ભારતનો તારણહાર : જગડૂ દાતાર

આજનું ભદ્રેસર એ એક વખતની પુરાતન નગરી, ભદ્રાવતીની રાખમાંથી જન્મ્યું છે. આ નગરી પર ચડતી-પડતીના અનેક ચક્રો ફરી વળ્યાં છે. આજ સુધીમાં એણે અનેક રંગપલટા જોઈ લીધા છે. અહીં અનેક રાજવીઓ રાજ કરી ગયા છે. અનેક જાતિઓ અહીં પોતપોતાની સત્તા જમાવી ગઈ છે. અહીં અનેક રંગમંડપો રચાઈ ગયા છે. જય-પરાજયના વિવિધ રંગો વડે રંગાયેલી આ નગરીનાં દર્શન કરતાં આજે પણ એની પુરાતન ભવ્યતાનો સહેજે ખ્યાલ આવી જાય છે.

**કચ્છ ધરણી**

*સંત સૂતા ભલા ભક્ત જે ભોમમાં*
*પીર પોઢ્યા જહાં ઠામ ઠામે,*
*ડુંગરે ડુંગરે દેવની દેરીઓ,*
*ખાંભીઓ ખાંધની ગામ ગામે;*
*કૈંક કવિઓ તણા ભવ્ય ઉરભાવની*
*જ્યાં વહી સતત સાહિત્ય-સરણી,*
*ભારતી માતને ખોળલે ખેલતી,*
*ધન્ય હો! ધન્ય હો! કચ્છ ધરણી!*

*– દુલેરાય કારાણી*

વિક્રમની ચૌદમી સદીના આરંભમાં અહીં જગડૂ શાહ નામે મહા દાનવીરે સમસ્ત ભારત પર પોતાના નામનો ડંકો બજાવી દીધો હતો. એના જેવો બીજા દાતા શોધ્યા જડે તેમ ન હતો.

જગડૂ શાહના પૂર્વજો કચ્છના ઇતિહાસપ્રસિદ્ધ **કંથકોટ**માં રહેતા હતા. જગડૂ શાહનો જન્મ કંથકોટમાં જ થયો હતો. જગડૂ શાહનો પિતા સોળ શાહ કંથકોટથી કંટાળીને **ભદ્રાવતી**માં રહેવા આવી ગયો હતો. ભદ્રાવતી નગરી કચ્છના હાલના ભદ્રેસરની નજદીકમાં પૂર્વ તરફ આવેલી હતી. મહાભારતમાં વર્ણવેલી યુવનાશ્વ રાજાની ભદ્રાવતી નગરી એ જ આ ભદ્રાવતી. પાંડવોએ અશ્વમેધ યજ્ઞનો ઘોડો અહીં જ બાંધ્યો હતો, એમ કહેવાય છે. એ અસલી ભદ્રાવતી તો હાલ નષ્ટ થઈ ગઈ છે. તેનાં ખંડેરોના પાયાના પથ્થરો પણ લોકોએ ખોદી ખોદીને કાઢી લીધા છે. ભદ્રેસરમાં આજે પણ ડગલે ને પગલે ભીંતોમાં જડેલા દેખાતા પુરાણી નકશીના પથ્થર એ પુરાતન સમયની યાદ આપી રહ્યા છે. આ જૂની નગરીની યાદગીરી રૂપ દૂદાશાના શિવાલયના થાંભલા, તેના ઘુમ્મટ પરનો થોડો ભાગ, દૂદાવાવ, આશાપુરી દેવીનું જર્જરિત દેવાલય તથા બે પુરાતન મસ્જિદોના ખંડેર અનંતકાળને માપતાં આજે પણ ખખડેલી હાલતમાં ખડાં છે.

વસઈનાં અથવા જગડૂ શાહનાં કહેવાતાં દહેરાં જૂની ભદ્રાવતીની પૂર્વ દિશાએ આવેલાં હતાં. તેની બાંધણી આબુ પર્વત પર આવેલાં દેલવાડાનાં દહેરા જેવી જ જણાય છે.

જગડૂ શાહના પિતા સોળ શાહ શ્રીમાળી વણિક જ્ઞાતિના હતા. સોળ શાહને તેની ધર્મપત્નીના ઉદરથી ઉત્તમ ગુણોથી વિભૂષિત એવા જગડૂ, રાજ અને પદ્મ નામના ત્રણ પુત્રોની પ્રાપ્તિ થઈ હતી. જગડૂ શાહની પત્નીનું નામ યશોમતી હતું. જગડૂ શાહ પર લક્ષ્મીદેવી અત્યંત પ્રસન્ન હતાં. તેથી તેની પાસે સંપત્તિનો પાર ન હતો. આટલી અતુલ સંપત્તિ તેની પાસે ક્યાંથી આવી તે સંબંધમાં વિધવિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. કોઈ કહે છે – જગડૂ શાહ એક વખત તેના ખેતરમાં દાણા વાવી રહ્યો હતો ત્યારે કેટલાક ભૂખ્યા સાધુ ત્યાંથી પસાર થયા. એમને જોઈ જગડૂ શાહને દયા આવી અને ખેતરમાં વાવવા માટે આણેલા દાણા તેણે સાધુઓને આપી દીધા. પોતે બીજને બદલે કાંકરીની વાવણી કરીને સાંજે ઘેર આવ્યો. પોતાના ખેતરમાં હવે કશું જ પાકવાનું નથી, તેની તેને ખાતરી હોવાથી તે કદી ખેતર પર આંટો-ફેરો કરવા પણ જતો ન હતો. જ્યારે લોકો ખેતરમાં ઊગેલા મોલની પ્રશંસા કરવા લાગ્યા, ત્યારે તે વાત તેને મશ્કરીરૂપ ભાસવા લાગી. પણ બધા લોકો કાંઈ મશ્કરી ન કરે, એમ વિચારી, એક રાતે તે છાનોમાનો પોતાના ખેતરને જોવા નીકળી પડ્યો. જઈને જુએ છે તો પોતાના ખેતરમાં આંખને ઠારે એવો લીલોછમ મોલ લહેરાઈ રહ્યો છે. આ જોઈને જગડૂ શાહનું અંતર આનંદાવેશથી નાચી ઊઠ્યું. આગળ જતાં એ ખેતરમાં અનાજને બદલે સાચાં મોતીના દાણા બંધાયા. પરિણામે જગડૂ શાહ મોટો ધનવાન બની ગયો.

બીજી દંતકથા એવી છે કે જગડૂ શાહે કોઈ ચાંચિયા પાસેથી મીણની ઈંટોનું આખું વહાણ ખરીદી લીધું. આ રીતે ઈંટો મીણની નહીં પણ મીણ ચડાવેલા સોનાની ઈંટો હતી અને તેથી જગડૂ શાહના ભાગ્યનો સિતારો બુલંદ થઈ ગયો.

ત્રીજી હકીકત એમ છે કે જગડૂ શાહનો મુનીમ જયંતસિંહ એક વખતઈરાન ગયેલો. ત્યાંથી તે રસાકસીમાં મોટી કિંમત આપીને એક મોટો પથ્થર લઈ આવેલો. એ પથ્થરના પેટાળમાંથી પુષ્કળ દ્રવ્ય નીકળી પડ્યું અને જગડૂ શાહ મોટો ધનવાન બની ગયો. આ બધી વાતો ગમે તેમ હોય, પણ એટલું ખરું કે જગડૂ શાહ પાસે ધનનો અખૂટ ખજાનો હતો. **જગડૂ શાહ જેવો ધનવાન હતો, તેવો જ દાનવીર પણ હતો.** જગડૂ શાહ જેવો દાનવીર જગતના પટ પર ભાગ્યે જ કોઈ પાક્યો હશે.

એ અરસામાં ભદ્રેશ્વર અને કચ્છનો બીજો પણ કેટલોક પ્રદેશ અણહિલવાડ પાટણના ચાલુક્ય વંશના વીશળદેવ રાજાના તાબામાં હતો. વીશળદેવના રાજ્યાભિષેક વખતે જગડૂ શાહ ખાસ અણહિલવાડ પાટણ ગયો હતો અને રાજાને અમૂલ્ય રત્નોનું નજરાણું કરીને તેનો પ્રેમ તેણે સંપાદન કર્યો હતો.

એક દિવસ પરમદેવસૂરિજી નામના એક પરમ જ્ઞાની મુનિ ભદ્રાવતીના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. પ્રખદા શાંત ચિત્તે મુનિશ્રીનું વ્યાખ્યાન શ્રવમ કરી રહી હતી. શ્રેષ્ઠી શ્રી જગડૂ શાહ પણ સામે જ બેઠા હતા. એ વખતે વ્યાખ્યાન વચ્ચે મુનિશ્રીએ દેશ પર તૂટી પડનારા ત્રણ દુકાળોનો ઈશારો કરતાં કહ્યું :

*'અચેંતા ત્રે આઁચ ધા, કારાકાર ડુકાર,*
*તેરૉં સૉં પનરોતરો, આઁખો આય અપાર,*
*જગડુ ઝટ સંભાર,*
*દેશ કૈક વેંધા ડૂલી.*
*દેશ કૈક વેંધા ડૂલી, મૂર ન વસંધા મીં,*
*જગડૂ ઝટપટ જાગ તૂં, સૂતો એંયેં કીં સીં?*
*સાથ ન હલંધી સિર મથે, કમાઈ હૅડી કીં,*
*કમર કસે કરમી,*
*કાયમ કર તૂં કચ્છકે!'*

'જગડૂશા! એક વાત સાંભળી લેજો! સંવત ૧૩૧૩થી ત્રણ ભયંકર દુષ્કાળ આખા દેશ પર તૂટી પડવાના છે. માટે ઝટ જાગ્રત થઈ જાઓ અને દેશને દુષ્કાળના પંજામાંથી ઉગારી લ્યો!'

આમ કહીને મુનિશ્રીએ જગડૂ શાહને દેશ-દેશાવરમાં અન્નના મોટા મોટા ભંડાર ભરી, દુષ્કાળના ત્રાસમાંથી મુલકને બચાવી લેવાની સૂચના આપી દીધી. જગડૂ શાહને તેની અગાધ સંપત્તિનો સદુપયોગ કરવાની આવી ઉત્તમ તક મળવાથી આનંદ થયો. તેણે દેશભરમાં ચારે તરફ ફરી ફરીને અનાજની મોટી મોટી ખાણો ભરાવી દીધી.

મુનિશ્રીનું ભવિષ્યકથન તદ્દન સત્યાર્થ નીવડ્યું. ઉપર્યુક્ત ત્રણ વરસો દરમિયાન વરસાદનું એક ટીપું પણ પૃથ્વી પર પડ્યું નહીં. લોકો અનાજના અભાવે ત્રાહિમામ પોકારવા લાગ્યા. આવા કારમા સમયે દાનવીર જગડૂ શાહે પોતાના અખૂટ અન્નભંડારો ખુલ્લા મૂકી દીધા. આ રીતે એણે અન્નને અભાવે મરતી જનતાને મોટા પરિશ્રમથી ઉગારી લીધી. એ ઉપરાંત તેણે સિંધ, ઉજ્જૈન, દિલ્હી, કાશી, કંધાર આદિ પ્રદેશોના રાજવીઓને હજારો મૂડા અનાજ આપીને એ બધી પ્રજાને પણ દુષ્કાળના દારુણ જડબામાંથી બચાવી લીધી.

જગડૂ શાહ અને પનરોતરો દુકાળ સંબંધી એક ઉક્તિ એવી ચાલે છે, કે જગડૂ શાહે સંવત ૧૩૧૫ના ત્રીજા દુકાળ વખતે એક વિશાળ ભોજનશાળા ખુલ્લી મૂકી હતી. ત્યાં જે કોઈ આવી ચડે તેને ભોજન લેવાની છૂટ હતી. અહીં દરરોજ હજારો માણસોને જમાડવામાં આવતા. એ વખતે એકવાર પનરોતરો કાળ પોતે યોગીના વેશે જગડૂ શાહની કસોટી કરવા આવ્યો અને ભૂખની રાડો દેતો 'ખાઉં! ખાઉં!'નો પોકાર કરવા લાગ્યો. તરત જ તેને જમાડવા માટે થાળી મંગાવવામાં આવી. પરંતુ એ થાળી તો ભુખાળવા યોગીની એક દાઢમાં પણ પૂરી થાય તેમ ન હતી. પછી તો એક પછી એક થાળીઓ આવવા લાગી. એમ છતાં એની ભૂખ ઓછી થઈ હોય એવું જણાતું ન હતું. આ ખાઉધરા દુકાળિયાને શી રીતે પરિતૃપ્ત કરવો, તે કોઈને સૂઝતું ન હતું. જેમ જેમ તે વધુ ને વધુ ખાતો જતો હતો, તેમ તેમ તેની ભૂખ વધુને વધુ ઉઘડતી જતી હતી. તેને પીરસનારા અને ખવડાવનારા થાકી પડ્યા પણ આ વિચિત્ર પુરુષ ખાતાં થાકતો ન હતો. એ તો 'લાવ! લાવ!'નો એક જ અવાજ કરી રહ્યો હતો. આ ભેદી વ્યક્તિને જોતાં જગડૂ શાહને ખાતરી થઈ, કે આ માણસ આ રીતે ખવડાવવાથી ધરાય તેમ નથી. એટલે તેણે એક નવો નુસખો અજમાવ્યો. આ ક્ષુધાતુર માનવીને એક મોટી કોઠીમાં ઘાલીને નાળો વડે એના મોઢામાં ઘીની તામડીઓ રેડવામાં આવી. આ રીતે એના મોંમાં જગડૂ શાહે એટલું ઘી રેડાવ્યું, કે આખરે ઘી પી પીને એ થાકી પડ્યો અને પોતાને કોઠીમાંથી બહાર કાઢવા પોકારવા લાગ્યો.

*'જગડૂ! જીવતો મેલ, પનરોતેર પડું નહિ!'*

જગડૂ શાહે જ્યારે જાણ્યું કે આ પનરોતરો કાળ પોતે છે ત્યારે તેણે કહ્યું કે, 'હવે તો હું તને કદી બહાર કાઢવાનો નથી!' આથી પનરોતરો હવે અકળાવા લાગ્યો અને એણે વચન આપતાં કહ્યું કે, 'તું મને બહાર કાઢ! હું પનરોતરો કદી પડવાનો નથી!' આવું વચન લઈને તેણે પનરોતરો દુષ્કાળને કોઠીમાંથી બહાર કાઢ્યો, એવી દંતકથા કચ્છમાં ચાલે છે.

આ દુષ્કાળના સમયમાં જગડૂ શાહના ભાઈ દૂદા (જૂડા)એ અહીં એક મોટી વાવ બંધાવી તે જૂડિયા કે દૂદીઆ વાવને નામે વિખ્યાત છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)**

કચ્છ દર્શન

# કચ્છના દેવતા જખદાદા

*તરુવર વનફલ ના ચખે, નદી ન પીવે તીર,*
*પરમારથ કે કારણે, સંતન ધરા શરીર.*

જખ દાદાનું નામ આજે સમગ્ર કચ્છમાં મશહૂર છે. કચ્છ સિવાય ભારતવર્ષના અન્ય કોઈ પણ પ્રદેશમાં આ જખ દેવો વિષે કોઈ કંઈ જાણતું નથી. જખ દેવોનાં પૂજન માત્ર કચ્છમાં જ થાય છે. એક હજાર વર્ષ કરતાં પણ વધુ સમયથી જખ દાદા કચ્છમાં પૂજાતા આવે છે. કચ્છમાં કોઈને ત્યાં સંતતિની ખોટ હોય તો તે જખ દાદાની માનતા માને છે અને એ રીતે પુત્ર કે પુત્રીનો જન્મ થાય તો તેને જખ દેવની કૃપાનું ફળ માનવામાં આવે છે. આ દેવોની કૃપાથી જન્મેલા બાળક બાળકીનું નામ જખુ કે જખી રાખવામાં આવે છે.

આ જખ દેવો જામ લાખા ફુલાણીના ભત્રીજા પુંઅરાના વખતમાં પ્રકટ્યા. કચ્છમાં એમના આગમનનો પ્રમાણભૂત ઈતિહાસ તો કાળના ગાઢ અંધકારમાં અદશ્ય થઈ ગયો છે. આજે તો માત્ર દંતકથાઓ જ અવશેષમાં રહી છે. આમ છતાં જખદાદાના ઈતિહાસની અનેક અવનવી વાતો લોકહૃદયમાં તાણાવાણાની પેઠે વણાઈ રહી છે.

જામ પુંઅરાની રાજધાની પધ્ધરગઢની પશ્ચિમે એકાદ માઈલને અંતરે આવેલી વોંઘડી નદીની ભેખડમાં આવેલા એક ભોંયરામાં આજથી એક હજાર વર્ષ ઉપર સાત ઋષિદેવો તપશ્ચર્યા આદરી રહ્યા હતા. કચ્છની સંઘાર જાતિના લોકો આ ઋષિરાજોના ભક્ત હોવાથી તે તેમની સેવા શુશ્રૂષા કરતા. આ ઋષિઓની ગુફા પાસે આવેલા નદીના એક ધ્રોમાં એક માછી દરરોજ માછલાં પકડવા આવતો. આ માછીને ત્યાં સંતતિની ખોટ હોવાથી એક દિવસ તે આ તપસ્વીઓના આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમની પાસે આવ્યો. ઋષિઓને પગે પડી સંતાન પ્રાપ્તિની પોતાની ઈચ્છા તેણે વ્યક્ત કરી. પ્રત્યુત્તરમાં ઋષિઓએ કચ્છી ભાષામાં જણાવ્યું-

*જે તું મચ્છી ન મારીએં, મેલો રખેં ન મન,*
*પે થીને તું પુત્તર જો, અંગણ ઘણેરો અન.*

*ભાવાર્થ :* જો તું માછલાં મારીશ નહિ અને મન મેલું રાખીશ નહિ તો તું પુત્રનો પિતા થઈશ અને અન્ન-ધનની પણ પ્રાપ્તિ થશે.

માછીએ તે દિવસથી માછલાં ન મારવાની પ્રતિજ્ઞા લઈ લીધી. સંજોગવશાત્ તેને ત્યાં બાર મહિનાની અંદર દેવના ચક્ર જેવા પુત્રનો જન્મ થયો.

ઋષિઓના આ ચમત્કારની વાત કર્ણોપકર્ણ આખા કચ્છમાં ફેલાઈ ગઈ.

પદ્ધરગઢના જામ પુંઅરાને ત્યાં પુત્રની ખોટ હતી. પુત્રપ્રાપ્તિ માટે તેણે પાણા એટલા પીર કર્યા. પણ આજ લગી તેને ત્યાં પારણું બંધાયું ન હતું. પુંઅરાની રાણી રાજૈં સંઘારને જ્યારે ઋષિદેવોના ચમત્કારની જાણ થઈ ત્યારે તેને પણ આ દેવોનું શરણું લેવાની ઈચ્છા થઈ. રથ જોડાવીને રાણી ઋષિદેવો પાસે પહોંચી ગઈ.

*રાણી રથ કે જોડેઓ, આવઈ રખીએં વટ,*
*ઘર મેં ઝુલે ઘોડીઓ, ત માણક ડીયાં મટ.*

*ભાવાર્થ :* રથ જોડીને રાણી ઋષિદેવો પાસે આવી અને કહેવા લાગી કે મારા ઘરમાં ઘોડિયું ઝૂલે તો હું તમને હીરા-માણેકથી મઢી દઉં.

પુત્ર લેવા આવેલી રાણીને જોઈને ઋષિ દેવો બોલ્યા :

*અસીં ન એડા ઓલિયા, જે ડીયું બેં કે બાર,*
*ઈ નીયા ઉતે થીએ, સાહેબ જે દરબાર.*

*ભાવાર્થ :* અમે કંઈ એવા ઓલિયા નથી કે કોઈને દીકરા દઈ શકીએ. એ ન્યાય તો ઈશ્વરના દરબારમાં થાય છે.

ઋષિઓનો નિરાશાજનક જવાબ સાંભળી રાણી દિલગીર થઈ. આંખમાં આંસુ લાવી, ઋષિઓને પગે પડી તે સંતાનસુખની પ્રાપ્તિ માટે કરગરવા લાગી. ઋષિદેવોએ ફરી કહ્યું' :

*બાઈ બચ્ચા તું ડાઈ થી, અસીં ન ઠોડા ઠગ,*
*હિકડો હેર ઝલે ડીઓં; જ વીયાંય જો વે વગ.*

*ભાવાર્થ :* હે બાઈ, તું જરા ડાહી થા! અમે કંઈ મૂંડા ઠગ નથી. અમારી પાસે ઘેટાં-બકરાંની માફક જો છોકરાંનાં વગ-ટોળાં હોય તો હમણાં જ એક ઝાલીને તને આપી દઈએ.

ઋષિઓનો આ કટાક્ષ રાજૈં રાણીને હાડોહાડ ઊતરી

ગયો. નિરાશા અને ગુસ્સા સાથે તે ત્યાંથી પાછી ફરી અને ઋષિઓએ તેની જે રીતે ઠેકડી ઉડાવી તે વાત જામ પુંઅરા સમક્ષ વ્યક્ત કરી.

રાણીની વાત સાંભળી પુંઅરાની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ. તેણે તરત જ પોતાના સૈનિકોને મોકલીને ઋષિઓને બોલાવી લીધા, અને એક અંધારી કોટડીમાં પૂરી દીધા.

આ તરફ આ સાતે ઋષિ મહાત્માઓ પોતાના નિશ્ચયમાં મક્કમ હતા. પુંઅરા જામના જુલમથી ડરી જાય એવા ન હતા. એમની અડગતાથી જામ પુંઅરાનો ક્રોધ વધુ ભભૂકી ઊઠ્યો. તેણે લોઢાના ગોખરુ તૈયાર કરાવ્યા અને એ ગોખરુ જેલની કોટડીમાં પાથરી દીધા. કણસલામાંથી દાણા છૂટા પાડવા માટે જેમ બળદોને હલરી ફેરવવામાં આવે છે, તેમ આ કાંટાવાળા ગોખરુ પર ઋષિઓને ફેરવવાનો પુંઅરાએ હુકમ કરી દીધો.

જામના હુકમનો તરત જ અમલ થયો અને આ સાતે પવિત્ર પુરુષોને બળદોની માફક લોખંડના ગોખરુ પર ફેરવવાનું કામ શરૂ કરવામાં આવ્યું. આ સાતે જણ પુંઅરાના ત્રાસથી ત્રાસિત બની ગયા. એમનું દુઃખ જોઈને ભંભિયા નામના એક હજામને દયા આવી. તેણે આ ઋષિ દેવોને પૂછ્યું કે, ''તમારી ભાળ લેનાર કોઈ છે ખરો કે નહિ?''

જવાબમાં એકે કહ્યું કે, 'અમારી ધા સાંભળનાર તો મોટા દાંતવાળા છે, પણ કોઈક અમારે બદલે આ ઘાણીમાં જોડાય તો અમારામાંથી એક જણા અમારા દેવોનું આહ્‌વાન કરી શકે.''

હજામ દયાવાન હતો. ભીખ ધરસ નામના એક ઋષિના સ્થાને તે ઘાણીમાં જોડાયો અને ભીખ ધરસને ઘાણીમાંથી છૂટો કર્યો. આ ઋષિ બહાર જઈને લાખાડી નામની એક ટેકરી પર ચડી કાનમાં આંગળાં ઘાલીને પોતાના સહાયક દેવોને દુઃખદ સ્વરે ધા દેવા લાગ્યો :

*કનેં પાએ કૂકરા, લાખાડી ચડ્યો,*
*બોંતેર જખ ભેરા થેઆ, પિઢમેં ઘાટ ઘડ્યો.*

*ભાવાર્થ :* કાનમાં આંગળાં ઘાલીને રાડ કરતો ધરસ લાખાડી ટેકરી પર ચડ્યો. એની જાણ થતાં બોંતેર જખ ભેળા થઈને આપસમાં વિચાર કરવા લાગ્યા.

આ બોંતેર જખ દેવો પોતાના ઋષિ ભક્તોની ભાળ લેવા રૂમશામથી ચડી નીકળ્યા અને કચ્છના જખૌ બંદરે ઊતરીને કચ્છમાં દાખલ થયા. તેમનો સરદાર સાઉં નામનો જખ હતો.

**આ જખ દેવો પ્રથમ નનામા ડુંગર પર આવ્યા અને નનામો એમનો ભાર ઝીલી શક્યો નહિ અને નમવા લાગ્યો.** ત્યાર પછી ધ્રબવા ડુંગર પર આવ્યા અને આખરે પુંઅરા જામના પદ્ધરગઢની પશ્ચિમે એકાદ માઈલના અંતરે આવેલી એક ટેકરી પર તેમણે છાવણી નાખી.

આ જખ દેવો સાથે સાંયરી નામે તેમની એક બહેન પણ આવેલી. તેમણે સાંયરીને પદ્ધરગઢની બાતમી મેળવવા શહેરમાં મોકલાવી. સાંયરી ચતુર અને જાસૂસી કળામાં કુશળ હોવાથી તે પુંઅરાની રાણી રાજૈં પાસે ગઈ અને જામના જનાનખાનામાંથી પદ્ધરગઢની તમામ બાતમી મેળવી લીધી.

પોતાનું કાર્ય પૂરું કરી સાંયરીએ જખ દેવોને જણાવ્યું, ''પુંઅરો જામ દરરોજ સવારે પોતાની મોટી મેડીની અગાસી પર સ્નાન કરવા બેસે છે. એ સમય તેનો નાશ કરવા માટે ઉચિત થશે.''

સાંયરીની વાત જખ દેવોને યોગ્ય જણાઈ. તેમણે પુંઅરાનો ઘાટ ઘડવાની તમામ યોજના ઘડી કાઢી. વળતે દિવસે પુંઅરા જામના સ્નાનના સમયે કક્કડ નામના જખે પોતાની ટેકરી પરથી તેના પર કોઈ અસ્ત્રનો ઘા કર્યો. **આ પ્રહારથી પુંઅરાની મેડીની એક મોટી શિલા તૂટી પડી. પુંઅરો જામ તેની નીચે દબાઈને મરણને શરણ થયો છે.**

જખ દેવોના સંબંધમાં ભારતીય ઈતિહાસના પ્રખર અભ્યાસી અંગ્રેજ સાહિત્યકાર **શ્રી રશબ્રૂક વિલિયમ્સ** પોતાના પુસ્તક 'Black Hills' ના ગુજરાતી અનુવાદ 'કારા ડુંગર કચ્છજા' નામના પુસ્તકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે!

'જામ પુંઅરાનું નામ જો સૌથી વધારે યાદ રહ્યું હોય તો તે **રાજસ્થાનના ઈતિહાસમાં વર્ણવેલી એક અદ્‌ભુત દંતકથા સાથે જોડાયેલું છે તેથી જ.** આ દંતકથા પ્રમાણે જખ નામના કોઈ ભેદી લોકો અહીં આવ્યા હતા અને કચ્છના રાજકાજમાં તેઓએ થોડો વખત માથું માર્યું, જેનું પરિણામ બહુ કરુણ આવ્યું. જામ પુંઅરાનું મૃત્યુ તથા પદ્ધરગઢનો નાશ. આ બનાવો વિશે જે દંતકથાઓ પ્રચલિત હતી તે ઈ.સ. ૧૮૨૬માં બનાવોના સ્થળે જઈ, પહેલી જ વખતે **મેજર બર્નેસે (પાછળથી સર એલેકઝાન્ડરે)** એકત્રિત કરી તેને લેખિત સ્વરૂપ આપ્યું. મિસીસ પોસ્ટન્સ અને તે પછીના ઈતિહાસકારોએ થોડા ફેરફાર સહિત આ વૃત્તાંતનું જ પુનરાલેખન કર્યું અને છેવટે **'ગેઝિટિયર ઓફ ઈન્ડિયા' (બોમ્બે પ્રેસિડન્સી) નામના આધારભૂત પુસ્તકના ભાગ પાંચમામાં કચ્છ વિષે પહેલી જ વાર છપાયેલ પ્રામાણિક ઈતિહાસમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો.** સંક્ષિપ્તમાં તે આ પ્રમાણે છે :

''પુંઅરાએ પદ્ધરગઢનું બાંધકામ પૂરું કર્યું તે પછી તુરત જ બાય ઝેનશિયમની આસપાસના પ્રદેશમાંથી સાત ઋષિઓ અથવા સંઘારો પોતાના ઈષ્ટદેવ જખની પૂજા કરવા કચ્છમાં આવ્યા અને વસવાટ કર્યો. તેઓના પવિત્ર જીવનની પ્રશંસા અને ખાસ કરીને નિઃસંતાન દંપતીઓને સંતાન પ્રાપ્ત થાય

તેવા આશીર્વાદ આપવાની તેમની અલૌકિક શક્તિ વિશે પુંઅરાની રાણીએ સાંભળ્યું. આ રાણીને કુંવર ન હતો. તે પછીના બનાવ વિશે જુદા જુદા વૃત્તાંતો જોવા મળે છે. એક મત પ્રમાણે ઋષિઓએ પુંઅરાની રાણીના મોભાને ઘટે તેવું ખાસ સન્માન ન કર્યું. પણ એક સામાન્ય સ્ત્રીની માફક જ તેના તરફ વર્તાવ કર્યો. તેથી રાણીનું માનભંગ થયું અને ઋષિઓ ઉપર જુલમ કરવા તેણે પુંઅરાને ઉશ્કેર્યો.

'બીજો વૃત્તાંત એમ કહે છે કે રાણી ઋષિઓની શિષ્યા બની ગઈ. ઋષિઓ તેને મળી શકે તેવો જમીન નીચેથી એક ગુપ્ત માર્ગ તેણીએ બંધાવ્યો અને ઘટિત યજ્ઞયાગ કરવાની તૈયારી કરી. પુંઅરાએ તો પોતાના અમાનુષી સ્વભાવ પ્રમાણે પોતાની રાણીના ચારિત્ર્ય ઉપર જ શક કર્યો. બંને વૃત્તાંત પ્રમાણે પુંઅરાએ ઋષિઓને ગિરફતાર કર્યા અને કણસલામાંથી દાણા છૂટા પાડવા માટે બનાવેલા ખળા પર ઘાસ સાથે પુષ્કળ લોઢાના ગોખરુ જેવા કાંટા પાથરી તેના ઉપર ઋષિઓને ચાલવાની ફરજ પાડી. બંભરા નામે એક દયાળુ હજામે એક ઋષિને છોડાવી પોતે તેનું સ્થાન લીધું. મુક્ત થયેલો ઋષિ દોડીને લાખિયાર ભીટ્ટ નામની ટેકરી પર ચઢી ગયો અને પોતાના ઈષ્ટદેવ (જખદેવ) ની મદદ માગી. **આ રીતે ૭૨ ભાઈઓ અને એક બહેન ઝેનશિયમથી કચ્છ આવી પહોંચ્યાં.** કહેવાય છે કે તેમના બધાંના સંયુક્ત તપના બળથી જે જે ટેકરી ઉપર તેમણે થાણાં નાખ્યાં તે સપાટ બનતી ગઈ અને છેવટે પદ્ધરગઢ પાસે પડેલ પોતાના સરસામાનમાંથી પથ્થરો કાઢી પોતાના રહેઠાણ માટે એક અલાયદી ટેકરી તેમને બાંધવી પડી. તેનું નામ તેમણે **કક્કડભિટ્ટ** રાખ્યું. કેદ પકડેલા ઋષિઓને મુક્ત કરવાનું પુંઅરાને જખોએ કહેણ મોકલાવ્યું. પણ પુંઅરાએ તેનો સ્વીકાર ન કર્યો જેથી તેઓએ પુંઅરા તરફ તીરો ફેંક્યા. પણ પુંઅરો એક મંત્રસિદ્ધ માદળિયું પહેરતો હોવાથી બાણોની તેના પર કંઈ અસર થઈ શકી નહિ. પછી જખની બહેન સાંયરીએ મચ્છરનું રૂપ લીધું અને પુંઅરાને ચટકો ભર્યો. પુંઅરો વેદના મટાડવા માટે માદળિયું ઉતારી સ્નાન કરવા ગયો. કક્કડ નામના સૌથી નાના જખે પુંઅરાના મહેલના જે ખૂણામાં તેનું સ્નાનગૃહ હતું તેના ઉપર તાકીને બાણ છોડ્યું. પરિણામે એક મોટી શિલા પુંઅરા ઉપર પડી. આથી તેને એટલી બધી ઈજા થઈ કે ત્યારબાદ ૪૦ દિવસમાં જ તેનું મૃત્યુ થયું, પદ્ધરગઢનો નાશ થયો અને ઉજ્જડ બની ગયું આ બનાવ હજુ પણ કચ્છમાં ગવાય છે.

"જખોનું ઉદ્ભવસ્થાન અને સાચો ઈતિહાસ ગમે તે હોય પરંતુ એટલું નિર્વિવાદ છે કે પુંઅરાનું મૃત્યુ તેમને હાથે થયું, અને તેમ થતાં સિંધના સમા રાજપૂતોએ સમગ્ર કચ્છમાં પોતાની હકૂમત સ્થાપવાનો કરેલો પ્રયાસ તદ્દન નિષ્ફળ નીવડ્યો. પુંઅરાના મૃત્યુ વિશે જે ખુલાસો વધારે બુદ્ધિગમ્ય છે તે જો માનવામાં આવે તોપણ પુંઅરાના ગઢનો નાશ કેવી રીતે થયો તે સવાલ ઊભો થાય છે. આજે પણ એ ભૂમિ શાપિત ગણાય છે. તેનું કારણ જખો ત્યાં શહીદ થયા એમ કહી શકાય. પરંતુ જે અસ્તવ્યસ્ત અવદશામાં પદ્ધરગઢ શહેર ભાંગેલું પડ્યું છે, તે કેવળ જખોના આત્મબલિદાનથી થયું હોય એમ માની શકાય નહિ. તેનાથી વધારે જૂનું શહેર કેરા કે જેમાંથી સારા સારા પથ્થરો ઉપડી ગયા છે, જેને ભૂકંપોના આંચકાઓ લાગ્યા છે અને વરસો થયાં જેની કશી દેખભાળ લેવાતી નથી છતાં તે શહેર આજે હસ્તિ ધરાવતું રહ્યું છે."

પદ્ધરગઢ આજે ખેદાનમેદાન બની ગયું છે. મોટી મોટી શિલાઓથી ચણેલી પુંઅરા જામની વડી મેડી આજે પણ ખંડેરરૂપે ખડી છે.

**અહીંથી થોડે દૂર આવેલી કક્કડભિટ્ટની ટેકરી પર ૭૨ જખ ૭૨ ઘોડા પર બિરાજમાન થયેલા જોવામાં આવે છે.** દર વરસે ભાદરવા સુદ અગિયારસના દિવસે અહીં જખ દેવનો મોટો મેળો ભરાય છે. મેળાની ઉપજમાંથી ઋષિઓને બદલે ઘાણીમાં જોડાનાર હજામના વંશજોને પણ ભાગ આપવામાં આવે છે. ■

## કચ્છનો પ્રખ્યાત અલી ચોર

(અનુ. : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)

કરી કે આ વખતે તેને વગર વાંકે જ જેલમાં ખોસી દેવામાં આવ્યો છે. અલી ચોરની વાતો રાઓશ્રીના લક્ષ બહાર ન હતી, પણ આ વખતે એની હિંમત, મરદાઈ અને સત્યનિષ્ઠા જોઈને દેશળજી બાવા પ્રસન્ન થઈ ગયા. આજ પછી ચોરી ન કરવાનું એની પાસેથી વચન લઈ બાવાએ તેને મુક્ત કર્યો. તે દિવસથી અલી ચોર બાવાનો માનીતો થઈ પડ્યો. એને રાજ કચેરીમાં સ્થાન આપવામાં આવ્યું.

**અલી ચોરે ત્યારથી પોતાનું આખું જીવન પલટી નાખ્યું.** એક ખોફનાક ચોરમાંથી તે ખુદાનો બંદો બની ગયો. તેણે પોતાનું શેષ જીવન પ્રભુ ભક્તિમાં જ પસાર કર્યું.

કહેવાય છે કે અલી ચોરમાંથી અલી અકબર બનેલા એને પોતાના મૃત્યુની આઠ દિવસ પહેલાં જ ખબર પડી ગઈ હતી. મૃત્યુ પહેલાં એ ડુમરાના માણસોને પ્રેમથી ભેટ્યો હતો અને સૌની ક્ષમા માંગી હતી. લોકવાણી તો ત્યાં સુધી કહે છે કે તે પોતાની કબર સુધી પગે ચાલીને ગયો હતો.

ડુમરાના આ ડાકુએ ડુમરામાં ત્રણ મજલાની એક મેડી ચણાવી છે. **આજે પણ એ મેડી એક ખંડેર હાલતમાં ખડી છે. ડુમરાનો એ ડાકુ આજે પીર થઇને પૂજાય છે.** ■

કચ્છ દર્શન

# રા'ની રોઝડી

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.*

આવો કચ્છ પ્રદેશ એની અનેક પ્રકારની વિશિષ્ટતાઓ વડે વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરી રહે છે. લાંબા વાંકા તુંબડાના આકારવાળો આ કચ્છડો સાગર અને રણસાગરની બેલડીઓના બંધનમાંથી હવે મુક્ત થયો છે એ એનાં સદ્‌ભાગ્ય છે. એની દક્ષિણ અને પશ્ચિમ દિશામાં અથાગ અરબી સમુદ્ર ઘૂઘવે છે. પૂર્વે અને ઉત્તરે બિયાબાન રણપ્રદેશ પથરાઈ રહેલ છે. આ રણપ્રદેશ પર જ્યારે પાણી ફરી વળે છે ત્યારે કચ્છ એક બેટ બની જાય છે.

**કચ્છની ઉત્તર તરફના રણને ઓળંગતાં થરપારકરનો રેતાળ પ્રદેશ આવે છે. ત્યારબાદ સિંધની શરૂઆત થાય છે.** થરપ્રદેશના સોઢા રાજપૂતો એમનાં કદાવર શરીર, ઘાટી દાઢી, શ્વેત વસ્ત્રો અને મોટી ધોળી પાઘડીથી એક વિશિષ્ટ વ્યક્તિત્વ ધારણ કરે છે. આ સોઢા રાણાની કુંવરીઓ કચ્છના જાડેજા કુમારો સાથે લગ્નગ્રંથિથી જોડાય છે.

આજથી એક હજાર વર્ષ પહેલાં જ્યારે કચ્છ - કેરાકોટમાં કચ્છના પ્રતાપી રાજવી લાખા ફુલાણીનો અમલ હતો ત્યારે થરપારકરના રાજનગર અમરકોટની રાજગાદી પર રાણો ચાંદ બિરાજમાન હતો. આ રાણો ચાંદ એક મહાન શિવભક્ત હતો. તે પોતાનો મોટાભાગનો સમય અમરકોટના શંખેશ્વર મહાદેવની સેવાપૂજામાં વ્યતીત કરતો. થરનો પ્રદેશ રણની ક્ષારવાળી ભૂમિ પર આવેલો હોવાથી ત્યાં ફૂલઝાડ ભાગ્યે જ જોવા મળતાં. પરંતુ રાણા ચાંદે શિવપૂજન માટે ઘણા પ્રયાસો અને મોટા ખરચે કુશળ માળીઓની દેખરેખ નીચે એક વિશાળ પુષ્પવાટિકાની રચના કરી હતી. અહીં અનેક પ્રકારના ફૂલના છોડવાનો ઉછેર થતો. આ ફૂલો ભગવાન શંકરના પૂજન - અર્ચનમાં વપરાતા.

આ સમયે કચ્છ કેરાના ગાદીપતિ જામ લાખાની ઘોડાહારમાં એક રૂપાળી રોઝડી હતી. આખી ઘોડાહારમાં તે છૂટથી ફરતી. આ રોઝડી જામ લાખાની માનીતી હતી. રોઝડાં ફૂલોની કળીઓ ખાવાનાં ખૂબ શોખીન હોય છે. આ રોઝડી પણ રાત પડે એટલે દરરોજ કેરાકોટથી દૂરદૂર નીકળી જતી અને આજુબાજુની ફૂલવાડીઓ સાફ કરી આવતી. આખી રાત મુક્ત મને ચરી ફરીને સવાર પહેલાં તે પોતાના સ્થાન પર હાજર થઈ જતી. દરરોજના આ પ્રકારના કાર્યક્રમથી આસપાસની પુષ્પવાટિકાઓને તેણે ઉજ્જડ બનાવી દીધી. પુષ્પકળીઓનું નામ-નિશાન પણ આ રોઝડીએ ક્યાંય રહેવા દીધું નહીં. આ પ્રદેશમાં જ્યારે ફૂલની કળીઓ એને મળતી બંધ થઈ ત્યારે તેણે પોતાની પવનવેગી ગતિની સહાયથી દૂરદૂરની ભૂમિમાં ભટકીને ફૂલોના બગીચા શોધવા માંડ્યા. દૂરદૂર ભટકતાં તેને થરપારકરના રાણા ચાંદનો વિશાળ પુષ્પબાગ મળી આવ્યો. તે દિવસથી રાણા ચાંદની ફૂલવાડીનાં ફૂલો શંકરના પૂજનમાં જવાને બદલે રા' લાખાની રોઝડીના ઉદર-મંદિરમાં પધરાવા લાગ્યાં. થોડો વખત તો આમ ચાલ્યું પણ આખરે રાણાના શિવપૂજન માટે પુષ્પો મળતાં બંધ થઈ જવાથી તેણે કાચી કળીઓના આ ચોરને શોધવા માટે પોતાની પુષ્પવાટિકામાં અખંડ ચોકી બેસાડી.

એક દિવસ મધરાતના સમયે આ કાબેલ ચોર પર રાણાના ચોકીદારોની દૃષ્ટિ પડી. પણ પવનપુત્રી જેવી આ રોઝડીને પકડી પાડવાનું કામ મુશ્કેલ હતું. બાગના ચોકીદારો જ્યારે આ ચોરને પકડવામાં નિષ્ફળ નીવડ્યા ત્યારે રાણો ચાંદ પોતે પોતાના પાણીદાર અશ્વ પર સવાર થઈને એ ચાલાક ચોરને ઝડપી લેવા માટે આખી રાત ખડે પગે રહ્યો. આમ છતાં આ ગગનગામી ગતિવાળી રોઝડીની સરખામણીમાં રાણાનો ઘોડો પાછળ પડી ગયો.

રાણાની ઘોડાહારમાં 'નવલખા' નામનો એક પાણીપંથો અશ્વ હતો. આ અશ્વ પર આરૂઢ થઈને બીજે દિવસે રાત્રિ સમયે રાણો ચાંદ પોતાની પુષ્પવાટિકામાં પહોંચી ગયો. બરાબર તૈયાર રહીને તે આ રોઝડીની રાહ જોવા લાગ્યો.

મધરાત થતાં પવનના સુસવાટા જેવી આ રોઝડી અહીં આવી પહોંચી. રાણાની વિશાળ વાડીમાં મનગમતી ફૂલની કળીઓ વીણીવીણીને ખાવા લાગી. અશ્વારૂઢ થઈને બાગમાં ફરતા રાણા ચાંદની એના પર દૃષ્ટિ પડી. રોઝડી નજરે ચડતાં જ રાણાએ અશ્વને એડી મારી. એ જ વખતે આ રોઝડી ગરુડ ગતિએ ઊડતી - છલાંગો મારતી નાસવા લાગી. રાણાએ પણ

પોતાના નવલખા અશ્વને રોઝડી પાછળ મારી મૂક્યો. ઘોડો વંટોળિયાની પેઠે ધસતો રોઝડી પાછળ પડ્યો. રોઝડી તો વીજળીની જેમ એકશ્વાસે સપાટાબંધ દોડતી ભાગતી હતી. ઘડીકમાં નજીક અને ઘડીકમાં દૂર એમ જાણે આકાશમાં ઊડતી જતી હતી. જરાવારમાં જાણે હમણાં જ ઘોડાના દાબલા નીચે કચડાઈ જશે એમ લાગે અને બીજી જ ક્ષણે બેચાર ખેતરો દૂર નીકળી જતી નજરે પડે. આમ આગળ રોઝડી અને પાછળ રાણાનો નવલખો ઘોડો પોતપોતાની ગતિની હરીફાઈ પર આવી ગયા હતા. આખરે વહેલી સવારે રાણાનો ઘોડો કેરાકોટના દરવાજા પાસે રોઝડીને ભેટોભેટ થઈ ગયો. **રોઝડી તે જ ક્ષણે ધરતી પર પટકાઈ પડી. તેના પ્રાણ પરવારી ગયા.**

રોઝડીને જમીન પર પટકાઈ પડેલી જોઈને રાણાએ પોતાના અશ્વને થંભાવ્યો. એ જ વખતે કપિલકોટનો દરવાજો પણ ખોલવામાં આવ્યો. દરવાજા પરના ચોકીદારે જામ લાખાની માનીતી રોઝડીના પ્રાણ હરનાર રાણા ચાંદને બંદીવાન તરીકે જાહેર કર્યો. રાણાને હવે જ ભાન થયું કે પોતે રાતની રાતમાં પોતાની રાજધાની અમરકોટથી કેટલાય ગાઉ દૂર કેરાકોટમાં આવી ચડ્યો છે. અહીં આ પારકા મુલકમાં તેનું કંઈ ચાલી શકે તેમ ન હોવાથી તે ચોકીદારની આજ્ઞાને આધીન થયો.

સવાર થતાં પહેરેગીરોએ રાણા ચાંદને જામ લાખાની રાજકચેરીમાં હાજર કર્યો. રોઝડીને મારનાર તરીકે તેને ઓળખાવ્યો. પોતાની માનીતી રોઝડીના મૃત્યુના સમાચાર સાંભળીને જામ લાખો દિલગીર થયો. રોઝડીને મારી નાખવાનું કારણ તે રાણા ચાંદને પૂછવા લાગ્યો. રાણા ચાંદે પોતાની ઓળખાણ આપી. તેણે સઘળી ઘટનાથી જામ લાખાને વાકેફ કર્યો. જામ લાખાને આ વાતમાં વિશ્વાસ બેઠો નહીં. એક જ રાતમાં રોઝડી છેક અમરકોટથી કેરાકોટ પાછી વળી આવે એ વાત જામ લાખાને તદ્દન અસંભવિત લાગી. પોતાની વાત સાબિત કરી આપે તો જામ લાખાએ તેને સગપણ આપવું અને જો તેમ ન કરી શકે તો રાણા ચાંદે તેને સગપણ આપવું.

હવે રાણાને તેની વાતની સત્યતા સિદ્ધ કરી બતાવવાની રહી. રાણાએ જામ લાખાને જણાવ્યું કે 'આ રોઝડીએ મારા બાગનાં ફૂલોનાં ઝૂમખેઝૂમખાં ખાધાં છે. આખે રસ્તે એને શ્વાસ લેવા જેટલો સમય પણ નિરાંતનો ન મળેલ હોવાથી એ ફૂલો હજમ થયા વગરનાં જ રોઝડીના પેટમાં જેમનાં તેમ પડી રહ્યાં હશે. માટે ખાતરી કરીને જોઈ લ્યો!'

રાણાની શરત જામ લાખાએ મંજૂર કરી. ખાતરી માટે રોઝડીનું પેટ ચીરવામાં આવ્યું. તપાસ કરતાં વાત અક્ષરશઃ સાચી માલમ પડી. જામ લાખાની આંતરિક ઇચ્છા રાણા ચાંદને સગપણ આપવાની ન હતી. પણ વચનથી તે બંધાઈ ગયો હતો. એટલે નાછૂટકે પોતાની બહેનનું વેવિશાળ રાણા ચાંદ સાથે નક્કી તો કર્યું, પણ તેના અમલ માટે વિચિત્ર શરતો રજૂ કરવામાં આવી.

એક શરત એ હતી કે રાણાએ એક જ દિવસમાં અમરકોટથી કેરાકોટ પહોંચી આવવું. બીજી શરત એ કે દરેક જાનૈયાએ પોતાની સાથે સો-સો કાતળીવાળી એક એક લાકડી લાવવી. અને ત્રીજી શરત એ હતી કે ઘઉંના શીરાનો એક આખો પેડો ખાઈ જાય એવા સો માણસ જાનમાં લાવવા.

**આવી વિલક્ષણ પ્રકારની ત્રણ શરતો પૂરી કરવાનું કાર્ય મુશ્કેલ હતું.** છતાં રાણા ચાંદે આ શરત કબૂલ કરી લીધી. અમરકોટ પહોંચીને આ શરતો પૂરી કરવાનો રસ્તો શોધવાની તેણે તજવીજ કરવા માંડી. રાણાએ આખા થરપારકરમાં દાંડી પિટાવીને જાહેર કર્યું કે આ ત્રણ શરતો પૂરી કરી આપનારને મનમાનતું ઇનામ આપવામાં આવશે. અમરકોટના એક બુદ્ધિશાળી વૃદ્ધ માણસે આ બીડું ઝડપી લીધું.

અમરકોટમાં પાલણીઓ નામનો એક સુતાર હતો. આ સુતારે બે રોઝડાંનો એક રથ તૈયાર કર્યો હતો. આ રોઝડાં એક જ દિવસમાં અમરકોટ પહોંચી જાય એવી ઝડપી ગતિ ધરાવતા હતાં. એક શરત તો આ રીતે પૂરી થઈ જતી હતી. તે સિવાય બીજી બે શરતો કેરાકોટમાં પૂરી કરવાની હતી.

યોગ્ય સમયે રાણા ચાંદની જાનનો કાફલો સો સપડતા બેલી સાથે અમરકોટથી ચાલતો થયો. કપિલકોટની નજદીક આવતાં પેલા બુદ્ધિશાળી વૃદ્ધે નદીની ભેખડમાંથી દાભના મૂળની એક એક સોટી કાઢીને દરેક જાનૈયાના હાથમાં આપી દીધી. દાભના મૂળની સોટીમાં નાનીનાની કાતળીઓ હોવાથી દરેક જાનૈયાએ સો સો કાતળીવાળી સોટી પોતાના હાથમાં રાખી લીધી. બીજી શરત પણ આ રીતે પૂરી કરવામાં આવી. હવે શીરાનો એક એક આખો પેડો ખાઈ જવાની ત્રીજી શરત સૌનાં મનમાં ચિંતા ઉપજાવી રહી હતી. પેલો વૃદ્ધ આ છેલ્લી શરત માટે સૌને ધીરજ આપતો કેરાકોટના પાદરે આવી પહોંચ્યો.

આ તરફ બરાબર લગ્નના દિવસે રાણો ચાંદ પણ પાલણિયા સુતારના રથમાં બેસીને એક જ દિવસમાં અમરકોટથી કપિલકોટ આવી પહોંચ્યો. જાનને આવી પહોંચેલી જોઈને જામ લાખાએ પોતાની શરતોનું બરાબર પાલન થયું છે કે કેમ, તેની તપાસ કરવા કર્મચારીઓને મોકલ્યા. તપાસ કરતાં તેમણે જોયું કે દરેક જાનૈયા પાસે સો સો કાતળીવાળી એક એક લાકડી હાજર છે. રાણો ચાંદ પણ રોઝડાંના રથમાં એક જ દિવસમાં અમરકોટથી કપિલકોટ આવ્યો છે. રાણા ચાંદે વિશેષ ખાતરી માટે જણાવ્યું કે "જામ લાખાને જો ખાસ પુરાવાની જરૂર હોય તો અમારો પાલણિયો સુતાર તેને એક જ દિવસમાં

અહીંથી અમરકોટ લઈ જવા તૈયાર છે.''

આમ બે શરતો પછી હવે એક ત્રીજી શરત પૂરી કરવાની બાકી હતી. એ માટે પેલા વૃદ્ધે રાજના કર્મચારીઓને જણાવ્યું કે ''તમે શીરાના સો પેડા રાંધીને તૈયાર રાખો! અમારા સૌ જાનૈયા સો પેડા ખાઈ જવા તૈયાર છે.''

વૃદ્ધની આ વાત સાંભળીને જાનૈયા તો પોતપોતાના મનમાં મૂંઝાવા લાગ્યા. આપસ આપસમાં કહેવા લાગ્યા કે આ ડોસો આપણો જીવ લેવા માંગે છે કે શું? શીરાનો એક પેડો એક માણસ આરોગી જાય એ વાત તો તદ્દન અશક્ય હતી.

રસોઇની તૈયારી ચાલવા લાગી. સો-સો ચૂલા પણ મંડાઈ ગયા. દરેક ચૂલા પર એક એક માટીનો પેડો ચડાવી દેવામાં આવ્યો. આ જોઇને પેલા જાનૈયાઓ અકળાવા લાગ્યા. ક્યાં એક જબરો પેડો અને ક્યાં એક માનવીનું નાનકડું પેટ! પેલો વૃદ્ધ તો તદ્દન નિશ્ચિત ભાવે આ બધું નિહાળી રહ્યો હતો.

જ્યારે શીરાનો એક પેડો રંધાઇને તૈયાર થઈ ગયો ત્યારે પેલા વૃદ્ધે જાનના તમામ માણસોને એક હારમાં બેસાડી દીધા. એક પેડામાંથી બધાને થોડો થોડો શીરો વહેંચી આપ્યો. જાનૈયા તો જરાવારમાં જ આ પ્રસાદી ચટ કરી ગયા. બીજા પેડાની રાહ જોવા લાગ્યા. બીજો પેડો રંધાઇને તૈયાર થઈ ગયો એટલે તેમાંથી પણ બધાને થોડો ભાગ મળી ગયો. ત્યાર પછી ત્રીજો, ચોથો એમ એક પછી એક શીરાના પેડા ઊતરતા આવ્યા અને એક પછી એક સાફ થતા આવ્યા. જાણે દેવની પ્રસાદી ખાતા હોય તેમ સૌ વિના તકલીફે પોતપોતાને ભાગે આવતો થોડો થોડો શીરો આરોગતા આવ્યા. આ રીતે એક પછી એક શીરાના સો પેડા ક્યાં ચાલ્યા ગયા તેની કોઈને ખબર પણ પડી નહીં. સૌ કોઈ પેલા વૃદ્ધની અદ્‌ભુત બુદ્ધિ પર આફરીન થવા લાગ્યા. **આજે પણ બુદ્ધિની કસોટીનું આવું કોઈ કાર્ય કરતાં કચ્છના લોકો 'લાખે વારા પેડા' એ ઉક્તિને યાદ કરવાનું ચૂકતા નથી.**

જામ લાખાએ મૂકેલી ત્રણ શરતો આ રીતે પૂર્ણ થઈ જવાથી રાણા ચાંદની જાન વાજતે-ગાજતે કપિલકોટમાં દાખલ થઈ. લગ્નની તૈયારીઓ ચાલવા લાગી.

જામ લાખાને પાલણિયા સુતારનો બે રોઝડાંવાળો રથ ખૂબ ગમી ગયો હતો. આ રથ તેણે રાણા ચાંદ પાસેથી પડાવી લેવાની તજવીજ ચલાવવા માંડી. પાલણિયા સુતારના કાને આ વાત આવી જતાં તેને પોતાના રથની ચિંતા થવા લાગી. આથી તે છાનોમાનો જાનના ઉતારાવાળા બગીચામાં જ્યાં એ રથ રાખવામાં આવ્યો હતો ત્યાં પહોંચી ગયો અને તરત જ રથમાં રોઝડાંને જોડીને નાસવા લાગ્યો.

આ વખતે એક વિચિત્ર ઘટના ઘટી હતી. થોડા જ સમય પહેલાં સ્વર્ગસ્થ થયેલા જામ લાખાના પિતા ફૂલ જામની એક મેરાંદે નામની રખાત એ જ બાગમાં ફરી રહી હતી. મેરાંદે ગર્ભવતી હોવાથી જરા થાક લાગતાં પાલણિતા સુતારના રથમાં થોડી વિશ્રાંતિ લેવા બેઠી. સમય રાત્રિનો હતો. બાગમાં સુખકારક શીતળ હવાની લહેરો આવતી હતી. મેરાંદે રથ પર જરા આડે પડખે પડી. હવાની લહેરોમાં તે નિદ્રાધીન થઈ ગઈ.

પાલણિયા સુતારને આ વાતની કશી ખબર ન હતી. એ તો ઉતાવળો ઉતાવળો રથ જોડીને ચાલી નીકળ્યો. રથનાં રોઝડાં પંખી ઊડતાં હોય તેમ રથને લઇને વાયુવેગે અમરકોટ ભણી ધસવા લાગ્યા. રથ જ્યારે રણમાં દાખલ થયો ત્યારે મેરાંદેની આંખ ઊઘડી. પોતાને ઝપાટાબંધ દોડતા રથમાં પડેલી જોઈને તેને નવાઇ લાગી. હવે તેને પોતાની ભૂલ સમજાઈ. રથની અંદર તે મોટે સાદે બૂમાબૂમ કરવા લાગી. રથની અંદર થતી બૂમો સાંભળીને પાલણિયો તો ગભરાઈ ગયો. તેને બીક લાગી કે ચાલતા રથમાં આ ભૂત ક્યાંથી જાગ્યું? તેણે તરત રથને ઊભો રાખ્યો. તપાસ કરતાં તેને જણાયું કે એ તો સ્વર્ગસ્થ જામ ફૂલની પ્રેયસી મેરાંદે છે. મેરાંદે પોતાને કેરાકોટ પહોંચાડવા માટે કાલાવાલા કરવા લાગી. પરંતુ આ પાલણિયો હવે પાછો ફરે તેમ ન હતું. અને મેરાંદે અહીંથી એકલી કેરાકોટ પહોંચે એમ પણ ન હતું. આથી પાલણિયો સુતાર તેને પોતાના રથમાં છેક અમરકોટ લઈ ગયો. ત્યાં તેણે મેરાંદેને પોતાની પુત્રી તરીકે ઘેર રાખી.

આ તરફ પાલણિયો પલાયન થવાના અને મેરાંદે ગુમ થવાના સમાચાર જ્યારે જામ લાખાના કાન પર આવ્યા ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહીં. તેણે રાણા ચાંદને સ્પષ્ટ જણાવી દીધું કે જ્યાં લગી તમે પાલણિયા સુતારને અને મેરાંદેને અહીં હાજર નહીં કરો ત્યાં લગી લગ્નની કાર્યવાહી આગળ ચાલવાની નથી.

આ અપમાનથી રાણા ચાંદને પણ ગુસ્સો ચડ્યો. આ વખતે એની પાસે યુદ્ધનો કશો સરંજામ ન હોવાથી તેને ન છૂટકે અપમાનીત દશામાં પાછા ફરવું પડ્યું. અમરકોટ પહોંચીને રાણા ચાંદે પોતાના અપમાનનો બદલો લેવા મેરાંદેને અમરકોટમાં જ રોકી રાખી.

મેરાંદેએ પોતાનું શેષ જીવન અમરકોટમાં જ સમાપ્ત કર્યું. તે અહીં આવી ત્યારે ગર્ભવતી હતી. યોગ્ય સમયે તેણે એક અતિ સ્વરૂપવાન પુત્રીને જન્મ આપ્યો. **આ બાળકી ખૂબ જ સૌંદર્યવતી હોવાથી તેનું નામ માહરૂઇ અર્થાત્ ચંદ્રમુખી રાખવામાં આવ્યું. આ માહરૂઇનું નામ 'સતી મારઇ' તરીકે ઇતિહાસમાં મશહૂર છે.** ■

કચ્છ દર્શન

# કચ્છનો પ્રખ્યાત અલી ચોર

એક વખતનો કચ્છનો જાલીમ લૂંટારો જેસલ જાડેજો જેમ જેસલ ચોરમાંથી જેસલ પીર બની ગયો, તેમ કચ્છનો એક વખતનો અલી ચોર અલી અકબરના પવિત્ર નામથી પ્રખ્યાત થઇ ગયો છે. **આ અલી ચોરે આજથી પંદર દાયકા પહેલાં મહારાઓ શ્રી દેશળજીના સમયમાં કચ્છના અબડાસા વિભાગમાં રાડ બોલાવી હતી.**

મહારાઓ શ્રી દેશળજી કવિઓને અને કલાકારોને આશ્રય આપનાર રાજવી હતા. દેશળ દરબારને કવિઓએ ભોજરાજાના દરબાર સાથે સરખાવેલ છે. ભોજના દરબારમાં જેમ ચૌદ રત્નો ચમકતા હતા, તેમ દેશળ દરબારમાં પણ ચૌદ રત્નો શોભતા હતા. આ ચૌદ રત્નોની નામાવલિનો એક છપ્પય છે. તેમાં અલી ચોરની પણ 'અલી અકબર'ના નામથી ગણના કરવામાં આવેલ છે. આ ચૌદ રત્નોનાં નામનો છપ્પય નીચે મુજબ છે :

*મોતી, મેર, અરુ, ખંત, ફત્તુ ઔર અકબર અલી,*
*રુદ્ર, ચંદ્ર, ગોવિંદ, ઉન્નડ કવિ, કેશવ કલી;*
*કહાન, વીર ખેંગાર, વાલ, અરુ લાલ છલ્લી,*
*જુગ મયંક સમ અંક, રત્ન નર મહા પ્રબલ્લી;*
*જ્યોં ભોજ ભૂપ ધારાપતિ, લસત બસત બલ બુદ્ધિયુત,*
*ત્યોં ઈત રાજ રાજેન્દ્ર, રાજ્યો દેશલ કચ્છપત.*

ઉપર્યુક્ત ચૌદ નામો પૈકી પ્રત્યેક નામ પાછળ નાની-મોટી એક કથા આવેલ છે. પરંતુ આજે આપણે એક અલી ચોરની જ વાત કરવાની છે.

**કચ્છ અબડાસાના ડુમરા ગામમાં અલીનો જન્મ થયો હતો.** બાલ્યકાળથી જ અલીમાં ઠગબાજીનો ગુણ ઊતરી આવ્યો હતો. એની હાથચાલાકી એક જાદુગર જેવી હતી. ગામના વેપારીઓને ઊઠાં ભણાવવામાં આ અલી એક્કો હતો. વયમાં આવતાં ચૌર્યકળાની એની કુશળતા પણ ખીલતી ગઈ. એવી સિફતથી એ ચોરી કરતો કે કોઈને તેની ગંધ સરખી પણ આવતી નહીં. ખાસ કરીને તે શ્રીમંતોને ત્યાં જ હાથ મારતો.

એ જમાનામાં લોકોની તિજોરી હતી ધરતીમાતા. ઘણા લોકો પોતાની પાસેનો પૈસો ઘરમાં રાખવાને બદલે ધરતીને ખોળે પધરાવી દેતા. પોતાના ઘરના ખૂણા કરતાં ધરતીનો ખોળો એ વખતે વધુ સલામત ગણાતો. કયા માણસે પોતાની લક્ષ્મી ક્યાં દાટેલી છે તે પોતાની કલ્પનાથી જ અલી જાણી લેતો. પછી એ મિલ્કત હાથ કરવા માટે અલી એક નવો નુસખો વાપરતો. તે મનમાં ધારી રાખેલા શ્રીમંત પાસે જઇને કચ્છી ભાષામાં કહેતો : 'શેઠ, આંજી મિલકત સમાલીજા ભલા! ન કાં હાણેં પગ કરે વેંધી.' અર્થાત્ 'શેઠ, તમારી મિલકત સાચવજો હોં! નહિં તો હવે પગ કરી જશે.'

અલીની આ વાત સાંભળી, પેલો શેઠ ગભરાઈ જતો. તેને વહેમ પડતો કે ખરેખર તેની મિલકત કોઈ ઉઠાવી ગયો હશે તો?

પછી અલી એ શેઠની હિલચાલ પર છૂપી રીતે ધ્યાન રાખતો. પેલો શેઠ પોતાની મિલકતની તપાસ માટે ક્યાં જાય છે તે પર નજર રાખતો.

આ યુક્તિથી તેને મિલકતની ખબર પડી જતી અને દાટેલી લક્ષ્મી તેના હાથમાં આવી જતી.

ચોરી કરવામાં અલી હંમેશાં સફળ થતો એટલે લોકો માની લેતા કે અલી નજૂમી છે. નજૂમ જોવાથી એને બધી ખબર પડી જાય છે.

**અલી ચોર અને માંડવીનો ઇસ્માઇલ નોડે એ બંને મિત્રો હતા.** સાથે રહીને જ એ બંને ચોરી કરવા નીકળી પડતા. કોઈ વખત અલીનો ભાઈ મીરાશા પણ એમને સાથ આપતો. મીરાશા દોડવામાં ભારે જબરો હતો. દોડતા જતા હરણને પકડી પાડે એવી એની ઝડપ હતી!

એક વખત અલી, એનો ભાઈ મીરાશા અને ઈસ્માઈલ નોડે એ ત્રણે જણા સિંધમાંથી મીરોનો ખજાનો લૂંટવા માટે નીકળ્યા. મોટો ખજાનો એમના હાથમાં આવી ગયો. ઘણું દ્રવ્ય ઉઠાવીને અલી અને ઈસ્માઈલ તો છટકી ગયા પણ અલીનો ભાઈ મીરાશા ઝડપાઈ ગયો. તેને કેદ કરી લેવામાં આવ્યો અને કૂતરાઓ પાસે ફડાવી નાખવાની એને સજા કરવામાં આવી. એ સજાના અમલ માટે એને કચ્છના રણમાં લઇ જઇને એના પર શિકારી કૂતરાઓને છોડી મૂકવામાં આવ્યા. એ વખતે મીરાશાની દોડવાની ઝડપ એને ઉપયોગી થઈ પડી. શિકારી કૂતરાઓના પંજામાંથી છટકી, મુઠ્ઠીઓ વાળીને તે વાયુવેગે

દોડવા લાગ્યો. કૂતરાનું ટોળું તેની પાછળ પડ્યું. પરંતુ મીરાશાની પવનવેગી ગતિથી કૂતરા આખરે લાચાર બન્યા અને પાછા ફર્યા. થાક્યો પાક્યો મીરાશા જેમતેમ ડુમરા આવી પહોંચ્યો. એની પાછળ એક કૂતરી એના પગ સૂંઘતી સૂંઘતી છેક ડુમરા આવી પહોંચી. એ વખતે અલી ચોરની મેડીનો પાયો ખોદાતો હતો. મીરાશા પણ ત્યાં હાજર હતો. કૂતરીને અહીં સુધી આવેલી જોઈને મીરાશા ચમકી ગયો. કૂતરી મીરાશા પાસે પહોંચે તે પહેલાં જ અલી ચોરે એને ઝડપી લીધી અને એની મેડીના પાયામાં પધરાવી દીધી.

પિપ્પર ગામનો સારેઓ સંઘાર અલીનો દોસ્ત હતો. આ સંઘાર પોતાની ઘરવાળીને તેના પિયરથી તેડીને પોતાને ગામ આવતો હતો. રસ્તામાં એની સ્ત્રી લઘુશંકા માટે બેઠી અને જરા પાછળ રહી ગઈ. એ જ વખતે માળિયાનો એક મિયાણો પોતાના ઊંટ પર બેસીને અહીંથી પસાર થતો હતો. તેણે સારેઆ સંઘારની સ્ત્રીને ઝડપથી ઉઠાવી લીધી અને તેને ઊંટ પર નાખીને ઊંટને એકદમ દોડાવી દીધો.

આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં તો આ બનાવ બની ગયો. માળિયાના મિયાણાનો ઊંટ જરા વારમાં ક્યાંનો ક્યાં નીકળી ગયો. સારેઆ સંઘાર માથે હાથ દઈને બેસી રહ્યો. ઘરવાળીને ગુમાવી પોતાને ગામ જવાને તેના પગ ઉપડતા ન હતા.

**'ધીંગેજી ધરા અને બરુકેજી બાયડી', એ કચ્છી કહેવતની સચ્ચાઇનો એ જમાનો હતો.** સારેઓ સંઘાર મોટી મૂંઝવણમાં આવી પડ્યો. વિચાર કરતાં તેને એક વાત યાદ આવી. તેનો જાની દોસ્ત અલી ચોર તેને સાંભરી આવ્યો. આ મુસીબતમાં અલીની મદદ લેવાનો ઉપાય તેને સૂઝી આવ્યો.

સારેઓ સંઘાર પિપ્પર જવાને બદલે ડુમરાની દિશામાં ઊપડ્યો. ડુમરા આવીને તેણે પોતાની શરમજનક કહાણી અલીને કહી સંભળાવી. અલીએ એને દિલાસો આપ્યો. બીજે જ દિવસે એક ઝડપી ગતિના ઊંટ પર સવાર થઈને આ બંને મિત્રો પેલા મિયાણાની શોધમાં નીકળી પડ્યા.

**'ચોરનાં પગલાં ચોર પારખી લે'** એ ન્યાય મુજબ અલીને બાતમી મળી ગઈ કે મિયાણો માળિયાનો હતો. અલી અને સંઘાર કચ્છ-વાગડના શિકારપુર ગામેથી રણમાં ઊતરી પડ્યા.

આ તરફ સારેઆ સંઘારની ઘરવાળીનું હરણ કરીને ભાગી નીકળેલો મિયાણો પોતાના માળિયા ગામે આવી પહોંચ્યો. એ વખતે માળિયા ચોર અને લૂંટારાઓની ઢાલ જેવું લેખાતું. માળિયામાંથી કોઈ પણ ચોરને પકડી શકાય નહીં. માળિયા એવું સુરક્ષિત સ્થાન હતું કે ત્યાં 'અલ્લાનો પણ ધ્રા નહીં' અર્થાત્ ભગવાનનો પણ ડર નહીં. ચોર કે લૂંટારો માળિયા આવે તો જાણે પેટીમાં જ આવી ગયો. એને કોઈ હાથ પણ અડકી શકે નહીં. આ કારણથી પેલો મિયાણો માળિયા આવીને નિશ્ચિંત બની ગયો હતો. હવે તેને કશી પરવા ન હતી.

એક દિવસ સારેઆ સંઘારની સ્ત્રી માળિયા ગામના કૂવા પર પાણી ભરવા આવેલી. એ વખતે કચ્છના એના જ પિપ્પર ગામનો લખમીર નામનો એક રબારી પોતાના માલ સાથે અહીં પડ્યો હતો. લખમીર હવે કાઠિયાવાડમાંથી પોતાની ઑથને લઇને કચ્છ જતો હતો. બાઈની નજર આ લખમીર રબારી પર પડી. તેણે તરત લખમીરને ઓળખી લીધો. રબારી પાસે જઇને બાઈએ પોતા પર વીતેલી વાતથી તેને વાકેફ કર્યો અને પોતાના પતિને અહીં કૂવાકાંઠે આવવાનો સંદેશો મોકલી દીધો.

લખમીર રબારી ત્યાંથી પોતાની ગાયોના ટોળા સાથે ચાલતો થયો. રણની અધવચ્ચે તેણે અલી ચોર અને સારેઆ સંઘારને જ ઊંટ પર આવતા દીઠા. પેલા લોકોએ પણ લખમીરને ઓળખી લીધો. ઊંટને ઝુકાવીને આ લોકો નીચે ઉતર્યા અને બધા એકબીજાને ભેટ્યા. લખમીર રબારીએ સારેઆની બૈરીનો સંદેશો એમને આપી દીધો. આ સંદેશો મળવાથી એમની અડધી મુશ્કેલી તો દૂર થઈ ગઈ. બંને જણ રણ ઓળંગીને વહેલી સવારે માળિયા આવી પહોંચ્યા. અહીં આવી બંને મિત્રો માળિયાના પનઘટ પર પાણી ભરવા આવતી સ્ત્રીઓનું દૂરથી નિરીક્ષણ કરવા લાગ્યા.

થોડી જ વારમાં સારેઆ સંઘારની સ્ત્રી પાણીના કૂવા પર પાણી ભરવા આવી પહોંચી. બાઈએ આ બંને જણને દૂરથી જ ઓળખી લીધા. પાણીની હેલને પડતી મૂકીને તે ઊંટ પાસે પહોંચી ગઈ. આ લોકો તો તૈયાર જ હતા. બાઈને તરત જ તેમણે ઊંટ ઉપર બેસાડી દીધી. અલી ચોરે ઊંટને ઝડપથી રણને માર્ગે મારી મૂક્યો. આગળ અલી, પાછલી બેઠકમાં સારેઓ સંઘાર તેની પત્ની સાથે બેસી ગયો. **રણ ઓળંગીને પોતાનું કાર્ય સફળ કરી, બંને મિત્રો કચ્છ આવી ગયા.** સારેઓ સંઘાર પોતાના મિત્ર અલીની મદદથી પોતાની સ્ત્રીને પાછી વાળી મૂછ પર વટ ચઢાવી પિપ્પર ગામે પહોંચ્યો.

**અલી ચોર એક વખત ભુજની પોલીસના પંજામાં ઝડપાઈ ગયો. ભુજની જેલમાં એને ગોંધી દેવામાં આવ્યો. ભુજની કિલ્લા જેવી જેલમાંથી ચકલુંયે ન છટકી શકે એવી એ મજબૂત હતી.**

અલી ચોરે અહીં એક અજબ ચાલાકી કરી બતાવી. એક રાતે હાથ-પગની બેડીઓ ભાંગી-તોડી, જેલની ઊંચી દીવાલ કુદાવીને તે જેલમાંથી છટકી ગયો. પરંતુ જેલમાંથી મુક્ત થયા છતાં તે ભાગી છૂટ્યો નહીં. સવારના જ તે દેશળજી બાવા પાસે પહોંચી ગયો અને બાવાને સલામ કરીને તેમને ફરિયાદ

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)

કચ્છ દર્શન

# વીજળી વેરણ થઈ!

ચોર્યાસી બંદરના વાવટા જેવા કચ્છના માંડવી બંદરનો દરિયો જાણે ઘેલોતૂર બની ગયો હતો. પાણીનાં ઊછળતાં મોજાં ઘડીકમાં આકાશમાં ઊંચે ચડતાં હતાં. ઘડીકમાં નીચે પછડાતા હતા. કાળા નાગ જેવા ફૂંફાડા મારતો પવન પૂરા વેગથી વીંઝાતો હતો. અરબી સમુદ્ર પરથી દોડ્યાં આવતાં પાણી, માંડવીના કિનારા પર પછાડા મારતા હતા.

વિક્રમ સંવત ૧૯૪૫ના કારતક સુદ પાંચમ અને ગુરુવારનો દિવસ હતો. **સને ૧૮૮૮ના નવેમ્બર માસની આઠમી તારીખ હતી.** કચ્છના માંડવી બંદરને કિનારે બપોરના બરાબર બાર વાગે એક સ્ટીમર લાંગરી હતી. એક સુશોભિત નગરી જાણે સાગર પર તરતી હોય એવી એ સુંદર અને વિશાળ હતી. એ આગબોટનું નામ હતું **'વેટરના.'** પરંતુ એના ઝળહળતા વીજળીના પ્રકાશને લીધે લોકોએ **એને 'વીજળી'નું ઉપનામ આપ્યું હતું.** આ વીજળી આગબોટ વીજળીની રોશનીથી ઝળકી ઊઠતી અને વીજળી જેવો જ એનો વેગ હતો. એટલે એનું વીજળી નામ ઉભય અર્થમાં સાર્થક થતું હતું.

વીજળી 'બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપની'ની આગબોટ હતી. આ કંપની **મુંબઈના હાજી હાસમ જુસબ** નામના શેઠે કેપ્ટન જેમ્સ શેફર્ડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં સ્થાપી હતી. **એનો વહીવટ હાજી હાસમના ભાઈ હાજી કાસમ સંભાળતા હતા.** આ કારણથી એ કંપની 'હાજી કાસમની કંપની' કહેવાતી હતી અને વીજળી આગબોટ પણ 'હાજી કાસમની વીજળી' તરીકે જાણીતી થઈ હતી.

વીજળી આગબોટ ૨૬૯ ફૂટ લાંબી હતી. તેમાં પચ્ચીસ કેબિનો હતી. એનો કપ્તાન ઈબ્રાહીમ અતિ આગ્રહી અને જક્કી હતો. કોઈની સલાહ કે શિખામણ માનવી, એ એના સિદ્ધાંતની બહારની વાત હતી. કમનસીબે વીજળી આજે એના હાથમાં આવી પડી હતી.

આ વીજળી માંડવી બંદરના ખુલ્લા સાગરમાં ઊછળતાં મોજાં વચ્ચે ડોલી રહી હતી. સમુદ્ર એકાએક મસ્તીમાં આવી ગયો હતો. વીજળીનો કપ્તાન ઈબ્રાહીમ અભિમાની હતો. એની તાકાત પર એ મુસ્તાક હતો. ડોલતો દરિયો એને ડરાવી શકે તેમ ન હતો. વીજળીની મજબૂતી પર એ મગરૂર હતો. વીજળી પણ મગરૂરીથી ઊછળતા સાગરનો ઉપહાસ કરતી હોય તેમ સાગરનાં મોજાંની લહેરોમાં લહેરથી ઝુલતી હતી.

વીજળી આગબોટ હાલમાં જ નવી બંધાઈને વિલાયતના ડંડી બંદરથી તાજી જ કરાંચી આવી હતી. કરાંચી - મુંબઈની એની પહેલી જ સફર હતી. એની પહેલી સફરનો લહાવો લેવા કચ્છની જનતા તૈયાર થઈ ગઈ હતી. કોને ખબર હોય કે એ પણ વિશ્વવિખ્યાત ટાઈટેનિકની પહેલી સફરનું જ અનુકરણ કરી રહી હતી!

નવીનકોર વીજળી આગબોટ મુંબઈ જવા માટે કરાંચીથી ઊપડી ચૂકી છે એવા સમાચાર કચ્છને ગામેગામ પહોંચી ગયા હતા. કચ્છને ખૂણે ખૂણેથી કોડીલા કચ્છી માડુ વીજળીને પકડવા માંડવી બંદર પર દોડી આવ્યા હતા. ઉતાવળા કચ્છી ઉતારુઓ વીજળી પર વહેલા-વહેલા, પહેલા પહોંચી જવા માટે પડાપડી કરી રહ્યા હતા.

માંડવીના કિનારા પરથી ઉતારુઓને લઈને એક પછી એક મછવા છૂટવા લાગ્યા હતા. **કચ્છના સાડા સાતસો મુસાફરો વીજળીની સહેલ માટે તલપાપડ બની રહ્યા હતા.** કચ્છના જુદા જુદા ગામોમાંથી તેર જાનો, મોડબંધા વરરાજા સાથે મુંબઈ પહોંચવા માટે વીજળી આગબોટ પર ચડવા માંડવી બંદરે આવી પહોંચી હતી. માંડવી બંદરનો રેતાળ કિનારો લગ્નગીતોના ગુંજારવથી ગાજી રહ્યો હતો.

તેરતેર જાનોના જાનૈયાઓ નિષ્ણાત જ્યોતિષીઓ દ્વારા મંગળ મુહૂર્ત જોવડાવીને નીકળ્યા હતા, પરંતુ ભાવિ પદાર્થના જ્યોતિષનો ભેદ તો કોણ જાણી શક્યું છે? ભવિષ્યના ભેદને પારખવા બિચારા પામર માનવીનું ગજું પણ કેટલું?

એ સમયના મૅટ્રિકના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે છેક મુંબઈ જવું પડતું હતું. મૅટ્રિકની પરીક્ષાનો દિવસ પણ એ જ અરસામાં આવતો હતો. માંડવીની જી.ટી. હાઈસ્કૂલના અને ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના મૅટ્રિકના વિદ્યાર્થીઓ મૅટ્રિક પાસ થવાની મોટી આશા સાથે ખુશખુશાલ થતા વીજળી આગબોટ પર ચડી ગયા હતા.

આ વખતે કચ્છ - કપાયાનું એક જૈન કુટુંબ પણ મુંબઈ જવા માટે આવી પહોંચ્યું હતું. ગાડા પરથી ઊતરીને તરત

આ લોકો મછવા પર ચડવાની તૈયારી કરી રહ્યા હતા. એમની સાથે ચાર વરસનો એક નાનો છોકરો હતો. આ છોકરાએ એક ચમત્કાર સર્જી દીધો.

દરિયામાં દૂર દૂર ઊભેલી ધુમાડાના ગોટેગોટા કાઢતી વીજળીને આ નાના બાળકે જોઈ લીધી. આગબોટને જોતાં જ આ નાના બાળકના અંતરમાં ભવિષ્યની કે ભયની કોણ જાણે કેવી સ્ફુરણા જાગી ઊઠી! આ બાળક આગળ વધતું એકાએક અટકી ગયું. પોતાના બાપને કચ્છી ભાષામાં એ કહેવા લાગ્યોઃ

**'બાપા, પાંકે નાંય હલણું.'** (બાપા, આપણને નથી ચાલવું) આમ કહેતાં જ એ બાળક ધ્રૂજવા - થરથરવા લાગ્યું.)

'બચુ બેટા! હૈયા હલ! ન કાં વીજળી ભજી વેંધી.' (બચુ બેટા! ઝટ ચાલ, નહિ તો વીજળી ભાગી જશે.)

'ભલેં ભજી વિંને બાપા, પાંકે નાંય હલણું.' (ભલે ભાગી જાય બાપા, આપણે નથી ચાલવું.)

'પણ નાંય હલણું કુલા?' (પણ નથી ચાલવું શા માટે?)

'નાંય હલણું બાપા, નાંય હલણું!' (નથી હાલવું બાપા, નથી હાલવું.)

'બચુ બેટા! ચર્ય મ થીં!' (બચુ બેટા ગાંડો થા મા!)

'બાપા, આગબૂટ બુડી વેંધી!' (બાપા, આગબોટ ડૂબી જશે.)

'ન બુડે પુત્તર, આગબૂટ કડેં બુડે?' (ન ડૂબે દીકરા, આગબોટ કંઈ ડૂબે?)

'બુડી વેંધી બાપા! પાંકે નાંય હલણું!' (ડૂબી જશે બાપા! આપણે નથી ચાલવું.)

બસ, આ નાનો છોકરો તો એક જ હઠ પકડીને બેસી ગયો. દીકરો ચાગલો હતો. લાડકવાયો હતો. માવિતરાંની કોઈ સમજાવટ એને કામ ન લાગી. એ તો એક જ વાત પકડીને બેઠો હતો, બસ નથી ચાલવું! આગબોટ ડૂબી જશે અને હવે તો તેણે રડવાનું શરૂ કરી દીધું. કોઈ પણ પ્રકારે મછવા પર ચડવા તે તૈયાર ન થયો તે ન જ થયો.

બાળપુત્રની બાળહઠ પાસે આખરે માતા-પિતા લાચાર બન્યા. મછવા પણ બધા ઊપડી ગયા. સ્ટીમરે ચીસ પાડી. આખું કુટુંબ મુંબઈ જવા માટે બીજો રસ્તો લેવા એ જ ગાડામાં પાછું ફર્યું.

કિનારા પરથી મછવાઓ તો તીરની માફક છૂટતા જતા હતા. પરંતુ આજના પવનના રંગઢંગ કંઈ ઓર જ જણાતા હતા. તમામ મછવાઓ પવનના હડસેલાથી મોટા ચક્કરમાં પડી ગયા. મહામુશ્કેલીથી વીજળીની સોડમાં જઈ શક્યા.

આ તરફ માંડવી બંદરનો મસ્ત મહેરામણ મસ્તીમાં ચકચૂક બનીને નાચી રહ્યો હતો. ઊંચે ઉછળતા મોજાં વીજળીના લોખંડી શરીર પર થપ્પડો મારતાં પછડાતાં હતાં. હજારો વનરાજ એકીસાથે ગર્જતા હોય, એવી રીતે આજનો તોફાની સાગર ભીષણ ગર્જના કરી રહ્યો હતો.

તમામ મછવાના ઉતારુઓ એક પછી એક વીજળી પર આવી ગયા. મછવાના નાખુદાઓ સહીસલામત વીજળીની સોડમાં આવી લાગવાથી ખુદાનો અહેસાન માનવા લાગ્યા. માંડવીના મહેરામણનું આવું તાંડવનૃત્ય આ અનુભવી નાખુદાઓએ આજ લગી કદી જોયું ન હતું.

એટલામાં એક કર્કશ ધ્વનિ સાથે વીજળીનું લંગર પણ ઊપડ્યું. આગબોટનું ભૂંગળું ભયાનક ઘેરા નાદ સાથે મહિષાસુરના ભીષણ સ્વરથી ભૂંકી ઊઠ્યું. સીટી વાગી. આગબોટ ધીરે ધીરે પાણીમાં સરકવા લાગી. કચ્છના સાડા સાતસો ઉતારુને પોતાની ગોદમાં લઈને, સાગરપટ પર હિલોળા લેતી વીજળી, માંડવી બંદરને છેલ્લી સલામ કરી વીજળીની ઝડપે આગળ વધવા લાગી.

દરિયાનાં પાણી પર ધીરેધીરે અદશ્ય થતી વીજળી જ્યાં સુધી દૃષ્ટિપથ પરથી દેખાતી બંધ થઇ ત્યાં સુધી પ્રવાસીઓનાં સગાંવહાલાં માંડવીના કિનારા પર વીજળી તરફ મીટ માંડીને ઊભાં હતાં. કોઈ પોતાનાં સ્વજનોને વિદાય આપતાં હાથમાંના રૂમાલ હલાવી રહ્યાં હતાં. કોઈની આંખોમાંથી વહાલાંનો વિયોગ આંસુરૂપે વહી રહ્યો હતો. કોઈનું દિલ સામે ઊછળતા સાગરની માફક શોકસાગરમાં ઘેરાઈ ગયું હતું.

આગબોટ દેખાતી બંધ થઇ અને સૌ પાછા ફર્યા. કોઈને ખબર ન હતી કે વીજળી આજે વેરણ થઇને અહીં આવી છે. કોઈ જાણતાં ન હતાં કે વીજળી એમનાં વહાલાં સ્વજનોને પોતાના ક્રૂર પંજામાં ઝડપી ગઈ છે. **વહાલસોયાં વાલેશરીઓને આજે સદાને માટે વળાવેલાં છે એવી કોઈને કલ્પના પણ ક્યાંથી આવે?**

વીજળી થોડા જ વખતમાં રૂપેણ બંદર થઇને દ્વારિકાને કિનારે આવી પહોંચી. કેટલાક ઉતારુ અહીં ઊતરવાના હતા તે ઊતરી ગયા. દ્વારિકાથી ૧૮૫ ઉતારુને લઇને વીજળી પાછી ભરસાગરમાં માર્ગ કાપવા લાગી.

દ્વારિકાનો કિનારો છોડતાં જ દરિયામાં વાવાઝોડાના તોફાનની શરૂઆત થઈ ચૂકી. આકાશમાં કાળાં વાદળાંની ઘનઘોર ઘટા ઘેરાવા લાગી. કડકડાટ કરતી વીજળી ધોળે દિવસે આકાશમાં લીસોટા પાડવા લાગી. ડુંગર જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં. શિયાળાનો શાંત સાગર આજે આવો મસ્તીખોર કેમ બની ગયો છે તે કોઈને સમજાતું ન હતું.

દ્વારિકાથી એક સપાટે વીજળી પોરબંદર આવી પહોંચી. સાગરનું તોફાન તો પળેપળે વધતું જતું હતું. પોરબંદરના

દરિયામાં હાલકડોલક થતી વીજળી પોરબંદરના ઉતારુઓની રાહ જોતી ઊભી હતી. પોરબંદરમાં એ વખતે લેલીસાહેબ નામનો અંગ્રેજ ઍડમિનિસ્ટ્રેટર હતો. આ અંગ્રેજ ડહાપણવાળો, ઠરેલ અને બુદ્ધિમાન હતો. દરિયામાં અચાનક ઊઠેલું આજનું તોફાન એને ઠીક લાગતું ન હતું. આવા તોફાની વાતાવરણમાં પોરબંદરના પ્રવાસીઓને વીજળી પર ચડવાની પરવાનગી આપવી, એ તો એમને સીધા મૃત્યુમુખમાં ધકેલવા જેવી વાત હતી, એમ એ સાહેબ સમજી ગયો હતો.

આગબોટ પર ચડવાને સેંકડો મુસાફરો પોરબંદરના દરિયાકિનારે હાજર થઈ ગયાં હતાં. પરંતુ લેલીસાહેબે આજે આ તમામ લોકોને આગબોટ પર ચડવાની સાફ ના સુણાવી દીધી. સાહેબની મનાઈથી મુસાફરો ખિજાવા લાગ્યા. અહીં પણ મૅટ્રિકની પરીક્ષા માટે મુંબઈ જવા તૈયાર થયેલા વિદ્યાર્થીઓ હાથ પછાડતા કોઈ પણ ભોગે રજા આપવા લેલીસાહેબને વિનવી રહ્યા હતા. મૅટ્રિકનું વરસ બગડે તેના કરતાં આ વિદ્યાર્થીઓ મૃત્યુને ભેટવા પણ તૈયાર હતા; પરંતુ આ સાહેબ આજે હિમાલય જેવો અડગ અને મક્કમ બની ગયો હતો. પોરબંદરના એક પંખીને પણ વીજળી પર વિદાય કરવા તે તૈયાર ન હતો. લેલીસાહેબના આ આપખુદ ફરમાન પર ધિક્કાર વરસાવતા વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ નિરાશ હૃદયે નિસાસા નાખતા પાછા ફર્યા.

લેલીસાહેબે કાળો વાવટો ફરકાવીને આજના ભયંકર તોફાનમાં વીજળીને આગળ ન વધવાની સૂચના આપી દીધી. પણ વીજળીનો આગ્રહી કેપ્ટન ઈબ્રાહીમ, સાહેબની આ સૂચનાને ગણકારે એવો ન હતો. એ પણ પોતાના આગ્રહમાં ડુંગર જેવો દૃઢ હતો : **મેં તો આવાં અનેક તોફાનો જોઈ નાખ્યાં છે. આવાં તોફાનો તો ખિસ્સામાં લઇને હું ફરું છું.** લેલીસાહેબનો કાળો વાવટો વીજળીના કેપ્ટન ઈબ્રાહીમને એના નિશ્ચયમાંથી ડગાવી શકવાને શક્તિમાન ન હતો. પોરબંદરના કિનારા પર ફરકી રહેલા આ કાળા વાવટા પર ઉપેક્ષા અને ઉપહાસની એક દૃષ્ટિ ફેંકીને વીજળીના કપ્તાને વીજળીને મહાસાગરમાં ઊછળતાં મોજાં વચ્ચે હંકારી મૂકી.

અને મહેરામણે પણ હવે માઝા મૂકવા માંડી હતી. કાળના દૂત જેવાં કાળાં મોજાં રાક્ષસોની માફક વીજળીને ખાઇ જવા જાણે ડાચાં ફાડીને દોડ્યાં આવતાં હતાં. વીજળી ઘડીકમાં એ મોજાં પર ઊંચે ચડતી હતી, ઘડીકમાં નીચે પટકાઈ પડતી હતી.

આકાશમાં વાદળાં નાચી રહ્યાં હતાં, સાગરમાં મોજાં નાચી રહ્યાં હતાં. એમની વચ્ચે વીજળી પણ અફળાતી - કુટાતી નાચી રહી હતી. ઊંચે અનંત આકાશ, નીચે અનંત પાણી, ઉતારુઓમાં તો ગજબનો હાહાકાર મચી રહ્યો હતો. જ્યાં લગ્નગીતો ગવાતાં હતાં ત્યાં હવે કાળી ચીસો પડતી હતી. માતા બાળકોને જોઈને રડતી હતી, બાળકો માતાને જોઈને રડતા હતા. બહેનો ભાઈઓને જોઈને રડતી હતી, ભાઈઓ બહેનોને જોઈને રોતા હતા. **જીવનની આશા સૌની આકાશ કુસુમવત્ બની ગઈ હતી. રત્નાકર સાગર સૌની નજર સામે કાળ સ્વરૂપે નાચી રહ્યો હતો.**

આમ ડોલમડોલ થતી અને ડચકાં ખાતી વીજળી વેરાવળ સુધી તો અવારનવાર દેખાતી રહી ત્યાર પછી તે કોણ જાણે ક્યાં અદશ્ય થઈ ગઈ! **વીજળી જેવી વીજળી વેરાવળ અને માંગરોળ વચ્ચેના ઊંડા દરિયામાં ક્યાંક ગરક થઈ ગઈ.**

**એકંદર તેરસો મુસાફરો,** પીઠીભર્યા અને આશાભર્યા કચ્છના તેર વરરાજા, લગ્નનો આનંદ માણવા ઊપડેલી તેર-તેર જાનોના જાનૈયા અને જાનડીઓ, કોઈ એકલવાઈ માવડીની આંધાલકડી જેવા દીકરાઓ, આશાભરી બેનડીઓના બંધુઓ, કોઈના બાપ, કોઈના બેટા, કોઈની માતાઓ, કોઈની દીકરીઓ એ તમામે-તમામને પોતાના ક્રૂર સકંજામાં સંકેલી લઇને વેરણ વીજળી મહાસાગરના અગાધ જળમાં સદાને માટે સમાઈ ગઈ.

કચ્છ અને સૌરાષ્ટ્રમાં અનેક ગામોમાં કાળો કેર વરતાઈ ગયો. કચ્છમાં તો લગભગ તમામ ગામોમાં સાદડીઓ મંડાઈ ગઈ. ઘેર ઘેર રોક્કળ અને કલ્પાંતોના શોર સંભળાવા લાગ્યા. કેટલાંય ઘરો પર તો સદાને માટે તાળાં ચડી ગયાં. અનેક માતાઓ અપુત્ર બની ગઈ. અનેક બહેનો નભાઈ બની ગઈ. કેટલીયે પત્નીઓનાં કંકણ તૂટી ગયાં અને **વીજળીનું તો એક ભાંગેલું પાટિયું કે એકાદ માનવીની લાશ પણ કદી ક્યાંયે દેખાયાં નહીં.** વીજળી જેવી વિશાળ આગબોટ કોણ જાણે કયા પાતાળમાં પેસી ગઈ!

કચ્છ અને સૌરાષ્ટ્રમાં વીજળીનું નામ કદી ભૂલાવાનું નથી. આજે પણ ક્યાંક રાવણહથ્થાવાળા વેરણ વીજળીને યાદ કરતા સંભળાય છે —

*હાજી કાસમ તારી વીજળી રે,*
*ભરદરિયે વેરણ થઈ.*
*વીજળી કહે મારો વાંક નહિ બાવા!*
*લખ્યા છઠ્ઠીના લેખ - કાસમની*
*વીજળી રે, ભરદરિયે વેરણ થઈ.*

---

## હાઇકુ

સારા વિચાર
આવે કવિ હૃદયે
બને કવિતા!

કવિતા એજ
હૃદય ઉર્મિઓ છે
કવિ જીવ-ને!

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

કચ્છ દર્શન

# જંગબાર અને કચ્છ

જંગબાર પૂર્વઆફ્રિકાનું એક પુરાતન શહેર છે. જે સમયમાં સમુદ્રયાત્રા માટે આજનાં સાધનોનો સર્વથા અભાવ હતો, એ અરસામાં કચ્છના બહાદુર વહાણવટીઓ દૂરદૂરનો સાગરવિહાર બેધડક ખેડી રહ્યા હતા. **કચ્છી માલમો એમની સાહસિકતા અને કુશળતા માટે જગતભરમાં પંકાતા હતા.** જંગબાર અને કચ્છને કચ્છી ખલાસીઓએ પોતાની કળા અને કુનેહથી ઓરડા-ઓસરી જેવા બનાવી દીધાં હતાં. બજરા, બતેલા, બાણ, જગાજ, કોટીઆ આદિ વહાણો વડે કચ્છી ખારવાઓ જગતનું વહાણવટું ખેડતા હતા.

માંડવી બંદર જુદીજુદી જાતનાં વહાણોથી ભરપૂર રહેતું. વહાણ બાંધવાનો ધંધો તો જાણે માંડવીનો પોતાનો જ. માંડવીને કિનારે બંધાતા વહાણોના હથોડાના અવાજોથી આખો કિનારો ગાજી રહેતો.

''જંગબાર'' એ જંજંબહર નામક અરબી શબ્દનો અપભ્રંશ છે. એનો અર્થ 'સમુદ્રનો રાજકર્તા' થાય છે. **જંગબારના પ્રથમ અરબ સુલતાનના દીવાન તરીકે કચ્છના એક ભાટિયા ગૃહસ્થ સૌથી પહેલાં જંગબાર ગયા.** ત્યારબાદ ધીમેધીમે ઘણા કચ્છી ભાટિયાઓ અને અન્ય કચ્છીઓ વ્યાપાર અર્થે ત્યાં જઈને વસવા લાગ્યા. વાસ્કો-ડી-ગામા નામના પ્રખ્યાત પોર્ટુગીઝ નાવિકે આપણી કચ્છી નૌકાઓને મોમ્બાસા નિકટમાં નાંગરેલી જોઈ હતી. આ પરથી કચ્છનું વહાણવટું કેટલું જૂનું છે તેનો ખ્યાલ આવી શકશે.

માંડવી અને જંગબાર વચ્ચે બહોળો વેપાર ચાલતો. માંડવીમાં ચાલતી સેંકડો સાળોમાં તૈયાર થતું સુતરાઉ તેમજ રેશમી કાપડ, કચ્છનું ઘી, સિંધના રાતા ચોખા, ગિંધરા ચોખા, જુવાર, મીઠું, કચ્છી કુંભારોનાં માટીનાં વાસણ વગેરે વસ્તુઓ મોટા પ્રમાણમાં માંડવીથી જંગબાર જતી હતી અને ત્યાંથી નાળિયેર, કોપરાં, લવિંગ અને હાથીદાંત કચ્છમાં આવતા હતા.

ઉપર્યુક્ત વસ્તુઓ જંગબારથી અરબ સોદાગરો આફ્રિકાના જુદા જુદા પ્રદેશોમાં પહોંચાડતા અને ત્યાં વેચી આવતા. એના બદલામાં ચંદુસ, હાથીદાંત આદિ કિંમતી વસ્તુઓ ત્યાંના હબસી લોકો પાસેથી લાવી આપતા હતા. કાળા લોકો ઘણી વાર અડધા રૂપિયા કે એક રૂપિયાની કિંમતની વસ્તુના બદલામાં પચાસ, સો કે બસ્સો રૂપિયાનો હાથીદાંત આપી જતા. આવા પ્રકારની અખૂટ કમાણીથી કચ્છી વેપારીઓ દિવસે દિવસે શ્રીમંત બનતા ગયા.

**ઇ.સ.ની અઢારમી સદીના ઉત્તરાર્ધમાં કચ્છી વેપારીઓ ત્યાં કાયમને માટે વસવાટ કરવા લાગ્યા.** જંગબારના અગ્રગણ્ય વેપારીઓમાં કચ્છ મુંદ્રાના શેઠ જેરામ શિવજી તથા ઈબજી શિવજી ભીમાણીવાળાનું મહત્ત્વ વિશેષ હતું. એમનાં કુટુંબો 'સ્વાહિલી'ના ઉપનામથી ઓળખાવા લાગ્યાં હતાં. વણિક જ્ઞાતિમાં કચ્છના શેઠ સોભાગચંદ દેવસિંહ તથા ખેંગારજી ગોવિંદજી મુખ્ય હતા ખોજાઓમાં શેઠ થાર્યા ટોપણ અને શિવજી હાજી મોખરે હતા.

જંગબારના સુલતાનનો શેઠ જેરામ શિવજી સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. પૂર્વ આફ્રિકાના પ્રદેશમાં શેઠ જેરામ શિવજીની પેઢીઓ જ કસ્ટમ ઑફિસોનું કામ કરતી. જંગબારના પ્રતિનિધિ તરીકે એ પેઢીઓની જ ગણના થતી. પ્રારંભમાં શેઠ જેરામ શિવજીએ કસ્ટમનો ઈજારો વાર્ષિક બે લાખ રિયાલ આપવાની શરતે રાખેલો હતો. આ રકમ આગળ જતાં વધીને ત્રીસ લાખ સુધી પહોંચી ગઈ હતી. કસ્ટમ ઑફિસનું કામ કરતી આવી પચ્ચીસેક પેઢીઓ હતી. દરેક સ્થળે વહીવટનું કાર્ય પણ એ પેઢીઓ જ કરતી હતી. જ્યાં જ્યાં આવી કસ્ટમ ઑફિસો રહેતી ત્યાં ત્યાં એક અરબ સુબેદારને થોડા લશ્કર સાથે સુલતાન તરફથી મોકલવામાં આવતો. આ અરબ 'સિવાલી'ના નામથી ઓળખાતો. આ કારણથી મુંદ્રાના શેઠ જેરામ શિવજી અને ઈબજી શિવજીનાં કુટુંબ 'સ્વાહિલી'ની ઓળખથી ઓળખાવા લાગ્યા.

જંગબારના તમામ વેપારીઓની લેતી-દેતી ઝઘડા તથા વ્યવહારિક વાંધા શેઠ જેરામ શિવજીની પેઢી તરફથી જ પતાવવામાં આવતા. માત્ર આરબો અને હબસીઓ વચ્ચેના ઝઘડાનો ચુકાદો જ સુલતાનના કાજીઓ દ્વારા આપવામાં આવતો.

જંગબારના સુલતાન જંગબારના વ્યાપારના વિકાસ અર્થે કચ્છની પેઢીઓને સારું ઉત્તેજન આપતા હતા. આથી કચ્છી વેપારીઓ દિવસે દિવસે વધવા લાગ્યા. એક વખતે સુલતાને ભાટિયાઓને દેવમંદિર બાંધવા માટે જોઈએ તેટલી જમીન આપવા પોતાની તૈયારી બતાવી હતી. એ વખતે ભાટિયાઓએ

કહ્યું કે, 'આ મ્લેચ્છોનો પ્રદેશ હોવાથી અહીં અમે અમારા દેવમંદિરો બાંધી શકીએ નહીં.' આ એમની ભૂલ આગળ જતાં એમને ખૂબ જ ખટકી હતી અને હવે તો જંગબારમાં હિંદુઓનાં અનેક દેવમંદિરો તૈયાર થઈ ગયાં છે.

જંગબારમાં જ્યારે પહેલવહેલી હિંદુ સ્ત્રી આવી ત્યારે સુલતાને તે બાઈનો સારો સત્કાર કરી રૂપિયા ત્રણસો રોકડા અને એક દુશાલો ભેટ આપ્યો. આથી હિંદુઓનો ઉત્સાહ ખૂબ વધી ગયો અને દેશમાંથી પોતપોતાનાં કુટુંબોને તેડાવવાની શરૂઆત થઈ.

શેઠ જેરામ શિવજીના મુનીમ લધા દામજી જંગબારના સુલતાનના એક માનકારી મંત્રી અને મદદગાર સમાન હતા. સુલતાન પાસે **ઠક્કર લધા દામજી**નું સ્થાન એ વખતે અજોડ હતું. લધા દામજીના સ્વર્ગવાસ વખતે માત્ર જંગબારના સુલતાને જ નહીં પરંતુ ફ્રેંચ, અંગ્રેજ, જર્મન અને પોર્ટુગીઝ કોન્સલોએ પોતપોતાના રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ઉતારીને એમને અપૂર્વ માન આપ્યું હતું. ત્યારબાદ આ પ્રકારનું માન મેળવનાર શેઠ અબ્દુલરશીદ અલીદિના વિશ્રામ હતા. એમની સંપત્તિ અતુલ હતી. એમના જેવા પરદુઃખભંજન અને ઉદારાત્મા શ્રીમંતો જવલ્લે જ જોવામાં આવે છે.

શેઠ યુસુફઅલી કરીમજી જીવણજી પણ એ જ કોટિના માનકારી વેપારી હતા. એમને કેન્યા અને ટાંગાનિકાના વેપારીઓના પ્રતિનિધિ તરીકે એકવાર ઇંગ્લેન્ડ પણ મોકલવામાં આવ્યા હતા.

કચ્છી વેપારીઓ જંગબારમાં દિનપ્રતિદિન જામતા હતા. આ લોકો અરબો સાથે પણ ધીરધાર કરતા અને એમાંથી નાળિયેર, કોપરાં, લવિંગ વગેરેના પાકનો જથ્થો મોટા પ્રમાણમાં મેળવી લેતા.

કચ્છી લોકો શ્રીમંત બનતાં તેમને ગુલામોના વેપારનો ચેપ લાગુ પડ્યો. આ વેપાર પુષ્કળ કમાણીવાળો હોવાથી તેઓ આ વ્યાપારમાં વધુ ને વધુ રસ લેવા લાગ્યા.

નિર્દોષ હબસી નર-નારીઓ અને બાળકોને અરબ સોદાગરો જંગલોમાંના એમનાં ઘરોમાંથી બળાત્કારે પકડી લાવતા અને કચ્છી વેપારીઓને સોંપી દેતા. આ કાર્ય અતિ ક્રૂર અને જુલમી હતું. પરંતુ ગુલામોના આ વેપારના ભયંકર નફાના લોભમાં નિર્દોષ માનવપ્રાણીઓ પર થઇ રહેલો ઘોર અન્યાય કોઈને દેખાતો ન હતો.

હબસી ગુલામોને દગાબાજીથી, ફોસલામણીથી, બળથી અને ઠગાઈથી પકડી લેવામાં આવતા અને એમની સાથે બે પગના પશુ જેવું વર્તન ચલાવવામાં આવતું. આ વેપાર કચ્છી વેપારીઓના મજબૂત વલણથી દૃઢમૂલ બની ગયો હતો.

સ્વાહિલી શેઠની પેઢીઓએ પણ આ માનવ વ્યાપારમાં મોટે પાયે રસ લેવા માંડ્યો હતો. યુરોપમાં બરાબર આ સમયે જ ગુલામોના વેપાર વિરુદ્ધની હિલચાલ ઊપડી. અંગ્રેજ સરકારે આ પ્રશ્ન અતિ ચીવટથી પોતાના હાથમાં લીધો હતો. ગુલામોનો વેપાર બંધ કરાવવા ચારે તરફથી પ્રયત્નો થઈ રહ્યા હતા.

જંગબારમાંથી ગુલામોનો વેપાર નાબૂદ કરવા માટે અંગ્રેજ સરકારે સર બાલ્ટર ફીઅરના પ્રમુખપદે એક કમિશન જંગબારના સુલતાન સૈયદ બરગસ પાસે મોકલાવેલ. પરંતુ સુલતાને કમિશનની સૂચનાઓને કંઈ પણ દાદ આપ્યો નહીં. અંગ્રેજ સરકારના અનેક પ્રયાસો છતાં જંગબારમાં ગુલામોનો વેપાર જેવો ને તેવો ધમધોકાર ચાલી રહ્યો હતો. આ વ્યાપારનો અંત લાવવા માટે અંગ્રેજ સરકારે એક નવા શસ્ત્રનો ઉપયોગ કર્યો.

અંગ્રેજ સરકારે જાણ્યું કે, જંગબારના ગુલામોના વેપારમાં કચ્છી વેપારીઓનો જ મોટો હાથ છે. કચ્છી પ્રજા રાજભક્ત છે અને કચ્છના રાજા સિવાય કચ્છના વેપારીઓ કોઇ પણ દબાણને મચક આપવાના નથી એ હકીકત પણ અંગ્રેજ સરકારને કાને આવી. **એણે કચ્છના એ વખતના મહારાઓશ્રી દેશળજીનો આશરો લીધો.** મહારાઓશ્રીએ અંગ્રેજ સરકારની સૂચનાનો તરત અમલ કર્યો અને કચ્છી વેપારીઓને સમજાવવા માટે દીવાન શાહબુદ્દીન કાજીને જંગબાર મોકલવામાં આવ્યા.

દીવાન શાહબુદ્દીને જંગબાર આવીને મહારાઓશ્રી દેશળજીના નામથી જંગબારમાંથી ગુલામોના વેપારને દૂર કરવાની સૂચના આપતી એક પત્રિકા પ્રગટ કરી. આ પત્રિકા તમામ કચ્છી વેપારીઓમાં વહેંચવામાં આવી. આ પત્રિકાએ કચ્છની પ્રજાનાં હૃદય પર ચમત્કારી અસર કરી. કચ્છી વેપારીઓએ એકત્ર થઇને ગુલામોના વેપારનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો.

મહારાઓશ્રીની આજ્ઞા પત્રિકાથી એકલા શેઠ જેરામ શિવજીએ પોતાની માલિકીના સાત હજાર ગુલામોને ગુલામીના બંધનમાંથી મુક્ત કરી દીધા. બીજા પણ તમામ કચ્છી વેપારીઓએ પોતપોતાના ગુલામોને છોડી દીધા.

**જંગબારનું કચ્છીઓનું વર્ચસ્વ કચ્છના વહાણવટાને આભારી છે** એમ કહીએ તો ખોટું નથી. જો કચ્છી વહાણવટું આટલું ખીલેલું ન હોત તો જંગબારમાં કચ્છીઓની સત્તા આટલી જામી શકત નહીં એ હકીકત નિર્વિવાદ છે.

જંગબારના કાળા લોકો બિલકુલ નગ્ન અવસ્થામાં અને જંગ લી રીતે રહેતા. તેમને કચ્છી પ્રજાએ જ સભ્યતાના પાઠ શીખવ્યા છે.

પૂર્વ આફ્રિકામાં તમામ ભારતવાસીઓની સંખ્યા કરતાં કચ્છી પ્રજાની સંખ્યા લગભગ અડધી હતી.

આફ્રિકાવાસી કચ્છીઓએ કચ્છને સમૃદ્ધ બનાવવામાં અગત્યનો ફાળો આપ્યો છે. આજે પણ લોકો ત્યાં મહત્ત્વનું સ્થાન ભોગવી રહ્યા છે.

'East Africa Today' નામના ગ્રંથમાં પૃષ્ઠ ૪૬૯ ઉપર કચ્છના રાવ અને કાઝી શાહબુદ્દીન દીવાન માટે નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

Influence of Dewan of Cutch

It was here that Kaji Shahbuddin, the Dewan of Cutch, Proved most helpful. It should be remembered that at that time the majority of Indians in Zanzibar were the native of Cutch. The chief Advisor of Sultan, Tharia Topan, the khoja merchant, also hailed from Cutch.

Kaji Shahbuddin the Dewan of Cutch appealed, in the name of Maharaja of Cutch to all those Cutchi, Bhatia and Khoja merchants residing in Zanzibar to obstain from any Dealings connected with Slave-trade. A Proclamation by the ruler of Cutch, Maharao Pragmalji, was issued on the First day of Magshar Vadi in the Samvat year 1949 (i.e. 1893 A.D.) in which it was declared that if the natives of Cutch did not stop dealing in Slave traffic their property in Cutch would be Confiscated.

This Proclamation had a magical effect on the Indian in Zanzibar.

***ભાવાર્થ :*** કચ્છના દીવાન કાઝી શાહબુદ્દીન ગુલામોના વેપારને અટકાવવામાં બહુ મદદરૂપ થયા. **અહીં યાદ દેવાની જરૂર છે કે એ વખતે જંગબારના હિંદીઓમાં મોટેભાગે કચ્છ રાજ્યના વતની કચ્છીઓ હતા.** જંગબારના સુલતાનના મુખ્ય સલાહકાર ખોજા વેપારી થાર્યા ટોપણ પણ કચ્છથી અહીં આવ્યા હતા.

કચ્છના દીવાન કાઝી શાહબુદ્દીને કચ્છના મહારાઓના નામે જંગબારમાં વસતા તમામ કચ્છી ભાટિયા અને ખોજા વેપારીઓને કોઈ પણ પ્રકારના ગુલામોના વેપારથી દૂર રહેવા અપીલ કરી હતી. ગુલામોનો વેપાર બંધ કરવાની આ અપીલ કચ્છના મહારાઓ પ્રાગમલજી તરફથી સંવત ૧૯૪૯ (ઇ.સ. ૧૮૪૩)ના માગશર વદ એકમના રોજે જાહેર કરવામાં આવી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે જો કચ્છી વેપારીઓ ગુલામોનો વેપાર બંધ નહીં કરે તો દેશમાંની તેમની મિલકતો જપ્ત રવામાં આવશે.

## પ્રજ્ઞાચક્ષુ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓનો ચાલતો સેવાયજ્ઞ

**(અનુ. : પાના નં.-૭૩ ઉપરથી ચાલુ)**

ચાર રસ્તા, ખોડિયાર ચોકમાં ભાડાના મકાનમાં ચાર વિદ્યાર્થીથી સંસ્થાની શરૂઆત કરેલી. આજે આ સંસ્થામાં ત્રીસ ભણતા અને ૭૦ નોકરીધંધો કરતા પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો લાભ લઈ રહ્યા છે. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયો છે.

અંધજનોને ગામડામાં શિક્ષણ અને રોજગારીની મુશ્કેલી પડે છે. એટલે પ્રજ્ઞાચક્ષુઓ ગામડાંઓમાંથી ભણવા કે રોજગારી માટે શહેરમાં આવે છે. પરંતુ શહેરમાં તેમને રહેવા જમવાની સુવિધા કે સગવડતા મળતી નથી. ગામડાંમાંથી શહેરમાં ઉચ્ચ શિક્ષણ માટે આવતા પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટે નવજ્યોત અંધજન મંડળમાં રહેવા અને જમવાની નિઃશુલ્ક સુવિધા આપવામાં આવે છે. રોજગારી મેળવવા આવતા અને ખૂબ ઓછી આવક ધરાવતા અંધ ભાઈ-બહેનો માટે એક દિવસના રૂા. ૩૫/-માં સવારે ચા-નાસ્તો, બપોરના ભોજન માટે ટિફિન અને સાંજનું ભોજન અને રહેવાની સગવડતા અપાય છે. લીફ્ટમેન, ફિઝિયોથેરાપિસ્ટ, કોલ સેન્ટરમાં નોકરી કરતા પ્રજ્ઞાચક્ષુઓ અહીં રહે છે. સવારે ચા-નાસ્તા બાદ તેમને ટિફિન તૈયાર કરી આપવામાં આવે છે. ટિફિન લઈ પ્રજ્ઞાચક્ષુઓ નોકરી ધંધાના સ્થળે જાય છે.

દરેક જ્ઞાતિ સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગ માટે સાધર્મિક વ્યવસ્થા હોય છે. અંધજન કપલ - પરિવાર માટે અંધજન મંડળની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કિરીટભાઈ સરૈયાની પ્રેરણાથી અંધજન કપલ માટે સને ૨૦૧૬થી ધાનદાનની યોજનાનો પ્રારંભ કરેલ છે. જેમાં દર મહિનાના પહેલા રવિવારે પાલડી, અમદાવાદમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતના ૧૫૧ અને રાષ્ટ્રીય શાળા રાજકોટમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૦૦ પ્રજ્ઞાચક્ષુ કપલને અનાજ, કઠોળ, ચા, ખાંડ-ગોળ, ઘી-તેલ, નહાવા ધોવાના સાબુ વગેરે ૧૮ જાતનું કરિયાણું આપવામાં આવે છે.

નવજ્યોત અંધજન મંડળમાં સેવા પ્રદાન કરતા **કાંતિભાઈ** તથા તેમના સહાયકો **રજનીભાઈ, દીપકભાઈ** પણ પ્રજ્ઞાચક્ષુ છે. આ સંસ્થામાં કૉલેજમાં ભણતા તથા નોકરી કરતા પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટેની રહેવા જમવાની છાત્રાવાસની અને પ્રજ્ઞાચક્ષુ પરિવારોને ધાનદાનની સાધર્મિક પ્રવૃત્તિ સરકારની કોઈ આર્થિક સહાય વગર માત્ર અને માત્ર સમાજના શ્રેષ્ઠી દાતાઓ તરફથી મળતા આર્થિક સહયોગથી ચાલી રહી છે. પ્રજ્ઞાચક્ષુ કાંતિભાઈ, રજનીભાઈ, દીપકભાઈ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓની સેવાને સલામ...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હાઉસિંગ સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

કચ્છ દર્શન

# સ્વામી વિવેકાનંદ કચ્છમાં

કચ્છ સદ્‌ભાગી રહ્યું છે કે ઓગણીસમી સદીના અંતે કે વીસમી સદીમાં જે ભારતીય મહાન લોકો થયા, તેમાંથી ઘણા કચ્છમાં પધાર્યા હતા અને ફર્યા હતા. **ઓગણીસમી સદીના અંતે સ્વામી વિવેકાનંદે પણ કચ્છની મુલાકાત લીધી હતી.**

સ્વામી વિવેકાનંદ ભારતીય પુનરુત્થાનના એક અગત્યની વ્યક્તિ હતા. **રાજા રામમોહનરાય તથા સ્વામી દયાનંદ સરસ્વતી** પછી તેમનો ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં મહત્તમ ફાળો હતો. તેમણે તત્કાલીન યુવા વર્ગને જબરદસ્ત પ્રેરણા આપી હતી. જેમાંના ઘણાએ પાછળથી ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો. તેમણે ભારતીય સંન્યાસ વ્યવસ્થાને પણ નવીન સ્વરૂપ આપ્યું હતું.

સ્વામી વિવેકાનંદ શિકાગો ગયા તે પહેલાં સમગ્ર ભારતમાં એક અજ્ઞાત સાધુ તરીકે ફર્યા હતા. દરેક સ્થળની ઊંડાણથી મુલાકાત લીધી હતી અને લોકોનો અભ્યાસ કર્યો હતો. આમ ભારતની સંસ્કૃતિને ખૂબ નજીકથી તેમણે જોઈ હતી. આ પરિભ્રમણ દરમિયાન તેમણે કચ્છની પણ મુલાકાત લીધી હતી. **તે ભુજ, માંડવી અને નારાયણ સરોવર ગયા હતા.** ત્યારના યુવાન મહારાવ શ્રી ખેંગારજી ત્રીજા સાથે પણ મુલાકાત થઈ હતી અને વાતચીત થઈ હતી. માંડવીની મુલાકાત દરમિયાન તે એક કીર્તન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

૧૯૯૩માં સ્વામીજીની ભારતયાત્રાની શતાબ્દીની તૈયારી થતી હતી, તે દરમિયાન સ્વામીજી જ્યાં જ્યાં ફર્યા હતા તેની માહિતી મેળવવા અને સંશોધનાર્થે **રાજકોટના આશ્રમના સ્વામી નિખિલેશ્વરાનંદજી કચ્છમાં પણ આવ્યા હતા.** તેમની સાથે રહેવાની અને સંશોધનમાં ભાગ લેવાની તક મળી હતી. સાથે શ્રી રામકૃષ્ણ મંડળના શ્રી બકુલેશ ધોળકિયા પણ હતા.

સ્વામીજી મહારાવના મહેમાન હતા એટલે ત્યાં માહિતી મળે તે હેતુથી પ્રથમ શ્રી ખેંગારજીના પૌત્ર શ્રી હિંમતસિંહજીને મળેલા. પણ તેમને કોઈ વિગતની માહિતી ન હતી. શરદબાગમાં શ્રી નારાણજીભાઈ જાડેજાને મળેલા. તેમને પણ ત્યારની કોઈ નોંધ હોવાનો કોઈ ખ્યાલ ન હતો.

સ્વામીજી ક્યાં રહ્યા હશે તેની વિવિધ કલ્પનાઓ જાણવા મળી. કચ્છના બુઝુર્ગ નેતા સ્વ. કાંતિપ્રસાદભાઈ અંતાણીએ એકવાર કહેલ કે **મહાત્મા ગાંધી ૧૯૨૫માં કચ્છમાં આવ્યા** ત્યારે એવો વિચાર કરવામાં આવ્યો કે સ્વામી વિવેકાનંદ જ્યાં ઊતર્યા હતા ત્યાં જ તેમને ઉતારો આપવો. ત્યારે મહાદેવના નાકા બહાર આવેલ સિટી પોલીસ સ્ટેશન પાસે આવેલ સોનીની ધર્મશાળામાં સ્વામીજીએ વસવાટ કરેલ એવું સાંભળેલ. તેથી તે સ્થળ નક્કી થયેલ. અલબત્ત, પછી તો નાનીબા પાઠશાળામાં ગાંધીજીનો ઉતારો રાખવામાં આવેલો. પણ આ ઉતારામાં તે રહેલ હશે તેવી પણ માન્યતા હતી.

બીજો એક અભિપ્રાય એવો હતો કે સ્વામીજી પોરબંદરના દીવાનની ભલામણચિઠ્ઠી લઈ આવેલા. એટલે સ્વાભાવિક રીતે તે કચ્છ રાજ્યના મહેમાન બન્યા હશે. એટલે રાજ્યના ગેસ્ટ હાઉસમાં જ ઉતર્યા હશે. આ ગેસ્ટ હાઉસ ત્યારે આશાપુરા મંદિર પાછળ આવેલ સ્થાને હશે અથવા તો હાટકેશ્વર મંદિર સામે આવેલ રાજપૂત છાત્રાલય - જે પણ ત્યારે ગેસ્ટ હાઉસ હતું - હશે. તેમાં તે ઊતર્યા હશે.

**'કચ્છમિત્ર'ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. નવીનભાઈ અંજારિયાએ** એવો અભિપ્રાય આપેલ કે ત્યારે એક પરંપરા હતી કે જે કોઈ નવા સંન્યાસી ભુજમાં આવે, તે પ્રથમ તો હાટકેશ્વર મંદિરમાં જ ઊતરે. એટલે સંભવ છે, સ્વામીજી પ્રથમ હાટકેશ્વર મંદિરમાં પણ ઊતર્યા હોય. પછી દીવાનને મળ્યા હશે. ચિઠ્ઠી બતાવી હશે અને તેમના કહેવાથી રાજ્યના ગેસ્ટ હાઉસમાં ગયા હશે.

એક એવી માહિતી પણ સાંભળવા મળી કે સ્વામીજી માંડવી ગયા તે દરમિયાન ગોવિંદગરના મઠમાં રહ્યા હતા અને કેસરબાઈ નામની એક ભક્ત બહેન સાથે એક કીર્તન કાર્યક્રમમાં ધ્રુપદ સંગીત ગાયેલ.

પણ આ બધી માન્યતાઓ એટલા માટે કહી શકાય કે ત્યારે સ્વામી વિવેકાનંદ હજી અજ્ઞાત સાધુ હતા. અમેરિકા ગયા તે પહેલાંનો સમય છે. તેથી જાણીતા નથી થયા. ત્યારે તેમનો જે પ્રભાવ પડતો હતો તે તેમની વિદ્વતાને કારણે પડતો હતો. વ્યક્તિગત પરિચયો વધતા જતા હતા, પણ હજી તે ખાસ જાણીતા થયા ન હતા. એટલે તેમના વિશે નોંધો નથી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૭ ઉપર)**

પ્રાસંગિક

# ચાલો, કર્તવ્યનો દીવો પ્રગટાવીએ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

કર્તવ્ય એટલે પોતાના અબાધિત કર્મ તરફ જવું. કર્મ એટલે કાર્ય. સારું કર્મ કરવું કે ખરાબ કર્મ કરવું એ વ્યક્તિ પર નિર્ભર રહે છે.

**કર્તવ્ય અને ફરજ બંને શબ્દો એકબીજાના પૂરક છે.** પણ બંનેના કાર્યપાલનમાં થોડું અંતર છે. નોકરી-ધંધો કરવો એ કર્તવ્ય નથી, આજીવિકા તો મહેનત, મજૂરી કે ભીખ માંગીનેય મેળવી શકાય છે. તેથી નોકરી, ધંધો એ કર્તવ્ય નથી બની જતા. પરંતુ કુટુંબનું ભરણપોષણ કરવા તથા તેને વસ્ત્રાદિ પૂરા પાડવા એ માણસની જવાબદારી બની જાય છે. અને એ કુટુંબવ્યવસ્થા માટેનું સાધન હોઈ તેને ગુજારા માટે સ્વીકારવું એ જવાબદારી સાથેની ફરજ બની જાય છે.

લગ્ન કરવું એ કર્તવ્ય નથી બની જતું. સમાજમાં ઘણાં લોકો વાંઢા (અપરિણીત) ફરે છે. એટલે તેને કોઈ એમ નથી કહેતું કે તેણે પોતાનું કર્તવ્ય નથી બજાવ્યું! પરંતુ લગ્ન કર્યા પછી પત્ની તથા બાળકો પ્રત્યે ધ્યાન રાખી તેનું પોષણ કરવું એ માણસની ફરજ તથા કર્તવ્ય બની જતા હોય છે.

બાળકોને ભણાવવા, ગણાવવા અને પરણાવવા એ મા-બાપની ફરજ છે, જવાબદારી છે પરંતુ કર્તવ્ય નથી. સંતાનો અપરિણીત - વાંઢા રહી જાય તો તેને એમ ન કહી શકાય કે તેણે કર્તવ્ય નિભાવ્યું નથી.

ફરજ એટલે ચોક્કસ અબાધિત અને નિયત કરેલું કે ઠસાવેલા કર્મનું પાલન કરવું એવો અર્થ થાય છે. **નોકરી પ્રત્યે વફાદાર રહી તેને નિષ્ઠાપૂર્વક નિભાવવી ને સોંપાયેલા કાર્યને જવાબદારી સાથે કરવું એનું નામ ફરજ છે. અહીં કર્તવ્ય નથી.** કર્તવ્યનો અર્થ ભલે કાર્ય - કર્મ એવો થતો હોય, પણ નોકરી માટે 'ફરજ' શબ્દ પ્રયોજાય છે.

કોઈને મદદ કરવી એ ફરજ નથી કે કર્તવ્ય નથી. બંને મરજિયાત છે. પરંતુ બીમાર, અશક્ત કે અકસ્માતનો ભોગ બનેલ વ્યક્તિને દવાખાના સુધી પહોંચાડવી કે તેની સેવા કરવી એ માનવતાની દૃષ્ટિએ ફરજ બને છે, કર્તવ્ય નહીં. **કર્તવ્યપણું મરજિયાતની વ્યાખ્યામાં આવે છે. જ્યારે ફરજપણું ફરજિયાતની વ્યાખ્યામાં આવે છે.**

મહાભારત યુધ્ધ વખતે શ્રીકૃષ્ણ અર્જુનને યુધ્ધ કરવા પ્રેરે છે. યુધ્ધ કરવું એ અર્જુન માટે ફરજ કે કર્તવ્ય નથી બનતા પણ ધર્મના રક્ષણ માટે યુધ્ધ એ જ વિકલ્પ હોવાથી એક ક્ષત્રિયને નાતે યુધ્ધ કરવું એ અર્જુનની જવાબદારી બની જાય છે, કર્તવ્ય અને ફરજ બની જાય છે. જો યુધ્ધના મંડાણ ન થાય અને અર્જુન પોતાની સેનાને લઈ યુધ્ધમેદાન છોડી ભાગવા લાગે તો કૌરવસેના અર્જુનની સેના પર તૂટી પડે. અસંખ્ય નિર્દોષોની કતલ થાય ને મહાવિનાશ સર્જાઈ શકે તેમ હોવાથી જ ભગવાન અર્જુનને યુધ્ધ કરવા કર્તવ્યપણાનો બોધ આપે છે.

શ્રીકૃષ્ણ ભગવાને ધાર્યું હોત તો તે સ્વયં એકલા જ પોતાની શક્તિના બળે કૌરવોને હણી શક્યા હોત. પણ પોતપોતાનાં રક્ષણ માટે થઈ જગતને પોતાનાં કર્તવ્યોનું ભાન કરાવવા માટે જ શ્રીકૃષ્ણે અર્જુનને માધ્યમ બનાવ્યો હતો. ને યુધ્ધ માટે સાબદો કર્યો હતો. ગીતામાં ભગવાને અર્જુનને પોતાના કર્તવ્યપણાનો જ ઉપદેશ આપ્યો છે.

**સ્વામી સચ્ચિદાનંદ કહે છે કે, સાચો ધર્મ અને સાચું અધ્યાત્મ હંમેશાં કર્તવ્યનિષ્ઠા, જવાબદારીનો સ્વીકાર, કર્મઠતા અને અન્યાય સામે સંઘર્ષ કરવાની પ્રેરણા આપે છે.**

કોઈપણ પ્રાણીમાત્રનું હિત સાધવું, કોઈપણ પ્રકારે તેનું હિત કરવું, એ જ જીવન વ્યવહારનું પ્રધાન મૂલ્ય છે. જે માણસની અંદર એટલે કે અંતઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાવ નથી, તેમજ જેની સાંસારિક પદાર્થોમાં અને કર્તવ્યોમાં બુધ્ધિ લેપાતી નથી એ માણસ જ સાચો કર્તવ્યનિષ્ઠ ગણાય છે. કોઈને 'હું પદ' રાખીને કરેલું કર્તવ્ય અહમ્, અભિમાન બની જાય છે. તેનું ફળ મળતું નથી. નિઃસ્વાર્થ ને નિર્ભેળ ભાવે કરેલું કર્તવ્ય જ ફળ આપે છે.

માણસ કર્તવ્ય વિમુખ રહી શકતો નથી. જીવનમાં તેને કોઈને કોઈ કર્મ - કર્તવ્યો કરવા જ પડે છે. માણસ ન તો કર્મ - કર્તવ્યનો આરંભ કર્યા વિના નિષ્કર્મતાને પામી શકે છે, કે ન તો કર્મોના કેવળ ત્યાગમાત્રથી સિધ્ધિ પામી શકે છે.

*अनाश्रितः कर्मफलं कार्य कर्म करोति यः ।*
*स संन्यासी च योगी च न निरग्नि नं चा क्रियः ॥*

ભગવાન કહે છે કે, જો માણસ કર્મફળનો આશ્રય લીધા વિના કરવા યોગ્ય કર્તવ્ય-કર્મ આચરે છે તે સંન્યાસી તેમજ

યોગી છે; જ્યારે કેવળ હોમયજ્ઞ કરનારો સંન્યાસી નથી અને માત્ર ક્રિયાઓ કરનારો યોગી નથી.

કર્તા ભોક્તાની બુધ્ધિથી થતાં સર્વ કર્તવ્યોનું ભગવાનને સમર્પણ કરવું. રાગ, દ્વેષ છોડી વિગનજ્વર બનવું અને દૈવી સંપદ્‌ના માર્ગમાં નિમિત્તરૂપ બનવું. અનાશક્તિ રાખો. કામ ભલે ચાલતું, જ્ઞાનતંતુઓ ભલે કામ કરતા, નિરંતર કર્મ કરો પરંતુ એકપણ ઉર્મિને તમારા મન પર વિજય મેળવવા ન દો. આ સંસારમાં તમે જાણે અતિથિરૂપ પરદેશી મુસાફર હો, એ રીતે કર્તવ્ય કરો.

**ફળની આશા રાખ્યા વિના નિષ્કામભાવે પ્રાણીમાત્રનું કલ્યાણ કરવું એ જ માણસના જીવન વ્યવહારનું મૂલ્ય અને ધર્મ છે.** સાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો વ્યવહાર અને ધર્મને અલગ ગણી શકાય નહીં. ઊલટું સત્ય, ન્યાયયુક્ત વ્યવસ્થા તે જ ધર્મ છે. ધર્મ એટલે દરેક જીવો પ્રત્યે દયા, સમાનતા અને તેમનું હિતચિંતન અને એવો સંકલ્પ મન સાથે દ્રઢ થાય એ જ એ વ્યક્તિના જીવનનું પ્રધાન કર્તવ્ય - મુખ્ય સિદ્ધાંત બની રહે છે.

*ભગવદ્ ગીતામાં કહ્યું છે કે :*

*સંન્યાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુમયોગતઃ ।*
*યોગયુક્તો મુનિબ્રહ્મ ન ચિરેણાધિગચ્છતિ ॥*

ભગવદ્ ભક્તિમાં જોડાયા વિના કેવળ સમગ્ર કર્મોનો ત્યાગ (પરિત્યાગ) કરવામાત્રથી કોઈ મનુષ્ય સુખી થઈ શકતો નથી. કર્મયોગ વિના સંન્યાસ (મન, ઇન્દ્રિય અને શરીર દ્વારા થતાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ) પ્રાપ્ત થવો મુશ્કેલ છે. જ્યારે ભાગવત સ્વરૂપનું મનન કરનાર કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામે છે.

**દયાનંદ સરસ્વતી કહે છે કે, જીવ અને કર્મનો સંબંધ છોતરાં અને બીજ જેવો નથી, પરંતુ એ બંનેમાં સમવાય-સંબંધ છે.** આથી અનાદિકાળથી જીવ અને તેનાં કર્મ અને કર્તૃત્વ-શક્તિનો સંબંધ છે. જો જીવમાં કર્મ એટલે કે કર્તવ્ય કરવાની શક્તિનો પણ અભાવ માનશો, તો બધા જ જીવો પથ્થરવત્ થઈ જશે અને તેનામાં મુક્તિને ભોગવવાનું સામર્થ્ય પણ નહીં રહે.

ક્રોધ ન કરવો, સત્ય બોલવું, અન્યને વહેંચીને ખાવું, ક્ષમા રાખવી, કોઈનો દ્રોહ ન કરવો, સરળ-સીધા રહેવું અને આશ્રિતોનું હંમેશાં ભલું કરવું તથા ભરણપોષણ કરવું એ જ સાચો ધર્મ અને સાચું કર્તવ્ય છે.

કોઈ કેવું કર્મ કરે છે તેના તરફ ન જોવું જોઈએ. પણ જો તે સત્કર્મ, ભલાઈ કર્મ કરતો હોય તો તેનું અનુકરણ કરવા પ્રયાસ કરવો જોઈએ. જીવનમાં કદી પણ પારકાં પ્રતિ દ્વેષભાવે કે વેરભાવે ખરાબ ભાવ રાખી તેને નુકસાન થાય એવું કર્મ - કર્તવ્ય ન કરવું જોઈએ. સારા ખોટાં કર્તવ્યો કયા કયા છે તે સમજી લઈ પછી જ કરવા જોઈએ.

*શ્રુતિસ્તુ વેદો વિજેયો ધર્મશાસ્ત્રમ્ તુ વૈ સ્મૃતિ ।*
*તે સર્વાર્થેધ્વમીમોસ્યે તાભ્યામ ધર્મો હિ નિબંભૌ ॥*

***અર્થાત્ :*** વેદને 'શ્રુતિ' અને ધર્મશાસ્ત્રને 'સ્મૃતિ' કહેવામાં આવે છે. સર્વ કર્તવ્ય, અકર્તવ્યનો નિશ્ચય એનાથી એટલે કે શ્રુતિ અને સ્મૃતિથી કરવો.

ધર્મનું મૂળ શબ્દવેદ છે. તેથી જે શબ્દ વિરુધ્ધ હોય એ ત્યજવું જોઈએ. શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ આવે તો સ્મૃતિ ત્યજવી, પણ વિરોધ ન હોય તો એ સ્મૃતિની મુળભૂત શ્રુતિ હશે એમ માનવું.

**ગુરૂ ઉપાસના, દેવપૂજા, સ્વાધ્યાય, સંયમ, તપ, દાન અને મા-બાપની સેવા — આ બધા માનવ જીવનના રોજિંદા કર્તવ્યો છે. તેને કરવા જ જોઈએ.** તો ચાલો, આપણે આજથી જ દિવાળીના આ સપરમા દિવસે માનવોચિત ગુણો ધરાવતા કર્તવ્યોનાં દીવા પ્રગટાવી આગળ વધીએ.

*C/o. 'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય,*
*રતનપરા શેરી-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. જિ. જૂનાગઢ.*

## સ્વામી વિવેકાનંદ કચ્છમાં

**(અનુ. : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)**

થઈ. એક અભિપ્રાય એવો પણ સાંભળવા મળેલ કે ત્યારે ભુજના બે સદ્‌ગૃહસ્થો - શ્રી હરિલાલ અંબાશંકર ધોળકિયા અને શ્રી કેશવલાલ છાયા — નિયમિત નોંધપોથી લખતા અને ત્યારે કચ્છમાં જે બનાવો બનતા તે નોંધતા. સંભવ છે, તેમનું ધ્યાન ખેંચાયું હોય અને તેમની ડાયરીમાં નોંધાયું હોય. આ ડાયરીઓ બાબતે તો તેમના વંશજો જ કહી શકે.

**સ્વામીજી સાથે તેમના ગુરુભાઈ સ્વામી અખંડાનંદજી પણ આવ્યા હતા.** માંડવીમાં કાં તો બંને કોઈ ભાટિયા ગૃહસ્થ પાસે રહ્યા છે અથવા તો ગોવિંદનગર મઠમાં રહ્યા હતા.

સ્વામી નિખિલેશ્વરાનંદજી પછી બેલુર મઠમાંથી એક ચિત્રકાર ભુજ આવેલા. તે વળી જ્યાં જ્યાં સ્વામીજી ઊતર્યા હતા તે મકાનોમાં ચિત્ર દોરતા હતા. તેમને પણ આ બધા સંભવિત સ્થળો બતાવવામાં આવ્યા હતા અને તેમણે તેમના રેખાંકન દોરી લીધા હતા.

પણ આ બધા સંશોધનના મુદ્દા છે. નોંધોનો અભાવ છે. કોઈ વંશજો જ ખુલાસા કરી શકે. ■

કચ્છ

# કચ્છનું રહસ્યસભર રણ અને કચ્છી રહેવાસીઓ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

કચ્છ જિલ્લો વિશિષ્ટ ભૂપૃષ્ઠ ધરાવે છે. જેનો વિસ્તાર ૪૫,૦૦૦ ચો.કિ.મી. છે. જેમાં ૨૬,૦૦૦ ચો.કિ.મી. રણ વિસ્તાર આવેલો છે. **વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે.** અહીંના રણની ખાસિયત તો એ છે કે આ રણ રાજસ્થાન અને સહારાના રણ જેવા રેતીના ઢગલા, ધૂળની ડમરીવાળું જોવા મળતું નથી. અહીં બધે જ ખારો પાટ છે. થોરિયા કે અન્ય વનસ્પતિઓનું નામોનિશાન નથી. સમગ્ર વિસ્તાર મીઠાના પડથી આચ્છાદિત હોઈ, **આ રણ સફેદ રણ તરીકે ખ્યાતનામ છે.** આપણી આંતરરાષ્ટ્રીય સીમાની સુરક્ષા માટે આ રણ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે.

દસ્તાવેજી પુરાતત્ત્વિય આધારો અનુસાર ૩૦૦૦ વર્ષ પૂર્વે અહીં છીછરો સાગર હતો. અત્રેની ધોળાવીરા જેવી સભ્યતા ઊંડા સાગરની સાબિતી આપે છે. ખનિજ તેલ અને કુદરતી વાયુ પ્રાપ્તિ માટે ભારતની સંસ્થાઓ ONGC તથા NGRI કટીબધ્ધ રહી છે. કચ્છના રણની તાસીર જુદી છે. અત્રે નથી રેતીના ઢુવા કે રણદ્વીપો. બસ, માત્ર સૂકો પ્રદેશ. આઠ માસ લગી દરિયાનું પાણી ભરેલું રહે તે પછી સૂકાય ત્યારે કેવળ મીઠાના પડથી આચ્છાદિત પ્રદેશ. સૂર્યના તડકામાં આ રણભૂમિ ચાંદીની જેમ ચમકતી રહે. અત્રે અન્ય રણો કરતાં મૃગજળ સવિશેષ ભાસે. બપોરે ચળકાટભર્યું, રાત્રે ઠંડું અને ગાઢ અંધકારમય.

જેમ દુનિયાના રણોથી આ કચ્છનું રણ અલગ પડે છે તેમ અન્ય પ્રજાજીવનથી કચ્છના રણના પરિઘ પર રહેતા એવા લોકોનું લોકજીવન પણ જુદું જ જોવા મળે છે. રણ વચાળે નહિંવત્ સગવડો હોવાથી લોકોએ ઝઝુમવાનું જ હોય. તેથી અત્રે પ્રજા ખૂબ જ સાહસિક છે. હિંમતવાન, શૌર્યવાન છે. નૈસર્ગિક આપત્તિઓ ભૂકંપ, વાવાઝોડા, દુષ્કાળ આદિ સમયે **હિંમતથી પરિસ્થિતિનો સામનો કરે છે.**

રણની આસપાસ રહેતા કચ્છીઓના ઘર વિશિષ્ટતા ધરાવે છે. જેને **'ભૂંગા'** કહે છે. એક જ રૂમનું ભૂંગું ગોળાકાર હોય છે. ઉપર જતાં શંકુ આકારનું બનતું જાય. માટી તથા છાણ મિશ્રિત લીંપણ, છત પર વડા વંજી તે પર ઘાસ એટલી સમજથી આચ્છાદિત કે વરસાદમાં પાણીનું ટીપું ન પડે. સૂવા, બેસવા માટે કાથીની સીંદરીથી ભરેલા ચારપાઈ એટલે કે ખાટલા. ચાંદની રાતનો મિજાજ માણવા આજે દેશ વિદેશના અનેક પ્રવાસીઓ આવી રહ્યા છે.

કેટલાક વર્ષોથી વિશ્વના પ્રવાસન નકશામાં મૂકવા માટે કચ્છની આર્થિક કાયા પલટ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રણોત્સવના શ્રીગણેશ કરાવતા કહેલું કે, 'આ કચ્છનું રણ તોરણ બની રહેશે. આ રણોત્સવમાં કચ્છના કસબીઓની અનેક કલાત્મક ચીજવસ્તુઓ પ્રદર્શનાર્થે, વેચાણ અર્થે મૂકવામાં આવે છે. પરિણામે કચ્છી કલાત્મક ચીજવસ્તુઓની માંગ ખૂબ જ વધવા પામી છે. ભૂંગાઓમાં રહેતી બહેનો વિવિધ પ્રકારના ભરત કામોમાં માહિર છે. **આભલા ભરત**ની બેનમૂન ચીજવસ્તુઓ ગ્રાહકોને આકર્ષે છે.

વેસ્ટમાંથી બેસ્ટ અર્થાત્ વસ્ત્રોના ટુકડાઓને એકત્રિત કરી આ ભૂંગામાં રહેતી મહિલાઓ સુંદર રંગબેરંગી ઓઢવા પાથરવાની **'ધડકી'** બનાવે છે, જે બેનમૂન છે. **મોરચંગ તથા જોડિયા પાવા**ના સૂરો રણ વિસ્તારમાં રહેતા લોકો જ્યારે છેડે ત્યારે વાતાવરણ આહ્લાદક બની જવા પામે છે. કોઈ કલાકારો કચ્છી કાફી પ્રવાસીઓને સંભળાવી ખુશ કરે છે.

વ્યુહાત્મક રીતે કચ્છના નાના મોટા રણનું મહત્ત્વ વધી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સરહદોની દેખરેખ માટે સરકાર નિત્ય કટીબધ્ધ છે. આતંકવાદીઓની ઘૂસણખોરી, દાણચોરી, કેફી દ્રવ્યોની હેરાફેરીને દૃષ્ટિ સમક્ષ રાખી આ વિસ્તારમાં આપણી સશસ્ત્ર ચોકીઓ મોજૂદ છે. દુશ્મનોના દાંત ખાટા કર્યાના અનેક પ્રસંગો બન્યા છે. નર્મદાના જળ આ ચોકી વિસ્તારમાં પહોંચાડવા પ્રબંધ થયો છે. વીજળીનો પણ પ્રબંધ થયેલો છે.

આ સૂકીધરાનું હેતાળ પ્રાણી ઊંટ છે. એમ કહેવાય છે કે સાત આઠ દિવસ માટે ઊંટ ખોરાક પાણી વિના રહી શકે છે. કચ્છી ઊંટડી દિવસમાં પાંચ લીટર જેટલું દૂધ આપે છે, જે ટી.બી. અને ડાયાબિટીસના દર્દીઓને ઉપયોગી બની રહે છે. **ઘૂસણખોરીને રોકવા માટે ઊંટનો ઉપયોગ બી.એસ.એફ. તથા પોલીસતંત્ર કરે છે.** ભુજ તાલુકાના પચ્છમ અને માંડવી તાલુકાના કેટલાક ગામોમાં ખેડૂતો બળદ કે ટ્રેક્ટરના સ્થાને ઊંટનો ઉપયોગ કરી રહ્યા છે. દિવસમાં લગભગ પાંચ એકરનું ખેડાણ ઊંટ કરે છે. ઢોરીમાં ઊંટ ઉછેર

કેન્દ્ર આવેલું છે. નિરોણા મધ્યે ઊંટ તાલીમ કેન્દ્રમાં અસવારને ઊંટ સવારી શીખવાડાય છે.

રણવાટનું મહત્ત્વ સમજી હવે આ દિશામાં નક્કર પગલાં ભરવાના આયોજન કાર્યરત છે. પશ્ચિમ કચ્છમાં નરાબેટ - હાજીપીર રણવાટ, પૂર્વમાં ખડીર - ભચાઉ રણવાટ, મધ્ય કચ્છમાં સરદાર ચોકી વિઘાકોટ ખાવડાથી ભુજ માર્ગ.

ભૂકંપ લોકોના જીવનને તહસનહસ કરી શકે છે. કચ્છમાં અનેક વખત ભૂકંપે તારાજી વહોરી છે. લગભગ બે સદી પૂર્વે (ઇ.સ. ૧૮૧૯)માં ભૂકંપને કારણે લખપત પાસેની રણની જમીન દબાઈ જતાં સમુદ્રના પાણી રણમાં ઘુસ્યા. પરિણામે રણ વિસ્તાર ખારોપાટ બન્યો. અગાઉ સિંધુ નદીનો એક ફાંટો કચ્છના રણમાં થઇને લખપત પાસે સમુદ્રને મળતો હતો. પરંતુ ધરતીકંપ બાદ વહેણ જ બદલાઈ ગયું અને રણ વચ્ચે ૨૫ કિ.મી. લાંબો અને ૩ મીટર ઊંચો જમીનનો ભાગ ઉપસી આવ્યો. જે "અલ્લાહ બંધ" તરીકે ઓળખાયો. સર્જનહારની આ જ તો ખૂબી છે.

*૬/એ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## સફળતાની બાધક : શંકા

શંકા, જેને આપણે સૌ જાણીએ છીએ અને અનુભવીએ પણ છીએ. તેને સંદેહ, વહેમ કે દહેશત પણ કહેવાય છે. તે મનુષ્યની એક નકારાત્મક બાબત કે શક્તિ છે અને તેના પરિણામો સારા હોતા નથી. શંકા ઇલાજ વિનાની બીમારી છે. જૂની કહેવત છે 'શંકાના ઓહડ (ઔષધ) ન હોય.' **શંકાશીલ વ્યક્તિ શારીરિક અને માનસિક બંને રીતે બીમાર ગણાય છે.** શંકાશીલ વ્યક્તિ ક્યારેય પણ મન - દિમાગથી શાંત રહી શકતી નથી. તેથી તે યાદશક્તિ પણ ગુમાવતી જોવા મળે છે. અન્ય ઉપર શંકા કરવી એક રોગ છે. શંકા એ 'કીડો' છે.

પરંતુ પોતાના ઉપર, પોતાની ક્ષમતા ઉપર તથા શક્તિ ઉપર શંકા કરવી તે મહા મનોરોગ છે. પોતાની શક્તિ, પોતાની પ્રતિભા અને ક્ષમતા પર શંકા કરતા લોકો જીવનના દરેક ક્ષેત્રમાં નિષ્ફળ રહે છે. તેમના થકી કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય સંપૂર્ણ થવાની વાત છોડો, સામાન્ય કાર્યની પણ આશા રાખી શકાતી નથી. તેઓને હંમેશાં એ શંકા રહે છે કે તે 'નકામા' છે. કોઈ કાર્યમાં તેમને સફળતા નહીં મળે તેમ ધારીને આગળ વધતા નથી, પ્રયત્ન કરતા નથી. પરિણામે નિષ્ફળ નીવડે છે. તેમની શંકા જ તેમની પ્રગતિ અને સફળતાની એક બાધક બને છે. આ એક દૂષણ છે.

શંકા નાની હોય કે મોટી, સાચી હોય કે ખોટી, યોગ્ય હોય કે અયોગ્ય — તે તરત જ અવરોધ તો બને જ છે. કોઈ શંકા પૂર્ણ કે અંશતઃ કદાચ સાચી પછીથી નીવડે તો પણ પ્રારંભિક ઉત્સાહને નડે છે. શંકા રાખવી નહીં. હકારાત્મક બનવું તે જ સાચો માર્ગ છે. ભય, સંદેહ, દહેશત કોઈ કાર્યમાં જણાય તો સાવચેતી કે નિર્ધારીત કાર્યને વિસારે ન પડાય. પરીક્ષાર્થીઓને પણ પોતાની સફળતામાં આ લાગુ પડે.

## હાર-જીતને પચાવતા શીખો

ભારતીય સંસ્કૃતિમાં એક શબ્દ છે 'સમત્વ.' તેનો સીધો અર્થ થાય છે સમતા — 'સંતુલન.' ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ઉપદેશ આપેલ છે કે, 'તું સમત્વ જાળવીને યુધ્ધ કર.' આ ઉપદેશનો સાર એ હતો કે વાત નહીં હાર કે જીતની નથી, લાભ કે નુકસાનની નથી. વાત માત્ર એટલી જ હતી કે આજે હાર થાય તો કાલે જીતમાં પણ બદલી શકે છે. **હાર જીતને વ્યક્તિ કઈ રીતે જુએ છે તે મહત્ત્વપૂર્ણ છે.**

જીવનમાં હાર-જીત નાના મોટા સ્વરૂપે પ્રસંગોપાત થતી રહે છે. હંમેશાં કોઈ વ્યક્તિ જીતશે જ તેવો દાવો કરવો બહુ ખોટું છે. યુધ્ધ, રમત, સ્પર્ધા, પરીક્ષા કે હરીફાઈમાં જે હારે છે તે કે જે જીતે છે તે જીવનનો એક અંશ કે ભાગ જ છે. તેથી જે વ્યક્તિ જીત મેળવીને હાર સહન નથી કરી શકતી તે અહંકારી બની જાય છે. આ અહંકાર નુકસાનકારક છે. કાયમ મળતી જીત વ્યક્તિમાં રહેલી સંઘર્ષ કરવાની વૃત્તિને પૂરી કરી દે છે. જ્યારે કાયમ મળતી હાર વ્યક્તિને નિરાશામાં ધકેલી દે છે. હાર નિરાશા લાવવા સાથે વ્યક્તિને હિંસક પણ બનાવી શકે છે. **તેથી વ્યક્તિએ હાર-જીતમાં સંતુલન જાળવવું જોઈએ. બંને સ્થિતિને સ્વીકારવાની ટેવ પાડવી પડે છે.** બંનેને પચાવતા (Digest કરતાં) શીખવું પડે છે.

તેથી વ્યક્તિ જો વિજય બાદ વિનમ્ર ન રહે કે હાર્યા પછી નિરાશા લાવે તો સંતુલન ગુમાવી દે છે. પરિણામે સ્થિતિ વિપરીત થાય છે. હારનારાએ ઉત્સાહનો પુનઃસંચાર કરીને કાર્યમાં વળગી જવું પડે છે. **હાર-જીતનો ક્રમ શાશ્વત છે.** જો તેની જાળવણી યોગ્ય રીતે થાય તો અશાંતિથી મુક્ત બની દિવ્ય સફળતા હાંસલ કરી શકાય છે.

*— ડૉ. પૂજા કોટક*

*સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી અને ગુણોનું આયુષ્ય આજીવન સુધી સાથે રહે છે.*

અહેસાસ

# પ્રેમ અને વિશ્વાસ એકબીજાના પૂરક



મેહા સંઘવી

*કચ્છ - ભુજ સ્થિત ડૉ. મેહા વિનેશભાઈ સંઘવીને વાંચન - લેખનનો ઊંડો શોખ છે. તેમણે સાહિત્ય સાથે અંગ્રેજી માધ્યમમાં બી.એ. તથા એમ.એ. કર્યું છે. યુવાવર્ગ અને મહિલાઓને સ્પર્શતા મુદ્દાઓને આવરી લઈને લેખો લખવામાં તેઓ નિપુણતા ધરાવે છે. તેમની કલમે લખાયેલ લેખ અત્રે પ્રસ્તુત છે.* *– તંત્રી મંડળ*

પ્રેમ અને વિશ્વાસ એ એક જ સિક્કાની બે બાજુ છે, એકબીજાના પૂરક છે. પ્રેમ ન હોય તો વિશ્વાસ ટકી શકતો નથી અને વિશ્વાસ ન હોય તો પ્રેમ પાંગરી શકતો નથી. **બેશક પ્રેમ - વિશ્વાસ એ બે જીવન જીવવાના રસ્તાઓ છે, માધ્યમો છે, જીવનરથના પૈડા છે.** એક પૈડું ન હોય તો બીજું પૈડું આગળ ધપી શકતું નથી અને જીવનરૂપી રથ આગળ ન વધતાં, ત્યાં જ થંભી જાય છે. તે એક જીવાદોરી છે. માટે જ કહી શકાય છે કે, કોઈપણ સંબંધની શરૂઆત કરવા કદાચ પ્રેમ જોઈએ પણ તેને નિભાવવા અને નિખારવા માટે તો માત્ર ને માત્ર વિશ્વાસ જ જોઈએ.

હવે સવાલ ઉદ્ભવે કે પ્રેમ એટલે શું? પ્રેમ કોને કહેવાય? પ્રેમી અને પ્રેમિકા વચ્ચે પાંગરતો સંબંધ એટલે પ્રેમ! આટલી ક્ષુલ્લક વ્યાખ્યા કરીશું પ્રેમની આપણે? **પ્રેમ તો એક અભિવ્યક્તિ છે, અહેસાસ છે, અનુભૂતિ છે.** કોઈ વ્યક્તિનું આપણા જીવનમાં હોવાનો અહેસાસ એ પ્રેમ છે, પણ તેની અનુભૂતિ - અહેસાસ અલગ - અલગ રૂપમાં અલગ - અલગ નામરૂપે જોવા મળે છે.

મા-દીકરાનો પ્રેમ, મા-બાપનો સંતાન પ્રત્યેનો પ્રેમ, ભગવાન - તેના ભક્તો પ્રત્યેનો પ્રેમ, ગુરૂ-શિષ્ય પ્રત્યેનો પ્રેમ, પતિ-પત્ની, બે નવયુગલનો પ્રેમ, આવા તો કેટલાય નામો છે, પણ અહેસાસ માત્ર એક જ છે પ્રેમ.

બેશક, કોઈ પણ સંબંધની શરૂઆત કદાચ આકર્ષણથી થાય પણ તેનો વિકાસ તો માત્ર વિશ્વાસથી જ થાય છે. પણ આજે પ્રેમની પરિભાષા જ બદલાઈ ગઈ છે. આજે લવ એટ ફર્સ્ટ સાઈટ થઈ ગયું છે. શેક્સપિયરના મુખ્યત્વે બધા જ નાટકોમાં આ થીમ જોવા મળે છે. **'લવ એટ ફર્સ્ટ સાઇટ'** એકબીજા પ્રત્યેનું શારીરિક આકર્ષણ છે, જેમાં પ્રેમીઓ રંગ-રૂપને જોઇને મોહિત બને છે, જે એક લેવલ સુધી ટકી શકે છે, પણ જીવનના અંત સુધી નહીં. એક વિચાર ઝબુકવા માંડ્યો, 'સાચો પ્રેમ' એટલે શું? સાચો પ્રેમ એટલે જેમાં બે વ્યક્તિ એકબીજાને વધારે ને વધારે જાણવાની કોશિશ કરે, દુર્ગુણોનો ભાગાકાર કરી ગુણોનો ગુણાકાર કરતા શીખે અને પાછો એક સ્ટેજ આવે ત્યારે બે વ્યક્તિઓ એકબીજાના બધા જ ગુણો - દોષો સાથે તેનો સ્વીકાર કરે, તેને પસંદ કરે, તેના સાથની ઝંખના કરે, **તેઓ એકબીજાને સહૃદયથી કોઈ પણ ફરિયાદ અને કોઇ પણ સૂચન વગર સ્વીકાર કરે.** સાચો પ્રેમ એટલે રોમાન્સ. હોટેલમાં ડીનર, બીચ પર લટાર, ફ્રેન્ડ્સ સાથે ડીજે, ફોટોઝ ક્લિક કરવા, પ્રી-વેડિંગ શૂટ કે કેઝ્યુઅલ શૂટ લેવા એ બધું નહીં પણ કાળજી લેવી, બાંધછોડ કરતા શીખવું, આદર-વિશ્વાસને સંપાદન કરતા શીખવું એ છે. યુવા પેઢીની પ્રેમની પરિભાષા થોડીક અલગ છે. હજી મૂછનો દોરો ફૂટ્યો ન હોય અને કોઈના પ્રેમજાળમાં ફસાયા હોય! અને કહે, હું તેના વગર જીવી નહીં શકું. આવો આંધળો પ્રેમ ક્યાં જઇને અટકે? સુસાઇડ ઉપર અથવા કોઈને મજબૂર કરે, હેરાન કરે, એસિડ ફેંકે અથવા મારી નાખવાની ધમકી આપે. એ મારી નહીં થાય તો કોઇ બીજાની નહીં થવા દઉં! વગેરે વગેરે... આવું તો કેટલુંય છાપામાં, રેડિયોમાં, ટી.વી.માં જોયું હશે, સાંભળ્યું હશે, વાંચ્યું હશે. તેનું ટાઈટલ ફ્રન્ટ પેજમાં છપાયું હોય - એક પ્રેમીએ પોતાની પ્રેમિકાને ગળે ફાંસો દઈ મારી નાખી, બાળી નાખી, એસિડના અમીછાંટણા કર્યા! આવું તો કેટલુંય! આપણી આજની નવયુવા પેઢી લવજાળમાં ફસાઈને **જીવન ટૂંકાવી દે છે અથવા પોતાના જીવનને ઉન્માર્ગે વાળી દે છે. આ પ્રેમ નથી, ગાંડપણ છે.**

સાચો પ્રેમ તો આપવાનું નામ છે, તેના માટે કંઈ કરી છૂટવાનું નામ છે, તેના માટે જીવવાનું નામ છે. તેની સાથે પણ હોય, પાસે પણ હોય અથવા પાસે-સાથે ન પણ હોય. **આંસુ તારા નીકળે ને આંખ મારી હોય, દિલ તારું ધડકે ને ધબકારા મારા હોય.**

પ્રેમ કદાચ આંખથી બોલાય છે, મન સુધી પહોંચાય છે અને હૃદય સુધી ઝીલાય છે, પણ વિશ્વાસથી ટકાવાય છે. આ છે પ્રેમ. **વિશ્વાસ વગર પ્રેમ ટકવો, સંબંધ અકબંધ રહેવો અશક્ય છે.** વિશ્વાસ અને પ્રેમ એકબીજાથી અલગ થઈ શકે તેમ નથી કારણકે તે એકબીજા વગર અધૂરા છે. તે એકબીજાના પૂરક છે.

*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી,*
*હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

આરોગ્ય

# "મારા ૭૧ વર્ષના મમ્મી સમજાવવા છતાં કાંઈ સમજતા નથી, પોતાનું ધાર્યું જ કરે છે"



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

● **કેસ સ્ટડી :**

અમારા ક્લિનિકમાં દાખલ થતાની સાથે જ મધ્યાવસ્થાની સ્ત્રીએ કહ્યું કે ડૉક્ટર સાહેબ, મારા મમ્મી જે ૭૧ વર્ષના છે તેઓ થોડા સમયથી કાંઈ જ સમજતા નથી. ઘરના બધા સમજાવે છે પરંતુ પોતાની વાત મૂકતા જ નથી.

ઊંડાણમાં માહિતી મેળવતા નીચે પ્રમાણેની માહિતી દર્દી, દીકરી તથા એમની વહુ પાસેથી મળી.

કલ્પનાબેન (નામ બદલ્યું છે)ને રાત્રે ઊંઘ આવતી ન હતી. પરોઢિયે વહેલી સવારે ચારેક વાગ્યા બાદ ઊંઘ આવતી હતી. દિવસે ઊંઘ કરી લેતા હતા. સવારના મોડા ઉઠતા હતા. બપોરે જમીને બે-ત્રણ કલાક ઊંઘ કરી લેતા હતા. ફેમિલી ડૉક્ટર પાસેથી ઊંઘ માટે દવા લીધેલી. પણ કાંઈ ફરક પડ્યો ન હતો.

એક વખત રાત્રે કુટુંબીજનો બધા સૂઈ ગયા હતા, ત્યારે કલ્પનાબેનને ઊંઘ આવતી ન હતી તો દરવાજો ખોલી સોસાયટીના કમ્પાઉન્ડની બહાર નીકળી ગયા હતા. સદ્‌ભાગ્યે બિલ્ડિંગના વોચમેને જોયું અને એમને રોકી દઈ અમને તરત જ જાણ કરી.

કલ્પનાબેન પોતાની વસ્તુઓ ક્યાં મૂકી દે છે એ ભૂલી જાય છે. પછી આખા ઘરમાં શોધાશોધ કરે છે. વસ્તુ ન મળે તો ગુસ્સે થઈ જાય છે તથા ફેમિલી મેમ્બર પર આરોપ મૂકે છે કે તમે ચોરી લીધી છે. ઘણી વખત એ જ વસ્તુઓ એમના કબાટમાંથી મળી આવે છે.

ઘણી વખત સાંજ પડે એટલે કહે કે બહાર સગા મને મળવા આવ્યા છે. દરવાજો ખોલો એટલે અંદર આવે. એમને સમજાવીએ કે કોઈ આવ્યું નથી. બેલ વાગી નથી, તો માનવા તૈયાર ન થાય અને જીદ પકડે કે દરવાજો ખોલો. દરવાજો ખોલીને બતાવીએ કે કોઈ નથી આવ્યું, ત્યારે જ માને. પણ સાથે કહે કે જો તમે દરવાજો સમયસર ખોલ્યો હોત તો એ લોકો ચાલ્યા ગયા ન હોત.

તાજેતરના પ્રસંગો પણ ભૂલી જાય છે. દીકરીના સાસુ છ મહિના પહેલા ગુજરી ગયા છે. એમની પ્રાર્થનામાં પણ કલ્પનાબેન ગયા હતા. દીકરીને દરેક વખતે (આજે પણ) પૂછે છે કે સાસુ કેમ છે? એમની તબિયત કેમ છે? કહીએ કે સાસુ ગુજરી ગયા છે તો થોડો વખત યાદ રહેશે પરંતુ એકાદ કલાક બાદ ફરીથી સાસુની તબિયત વિશે પૂછશે.

કલ્પનાબેનને જૂના પ્રસંગો ઊંડાણમાં યાદ રહે છે. વિગતવાર યાદ રહે અને વિગતવાર વર્ણન પણ કરશે. કુટુંબીજનોને જૂના પ્રસંગો યાદ નથી રહેતા. એટલે એમને નવાઈ લાગે છે કે આવું કેમ? જૂના પ્રસંગો યાદ રહે છે, તો તાજેતરના પ્રસંગો કેમ ભૂલી જાય છે? શું નાટક કરે છે?

કલ્પનાબેનની ફરીયાદ હોય છે કે એમના હાથ પર જીવજંતુઓ ચાલે છે. નરી આંખે દેખાતા નથી પરંતુ એમને એ પ્રકારની લાગણી થાય છે. ચામડીના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરને પણ બતાડ્યું. એમનો એ અભિપ્રાય હતો કે આ એમની લાગણી (Feeling) છે. હકીકતમાં ચામડી નોર્મલ છે. ચામડી પર શારીરિક રીતે કોઈ તકલીફ નથી. એમને ભાસ થાય છે. એમનો વહેમ છે.

કલ્પનાબેન એકાંતમાં હોય ત્યારે મનમાં ને મનમાં બોલ્યા કરે છે. કુટુંબીજનોને કાંઈ સંભળાય નહીં. એમને પૂછીએ તો કહેશે હું કાંઈ બોલતી નથી.

કલ્પનાબેન જ્યારે નોર્મલ હતા ત્યારે દરરોજ સવારના સમયે દેરાસર જતા હતા. સેવા પૂજા કર્યા બાદ જ સવારના નાસ્તો કરતા હતા. છેલ્લા બારેક મહિનાથી દેરાસર જતા જ નથી. કુટુંબીજનો યાદ કરાવી આપે તો ના પાડી દે છે. કુટુંબીજનો દેરાસર જવા માટે દબાણ કરે તો ગુસ્સે થઈ જાય.

એકની એક વાત વારંવાર બોલ્યા કરે. રિપીટેશન કર્યા કરે.

કલ્પનાબેનની દીકરીએ ઉંડાણમાં માહિતી આપતા જણાવ્યું કે એક વખત કલ્પનાબેને પેટ ભરીને જમી લીધું હતું. અડધા કલાક બાદ ભાઈ મળવા આવ્યા ત્યારે કલ્પનાબેને પોતાના ભાઈને કહ્યું કે એમને કોઈએ જમવાનું આપ્યું નથી. વહુની હાલત કફોડી થઈ ગઈ. સદ્‌ભાગ્યે કલ્પનાબેનના ભાઈને કલ્પનાબેનની મેડિકલ હાલતની સમજ હતી. તેથી ગેરસમજ

ન થઈ. આવું ત્રણ ચાર વખત થઈ ગયું હતું.

થોડાંક સમયથી ક્યારેક કલ્પનાબેન કપડામાં પેશાબ કરી લેતા હતા. એમને પેશાબની સમજ પડતી ન હતી તથા કપડાં ભીના થયા છે એ પણ ખબર ન પડતી હતી. પરિવારજનોને સમજ પડે એટલે કપડા બદલાવતા હતા.

- **માનસિક તપાસ**

**(Mental Status Examination) :**

મનોવૈજ્ઞાનિક રીતે મનના કાર્યોની (વિચાર, ભ્રમ, ભાસ, વાણી, વર્તણૂંક, લાગણી, એકાગ્રતા, સ્મરણ શક્તિ, ગ્રહણ શક્તિ વગેરેની) તપાસ વૈજ્ઞાનિક રીતે કરાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ તપાસ પ્રમાણિત છે તથા સ્વીકાર્ય છે.

કલ્પનાબેનના કિસ્સામાં નીચેના મુદ્દાઓ મહત્ત્વના હતા. (૧) સ્મરણ શક્તિમાં તાજેતરની સ્મરણ શક્તિ પર નકારાત્મક અસર હતી. જૂની સ્મરણ શક્તિ બરોબર હતી. (૨) એમને મહિનો, વાર તથા તારીખ યાદ ન હતા. (૩) ભાસ (શરીર પર જીવજંતુ ચાલે છે, બહાર કોઈ મહેમાન આવ્યા છે) થતા હતા. (૪) ભ્રમણા (delusions) વહેમ આવતા હતા.

- **શારીરિક તપાસ :**

શારીરિક તપાસ (બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા, શ્વાસોચ્છવાસની ગતિ વગેરે) નોર્મલ હતી.

- **લેબોરેટરી તપાસ :**

M.R.I. સ્કેન બ્રેઈનમાં ઉંમર પ્રમાણેના ફેરફારો હતા.

- **નિદાન (Diagnosis) :**

કલ્પનાબેનનો કિસ્સો **સ્મૃતિભ્રંશનો કેસ છે** જેમાં વર્તન તથા માનસિક લક્ષણો મુખ્ય હતા. Behaviour and psychological symptoms of dementia (BPSD)

- **સારવાર (Treatment) :**

૧. દેખભાળ કરનાર પરિવારજનો સાથે કાઉન્સેલિંગ ખૂબ જ અગત્યની સારવાર છે. એમને બીમારી વિશે વૈજ્ઞાનિક માહિતી અપાય છે. દર્દી નાટક નથી કરતું, આ એક બીમારી છે, બીમારીના લક્ષણો છે, જે દર્દીના કાબૂમાં નથી.

   દર્દીને સમજાવવાને બદલે શાંતિથી ઉત્તરો આપો. ભલે પાંચ વખત - દસ વખત રિપીટ કરવું પડે. ધ્યાન બીજે લઈ જાવ. જે બાબતમાં દર્દીને પહેલેથી રસ હતો એ વિષય પર વાતચીત કરો, ચર્ચા કરો.

૨. દવાઓ (Medicines) : વ્યક્તિગત લક્ષણો મુજબ દવાઓ અપાય છે. કલ્પનાબેનના કેસમાં એન્ટિસાઇકોટિક ઓછા પ્રમાણમાં આપી. કોલીન એસ્ટરેજ ઇન્હિબીટર્સ સ્મરણશક્તિ માટે આપી. વિટામિન બી૧૨ તથા વિટામિન ડી-૩ અને અન્ય વિટામિનો તથા પ્રોટિન સપ્લિમેન્ટ આપ્યા.

ઉપરોક્ત સારવારની પધ્ધતિ એક સાથે શરૂ કરી. બે અઠવાડિયામાં ઘણી રાહત મળી. રાત્રે ઊંઘ નોર્મલ થઈ. સવારમાં દેરાસર જવા લાગ્યા. સાથે પરિવારજનને જવા શરૂઆતમાં કહ્યું.

સ્મૃતિભ્રંશની બીમારી તથા એના લક્ષણો (વર્તન તથા માનસિક લક્ષણો) (BPSD) વિશે ઊંડાણમાં જાણકારી હવે પછીના લેખમાં મેળવીશું.

*(ક્રમશઃ)*

## ડાબા પડખે સૂઈ જવાના ફાયદા

★ એક સંશોધન પ્રમાણે જે ડાબે પડખે સૂવે છે તે લોકો જમણા પડખે સુનારા કરતા વધુ તંદુરસ્ત હોય છે.

★ ડાબા પડખે સુવાથી શરીરની લીમ્ફેટીક પ્રક્રિયા વધુ સક્રિય થાય છે. જેથી તમારા શરીરમાં ભેગા થયેલા ઝેરી પદાર્થો બહાર નીકળી જાય છે.

★ ડાબે પડખે સુવાથી હોજરીમાંથી એસિડ અને ખોરાકનો નહીં પચેલો ભાગ અન્નનળીમાં જતો નથી. એટલે એસિડિટી થતી નથી.

★ શરીરમાં રહેલી બરોળ એક લીમ્ફ ગ્લેન્ડ છે, જે તમારા શરીરની ડાબી બાજુએ છે. ડાબી બાજુ સુવાથી તેમાં એકઠો થયેલો કચરો જલ્દી નીકળી જવાથી તમારા શરીરમાં સ્ફુર્તિ આવે છે.

★ ગ્રેવિટીના કારણે હૃદય વડે જુદા જુદા અંગોને લોહી પહોંચાડનારી આર્ટરીમાં લોહીનું પરિભ્રમણ વધે છે. ડાબા પડખે સૂઈ રહેવાથી ખોરાકનું પાચન સરસ રીતે થાય છે.

★ ડાબી બાજુ સુવાથી કરોડરજ્જુના હાડકા પર જોર આવે છે. આને કારણે જો તમને કમરનો દુઃખાવો કાયમ રહેતો હોય તો ડાબે પડખે સુવાથી કમરનો દુખાવો ઓછો થઈ જાય છે.

★ ડાબા પડખે સૂઈ રહેવાથી ખોરાકનું પાચન થયા પછી વધેલો નકામો કચરો મોટા આંતરડામાંથી મળાશયમાં સરળતાથી જાય છે. આના કારણે તમે સવારે ઉઠો ત્યારે સરળતાથી મળત્યાગ થાય છે.

★ ડાબા પડખે સૂઈ જવાથી નસકોરા બોલતા બંધ થઈ જશે કારણકે તમારી શ્વાસનળી ઉપર થતું તમારી જીભના અને ગળાના સ્નાયુનું દબાણ ઓછું થઈ જશે.

★ ડાબા પડખે સૂઈ રહેવાથી મગજમાં એકઠા થયેલા ટોક્સીન પદાર્થ સરળતાથી નીકળી જાય છે. એટલે તમે જ્યારે ઉઠો ત્યારે સ્ફુર્તિ લાગે છે.

સેવા જ્યોત

# નવજ્યોત અંધજન મંડળ - અમદાવાદમાં પ્રજ્ઞાચક્ષુ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓનો ચાલતો સેવાયજ્ઞ



કિરણ ચાંપાનેરી 'સેતુ'
ફ્રીલાન્સ પત્રકાર

સર્જનહારે જીવસૃષ્ટિના જીવોને ઇન્દ્રિયોની ભેટ આપીને ખૂબ મોટો ઉપકાર કર્યો છે. માનવીને ઇશ્વરે આપેલ હાથ, પગ, આંખ, નાક, કાન અને શરીરના આંતરિક અવયવની કિંમત તો ત્યારે જ સમજાય કે જ્યારે આમાંનું એકાદ અંગ કે અવયવ ના હોય કે અકસ્માતે તે ગુમાવવું પડે! એકાદ હાથ કે એકાદ પગ વગર થોડીક મુશ્કેલીથી ઘણાં લોકો જીવન જીવતા હોય છે પણ જેમને જન્મથી જ આંખોની રોશની મળી નથી કે જન્મ પછી કોઈ કારણસર બીમારીમાં આંખોની રોશની ગુમાવી છે તેમની દુનિયા તો અંધકારમય બની જાય છે. જીવન જીવવાનું કપરું બની જાય છે. આવા દિવ્યાંગોને પરિવાર અને સમાજ તરફથી જોઈએ તેવો સધિયારો મળતો નથી. જો કે કુદરત તરફથી દિવ્યાંગ વ્યક્તિઓને છઠ્ઠી ઇન્દ્રિયની ભેટ મળતા તેમનું જીવન કંઈક અંશે સરળ બની રહે છે.

આ લેખમાં આપણે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિની વાત કરવાની છે કે જેમણે માત્ર દસ માસની ઉંમરે ઓરી અછબડાની બીમારીમાં આંખોની દૃષ્ટિ ગુમાવેલી. પણ તેઓ હિંમત હાર્યા નહીં અને પુરુષાર્થ કરીને શિક્ષિત થયા. એટલું જ નહીં, **પણ પોતાને નડેલી મુશ્કેલી પોતાના જેવા પ્રજ્ઞાચક્ષુઓને ન પડે તે માટે અમદાવાદમાં નવજ્યોત અંધજન મંડળ સંસ્થા સ્થાપી મદદરૂપ થઇ રહ્યા છે. એ પ્રજ્ઞાચક્ષુ છે કાંતિભાઈ કાળાભાઈ પરમાર.**

આજના અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના બોરોલ ગામમાં મજૂર પરિવારમાં તા. ૧-૧૧-૧૯૭૭ના રોજ કાંતિભાઈનો જન્મ થયેલો. દસેક માસની ઉંમરે ઓરી અછબડાની બીમારી થઈ. વહેમ, અંધશ્રધ્ધા અને અપૂરતી દાક્તરી સારવારના અભાવે આ બીમારીમાં કાંતિભાઈએ આંખોની રોશની ગુમાવી. એક તો ગામડું અને શ્રમજીવી પરિવાર. ગામડાંનાં ઘરમાં જ કાંતિભાઈનું જીવન વિતવા માંડ્યું. દસેક વર્ષના થયા ત્યારે તેમના પરિવારને જાણ થઇ કે અંધ વ્યક્તિઓને ભણવા માટે શાળા હોય છે. એટલે અમદાવાદની આશ્રમ રોડ પરની બહેરામૂંગા અંધજન શાળામાં તેમને ભણવા મૂક્યા. અહીં કાંતિભાઈએ ધોરણ દસ સુધીનું શિક્ષણ લીધું. ધોરણ ૧૧-૧૨નું શિક્ષણ દેખતાઓની સ્કૂલમાં એટલે કે નોર્મલ વિદ્યાર્થીઓ સાથે લીધું. અમદાવાદની ગુજરાત લૉ સોસાયટી સંચાલિત કૉલેજમાંથી હિંદી વિષય સાથે બી.એ. થયા. ખંભાતની બી.જે.સી.બી.એડ. કૉલેજમાંથી બી.એડ.નો અભ્યાસ કર્યો. એલ.એલ.બી.ના અભ્યાસમાં જોડાયા. પણ સતત પ્રજ્ઞાચક્ષુઓની સેવાના વિચાર મનમાં ઘુમરાયા કરે. એટલે એલ.એલ.બી.નો એકાદ વર્ષનો અભ્યાસ કરી પ્રજ્ઞાચક્ષુઓની સેવામાં પરોવાઈ ગયા.


દરેક જિલ્લામાં એક અંધજન સ્કૂલ હોય છે જેમાં ધોરણ-૧૨ સુધી પ્રજ્ઞાચક્ષુઓને ભણવાની વ્યવસ્થા હોય છે. બાર પછી અંધજનોએ દેખતા વિદ્યાર્થીઓ સાથે જ ભણવાનું હોય છે. પ્રજ્ઞાચક્ષુઓ માટે **બ્રેઇલ લિપિ** છે ખરી, પણ અભ્યાસક્રમના પાઠ્ય પુસ્તકો ન મળે. પ્રજ્ઞાચક્ષુઓએ અભ્યાસ કરવા માટે બીજા પર આધાર રાખવો પડે. **દેખતી વ્યક્તિઓ પાસે અભ્યાસક્રમના પુસ્તકો વંચાવી, રેકોર્ડિંગ કરાવવામાં આવે છે.** આ રીતે રેકોર્ડિંગ કરેલ અભ્યાસક્રમને સાંભળીને ભણવાનું અને પરીક્ષામાં રાઈટર રાખીને પેપર લખાવવાના હોય છે. પ્રજ્ઞાચક્ષુઓ બોલતા જાય અને રાઈટર જવાબ લખે. પ્રજ્ઞાચક્ષુઓ માટે સરકાર તરફથી હજુ જોઈએ તેવી અને તેટલી સુવિધા, સુરક્ષાની યોજનાઓ બનાવાઈ નથી. અને જે યોજનાઓ છે તેનું યોગ્ય રીતે અમલીકરણ ન થવાથી પ્રજ્ઞાચક્ષુઓને લાભો મળતા નથી.

અમદાવાદમાં ગુજરાત લૉ સોસાયટી સંચાલિત કૉલેજમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વાંચી સંભળાવવા માટે બેન્ક ઑફ ઇન્ડિયાના રિજયોનલ મેનેજર પદેથી નિવૃત્ત થયેલ **બલ્લુભાઈ દેસાઇ** સેવા આપતા. બલ્લુભાઈ દેસાઇ પોતાના પેન્શનની રકમ અંધજનોના અભ્યાસ પાછળ વાપરતા. કૉલેજમાં વાંચવા આવે, કેસેટ, ટેપ રેકોર્ડર ખરીદી આપે. આ રીતે બલ્લુભાઈએ વીસેક વર્ષ દરમિયાન ચાલીસ પ્રજ્ઞાચક્ષુઓની સેવા કરી. બલ્લુભાઈની આ સેવાકીય પ્રવૃત્તિનો લાભ કાંતિભાઈને પણ મળેલો. એટલે અભ્યાસકાળથી જ કાંતિભાઈએ અને તેમના સહાધ્યાયી પ્રજ્ઞાચક્ષુ **રજનીભાઈ**એ પ્રજ્ઞાચક્ષુઓને મદદરૂપ થવા નવજ્યોત અંધજન મંડળ સંસ્થાની ૨૦૦૮માં નોંધણી કરાવી. ૨૦૧૦માં પાલડી

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)

બંધન

# આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ (૧૧-૧૦) નિમિત્તે મર્મેઇડનો સંદેશ (Message from Mermaid)



મગનલાલ સંઘવી

૧૯૮૯થી ૧૯૯૪ દરમિયાન બનેલી આ સત્ય કથા ‘રીડર ડાયજેસ્ટ’માં પ્રથમ ૧૯૯૫માં પ્રગટ થઈ ચૂકી છે અને તે કથા અનેક ભાષાઓમાં પ્રગટ થતી રહી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ જેટલી આ દિવસની નોંધ લેવાતી નથી. ‘મંગલ મંદિર’નો ઓક્ટોબર માસનો અંક આગલા મહિનાની ૨૫ તારીખે પ્રિન્ટીંગમાં જતો રહે છે, એટલે આ લખાણ ત્યાર પછીના નવેમ્બર મહિનાના અંકમાં આપેલ છે.

એક બાદ એક બનતા બનાવોને જોગાનુજોગ કહો કે ચમત્કાર, પણ ૪ વર્ષની એક બાલિકાની શ્રદ્ધા અને સંવેદનાને કુદરત પણ પ્રતિભાવ આપે છે એમ લાગ્યા વગર રહેતું નથી. “લીટલ મર્મેઇડ” એ પશ્ચિમી પરિકથાનું પાત્ર છે. અનુવાદ “જલપરી” કરી શકાય, પણ કથા માટે જરૂરી “મર્મેઇડ” શબ્દ યથાવત્ રાખેલ છે.

ઉત્તર અમેરિકાના કેલિફોર્નિયા પ્રાંતમાં યુબા શહેરમાં ૨૪ વર્ષીય કેન ગિલ (KEN GILL) અને ૧૮ વર્ષીય રોન્ડા (RHONDA) અભ્યાસકાળ દરમિયાન મળ્યા, પ્રેમ થયો અને ૧ વર્ષ બાદ પરણી ગયા. બે વર્ષના દાંપત્ય જીવન બાદ તા. ૯ જાન્યુઆરી, ૧૯૮૯ના એક બાળકીનો જન્મ થતાં દંપતિના આનંદનો જાણે ગુણાકાર થયો. પુત્રી ડેઝી પિતાની લાડલી! બંનેને એકબીજા વગર એક દિવસ પણ ન ચાલે. જ્યાં જાય ત્યાં પિતા-પુત્રી સાથે જ હોય.

જોતજોતામાં ડેઝી ૩ વર્ષની થઈ અને આનંદ કિલ્લોલ કરતા આ કુટુંબ ઉપર વજ્રઘાત થયો. કેનનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થઈ ગયું.

એક તરફ ભર યુવાનીમાં ખૂબ જ વહાલા પતિનું મૃત્યુ અને બીજી તરફ ડેઝીનો વલોપાત એમ રોન્ડા બેવડો માર સહન કરતી રહી. ડેઝી કોઈ રીતે ડેડીનું મૃત્યુ સ્વીકારવા તૈયાર ન હતી. “**ડેડી મારા વગર ક્યાંય જઇ શકે જ નહીં, જરૂર કોઈ મોટા કામે ગયા હશે અને પાછા આવશે.**” એ ડેડીને સતત યાદ કરતી રહી અને રડતી રહી. મહિનો વિતી ગયો. રોન્ડાએ વિચાર્યું કે જગ્યા બદલવાથી કદાચ ફરક પડી શકે. એટલે તે અને ડેઝી નજીકમાં જ લાઈવ ઑકમાં રહેતી પોતાની માતા ટ્રિશા મૂરને ત્યાં આવી. ત્યાં પણ ડેઝીમાં ખાસ કંઈ ફરક ન પડ્યો. એક રાત્રે રોન્ડાને બેડરૂમમાં જતા ડેઝીના રડવાનો અવાજ સંભળાયો. પાસે જઇને જોયું તો તે ડેડીના ફોટાને સામે રાખીને રડી રહી હતી અને કહી રહી હતી, “ડેડી, તમે કેમ પાછા આવતા નથી?” રોન્ડા પોતાનો શોક ભૂલીને વિચાર્યા કરતી કે, “આ દીકરીને કેમ સમજાવવી?”

એક દિવસ નાનીમાએ ડેઝીને ડેડીની કબર ઉપર લઇ જવાનો કાર્યક્રમ ગોઠવ્યો, જેથી તેને કંઈક સમજ પડે. ત્યાં ગયા તો ડેઝીએ કબર ઉપર કાન માંડ્યા કે ‘ડેડી કંઈ કહી રહ્યા હોય!’ નાનીએ સમજાવ્યું કે ડેડીનું શરીર અહીં કબરમાં છે, પણ સૉલ (આત્મા) તો સ્વર્ગમાં હોય એટલે શરીર બોલી શકે નહીં.

થોડા દિવસ બાદ એક રાત્રે રોન્ડા ડેઝીને લઇને સૂવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં ડેઝીએ અચાનક ધડાકો કર્યો. ‘મમ્મી, મારે મરી જવું છે અને ડેડી પાસે સ્વર્ગમાં જવું છે.’ રોન્ડા રડીને ઈશ્વરને વિનવી રહી, ‘હે પ્રભુ! મારી મદદ કર. આને હું કેમ સમજાવું?’

તેના ડેડીનો જન્મ દિવસ ૮ નવેમ્બર ડેઝીને બરાબર યાદ હતો. તેના થોડા દિવસ પહેલા જ નાનીમાને કહી દીધું, ‘મારે ડેડીને જન્મ દિવસની શુભેચ્છાનો પત્ર મોકલવો છે!’ થોડીવાર વિચાર્યા બાદ નાનીમાએ કહ્યું, ‘આના માટે એક જ રસ્તો છે. હેલિયમ ગેસનું બલૂન લઇ સાથે પત્ર બાંધી આકાશમાં છોડીએ. બલૂન ઉપર જ ઉડે, અને કદાચ ડેડીને પહોંચે.’ ડેઝીએ તરત પ્રસ્તાવ સ્વીકારી લીધો. કેનના જન્મ દિવસની સવારના કબર ઉપર મૂકવા ફૂલનો બુકે લઇ કારમાં રવાના થયા. બલૂન ખરીદવા વચ્ચે સ્ટોરમાં રોકાઇ ડેઝીને બલૂન પસંદ કરવા કહ્યું. રૂપેરી રંગના ઘણા બધા બલૂનમાંથી ડેઝીએ તરત જ બલૂન પસંદ કરી લીધું. તેની ઉપર વોલ્ટ ડિઝનીની ફિલ્મ “લીટલ મર્મેઇડ”નું રંગીન ચિત્ર હતું, જે ફિલ્મ તેણે ડેડી સાથે જોઈ હતી. વળી તેની ઉપર હેપ્પી બર્થ ડે પણ છપાયેલ હતું. નાનીમાએ કાગળ અને પેન હાથમાં લઇને પૂછ્યું, ‘બોલ, ડેડીને શું સંદેશ મોકલવો છે?’

‘લખો, હેપ્પી બર્થ ડે ડેડી. મને તમારા વગર જરાય ગમતું નથી. મને ખાત્રી છે કે આ પત્ર તમને મળશે અને તમે મને

૯ જાન્યુઆરીના મારા જન્મ દિવસે પણ શુભેચ્છા પાઠવશો.' તા. ૮-૧૧ના રોજ નાનીમાએ પત્ર લખી સાથે પોતાનું સરનામું લખ્યું અને બધા કબર ઉપર ગયા. ફૂલો મૂકી પત્રને પ્લાસ્ટિક કવરમાં પેક કરી બલૂનની દોરીમાં બાંધી, ડેઝીએ બલૂન છોડ્યું. એકાદ કલાક દેખાયું ત્યાં સુધી ત્રણે જોતા રહ્યા. દેખાતું બંધ થતા પાછા જવાની તૈયારી કરી ત્યાં ડેઝી ચિલ્લાઇ, 'અરે, તમે જોયું? ડેડી આવીને બલૂન લઇ ગયા. મને દેખાયું! હવે મને ચોક્કસ જન્મ દિવસની શુભેચ્છા મળશે.' ત્રણે ઘેર પાછા ગયા.

કેનેડાના પૂર્વ ભાગમાં ચારે તરફ સમુદ્રની વચ્ચે પ્રિન્સ ઍડવર્ડ ટાપુનો વિસ્તાર. મુખ્ય શહેરથી થોડા કિ.મી. દૂર ગ્રામ્ય વિસ્તારમાં નાનું સુંદર શહેર મર્મેઇડ સિટી! ૩૮ વર્ષનો ફોરેસ્ટ ઓફિસર વેઇડ મેકિનોન (WADE MACKINON) પત્ની ડોના તથા ૩ સંતાનોનું સુખી કુટુંબ. ૧૨ નવેમ્બરની સવારના વેઇડ સરોવર નજીકના જંગલમાં ફરજ ઉપર જવા તૈયાર થઈ પોતાની પિકઅપ વાનમાં રવાના થયો. રાત્રે પડેલા વરસાદથી વૃક્ષો અને રસ્તા ભીના હતા. રસ્તામાં ધીમી ગતિએ જતાં એક નાના વૃક્ષ ઉપર કંઈક ફફડાટ જેવો અવાજ સંભળાયો. કંઇક કુતુહલથી વાન રોકીને એ તરફ ગયો અને જોયું કે એક રંગીન બલૂનની દોરી વૃક્ષમાં ભરાઈ હતી. બલૂન ઉપર ફફડી રહ્યું હતું. સંભાળપૂર્વક દોરી અલગ કરી બલૂન નીચે ઉતાર્યું. દોરી સાથે પ્લાસ્ટિકમાં લપેટાયેલ પત્ર જેવું કંઈક બાંધેલું અને બલૂન ઉપર 'હેપ્પી બર્થ ડે'ના લખાણ સાથે લીટલ મર્મેઇડનું રંગીન ચિત્ર! વેઇડ વિચારી રહ્યો, વાત વિચિત્ર લાગે છે. જે ચિત્રવાળું બલૂન એના જ નામના શહેરમાં રહેતા મને મળે છે, અને એ પણ એ જ નામના મર્મેઇડ સરોવર પાસે જ! સાથે પત્ર જેવું પણ જે છે એ સાંજે ઘેર જઇને જોઈશું એમ વિચારી બલૂન વાનની આગળની સીટમાં મૂકી દીધું.

સાંજે ઘેર આવીને ઘરમાં બધાને બલૂન બતાવ્યું. બધાને આવું બન્યાનું વિચિત્ર લાગ્યું. પણ પત્ર ખોલીને વાંચતા જ રૂમમાં ઘડીભર શાંતિ છવાઈ ગઈ. વાત સમજાઈ ગઈ કે કોઈ ડેઝી નામની બાલિકાએ સ્વ. પિતાને આ રીતે શુભેચ્છા પાઠવવાનો બાલીશ પ્રયત્ન કર્યો હતો અને માતાએ તેને મનાવવા સહકાર આપી, પત્ર લખ્યો હતો. વેઇડ પત્રની તારીખ જોઈને પણ વિચારમાં પડી ગયો. તા. ૮-૧૧ના છોડાયેલું બલૂન, આજે તા. ૧૨ એટલે કેલિફોર્નિયાથી અહીંનું ૫૦૦ કિ.મી.નું અંતર આ બલૂને ૪ દિવસથી પણ ઓછા સમયમાં કાપ્યું છે, જે સામાન્ય સંયોગોમાં અશક્ય ગણાય. વળી એ હવામાં તરી શકે એટલો ગેસ હોવા છતાં વરસાદના કારણે અહીં નીચે આવ્યું. જો થોડી જ મિનિટ હવામાં રહ્યું હોત તો સમુદ્રમાં પડત. વેઇડે પત્નીને કહ્યું, 'બધા સંયોગો જોતાં લાગે છે કે આપણે આ છોકરીને પત્રનો જવાબ આપવો જોઈએ.' ડોનાનો વિચાર જુદો હતો. ડેઝીએ પોતાના પિતા પાસે જન્મ દિવસની શુભેચ્છા મેળવવાની આશા રાખી છે એટલે પત્રમાં આપેલ તારીખ — તેના જન્મ દિવસ ૯ જાન્યુઆરીએ શું કરવું એ વિચારીશું. સમય છે. આ સૂચન યોગ્ય લાગતાં હાલ તુરત નિર્ણય લેવાયો નહીં. પત્ર ટેબલના ખાનામાં મૂકાયો અને બલૂન વરંડામાં બાંધી દેવામાં આવ્યું.

સમય વીતતો ગયો. ડિસેમ્બરમાં નાતાલ અને નવા વર્ષના તહેવાર ઉજવવા સાથે ડોનાએ નિર્ણય કર્યો કે આપણે ડેઝીને તેના પિતા વતી જન્મ દિવસની ભેટ મોકલવાની છે. શું મોકલવું એ બાબત પણ બહુ વિચારવાની જરૂરત રહી નહીં. લીટલ મર્મેઇડ એ ડેઝીનું ફેવરીટ પાત્ર હશે જ. એટલે એ જ વાર્તાની બુક અને બર્થ ડે કેક મોકલવાનો નિર્ણય થયો. સ્ટોરમાંથી બુક અને કાર્ડની ખરીદી થઈ ગઈ. જેમાં લખાણ હતું : 'વહાલી પુત્રીને જન્મ દિવસની પ્રેમભરી શુભેચ્છા.' પાર્સલ પેક કરતા પહેલાં ડોનાએ વિગતવાર પત્ર લખ્યો. સરનામું - ફોન નંબર વગેરે લખી પાર્સલ રવાના કર્યું.

આ તરફ રોન્ડા અને ડેઝી ડિસેમ્બરની શરૂમાં જ પોતાના ઘેર યુબા આવી ગયા હતા. નાતાલ - નવા વર્ષના તહેવારો ઉજવાઈ ગયા અને ડેઝીનો જન્મ દિવસ પણ નાની પાર્ટી સાથે ઉજવાઈ ગયો. પિતા તરફથી પ્રતિભાવ ન મળતાં ડેઝી ઉદાસ રહેતી, પણ તેણે આશા છોડી ન હતી.

તા. ૧૯ જાન્યુઆરી, ૧૯૯૪. લાઈવ ઓક, નાનીમા ટ્રિશા મૂરના સરનામે પાર્સલ પહોંચી ગયું. To ડેઝી, C/o. ટ્રિશા મૂર. બરાબર, પણ મોકલનારનું અજાણ્યું નામ જોઇને વિચાર્યું કે કેન કે રોન્ડાના કોઈ સગાએ ડેઝી માટે ભેટ મોકલી હશે એમ સમજીને મૂકી રાખ્યું. રાતનું ભોજન પતાવ્યા બાદ ટી.વી. મોડી રાત સુધી જોવાની ટેવ હતી. ટી.વી. જોતાં જોતાં વિચાર આવ્યો કે તેમના સંબંધીનું પાર્સલ યુબા જવું જોઈએ. એ મારા સરનામે કેમ આવે? જરૂર કંઈક અલગ છે. પાર્સલ મોકલનારનું પૂરૂં સરનામું જોઇને સ્તબ્ધ થઇ ગઈ. આટલે દૂર કેનેડામાં કેન-ટોન્ડાના કોઈ સગા હોવાનો સવાલ જ ન હતો. કોણ હશે? ધડકતા દિલે પાર્સલ ખોલ્યું. કાર્ડ અને પત્ર વાંચીને સ્તબ્ધ થઈ ગયા. આવું બની શકે? સ્વપ્ન તો નથી ને? સ્વસ્થ થતાં પ્રથમ ઈશ્વરનો આભાર માનીને રોન્ડાને ખબર આપવા અડધી રાત્રે ટેલિફોન જોડ્યો.

યુબામાં રોન્ડાને ઘેર મધ્યરાત્રીએ ફોનની રીંગ વાગતી રહી. ભર ઊંઘમાંથી જાગીને રોન્ડા વિચારી રહી, 'અત્યારે કોણ હશે ફોન કરનાર?' થોડીવારે ફોન રિસીવ કરતા સામે મા! 'રોન્ડા, સાંભળ. આપણે સ્વપ્નેય ન ધાર્યું હોય એવું બન્યું છે. ડેઝીને એના ડેડી વતી છેક કેનેડાથી અજાણ્યા પરિવાર તરફથી

જન્મ દિવસની ભેટ આવી છે. હું એ લઈને અત્યારે જ કારમાં નીકળું છું અને વહેલી સવારે પહોંચીશ. વધારે વાત આવીને કરીશ.' રોન્ડા રાતભર જાગતી રહી અને પ્રાર્થના કરતી રહી. સવારના જ ડેઝીને વહેલા જગાડીને સમાચાર આપ્યા કે 'ડેડીએ તારા માટે જન્મ દિવસની ભેટ કોઈ અજાણ્યા લોકો મારફત મોકલી છે અને બલૂન સાથે નાનીનું સરનામું આપેલ હોતા ત્યાં પાર્સલ આવ્યું છે અને એ લઈને નાનીમા આવે છે.'

સવારે ૭ વાગ્યા પહેલા જ નાની પહોંચી ગયા. બંને મા દીકરી દરવાજા પાસે જ રાહ જોતા હતા. અંદર જઈ નાનીએ પાર્સલ ડેઝીના હાથમાં આપ્યું, બુક આપી, કાર્ડ વાંચી સંભળાવ્યું. સાથેનો પત્ર બતાવ્યો અને વાંચવાનું શરૂ કર્યું.

*"વહાલી ડેઝી, તારા ડેડી વતી જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા. તને થશે કે અમે કોણ છીએ જે તારા ડેડી વતી ભેટ મોકલીએ? વાત એમ છે કે ગયા નવેમ્બરમાં મારા પતિ પોતાની પિકઅપ વાનમાં જઈ રહ્યા હતા ત્યારે નજીકના સરોવર પાસે તેને, તેં તારા ડેડીને મોકલેલ બલૂન પત્ર સાથે મળ્યું. સ્વર્ગમાં સ્ટોર કે પોસ્ટ ઑફિસ હોતા નથી એટલે તારા ડેડીએ એ માટે અમને પસંદ કર્યા તેનું કારણ શું હોઈ શકે, એ અમને બલૂન ઉપરના ચિત્રથી જ સમજાઈ ગયું. અમારા શહેરનું નામ જ મર્મેઈડ સિટી છે અને જે સરોવર પાસે બલૂન મળ્યું એનું નામ પણ મર્મેઈડ લેક છે. તારા ડેડીએ અમારી પસંદગી કરી તેનો અમને આનંદ છે.' ડેઝીની આંખમાં આંસુ આવ્યા, પણ એ હર્ષના હતા. નાનીએ પત્ર આગળ વાંચ્યો. 'આ સાથે લીટલ મર્મેઈડની વાર્તાની બુક ભેટ મોકલીએ છીએ. તને જરૂર ગમશે. અમને ખાત્રી છે કે તારા ડેડી તને સતત જોઈ રહ્યા હશે અને સાથે તને ખુશ અને સુખી જોવા ઈચ્છશે. એટલે તું ખુશ નહીં રહે તો તેમને દુઃખ થશે.'*

***Lots of Love... ડોના અને વેઈડ મેકિનોન પરિવાર***

ડેઝી બોલી ઉઠી, 'મને ખાત્રી હતી કે ડેડી મને શુભેચ્છા પાઠવવા કંઈક રસ્તો જરૂર કાઢશે, એ મને ભૂલી શકે નહીં.' ભેટમાં મળેલ બુક જોઈ નાનીને કહે, 'આ વાર્તા મને ફરી એકવાર વાંચી સંભળાવોને.' નાનીએ વાર્તા વાંચવાનું શરૂ કર્યું. વાર્તાના અંત સુધી પહોંચતા પહેલા ચિંતા થઈ. તેના ડેડી એ વાર્તા કહેતા ત્યારે અંતમાં લીટલ મર્મેઈડ રાજકુમારને પરણીને સુખી થઈ એમ કહેતા. જ્યારે અસલ વાર્તામાં અંત એવો આવ્યો કે એક દુષ્ટ ડાકણે તેની પૂંછ કાપી નાખી જેથી તે મૃત્યુ પામી અને ૩ ફરિશ્તાઓ (Angles) તેને લઈ ગયા.

આવા અંતની ડેઝી ઉપર શું અસર થઈ એ માટે નાની તેની તરફ જોઈ રહ્યા. ડેઝી બંને ગાલ ઉપર હાથ મૂકી વિચારી રહી અને ખુશ થઈને બોલી ઉઠી, 'ફરિશ્તાઓ તેને સ્વર્ગમાં જ લઈ ગયા હશે, ડેડી તેને મળ્યા હશે અને તેના કહેવાથી જ ડેડીએ સંદેશ મોકલવાની જગા પસંદ કરી હશે, ખરુંને?'

આ સાંભળી બંને માતાઓને શાંતિ થઈ.

ફેબ્રુઆરીની શરૂમાં જ મેકિનોન પરિવારને રોન્ડા અને ટ્રિશાનો સંયુક્ત પત્ર મળ્યો, 'તા. ૧૯ જાન્યુઆરીના અમારું જીવન જ બદલાઈ ગયું. તમારું પાર્સલ મળતા અમારી નાનકડી પુત્રીનું સ્વપ્ન સાકાર થયું. તમારા આ ઉમદા પ્રતિસાદ બદલ આભાર માનવા શબ્દો ઓછા પડે.'

વચ્ચે ફોનથી પણ વાત થતી રહી અને માર્ચમાં ત્રણે મા દીકરી મેકિનોન પરિવારને મળવા કેનેડા ગયા. જ્યાંથી બલૂન મળ્યું એ જગ્યા પણ જોઈ. બધા સંમત થયા કે ઈશ્વરેચ્છા સિવાય આટલા અશક્ય જેવા બનાવો એક સાથે બને જ નહીં.

પાછા ફર્યા બાદ જ્યારે ડેઝીને ડેડીની યાદ આવતી ત્યારે કેનેડા ફોનથી વાત કરીને તેને શાંતિ થઈ જતી.

***('રીડર ડાયજેસ્ટ' પરથી અનુવાદ)***

## ભારતની વસતી

છેલ્લા દાયકામાં ભારતની વસતી ૧.૨ ટકાના વાર્ષિક દરે વધી છે (૧૩૬ કરોડ).

ચીનની વસતી ૦.૫ ટકાના દરે વધી છે (૧૪૨ કરોડ).

***ભારતની વસતી ગણતરીના આંકડા નીચે મુજબ છે :***

| | |
|---|---|
| ૧૯૫૧ની વસતી ગણતરી મુજબ | ૩૬ કરોડ |
| ૧૯૬૧ની વસતી ગણતરી મુજબ | ૪૪ કરોડ |
| ૧૯૭૧ની વસતી ગણતરી મુજબ | ૫૫ કરોડ |
| ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ | ૬૮ કરોડ |
| ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ | ૮૫ કરોડ |
| ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ | ૧૦૦ કરોડ |
| ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ | ૧૨૬ કરોડ |
| ૨૦૧૯માં દેશની વસતી હોવાનું મનાય છે | ૧૩૬ કરોડ |

ભારતની કુલ વસતીમાંથી આશરે ૧૪ ટકા વસતી ભૂખમરો ભોગવી રહી છે.

યુ.એન.ના એક રીપોર્ટ મુજબ દુનિયાભરમાં ભૂખમરાથી પીડાતી કુલ વસતીના ૨૩ ટકા લોકો ભારતીય છે.

દુનિયાના આશરે ૮૧.૫ કરોડ લોકો ભૂખમરાથી પીડિત છે અને એમાંના ૧૯ કરોડ લોકો ભારતમાં વસે છે.

ભારતની બેકારીનો હલ ખેતી નહીં પણ ઉદ્યોગ લાવી શકશે. નાના નાના ગામડાંના લોકોને નોકરી નહીં પરંતુ નાની નાની વસ્તુઓ બનાવતા મિનિ (માઈક્રો) ઉદ્યોગકાર બનાવતા જવું પડશે કેમકે ઉદ્યોગ સ્થાપ્યા પછી પણ જરૂરી નોકરીઓ પેદા નહીં કરી શકાય. નાના ઉદ્યોગકારોએ બનાવેલ માલના વેચાણનું તંત્ર પણ ગોઠવી આપવું પડશે. આટલું કર્યા બાદ જ ભારતની બેકારી અને ભૂખમરાનો પ્રશ્ન હલ થઈ શકશે.

# આંજો કાગર

### કચ્છની સંસ્કૃતિને ઉજાગર, ધબકતું રાખતું 'મંગલ મંદિર' — ધન્યવાદ

કચ્છ એવો મલક છે કે જેના વટ, વચન અને વ્યવહાર, કુરબાની, દાતારી, મર્દાનગી, લડાઈઓ, ખાનપાન, કિલ્લાઓ, મરદ માડુઓ માટે જગવિખ્યાત છે. પુરાવા તરીકે દરેક ગામ ગામડે પાળિયાઓથી જણાઈ આવે છે.

'મંગલ મંદિર'માં પ્રગટ થતાં લેખોથી ખબર પડે છે, હાલ કચ્છના સ્વાતંત્ર્ય વિશે જેવા કે કચ્છના ગાંધી ગુલાબશંકર ધોળકિયા, ફૂલશંકર પટ્ટણી, યુસુફ મહેરઅલી, કાંતિપ્રસાદ અંતાણી, દાદા દુખાયલ, કેળવણીકાર કુંજભાઈ મહેતા, કે.ટી. શાહ, ઝુમખલાલ મહેતા, નૌશિર દસ્તુર જેવા અનેક મહાનુભાવો કચ્છમાં પેદા થયા છે, જેમની વિગત માટે પાના ઓછા પડે અને જેનો જોટો ઇતિહાસમાં ન જડે. વા કચ્છડેજો પાણી!

**હાલ રતુ ભાચ્છાની કવિતાઓની રમઝટ વાંચીને મજા આવી ગઈ અને હજી પણ પ્રગટ થતા વાંચકોને આનંદ આવશે.** રતુ ભાચ્છા જેવા અનેક મરદો સામાજિક અને સાહિત્ય ક્ષેત્રની પ્રવૃત્તિઓ માટે જાણીતા છે. તેમના વિશેની માહિતી કોઈ પાસેથી મળે અને 'મંગલ મંદિર'માં પ્રકાશિત થાય તો ઇતિહાસ સચવાઈ રહે, જે ખાસ જરૂરી છે.

કચ્છના રાજા, રજવાડાઓની નેક, ટેક, વચન, બળુકાઈ, આહૂતિ, બહારવટો વગેરેની કચ્છ કલાધરમાં **દુલેરાય કારાણી**એ લખી સાચવેલ છે. જે કચ્છના પાણીની યાદ આપે છે. **વયસ્કો તો ૫૦/૬૦ વર્ષ અગાઉની ગુજરાતી કવિતાઓ તથા લેખન સામગ્રી ઝંખે છે તો જેમની પાસે હોય અને પ્રગટ કરાવે તો સોનામાં સુગંધ ઉમેરાશે.**

'મંગલ મંદિર'ના હાલના સૂત્રધારો તથા લેખકો વાંચકો માટે સુંદર વાંચન પીરસે છે, જે વયસ્કો વાગોળે છે. 'મંગલ મંદિર'ના તંત્રી મંડળ, ટ્રસ્ટીઓ, લેખકો તથા વાચકોને નવા વર્ષની વધાઈ સાથે અભિનંદન.

*હીરાલાલ વી. ઊનડોઠવાલા*
*એ/૬૦૪, જય ભવાની, તિલક નગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯.*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

★

### જૈન ફિરકાઓ એક વિચારસરણી ધરાવે એ જરૂરી છે

'મંગલ મંદિર'ના માસ સપ્ટેમ્બર-૨૦૧૯ના અંકમાં શ્રી રમણિકભાઈ ગોસરનો લેખ ખરેખર બહુ જ સારો છે. તેમણે જૈનોને જગાડવાના ઉત્તમ કાર્ય પર ભાર મૂક્યો છે. તેમના લેખના સંદર્ભ સાથે હું પણ સહમત છું. તમામ જૈન સમાજો અને દરેક ગચ્છો, સંપ્રદાયના પ.પૂ. મહારાજ સાહેબો અને આચાર્યશ્રીઓ આ માટે ઊંડો વિચાર કરી જરૂરી વિચાર વિમર્શ કરશે તો એનું પરિણામ ઉત્તમ આવશે. આપણે બધા જ જૈનોએ એક સૂત્રે બંધાવવાનો સમય પાકી ગયો છે.

આપણી અલગ અલગ વિચારધારા અને અસંખ્ય વાડાના હિસાબે જૈનો એક થઈ નથી શકતા. આ એક દુઃખની વાત છે.

અલગ વિચારધારાના કારણે ખાસ કરીને પર્યુષણ અને સંવત્સરી જેવા પાવન પ્રસંગો જુદા જુદા દિવસોએ ઉજવાય તે આપણા સૌની મોટી નબળાઈ છે. આ માટે યોગ્ય પગલું લેવાશે તો જૈન ધર્મના સિદ્ધાંતોના પાયા મજબૂત બનશે અને જૈનોની એક અલગ ઓળખ થશે. વિશ્વમાં આપણી એકતાના પણ દર્શન થશે. આવી સુંદર કામગીરી માટે આપણા સમાજો, મહાજનો તથા સર્વે સાધુ-સંતો સાથે મળીને યોગ્ય કાર્યવાહી કરશે, એવી મને ખાત્રી છે.

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

## રોડ ટ્રાફિક વ્યવસ્થાના નવા કાયદા

*આપણે એવું કેમ નથી વિચારતા અને એવું કેમ નથી કહેતા કે —*

૧. અમે હેલ્મેટ પહેરીશું.
૨. અમે સીટ બેલ્ટ બાંધીશું.
૩. અમે લાઈસન્સ રાખીશું.
૪. વાહનના કાગળિયા રાખીશું.
૫. અમે ત્રણ સવારી નહીં કરીએ.
૬. અમે ચાલુ વાહને મોબાઈલ ઉપર વાત નહીં કરીએ.
૭. ઓવર સ્પીડમાં વાહન નહીં ચલાવીએ.
૮. દારૂ પીને વાહન નહીં ચલાવીએ.
૯. સિગ્નલનું પાલન કરીશું.
૧૦. દેશના કાયદાને માન આપીશું.

તો દંડ ભરવાની વાત જ ક્યાં રહી? કોણ દંડ કરશે તમને?

કાયદા સરકાર બનાવે છે, દંડ એ જ નક્કી કરે છે, પોલીસ નહીં. પોલીસ તો ફક્ત કાયદાનું પાલન કરાવે છે.

હેલ્મેટ કે ઓવરસ્પીડ કે બેલ્ટ ના પહેરવાને કારણે જે પરિવારે પોતાના સ્વજન ગુમાવ્યા છે, એ પરિવારજનોને સારી રીતે ખબર હોય છે કે કાયદાનું પાલન કર્યું હોત તો કદાચ સ્વજન ગુમાવ્યા ના હોત...!!

*કાયદાને માન આપીએ અને*
*દેશના એક જાગૃત અને સજ્જન નાગરિક બનીએ.*

ગેમ્સ ગેલેરી



# જ્ઞાન સાથે ગમ્મત



ભાવના એ. ઝવેરી

નીચે આપેલા પ્રશ્નોના લિસ્ટને તૈયાર કરો. જવાબ ભરવા માટેની જગ્યા રાખો. આ પેપરની ઝેરોક્ષ કરાવી રમનારા બધાને વાળીને આપો. સાથે પેન અને પેડ આપો. સ્ટાર્ટ કહ્યા બાદ જ પેપર ખોલી જવાબ લખવા.

સમય પૂરો થયા બાદ અરસ-પરસ પોતાના પેપર આપી દો. રમાડનારા ક્રમવાર પ્રશ્નોના જવાબ બોલશે. તે પ્રમાણે લીટી અને ચોકડી કરતા જાવ. જેના જવાબ સૌથી વધારે સાચા તેને અનુક્રમે ત્રણ વિનર જાહેર કરવા.

આ તમે સત્સંગ ગ્રૂપમાં, કિટી પાર્ટી, મહિલા મંડળમાં, સિનિયર સિટીઝન ગ્રૂપમાં રમાડી શકશો.

***<u>રીત</u> :*** સંખ્યા પ્રમાણે ૫ કે ૬ના ગ્રૂપ પાડી નાખો. બધા ગ્રૂપને ક્રમવાર આ પ્રશ્નો પૂછતા જાવ. અંતમાં જે ગ્રૂપના પોઈન્ટ વધારે તે વિનર થશે. આ રીતે ગેમ રમાડવાથી બધા જ અંત સુધી ઈન્વોલ્વ રહે છે. જ્ઞાન સાથે ગમ્મત થાય છે.

## પ્રશ્નો

૧. પૃથ્વીથી મોટું શું છે?
૨. આકાશથી ઊંચું શું છે?
૩. વાયુથી ઝડપી શું છે?
૪. ઘાસ કરતાં પણ જલ્દી શું વધે?
૫. આ દુનિયામાં ધર્મ કરતાં પણ શું મહાન છે?
૬. કોની સાથે મિત્રતાનો અંત નથી હોતો?
૭. સૌથી મોટું ધન શું છે?
૮. સૌથી મોટો નફો કયો છે?
૯. સૌથી મોટું સુખ કયું છે?
૧૦. માણસનો સૌથી મોટો દુશ્મન કોણ છે? / અગ્નિથી પણ ગરમ કોણ?
૧૧. કયા રોગનો ઉપાય નથી?
૧૨. ક્યારેય પણ દુઃખી ન થવા પાછળનું રહસ્ય શું છે?
૧૩. જિંદગીની સૌથી મોટી વિચિત્રતા શું છે?
૧૪. અણુથી પણ નાનું કોણ?
૧૫. કાજળ કરતા પણ કાળું કોણ?
૧૬. ચંદ્રથી પણ નિર્મળ કોણ?
૧૭. સુખ-દુઃખનો ખાનાર કોણ?
૧૮. મેશ કરતાં મેલું કોણ?
૧૯. મણિ કરતા મોંઘો કોણ?
૨૦. જીવનને સુખી કરવાનો એકમાત્ર ઉપાય શું?
૨૧. કઈ ચીજ ખોવાઈ જાય તો પણ આપણને દુઃખ નથી પડતું?
૨૨. ધર્મથી વધીને સંસારમાં બીજું શું છે?
૨૩. કઈ ચીજ બીજી વ્યક્તિને ન દેવી જોઈએ?
૨૪. બીજાની કઈ ચીજ આપણે ના લેવી જોઈએ?
૨૫. એવી કઈ ચીજ છે જે માણસને બધું જ કરાવે છે?
૨૬. દુનિયાની અપરાજિત ચીજ કઈ છે?
૨૭. દુનિયામાં સૌથી વધુ વેચાય છે એ કઈ ચીજ છે?
૨૮. દરેકે કરવા જેવું સારું કાર્ય કયું છે?
૨૯. દુનિયાની સૌથી ખરાબ આદત કઈ?
૩૦. દુનિયાનું સ્વર્ણિમ સ્વપ્ન.
૩૧. દુનિયાની અપરિવર્તનશીલ ચીજ કઈ?
૩૨. એવી કઈ ચીજ છે જે પોતાને પણ ન સમજાય?
૩૩. દુનિયામાં ક્યારેય નશ્વર કે નષ્ટ ન થાય એવી ચીજ?
૩૪. ક્યારેય ના ઊભી રહે એ ચીજ?

***મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨***

*(પ્રશ્નોના જવાબ આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.)*

## જીવિત વ્યક્તિને સહારો

*ઉંદર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે.*
*પરંતુ તે જીવતો હોય તો લોકો તેને ભગાડી મૂકશે.*

*સાપ અગર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવિત સાપ હોય તો લોકો તેને મારી નાખ્યા વગર નહીં રહે.*

*માં પણ પથ્થરની હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવતી હોય તો લોકો તેને કિંમતી સમજતા નથી.*

*એ સમજમાં નથી આવતું કે જિંદગીથી આટલી નફરત કેમ?*
*અને પથ્થરોથી આટલી મહોબ્બત કેમ?*

*જે રીતે મૃતકને કંધો આપવાનું ઈન્સાન સમજે છે*
*એ રીતે જીવિત વ્યક્તિને સહારો આપવાનું પુણ્ય સમજાશે ત્યારે જિંદગી આસાન બની જશે.*

# સુખનું સરનામું

યોગાનુયોગ હાલમાં અલગ અલગ લેખકોની લખેલી પરંતુ "સુખનું સરનામું" એક જ નામ ધરાવતી ત્રણ પુસ્તિકાઓ નજરે ચડી. સ્વાભાવિક પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે સુખ શું છે? સુખ શા માટે જોઈએ? સુખ મેળવવાની કોઈ હાટડીઓ છે ખરી કે જ્યાંથી સુખ પ્રાપ્ત થઈ શકે? જીવનમાં સુખનું સરનામું મેળવવા માટે બધા જ ઉત્સુક હોય છે. સુખ મેળવવા માટે મનુષ્ય જિંદગીભર કંઇ કેટલાય પ્રયત્નો - ઉધામા કરતો હોય છે. જો સુખનું સરનામું મળી જાય તો પછી મનુષ્ય જીવનમાં ખાસ કંઈ મેળવવાનું શેષ રહેતું જ નથી. જીવનનું ધ્યેય જ જાણે કે પ્રાપ્ત થઈ જતું હોય છે!

સુખ અને દુ:ખ એ એક માનસિક પરિસ્થિતિ જ છે. It is an perception, belief. એ એક ધારણા કે માન્યતા જ છે. સુખ કે દુ:ખના અભિગમ એ દરેક વ્યક્તિના પરિપ્રેક્ષ્યમાં અલગ અલગ જ રચાતા હોય છે. જે વસ્તુ કે વ્યક્તિ કે સંજોગો મળવાથી મનને શાતા ઉપજે તેને આપણે સુખ માનતા હોઈએ છીએ જ્યારે તેમની અનુપસ્થિતિ અશાતા ઉપજાવતી હોવાથી તેને આપણે દુ:ખ માનતા હોઈએ છીએ. **આથી સુખનું સરનામું- ઉદ્‌ભવ સ્થાન માનવીનું મન જ છે.**

જાણીતા સાહિત્યકાર શ્રી દિનકર જોશીના મતે "ભારતના ત્રણ મુખ્ય ધર્મો — હિંદુ ધર્મ, બૌધ્ધ ધર્મ તથા જૈન ધર્મની કેટલીક ઉત્કૃષ્ટ પરંપરાઓ છે જેને સરળતાથી આચરણમાં મૂકી શકાય છે. હિંદુ ધર્મમાં ભગવાન શ્રીકૃષ્ણે દર્શાવેલો **અનાશક્તિયોગ**, બૌધ્ધ ધર્મમાં ભગવાન બુધ્ધે ઉદ્‌બોધેલી **જાગરૂકતા** તથા જૈન ધર્મમાં ભગવાન મહાવીર સ્વામીએ પ્રબોધેલો **અનેકાંતવાદ** આ ત્રણ પરંપરાઓને આચરણમાં મૂકવાથી સુખના દ્વારો સહેલાઈથી ઉઘાડી શકાય છે." પૂ. ઉદય વલ્લભ વિજયજી મહારાજ લખે છે કે, 'આજે માનવી સામગ્રીઓને સુખ માની બેઠો છે. સામગ્રીઓના ઢગલા વચ્ચે તે ભૂલો પડી ગયો છે, ભટકાઈ ગયો છે. **જો તે પોતાની ઇચ્છાઓને સીમિત રાખે તો આ ઇચ્છાવિચ્છેદ દ્વારા જ તે સુખના ઘરમાં નિવાસ કરી શકે છે.'** જાણીતા લેખક શ્રી રોહિત શાહ સંપાદિત સુખનું સરનામું પુસ્તકના પુરસ્કર્તા ડૉ. જે.એમ. શાહના મતે 'સુખનું જન્મસ્થાન સંયુક્ત કુટુંબ છે. સંયુક્ત કુટુંબમાં સુખનો જન્મ, પોષણ અને ઉછેર સારી રીતે થઈ શકે છે. સગવડો - અગવડો વેઠીને પણ સંયુક્ત કુટુંબમાં તડકો અને છાંયડો એ બંને પરિસ્થિતિમાં સગવડોમાં ભાગ લેવા કે પછી અગવડોને વહેંચવા માટે આપણા પોતિકા અન્ય સાથીઓ સદાય આપણી પડખે જ હોય છે.'

કસ્તુરીની સુગંધથી આકર્ષાયેલો એ કસ્તુરીમૃગ કસ્તુરીને મેળવવા માટે આખાય જંગલમાં દોડાદોડ કરી મૂકે છે. તેને ક્યાંયથી કસ્તુરી સાંપડતી નથી. કસ્તુરી તો તેની ડુંટીમાં જ પડી હોય છે, પરંતુ તે પોતાની પાસે શોધતો નથી. બહાર ભટક્યા કરીને પોતાનું સમસ્ત જીવન વેડફી દેતો હોય છે. **સુખ સ્વમાં જ પડ્યું હોય છે. આપણે સ્વમાં ઝાંકતા નથી.** બહાર ભટકવામાં જ સંપૂર્ણ જીવન વ્યતીત થઈ જતું હોય છે અને આંખ ઉઘડે છે ત્યારે સૂર્યાસ્ત ટાણું થઈ ગયું હોવાથી ઘણુ બધું મોડું થઈ જાય છે.

સુખનું સરનામું આપણી પોતાની પાસે જ છે. દ્રઢ ઈચ્છાશક્તિ હોય, અસીમ મનોબળ ધરાવીએ અને હકારાત્મક દૃષ્ટિકોણનો અભિગમ અપનાવીએ તો સુખનું સરનામું શોધવા ક્યાંય બહાર ભટકવાની જરૂર નથી. સર્વ દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત કરવા માટે મગજના બારી-દરવાજાઓ ખુલ્લા રાખીએ. **નકારાત્મક નહીં, પણ, નવા આધુનિક દૃષ્ટિકોણો જરૂરથી આવકારીએ.** પોતાનો કક્કો ખરો કરવા ખોટી દલીલબાજીમાં ઉતરવાને બદલે હા, ભલે, ચાલશે, ફાવશે જેવા સર્વ સ્વીકાર્ય શબ્દોનો છુટથી ઉપયોગ કરીએ. બને ત્યાં સુધી વણમાંગી સલાહો આપવાનું ટાળીએ. ભલે ગમે તેટલું વૈભવશાળી જીવન જીવવા સમર્થ હોઈએ છતાં પણ ઓછામાં ઓછી જરૂરતો વડે આનંદપૂર્વક સંતોષથી જીવન જીવીએ. અન્યોની પ્રગતિની સાચા દિલથી સરાહના કરવામાં કોઈ જ કૃપણતા ન રાખીએ. ખુલ્લેઆમ પ્રશંસા-શાબ્બાશી - અભિનંદનનો ધોધ વહાવીએ. **ફક્ત પોતાનું, ઘરનું, કુટુંબનું કે સમાજનું જ નહીં, સંપૂર્ણ માનવજાતનું ભલું ઈચ્છીએ. સમસ્ત સૃષ્ટિ માટે ભલી લાગણીઓ સેવીએ.** સુખનું સરનામું શોધવા ક્યાંય ભટકવાની જરૂર નથી. અત્રે, અહીં જ, ઢુંકડું પડ્યું છે. ચાલો, સુખના સમંદરમાં આપણે સર્વે સાથે મળીને વિહરીએ.

*જાદવજી કાનજી વોરા*
*મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

## 'જ્ઞાન સાથે ગમ્મત'ના જવાબો

(૧) માતા, (૨) પિતા, (૩) મન, (૪) ચિંતા, (૫) દયા અને વિવેક, (૬) સજ્જન સાથેની, (૭) શિક્ષણ, (૮) તંદુરસ્તી, (૯) સંતોષ, (૧૦) ક્રોધ, (૧૧) લોભ, (૧૨) જે કોઈ પોતાના મનને કાબૂમાં રાખી શકે તે ક્યારેય દુઃખી ન થાય, (૧૩) અનંત સમય સુધી જીવવાની ઇચ્છા, (૧૪) લોભી, (૧૫) કપૂત, (૧૬) ક્ષમા, (૧૭) સમય, (૧૮) કલંક, (૧૯) સદ્‌ગુણ, (૨૦) સારો સ્વભાવ, (૨૧) ક્રોધ, (૨૨) દયા, (૨૩) તકલીફ, દગો (૨૪) કોઈની હાય, (૨૫) મજબૂરી, (૨૬) સત્ય, (૨૭) અસત્ય - ખોટું બોલવું, (૨૮) પરોપકાર, (૨૯) મોહ, (૩૦) જિંદગી, (૩૧) મોત, અંતઃકાળ, (૩૨) પોતાની મૂર્ખતા, (૩૩) આત્મા અને જ્ઞાન, (૩૪) સમય.

*(નોંધ : કોઈ પ્રશ્નના જવાબ અન્ય સ્વરૂપના પણ હોઈ શકે છે.)*

## વાંચન યાત્રા

*યુવાનો, નીચે જણાવેલ બાબતનો અર્થ બરાબર સમજશો...*

★ લગ્નના ૬૦ વર્ષ ઉજવતા દંપતીને કોઈ યુવાને પૂછ્યું, તમે આટલા બધા વર્ષ સાથે કેવી રીતે કાઢ્યા? તો સ્ત્રી કહે અમે એવા સમયમાં જન્મ્યા હતા જ્યારે વસ્તુ તૂટી જતી હતી તો અમે એને સાથે મળીને રિપેર કરતા હતા, ફેંકી નહોતા દેતા... સમજ્યા?

★ **'વિશ્વાસ'** એક શબ્દ છે તેને વાંચતા સેકન્ડ (Second) લાગે છે
વિચારો તો મિનિટ (Minute) લાગે છે
સમજાવો તો દિવસ લાગે છે
**પણ તેને સાબિત કરતા આખી જિંદગી લાગે છે.**

★ ક્યાં ટકવું, ક્યાં અટકવું, ક્યાં છટકવું,
એ ત્રણ આવડી જાય તો જિંદગીમાં ક્યારેય લટકવું ન પડે.

★ જીવન આઈસ્ક્રીમ જેવું છે. પીગળે એ પહેલા તેની પૂરેપૂરી મજા માણી લો.

★ બે અક્ષરનું થાય છે **'લક'**
અઢી અક્ષરનું થાય છે **'ભાગ્ય'**
ત્રણ અક્ષરનું થાય છે **'નસીબ.'**
સાડા ત્રણ અક્ષરનું થાય છે **'કિસ્મત.'**
પરંતુ આ ચારેય ચાર અક્ષરવાળી **'મહેનત'** કરતા નાના છે.

★ એકવીસમી સદીમાં નીચેની બાબતોથી ચેતવા જેવું ખરું...!
ટ્રાફિક, ટ્રેડિંગ અને ટેન્શન.
પોલીટિક્સ, પોપ્યુલેશન, પોલ્યુશન, પ્રોપર્ટી, પાવર
મંદી, મોંઘવારી વગેરે...

★ બહુ વિચારતા એવું લાગે છે કે...
દરેક સંબંધ મધપૂડા જેવા હોય છે
મીઠા અને મધુર...
પણ છંછેડો નહીં ત્યાં સુધી...

*ગુલાબચંદ ડી. સાવલા - અમદાવાદ*
*મો. ૯૧૩૭૬૯૩૦૬૯*

## ગીતા સાર

ભૂતકાળમાં જે થયું છે તે સારા માટે થયું છે
અત્યારે જે કાંઈ થઈ રહેલ છે તે સારા માટે થાય છે
ભવિષ્યમાં જે થશે તે સારા માટે જ થશે
ભૂતકાળ માટે રડો નહીં, વર્તમાન જીવન પર ધ્યાન કેન્દ્રિત કરો અને ભવિષ્યની ચિંતા ના કરો.

## YOUTH CLUB

### *SOME GOLDEN RAYS....*

Train your mind to
see the good in everything.
Positivity is a choice
The happiness of your life depends
on the quality of your thoughts.

The last translator
is the one who can translate
someone's silence into a smile...
Never get disappointed when things
happened beyond your expectation.
Remember that the greatest glory
in life is rising when you fall.
Be strong and have faith.

Living in the favourable and
unfavourable situation is called
"Part of Life"
but smiling in all those situations
is called "Art of hope."

A positive attitude brings
much gratitude. Think positive,
be positive, speak positive.
Do it every day, make it a habit.

Any person can make
you realise how wonderful
the world is! But only
few will make you
realise how wonderful you
are in the world.
Care for those few!

Life has many great options
but you don't have to pick what
seems to be the best
just pick what makes
you happy and it will be the best...

## ખજાનો

હે પ્રભુ, તારી કૃપાથી, અમને કર્યા છે તેં પાવન
તારી દયાથી હે દાતા, મહેકે છે અમારું આ જીવન.

મધુવનમાં ફૂલોની ફોરમ, ફૂલો પર ભમરાનું ગુંજન
ઝરણાના સંગીતની સરગમ, સાગર અને સરિતાનો સંગમ.

જંગલમાં વનરાજી હરિયાળી, પાંદડે પાંદડે જાણે પ્રકૃતિ બિરાજી
મધુર પવનના સંગીતના તાલે, ઝુમે છે પૃથ્વીના કણ કણ.

ઊંચા પર્વત કેરા શિખરોની હારમાળા ઊંડી ખીણોની સુંદરતા
આભની અટારીએ આમતેમ દોડતાં શ્યામશ્વેત વાદળોના ટોળા.

ક્યારેક ઝરમર તો ક્યારેક અનરાધાર વરસતા વરસાદની સરગમ
દમકતી દામીનીની તેજધાર જાણે અંધારામાં અજવાસની કિરણ.

ચારેય દિશાઓ જાણે કુદરતના અનુપમ રંગોમાં રંગાણી
વળી પાછું એમાં કર્યું અદ્‌ભુત સુંદર મેઘધનુષ્યનું સર્જન.

સંતાકૂકડી રમતા લાગે, જાણે ચંદામામા સંગ સૂરજ દેવતા,
અંધકારના પગલે આવી પહોંચે, સાથે તારલિયા ઝગમગતા.

વિના મૂલ્યે મળતી આ કૃપા પરમકૃપાળુ પરમાત્માની
દરકાર એની કરી નહીં, ના સમજ્યો કિંમત અજ્ઞાની.

ઈશ્વર આ અણમોલ ખજાનો, આપ્યો હતો તેં તો ઘણો મજાનો
પરંતુ નાદાન માનવીની ચેષ્ટાઓને કારણે એ હવે શું છૂટી જવાનો.

પહાડ ખોદી રસ્તા બનાવ્યા, જંગલ કાપી મકાન બનાવ્યા
દરિયાની અંદર પૂલ બનાવ્યા, પોતાને જાણે મહાન ગણાવ્યા.

નુકસાન પોતાનું જ કરતો, આ પામર માનવી મદહોશીમાં
કુદરતની આ અમૂલ્ય ભેટને સંપૂર્ણ ગુમાવશે ત્યાર પછી જ આવશે હોશમાં.

*– સુનિતા એ. શાહ*
*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૧૫૧૫૧૩*

## મોબાઇલ મેં નેરી ગીન (કચ્છી રચના)

સચી ખોટી છડીને મોબાઈલ મેં નેરી ગીન,
મેડે ગાલજી હિકડી ગાલ મોબાઇલમેં નેરી ગીન.

સાવ ખોટો નાંય મોબાઈલ મેં નેરી ગીન,
મેડે મિલેતો તોકે, મોબાઇલ મેં નેરી ગીન.

નવરો ન કર કિંક મોબાઇલ મેં સેખી ગીન,
'બેફામ કચ્છી' મેડે મોબાઇલ મેં નેરી ગીન.

*વિપુલ બી. જોશી "કચ્છી બેફામ"*
*ઓરિયન્ટ કોલોની પાછળ, ઇન્દિરાનગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

## સપનું

ઊંડા જળમાં આટાપાટા રમતી,
માછલીએ એક સપનું જોયું.
વેંત ભરતી સોનેરી માછલીએ,
એક સપનું જોયું... ઊંડા જળમાં...

વ્હેલ માછલીની પીઠ પર સવાર,
માછલીએ એક સપનું જોયું.
ઈન્દ્રધનુષી માછલીએ એક
સપનું જોયું... ઊંડા જળમાં...

સાત પાતાળે ઊછળતી કૂદતી,
માછલીએ એક સપનું જોયું.
ઊંડા જળમાં જઇ સૂર્યને શોધવાનું
સપનું જોયું... ઊંડા જળમાં...

ક્યારે ઊંઘતી, ક્યારે જાગતી?
સોનેરી આ માછલીએ
નીલરંગી આંખોમાં રાજકુમારનું
સપનું જોયું... ઊંડા જળમાં...

જાણે પરીની જેવી પાંખો ફૂટીને,
મસ્ત મજાની માછલીએ ઉડવાનું.
સપનું જોયું... ઊંડા જળમાં...

ઊંડા જળમાં આટાપાટા રમતી,
માછલીએ એક સપનું જોયું.
વેંતભરની સોનેરી માછલીએ,
ઈન્દ્રધનુષી એક સ્વપ્ન જોયું.

*રમીલા પી. મહેતા*
*મો. ૯૪૨૭૨ ૭૨૬૧૯*

## બેઠો છું

તારી રાહ જોઇને હવે બેઠો છું
માનસપટે યાદ લઇને બેઠો છું.

બંધ આંખે સ્વપ્ન લઈને બેઠો છું
વરસાદી મોસમની રાહ જોઈને બેઠો છું.

પાનખર વચ્ચે વસંત જોવા બેઠો છું
સરી જતા સમયે તારી યાદમાં બેઠો છું.

શાંત બેસી જીવનની ઘટના જોવા બેઠો છું,
ને 'દિલકશ' તારી યાદમાં કલમ લઇને બેઠો છું.

*દિલીપ આચાર્ય 'દિલકશ'*
*ઓરિયન્ટ કોલોની, પહેલી શેરી, ઇન્દિરા નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## લઘુ કાવ્યો

સંબંધોને
નામનો બોજો
શા માટે આપવો છે?
તારી અને મારી
વાતને માત્ર
'આપણી' જ
રહેવા દે ને.

શું જોઉં,
અક્ષર કે સરનામું!
એની સુગંધ
એની ઉત્સુકતા જ
બતાવી દે છે કે,
પત્ર તારો જ છે.

રહેવા દે!
એ બધું મંજૂર નહીં થાય,
તકદીરથી કદીયે ના લડાય,
દુનિયાથી દૂર રહી શકાય ભલા?
ખ્વાબ કદી હકીકતમાં પલટાય?
રહેવા દે!
કંઈ નાની સૂની નથી એ તિરાડ,
એને પૂરવા જોઈશે કેટલાય આયખા
તો આ તો માત્ર એક જ અવતાર
અને તે પણ હવે તો રહેવા દે!

*અરુણા અરુણ ઠક્કર*
*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા, રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

## તમે

તમે ફાગુનના રંગછાંટણા
અને સાવન સરીખા ઓળઘોળ મારા વા'લમા,
તમે રે ઝીણું ઝીણું ઝરમર ઝરમર
અમે હેતની છાકમછોળ મારા વા'લમા!
અમે કપાસિયાનાં કાલાં-શું ફાટફાટ,
જરી અમથો તમારો ઈશારો
હોઠ બે બીડીને તમે એવું તે મલકો
કે આંખને ય ના'વે અણસારો
તમારા બોલ બે મધરાં-મધુરાં
ને અંતર આ ઝાકમઝોળ મારા વા'લમા!
રસ્તે મળો તો તમે જાણે રે જોઈને
અળગાં અળગાં રહી ચાલો
કે ટેરવાના પરશે લૈ કોળવાના કોડને
ઊડતા પાલવને ઘો ટાળો
તમે કિનારાની કોરે જરી છબછબ
અમે મજધારે ડૂબી અંઘોળ મારા વા'લમા!

*સુધા ઝવેરી - (ભુજ) અમદાવાદ*

## નિષ્ફળતા

માણસના જીવનમાં એને મળેલી સફળતાઓ કરતાં નિષ્ફળતાઓનું મહત્ત્વ વધારે હોય છે. થોમસ હક્સલે કહે છે કે, જીવનના પ્રારંભમાં મળતી થોડી નિષ્ફળતાઓમાં કેટલાક વ્યવહારુ લાભ સમાયેલા છે. જે માણસો નિષ્ફળ જવા માટે તૈયાર હોતા નથી તેઓ જીવનમાં કેટલાક અગત્યના પાઠ ક્યારેય શીખી શકતા નથી.

એક ભાઈના દીકરાને એન્જિનિયર બનાવવાની તેમને બહુ જ ઈચ્છા હતી. છોકરો હોશિયાર પણ હતો, પણ ઉતાવળો એટલો હતો કે કશું શીખવા તૈયાર જ નહોતો. દરેક વસ્તુ પોતાને આવડે જ છે તેમ માનીને આગળ ચાલતો હતો.

હાઈસ્કૂલના નવમા ધોરણની છ માસિક પરીક્ષામાં તે નાપાસ થયો. ત્યારે તેના પિતાને પાર વિનાનો આઘાત લાગ્યો. પોતાના દીકરાને વિજ્ઞાન નથી આવડતું એ વાત તેમના મગજમાં ઊતરી જ ન શકી. "અરે, અત્યારથી તે અમારા ઘરમાં વીજળીનો ગમે તે ખોટકો હોય તે શોધીને સરખો કરી આપે છે. ગેસનો ચૂલો હોય, ઈલેક્ટ્રિક ઈસ્ત્રી હોય, સ્કુટર હોય, ગમે તે વસ્તુ અને તેમાં ગમે તે બગાડ થયો હોય, તેની નજર એટલી વેધક છે કે ક્યારેય તે નિષ્ફળ જતો નથી." છોકરાના શિક્ષક સાથે તેમણે દલીલ કરી. તેમના મત પ્રમાણે તેને વિજ્ઞાનમાં નાપાસ કરવામાં તેના શિક્ષકનો જ વાંક હતો. હું તેને ગમે તેમ કરી એન્જિનિયર બનાવવા માગું છું. ટ્યુશન રાખવા તૈયાર છું, ગમે તે કરવા તૈયાર છું.

છોકરાના શિક્ષક ભલા માણસ હતા. છોકરાની ખામીની તેમને ખબર હતી. તેમણે કહ્યું : 'તમારી વાત સાચી છે. તમારો છોકરો બહુ જ હોંશિયાર છે, પણ તેનામાં એક ખામી છે. તે કશું શીખવા તૈયાર જ નથી અને જીવનમાં આગળ વધવા માટે એકલી હોંશિયારીની જ નહીં, પણ ધીરજપૂર્વક મહેનત કરવાની પણ જરૂર હોય છે.'

'હું ટ્યુશન રાખવા તૈયાર છું.' મૂંઝાયેલા પિતાએ કહ્યું. 'તમારી વાત સાચી છે, પણ ટ્યુશન રાખવાથી જ છોકરાઓને આવડી જતું નથી. મહેનત શિક્ષકે નહીં, છોકરાએ કરવાની છે અને ઉશ્કેરાયેલા પિતા સહેજ ઠંડા પડ્યા એટલે શિક્ષકે કહ્યું, 'સાહેબ, દરેક માણસને જીવનમાં નિષ્ફળતાઓનો સામનો કરવો જ પડે છે. તેના અભ્યાસમાં ક્યાં કચાશ છે તેનું ભાન થવા દો.'

**નિષ્ફળતા જ માણસને આત્મભાન કરાવે છે.** કેટલીક બાબતોમાં પોતે બીજા કરતાં ચડિયાતો હોવા છતાં બીજી કેટલીક બાબતોમાં કેટલો ઉતરતો છે તેનું ભાન .પમાણસને નિષ્ફળતા મળે ત્યારે જ થાય છે. નિષ્ફળતા માણસના મિથ્યા ગર્વનો નાશ કરે છે.

નિષ્ફળતાઓ પામીને ઘડાયેલો માણસ પોતાનું એવું મૂલ્યાંકન કરતા શીખે છે કે બીજા કોઈએ કરેલી ખોટી પ્રશંસાથી તે ફુલાઈ જતો નથી કે ખોટી ટીકાથી નિરાશ થઈ જતો નથી.

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંકે સામે જે ફ્લેટમાં રેંતાં ઇ ભાઇ અને અનજી ઘરવાળી જે વચ્ચમેં અજ બપોરજો જમે ટાણે પહેલા રકઝક થઇ ને પોય વડે સારે બોલચાલ થઇ ને પોય ઘરવાળી અનજે ધણી કે ચેં આંકે શાકમેં કીં ખબર પે નતી ને ખોટી મથાકોટ ક્યોતા... અતરી ગાલ તા આંઉ સમજયો પણ કુરેજો કકળાટ થ્યો સે સમજાણું ન. ત તું જરા તપાસ કે ને જાણે અચ મથાકુટ કુરેજી થઈ વી?

બચુડો : (તપાસ કરે ને ચેં) અજ વરાનજો આંઉ ભાઈજી ઘરવાળી કે પૂછ્યો તડે ઉ ચેં ક આંજે ભા કે શાકમેં બોરી ખબર પે નતી. આંઉ કાજુ પનીરજો શાક ભનાયો વો ને આંજા ભા ચ્યાં હી શાકમેં પનીર દસાજેતો પણ કાજુ દસાજે નતા. અતરે આંઉ ચ્યો હી ખોયા પનીરજો શાક આય. અંઇ માઠ કરેને ખાય ગેનો.

## ખિલજા મ ભલા

મેનેજર : (ઉમેદવાર જગુને) સેલ્સમેનના ઇન્ટરવ્યૂ માટે આવ્યા છો તો તમને કાંઈ વેચવાનો અનુભવ છે ખરો?

જગો : હા...હા... સાહેબ. ઘણું બધું વેચવાનો અનુભવ છે. જમીન વેચી, મકાન વેચ્યું, દાગીના વેચ્યા, ગાડી વેચી, વાડી, ખેતર વેચ્યા... ઘણું બધું વેચ્યુ છે.

☺ ☺ ☺ ☺ ☺

કરોડીમલ : (દુકાનદારને) તમે મને રેડિયો આપ્યો તેમાં મારી સાથે છેતરપિંડી કરી છે.

વેપારી : ના શેઠ. મેં તો સારામાં સારો રેડિયો આપ્યો છે મેડ ઇન જાપાનનો.

કરોડીમલ : તારી વાત અને રેડિયા પરનું લખાણ જોઇને મેં રેડિયો ખરીદ્યો અને ચાલુ કર્યો ત્યાં અવાજ આવ્યો 'ધીસ ઇઝ ઓલ ઇન્ડિયા રેડિયો.'

☺ ☺ ☺ ☺ ☺

આંખના ડૉક્ટર : (દર્દીને) તમને ખરેખર ચશ્માની જરૂર છે.

વનેચંદ : પણ તપાસ કર્યા પહેલા તમને તેની ખબર કેવી રીતે પડી?

આંખના ડૉક્ટર : આ તો તમે દરવાજાની બદલે બારીમાંથી અંદર આવ્યા એટલે...

☺ ☺ ☺ ☺ ☺

બેંક મેનેજર : (ગ્રાહકને) તમે આ ફોર્મમાં બધી વિગતો ભરી આપો.

ગ્રાહક : લાવો સાહેબ... હમણાં ભરી આપું.

બેંક મેનેજર : આ વિગત ખાસ ભરજો. તમે અમારી બેંકમાં જ ખાતું કેમ ખોલાવવા માંગો છો, એવું ખાસ શું લાગ્યું?

ગ્રાહક : તેમાં લખ્યું કે, 'તમારી રીસેપ્શનિસ્ટ મિસ સીમા.'

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમે મને કદી હીરા-મોતી ખરીદીને નથી આપ્યા.

પતિએ એક મુઠ્ઠી ભરીને માટી પત્નીના હાથમાં મૂકી.

પત્ની : આ શું છે?

પતિ : મેરે દેશ કી મિટ્ટી સોના ઉગલે, ઉગલે હીરે મોતી...

☺ ☺ ☺ ☺ ☺

વડીલ : બગીચામાં ઝાડ પાછળ ઉભેલા છોકરા છોકરીને કહ્યું, શું આ અમારી સંસ્કૃતિ છે?

છોકરો : ના વડીલ. આ તો શર્માજીની છોકરી સંગીતા છે. તમે કોઈ બીજા ઝાડ પાછળ તપાસ કરો.

☺ ☺ ☺ ☺ ☺

જજ : તમે શું ગુનો કર્યો છે?

આરોપી : મેં વહેલા શોપિંગ કરી લીધું હતું.

જજ : એ તો કોઈ ગુનો નથી. તમે કેટલા વહેલા શોપિંગ કર્યું હતું?

આરોપી : દુકાન ખૂલ્યા પહેલા.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : નેપોલિયનની ડિક્ષનેરીમાં 'અશક્ય' જેવો શબ્દ નહોતો.

આદિત્ય : એ તો નેપોલિયનની ભૂલ કહેવાય. તેણે બરાબર તપાસીને ડિક્ષનેરી ખરીદવી જોઈએ.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : સાંભળ્યું છે કે હવે શ્રોતાઓ તમારી સભામાં તમારા ઉપર જોડા ફેંકવા લાગ્યા છે.

પતિ : એવું બને પણ ખરું... પણ એમાં તારે શું કામ છે?

પત્ની : આ તો તમારા ખિસ્સામાં કાગળ મૂક્યો છે અને તેમાં રમેશ - ભાવેશ, ઇલા તથા મારા જોડાના માપ લખ્યા છે.

☺ ☺ ☺ ☺ ☺

રમેશ : શેઠ, તમે મને તમારે ત્યાં નોકરીએ રાખશો?

શેઠ : ના ભાઈ. મને બધું કામ જાતે કરી લેવાની ટેવ છે.

રમેશ : એટલે જ તો હું તમારે ત્યાં નોકરીએ રહેવાનો આગ્રહ રાખું છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine *Sudoku*

*સપ્ટેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. અવંતી દંડ – અમદાવાદ
૩. જયંતિલાલ દેઢિયા – અમદાવાદ
૪. પ્રભાબેન દેઢિયા – અમદાવાદ
૫. કિરણ પટેલ – અમદાવાદ
૬. મહેન્દ્ર સંઘવી – અમદાવાદ
૭. હર્ષ પરીખ – અમદાવાદ
૮. જયસુખ સંઘવી – અમદાવાદ
૯. ભાવેન દેઢિયા – અમદાવાદ
૧૦. પ્રભા મોરબિયા – અમદાવાદ
૧૧. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૧૨. ખુશી વોરા – અમદાવાદ
૧૩. ગીતા મહેતા – અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૬. ધરા વોરા – અમદાવાદ
૧૭. ઝરણાં પારેખ – અમદાવાદ
૧૮. માનસી શાહ – અમદાવાદ
૧૯. ખુશ્બુ મહેતા – અમદાવાદ
૨૦. જય ગોગરી – અમદાવાદ
૨૧. નિમેષ ગોગરી – અમદાવાદ
૨૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨૩. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૪. કૃણાલ શાહ – અમદાવાદ
૨૫. રીટા ગાંધી – અમદાવાદ
૨૬. સ્મિતા શાહ – અમદાવાદ
૨૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૨૮. ઉષ્મા શાહ – અમદાવાદ
૨૯. ભૌમિક વોરા – અમદાવાદ
૩૦. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૩૧. પ્રિયંકા શાહ – અમદાવાદ
૩૨. પ્રભાબેન શેઠિયા – વલસાડ
૩૩. હેમલતા દેઢિયા – અડાલજ
૩૪. હસ્તી ઠાકર – ભુજ
૩૫. મલય શાહ – ભુજ
૩૬. વીર લાલકા – માધાપર
૩૭. શ્રેણિક પારેખ – સિકંદ્રાબાદ
૩૮. જાગૃતિ પારેખ – સિકંદ્રાબાદ
૩૯. સોનલ શાહ – નાગપુર
૪૦. સરોજ ચંદુરા – સુરત
૪૧. રિશ્વા મહેતા – ગાંધીધામ
૪૨. ગુણવંતી મહેતા – ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) હંસાબેન ઠાકોર – અમદાવાદ
(૨) કિરણ પટેલ – અમદાવાદ
(૩) માનસી શાહ – અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સંવત ૨૦૭૬ – નૂતન વર્ષ મિલન સમારંભ આનંદ, ઉલ્લાસમય રીતે ઉજવાયો

નૂતન વર્ષ સંવત - ૨૦૭૬ આ ધરતી પર સુખ, શાંતિ અને સમૃદ્ધિની બહાર લાવે તેવી શુભેચ્છા અને અભિવાદનની પરસ્પર વર્ષા કરવા સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એકત્ર થયા હતા.

દીપોત્સવ અને નવા વર્ષના પર્વો એટલે દીપ ઉત્સવના પર્વ, આનંદના પર્વ તથા ઉલ્લાસમય વાતાવરણના પર્વ. માનવમાત્રના જીવનમાં પર્વો, ઉત્સવો, તહેવારો મનમાં નવી તાજગી, ચેતના, નવો ઉમંગ પ્રદાન કરે છે. આ પ્રકારના ખુશીના માહોલમાં નૂતન વર્ષના શુભ પ્રસંગે સમાજના સૌ પરિવારજનો એક સાથે મળ્યા. પોતાના આંતરદીપને પ્રગટાવીને પરસ્પર શ્રી શુભ - શ્રી લાભની ભાવના સાથે દરેકના જીવનમાં 'તમસો મા જ્યોતિર્ગમય' – પ્રકાશના પુંજનું સર્જન થાય તેવી મનોકામના વ્યક્ત કરતા ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન જોવા મળ્યા હતા. આ કાર્યક્રમની એક વિશેષ ખાસિયત એ હોય છે કે, તે સમયે કોઈ સ્ટેજ પ્રોગ્રામ કે પ્રવચનોનું આયોજન હોતું નથી. માત્ર ને માત્ર સમાજ પરિવારજનોનું સ્નેહ મિલન. એકબીજાને આનંદપૂર્વક મળો... વાતચીતનું આદાનપ્રદાન... નવા વર્ષ નિમિત્તે અંતરની શુભેચ્છા વ્યક્ત કરો.

કાર્યક્રમમાં કેટલાક પરિવારજનો - મિત્રવર્ગ એક સાથે બેસીને વાતચીતનો દોર ચલાવી રહ્યા હતા. તે પૈકી એક મહાનુભાવ તથા સમાજ હિતેચ્છુએ નૂતન વર્ષ નિમિત્તે પોતાની મનોકામના આ રીતે વ્યક્ત કરી હતી... આપણે વિશાળ રાજમાર્ગ બની ન શકીએ પણ એક નાનકડી પગદંડી બનીને સમાજમાં સક્રિય થઈએ. આપણે વિશ્વને પ્રકાશિત કરનાર ઝળહળતા સૂર્ય જેવા ન બની શકીએ તો વાંધો નહીં પરંતુ અંધારામાં દિશા-સૂચન કરનાર એક નાનકડો તારો તો જરૂર બની શકીએ. આપણે સૌ સાથે મળીને જે કાંઈ નાની-મોટી સફળતા પ્રાપ્ત કરીએ તે 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' હોવી જોઈએ. આપણે જે કાંઈપણ છીએ તેનાથી વધુ સારા તથા શ્રેષ્ઠ બનવા પ્રયત્ન કરીએ અને સમાજમાં તન-મન-ધનથી સક્રિય રહીને તેની વિકાસગાથામાં આપણે હિસ્સો પ્રદાન કરીએ.

કાર્યક્રમમાં સ્વાદિષ્ટ અલ્પાહારની મજા સૌએ માણી હતી.

સમાજના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, અગ્રણીઓ, સમાજ પરિવારજનો તથા સ્ટાફવર્ગે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સમારંભને દીપાવ્યો હતો.

## NanoNine® શબ્દ રમત-૧૫૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ |
| | ■ | | ■ | ૮ | ■ | | ■ | ૯ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ૧૮ | ■ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ■ |
| ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ■ | ૨૮ | | | | | ■ | ૨૯ | ૩૦ | | |
| ૩૧ | ૩૨ | | ■ | ૩૩ | | | | ■ | ૩૪ | | ■ |
| ૩૫ | | ■ | ૩૬ | | ■ | ૩૭ | ■ | ૩૮ | | ■ | ૩૯ |
| ૪૦ | | ૪૧ | | ■ | ૪૨ | | | | ■ | ■ | |
| ■ | ■ | ૪૩ | ■ | ૪૪ | | ■ | ■ | ■ | ■ | ૪૫ | ૪૬ |
| ૪૭ | | | ૪૮ | ■ | ૪૯ | ૫૦ | ૫૧ | | ■ | ૫૨ | |
| | ■ | ૫૩ | | | ■ | ૫૪ | | ■ | ૫૫ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સામાન્ય ખર્ચ માટે ખિસ્સામાં રાખવાનું નાણું (૪)
૩. ધમકી ને ડરામણી (૪)
૪. શોક, દુઃખ (૨)
૯. ઋષભ દેવના પ્રથમ ગણધર, ____ સ્વામી, ધોળું કમળ (૪)
૧૧. એક વૃક્ષ, સમડો (૩)
૧૩. ચાલાક, ચપળ (૪)
૧૬. શોલે ફિલ્મનો વિલન (૩)
૧૭. પક્ષીઓને ચણવા માટેનું અનાજ (૨)
૧૯. સૂતર કાંતવાનું ઊભા સળિયાવાળું સાધન(૩)
૨૧. લડાઈ કે લશ્કરની સામગ્રી (૪)
૨૪. સંગીતનો મેળાવડો (૩)
૨૫. નકામું, બાત્તલ કરેલું (૨)
૨૮. સાંકડા મોંનું પાણી ભરવાનું વાસણ, ____માં સાગર (૩)
૨૯. ટીકા કરનાર, વિવેચક, સમીક્ષક (૪)
૩૧. કપટ કરનારું (૩)
૩૩. જન્મારો, જિંદગી (૪)
૩૪. લખોટી કે ગિલ્લી દંડા રમતનો નાનો ખાડો(૨)
૩૫. પાઘડી પને બાંધેલી અનેક ઓરડીવાળી વસાહત (૨)
૩૬. હક્ક મેળવવા માટે સરકારમાં ફરિયાદ (૨)
૩૮. ભેંસનું નર બચ્ચું, આંકનો ઘડિયો, મહોલ્લો(૨)
૪૦. મધ્ય પ્રદેશનું એક શહેર જ્યાંની સેવ પ્રખ્યાત છે (૪)
૪૨. આળસ મરડવી તે (૪)
૪૪. તપાસ, શોધ, ખોળ (૨)
૪૫. હાથ, નિસાસો (૨)
૪૭. શરમ વગરનું (૪)
૪૯. નારી તું ____, દુર્ગા, લક્ષ્મી (૪)
૫૨. શેતરંજી, પાથરણું (૨)
૫૩. વાંદરો, કપિ (૩)
૫૪. કીર્તિ, યશ (૨)
૫૫. પાણીનું ઘન સ્વરૂપ (૩)

### ઊભી ચાવીઓ

૧. ભરચક, ઠાંસી ઠાંસીને (૪)
૨. કાચું લખાણ, મુસદ્દો (૩)
૪. દારૂ, શરાબ (૩)
૫. પ્રવાહીનું ટપકું (૨)
૬. નિર્ધન, કંગાલ, રાંક (૩)
૭. મગર, દશમી રાશિ (૩)
૮. પક્ષીઓનું અણિયાળું મોં, પોપટની ____ લાલ હોય છે (૨)
૧૦. નાનું ડગલું, પગલું (૩)
૧૨. કિંમતી ચીજવસ્તુ (૩)
૧૪. રેલવેના ડબ્બામાં સૂવાનું પાટિયું (અં) (૨)
૧૫. કાપાકાપી, ખૂનરેજી (૩)
૧૬. સાંકડી વાટ, શેરી (૨)
૧૮. જાગતું, જાગરુક, જાગ્રત (૩)
૧૯. એક તેલીબિયાં, તળિયું, ચામડી પર નાનો ડાઘો (૨)
૨૦. પરીક્ષા, પરખ, એક્ઝામ (૩)
૨૨. રંગકામ કરનારો (૩)
૨૪. પાણીનું મોજું (૫)
૨૫. કપ ____ (૩)
૨૬. ભાવ, કિંમત, ઉંદરનું ____ (૨)
૨૭. વાતની ઉહાપોહ, ખૂબ જ ચર્ચા (૪)
૩૦. કાળું કર્કશ અવાજવાળું લુચ્ચું પક્ષી (૩)
૩૨. ભૂતપ્રેત (૩)
૩૫. જાસુસ, ખેપિયો, ચારો (૨)
૩૬. ભાવ, કિંમત, મૂલ્ય (૨)
૩૭. વર્ણ, અસર, આનંદ (૨)
૩૮. તાંબાનો સિક્કો, વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર (૨)
૩૯. હરીફાઈ વગર (૫)
૪૧. બેપરવા, પરવા વિનાનું (૪)
૪૨. હનુમાનજીની માતા (૩)
૪૩. દરકાર, ગરજ (૩)
૪૫. માન, સન્માન (૩)
૪૬. પ્રતિસ્પર્ધી, વિરોધી, દુશ્મન (૩)
૪૭. ઘંટ (ઈ) (૨)
૪૮. અંતઃકરણ, ઈચ્છા (૨)
૫૦. રાજા (૨)
૫૧. માન, જશ (૨)
૫૨. કિંમત, ભાવ (૨)

## NanoNine® શબ્દ રમત-૧૫૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊ | ભ | રો | ■ | લુ | ■ | ગો | વ | ઈ | ન | ■ | અ |
| ભ | ર | મ | ■ | હા | ર | ■ | ખ | ■ | ફો | ક | ટ |
| રા | ત | ■ | ■ | ર | ત | લ | ■ | જા | ■ | મ | લ |
| ટ | ■ | લા | ભ | | ન | હે | રિ | યું | ■ | ર | ■ |
| ■ | આ | લ | ય | ■ | ■ | ર | ■ | ■ | હા | ■ | પા |
| શા | સ | ન | ■ | આ | ખા | ■ | ■ | વા | ચ | કા | ■ |
| ર | મા | ■ | ના | પા | ક | ■ | એ | ■ | ■ | મ | સો |
| ■ | ન | વ | ની | ત | ■ | ઉ | કા | ળો | ■ | ■ | મ |
| સા | ■ | ત | ■ | કા | લિ | દા | સ | ■ | ■ | આ | ■ |
| દ | મ | ન | ■ | લ | પ | સ | ણું | ■ | જા | વ | ક |
| ગી | ત | ■ | ■ | ■ | સ્ટિ | ■ | ■ | ■ | નૈ | ■ | થ |
| ■ | ■ | ■ | ■ | ત | ક | દી | ર | ■ | યા | મિ | ની |

*માસ સપ્ટેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. પ્રવીણ દંડ – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. જયંતિલાલ દેઢિયા – અમદાવાદ
૫. પ્રભાબેન દેઢિયા – અમદાવાદ
૬. રંજન શાહ – અમદાવાદ
૭. મહેન્દ્ર સંઘવી – અમદાવાદ
૮. ચેતના વોરા – અમદાવાદ
૯. પ્રભા મોરબિયા – અમદાવાદ
૧૦. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૧૧. કંચન સંઘવી – અમદાવાદ
૧૨. ગીતા મહેતા – અમદાવાદ
૧૩. હર્ષ પરીખ – અમદાવાદ
૧૪. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૫. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૬. અરુણા મહેતા – અમદાવાદ
૧૭. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૧૮. ઝરણા પારેખ – અમદાવાદ
૧૯. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨૧. રસીલા પારેખ – અમદાવાદ
૨૨. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૩. ચંદ્રિકા દેઢિયા – અમદાવાદ
૨૪. રાજકુમારી શાહ – અમદાવાદ
૨૫. જયંતિલાલ મહેતા – અમદાવાદ
૨૬. કુણાલ શાહ – અમદાવાદ
૨૭. રીટા ગાંધી – અમદાવાદ
૨૮. ભોમિક વોરા – અમદાવાદ
૨૯. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૩૦. પ્રિયંકા શાહ – અમદાવાદ
૩૧. વર્ષા પારેખ – અમદાવાદ
૩૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩૩. સ્મિતા શાહ – અમદાવાદ
૩૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૩૫. પ્રભા શેઠિયા – વલસાડ
૩૬. રશ્મિ સાવલા – ભુજ
૩૭. હસ્તી ઠાકર – ભુજ
૩૮. મલય શાહ – ભુજ
૩૯. કંચનબેન મોરબિયા – ભુજ
૪૦. હસમુખ દેઢિયા – અડાલજ
૪૧. ભારતી ભણસારી – અંજાર
૪૨. રૂપાલી પારેખ – સિકંદ્રાબાદ
૪૩. પ્રતીક પારેખ – સિકંદ્રાબાદ
૪૪. તારાબેન શાહ – નાગપુર
૪૫. પ્રભુલાલ પટેલ – રાપર
૪૬. સરોજ ચંદુરા – સુરત
૪૭. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૪૮. નેહલ મહેતા – ગાંધીધામ
૪૯. નિકુંજ મહેતા – ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**૧. જયંતિલાલ દેઢિયા – અમદાવાદ**
**૨. રસીલા પારેખ – અમદાવાદ**
**૩. પ્રભુલાલ પટેલ – રાપર**

## સાચી દેશ ભક્તિ

૧૯૪૫માં અમેરિકાએ જાપાન ઉપર અણુબોંબ ફેંક્યો હતો. આજે ૭૪ વર્ષ પછી પણ અમેરિકા જાપાનમાં એક ટાંકણી પણ વેચી શક્યું નથી કારણકે જાપાનીઓ અમેરિકામાં બનતી કોઈ પણ ચીજ વાપરતા નથી.

આને કહેવાય સાચી દેશ ભક્તિ!

***આપણે ભારતવાસીઓ ચીન માટે આવું ના કરી શકીએ?***

## સ્ત્રી

*આકાશ જેટલો પ્રેમ અને કરુણા*
*પવન જેવું સામર્થ્ય અને તરલતા*
*અગ્નિ જેવો જુસ્સો અને કાર્યક્ષમતા*
*પૃથ્વી જેવી સુંદરતા અને ક્ષમા*
*પાણી જેવી પવિત્રતા અને જીવંતતા*
*સૌંદર્ય અને બુદ્ધિનો અદ્‌ભુત સંગમ **એટલે સાક્ષાત્ શક્તિ – સ્ત્રી***

## NanoNine® Sudoku

**સપ્ટેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૮૪**

- ★ *મનોબળને એટલું મજબૂત બનાવો કે કોઈપણ પરિસ્થિતિમાં આંતરિક સ્વસ્થતા હણાય નહીં.*
- ★ *દરેક મિત્રની સાથે એવો વ્યવહાર કરો કે તેને એમ લાગે કે તમારે મન તેનું ઘણું જ મહત્ત્વ છે.*
- ★ *દરેક વસ્તુ અથવા પરિસ્થિતિની ઊજળી બાજુ જોવાની આદત કેળવો.*
- ★ *ઉત્તમ આયોજન સાથે, ઉત્તમ રીતે કાર્ય કરી ઉત્તમ પરિણામ મેળવવાનું લક્ષ્ય રાખો.*
- ★ *અન્યની સફળતાને તમારી પોતાની સફળતા જેટલી જ ઉમંગથી વધાવો.*
- ★ *ભૂતકાળની ભૂલોમાંથી બોધ મેળવીને તેમને વિસારે પાડો અને ભવિષ્યની મહાન ઉપલબ્ધિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.*
- ★ *વાણી, વર્તન, વ્યવહાર સૌજન્યશીલ રાખો અને ચહેરા પર સદાય સ્મિત જાળવી રાખો.*

## NanoNine® Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૧૧૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 3 | | | | 1 |
| 2 | 5 | | | | | 3 | 9 | |
| | | | | 4 | 1 | 6 | | 2 |
| | 7 | 5 | 8 | | | | | 9 |
| | 6 | | 4 | | 5 | | 7 | |
| 3 | | | | | 9 | 8 | 6 | |
| 4 | | 9 | 3 | 8 | | | | |
| | 3 | 7 | | | | | 1 | 6 |
| 5 | | | | 9 | 7 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 2 | | 4 | 1 | | 9 |
| | 8 | | 5 | | | | 2 | |
| | | | 9 | 1 | | | 4 | |
| 8 | | 1 | | 5 | | 2 | | 3 |
| | 9 | | | 2 | 8 | | | |
| | 1 | | | | 9 | | 6 | |
| 7 | | 3 | 6 | | 2 | | | 8 |
| | 2 | | | 8 | | | 3 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | | 9 | | 1 | 5 | |
| 5 | 3 | | 4 | | 8 | | | |
| | | 8 | | | 1 | 6 | | 3 |
| 9 | | | | 2 | 5 | | | 6 |
| | | 4 | | 7 | | 5 | | |
| 8 | | | 6 | 4 | | | | 1 |
| 6 | | 5 | 7 | | | 9 | | |
| | | | 5 | | 6 | | 2 | 7 |
| | 7 | 3 | | 1 | | | | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | 5 | 4 | | 2 | | |
| | | 7 | 9 | | 3 | 4 | | 1 |
| | 4 | | | | | | 7 | 8 |
| 2 | | 6 | | | 8 | | | |
| | 3 | | 2 | 5 | 9 | | 1 | |
| | | | 7 | | | 3 | | 2 |
| 6 | 9 | | | | | | 8 | |
| 4 | | 8 | 6 | | 5 | 1 | | |
| | | 5 | | 7 | 2 | | | 4 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 9 | 8 | 4 | 1 | 2 | 5 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 6 | 1 |
| 5 | 3 | 1 | 2 | 6 | 7 | 4 | 8 | 9 |
| 2 | 1 | 5 | 9 | 8 | 4 | 6 | 3 | 7 |
| 3 | 4 | 6 | 1 | 7 | 5 | 8 | 9 | 2 |
| 9 | 8 | 7 | 6 | 3 | 2 | 1 | 4 | 5 |
| 7 | 9 | 3 | 4 | 2 | 6 | 5 | 1 | 8 |
| 1 | 6 | 8 | 7 | 5 | 9 | 3 | 2 | 4 |
| 4 | 5 | 2 | 3 | 1 | 8 | 9 | 7 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 1 | 2 | 9 | 7 | 4 | 5 | 8 |
| 2 | 5 | 4 | 1 | 3 | 8 | 6 | 7 | 9 |
| 7 | 8 | 9 | 6 | 5 | 4 | 2 | 1 | 3 |
| 8 | 1 | 3 | 4 | 2 | 6 | 5 | 9 | 7 |
| 6 | 2 | 5 | 9 | 7 | 3 | 8 | 4 | 1 |
| 9 | 4 | 7 | 5 | 8 | 1 | 3 | 6 | 2 |
| 1 | 3 | 8 | 7 | 6 | 5 | 9 | 2 | 4 |
| 4 | 9 | 6 | 8 | 1 | 2 | 7 | 3 | 5 |
| 5 | 7 | 2 | 3 | 4 | 9 | 1 | 8 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 8 | 2 | 6 | 1 | 5 | 9 | 7 |
| 2 | 7 | 5 | 8 | 9 | 4 | 1 | 3 | 6 |
| 1 | 9 | 6 | 7 | 3 | 5 | 8 | 4 | 2 |
| 9 | 1 | 2 | 6 | 4 | 7 | 3 | 5 | 8 |
| 3 | 8 | 4 | 5 | 2 | 9 | 6 | 7 | 1 |
| 5 | 6 | 7 | 3 | 1 | 8 | 4 | 2 | 9 |
| 6 | 4 | 9 | 1 | 5 | 2 | 7 | 8 | 3 |
| 7 | 2 | 5 | 4 | 8 | 3 | 9 | 6 | 5 |
| 8 | 5 | 3 | 9 | 7 | 6 | 2 | 1 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 5 | 4 | 1 | 6 | 7 | 2 | 3 |
| 2 | 1 | 7 | 8 | 5 | 3 | 9 | 6 | 4 |
| 6 | 4 | 3 | 2 | 7 | 9 | 5 | 1 | 8 |
| 5 | 3 | 9 | 6 | 4 | 8 | 2 | 7 | 1 |
| 4 | 6 | 8 | 1 | 2 | 7 | 3 | 9 | 5 |
| 1 | 7 | 2 | 9 | 3 | 5 | 8 | 4 | 6 |
| 3 | 9 | 1 | 5 | 6 | 2 | 4 | 8 | 7 |
| 7 | 2 | 6 | 3 | 8 | 4 | 1 | 5 | 9 |
| 8 | 5 | 4 | 7 | 9 | 1 | 6 | 3 | 2 |



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **રણોત્સવ :** દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કચ્છના ઘોરડો ખાતે તા. ૧લી નવેમ્બરથી ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધી રણોત્સવનું આયોજન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવનાર છે. પ્રવાસીઓને વધુને વધુ સારી સગવડતા મળે તે માટે આંતરમાળખાકિય અને પ્રવાસની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં થયેલ ચર્ચાને અંતે જણાવાયું હતું કે હાલમાં કચ્છમાં થયેલ વરસાદના કારણે રણમાં પાણી ભરાયા છે, જે સૂકાતા હજી એકાદ મહિનો લાગશે. તેથી રણનો નજારો ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં જોવા મળશે તેવું અનુમાન છે.

★ **સંથારો સીઝ્યો :** છ કોટી જૈન સંઘના શ્રાવિકા રામવાનવાળા પાંચીબા અનુપચંદ મહેતાનો સંથારો તા. ૨૨-૯ના રોજ સીઝ્યો છે. સંથારાના પચ્ચક્ખાણ તેમણે તેમના સંસાર પક્ષના દીકરીઓ પરિજ્ઞાજી મ.સા., વિજ્ઞપ્તિ મ.સા., સુરૂચિજી મ.સા. તથા કેવલ્યશ્રીજી મ.સા.ના મુખેથી લીધેલ. તેમની ઉંમર ૯૨ વર્ષની હતી.

★ **કચ્છમાં પાણીજન્ય રોગચાળો વકર્યો :** કચ્છમાં વરસાદી માહોલ વચ્ચે પાણીજન્ય બીમારીએ માથું ઊંચક્યું છે. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં દરરોજ ૧૫૦૦ જેટલા ઓ.પી.ડી. દર્દીઓ સારવાર લે છે. ઉપરાંત અન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર કરાવે છે.

★ **જળ શક્તિ અભિયાન :** વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવાના દરેક જિલ્લામાં થયેલ મહા અભિયાનમાં કચ્છ જિલ્લો સમગ્ર ભારતમાં ૧૩મા ક્રમે આવ્યો છે અને ગુજરાતમાં બીજા ક્રમે આવ્યો છે.

★ **કચ્છ એક્સપ્રેસ ટ્રેન સેવા ૩૫ વર્ષની થઈ :** કચ્છ અને દેશની આર્થિક રાજધાની મુંબઇને જોડતી રેલવે સેવાએ તેની સફરના સાડા ત્રણ દાયકા પૂરા કર્યા છે. તેની શરૂઆત વર્ષ ૧૯૮૪માં તા. ૨જી ઓક્ટોબરના રોજે મુંબઈથી કચ્છ વચ્ચે થઈ હતી.

★ **ગાંધીધામ રેલવે સ્ટેશન સ્વચ્છ રેલ સર્વેમાં અમદાવાદ ડિવિઝનમાં પ્રથમ :** રેલવે મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ક્વોલિટી કન્ટ્રોલ ઓફ ઇન્ડિયા મારફતે દેશભરના ૭૦૦થી વધુ રેલવે સ્ટેશનોમાં સ્વચ્છતા સર્વેમાં જાહેર કરાયેલા પરિણામોમાં પશ્ચિમ રેલવેમાં ગાંધીધામ ચોથા ક્રમે અને અમદાવાદ ડિવિઝનમાં પ્રથમ ક્રમે રહ્યું હતું.

★ **પંડિત શ્યામજી કૃષ્ણવર્મા ક્રાંતિવીરને જન્મ જયંતીએ સ્મરણાંજલિ :** રાષ્ટ્રીય સ્વાભિમાન અને સ્વાધીનતાની આહલેક જગાડનાર માંડવીના સપૂત ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૬૨મી જન્મ જયંતી નિમિત્તે તેમની જન્મ ભોમકા માંડવી કચ્છ ખાતે ગુજરાત રાજયના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તા. ૪થી ઓક્ટોબરે વીરાંજલિ અર્પણ કરી હતી.

★ **કચ્છમાં નર્મદાના કામ ઝડપભેર પૂર્ણ કરો :** કચ્છમાં નર્મદાની મુખ્ય કેનાલનું મોડકૂવાને જોડતું કામ લાંબા સમયથી ઘોંચમાં પડતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં તેની સમીક્ષા અંગે એક બેઠક ગાંધીનગરમાં બોલાવી હતી. જેમાં કચ્છ કલેક્ટર પણ હાજર રહ્યા હતા. બેઠકમાં રૂપાણીએ કહ્યું હતું કે હું જ્યારે પણ કચ્છ જાઉં છું ત્યારે નર્મદા કેનાલના કામના પ્રશ્નો મારી સમક્ષ રજૂ થાય છે. આ કામ તાત્કાલિક શરૂ થાય તે માટે કચ્છ કલેક્ટરે જણાવ્યું હતું કે સંપાદન અધિકારીને કચ્છ મોકલાવો. તેમજ તેઓ લાંબો સમય કચ્છમાં રહે જેથી કામમાં ઝડપ આવે. આ બાબતે નર્મદાનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સહમતિ આપી, ઉચ્ચ અધિકારીને કચ્છ મોકલવાની સૂચના આપી હતી.

★ **સાહિત્ય અકાદમી દ્વારા બે કચ્છી સર્જકોને ગૌરવ પુરસ્કાર (જુઓ યુ-ટ્યુબ પર કચ્છી કાર્યક્રમો) :** ગુજરાત સાહિત્ય અકાદમી પ્રેરિત કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૭ માટે કચ્છી સાહિત્યકાર પ્રભાશંકર ફડકે 'રવિ માલમ'ને તથા વર્ષ ૨૦૧૮ માટે ડૉ. કાંતિ ગોર 'કારણ'ને કચ્છી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ગૌરવ પુરસ્કાર તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ભુજ ખાતે એક સમારોહમાં અર્પણ કરવામાં આવ્યા હતા.

★ **ડેન્માર્ક જેટલું 'હેપ્પી' ભુજ, આનંદો ભુજ :** વિશ્વ હેપ્પીનેસ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯ના જાહેર થયેલા અહેવાલમાં હેપ્પીનેસ માટે ભારતનો ક્રમ ૧૪૦ હતો જ્યારે કચ્છ યુનિવર્સિટીના મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા ભુજના હેપ્પીનેસ દ્વારા સર્વે કરવામાં આવ્યું ત્યારે સર્વેમાં સામે આવ્યું કે ભુજનો હેપ્પીનેસ ઇન્ડેક્ષ ડેન્માર્ક જેટલો છે.

★ **કચ્છમાં ઋતુ પ્રવાસીઓનો નજારો જોવા મળે છે :** ચાલુ વરસે કચ્છમાં સારો એવો વરસાદ પડતાં તથા પક્ષીઓ માટે ખોરાક પાણીની સારી વ્યવસ્થા થતાં યાયાવર પક્ષીઓના ધાડા કચ્છમાં ઉતરી પડ્યા છે. તેમાં છારી ઢંઢ અને ઘોરાડ અભયારણ્યની મુલાકાતમાં પ્રવાસી પક્ષીઓનો નજારો જોવા મળે છે.

★ **કચ્છના નવ રસ્તા ૧૨૦૦ લાખના ખર્ચે પામશે મજબૂતીકરણ :** કચ્છ જિલ્લાના જુદા જુદા તાલુકામાં આવેલા ૯ માર્ગોનો વિકાસ કરવાનો મહત્ત્વનો નિર્ણય સરકારશ્રી દ્વારા લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ૩૬.૬ કિ.મી.ના રસ્તા પાછળ રૂપિયા ૧૨૦૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

# સમાજ દર્પણ

## સગપણ

- **તા. ૨૯-૦૯-૨૦૧૯**
  ચિ. સ્નેહા રાજેશ ગોવિંદજી છેડા (નલિયા - અમદાવાદ)
  ચિ. મોનીલ હર્ષદ શાહ (અમદાવાદ)

## શરણાઈ

- **તા. ૦૮-૧૦-૨૦૧૯**
  ઉષ્મા વિશાલ મહેન્દ્ર શાહ (ભુજ - અમદાવાદ)
  કુંજ મયુરભાઈ દોશી (માંડવી - ટાન્ઝાનિયા)

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫,૦૦૧/- શ્રીમતી ઈંદીરાબેન ડી. શાહ
(કચ્છ બિદડા - ચેન્નાઇ)

રૂા. ૫,૦૦૦/- શ્રી પ્રીતેશ હેમચંદ વીસરિયા
હા. શ્રીમતી અંકિતા પ્રીતેશ વીસરિયા
(કચ્છ બાડા - મુંબઈ)

## વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- સ્વ. પદ્માબેન ફડિયાના શ્રેયાર્થે
હા. ડૉ. રાગેશ ફડિયા (ENT સર્જન)

***નોંધ*** : ગત માસના અંકના સાભાર સ્વીકારના વૈયાવચ્ચ ખાતે રૂા. ૫૦૧/- શ્રી નારાણજી શામજી મૈશેરી - અમદાવાદ નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે સપ્રેમ ભેટ લખેલ. જેમાં દાતાશ્રી ***નારાણજી નરશી મૈશેરી*** સુધારીને વાંચવું.

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# બાલ સમૃધ્ધિ યોજના

સમિતિ દ્વારા તા. ૧૭-૧૧-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ બાળકો માટેની ફિલ્મનો કાર્યક્રમ અનિવાર્ય સંજોગોને લીધે મુલત્વી રાખવામાં આવેલ છે. કાર્યક્રમની નવી તારીખ 'મંગલ મંદિર'ના માધ્યમથી જણાવવામાં આવશે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - બાલ સમૃધ્ધિ યોજના*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધોરણ-૧૦ અને તેની ઉપરના વિદ્યાર્થીઓના સન્માન સાથે ઇનામ વિતરણ...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોના ધોરણ-૧૦ અને તેની ઉપરના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાથે ઈનામ વિતરણના કાર્યક્રમનું શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૯ના રોજ બપોરના ૩.૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સૌ પરિવારજનોએ ઉપસ્થિત રહેવા અનુરોધ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારે પોતાના નામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાં તા. ૧૦-૧૨-૨૦૧૯ સુધીમાં નોંધાવશો. જેથી કાર્યક્રમ સંબંધિત વ્યવસ્થા કરવામાં સરળતા રહે.

ઈનામોનું વિતરણ ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન જ કરવામાં આવશે. ત્યારબાદ ક્ષમા. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા રહેશે.

*પંકજ ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ગૃહ ઉદ્યોગ સમિતિ

## સમિતિ દ્વારા કોમ્પ્યુટર ક્લાસીસ અને સિલાઈ તાલીમના વર્ગ

ગૃહ ઉદ્યોગ સમિતિના ઉપક્રમે તા. ૨૫-૧૧-૨૦૧૯થી દરેક સોમવારથી શુક્રવારના સવારે ૧૧.૦૦થી ૧૨.૦૦ વાગ્યા સુધી કોમ્પ્યુટર ક્લાસીસ તથા બપોરે ૦૧.૦૦થી ૦૩.૦૦ વાગે સિલાઈ તાલીમના ક્લાસીસ શરૂ થનાર છે.

આ ક્લાસીસમાં ભાગ લેવા ઈચ્છતી વ્યક્તિઓએ નીચે જણાવ્યા મુજબ ડિપોઝિટની રકમ ભરપાઈ કરવાની રહેશે.

***કોમ્પ્યુટર ક્લાસ માટે : રૂા. ૫૦૦/- અને***

***સિવણ ક્લાસ માટે : રૂા. ૨૦૦/-***

કોર્સ પૂરો થયા બાદ ડિપોઝિટની રકમ પરત કરવામાં આવશે.

*સ્થળ :* નવનીત ભવન, આણંદજી કલ્યાણજીની પેઢી, બ્લોક : સી, બહેરામપુરા પોલીસ ચોકી સામે, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.

***ડિપોઝિટની રકમ સાથે નામ નોંધાવવા માટેનું સ્થળ :***
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ.

*(નામ વહેલા તે પહેલાના ધોરણે નોંધવામાં આવશે.)*

***વધુ વિગત માટે સંપર્ક : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨, ૪૮૯૦ ૬૦૦૩, ૪૮૯૦ ૬૦૦૪, ૪૮૯૦ ૬૦૦૫***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચક્ષુદાન - દેહદાન સમિતિ

તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત વાર્ષિક સ્નેહ મિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ દરમિયાન આ સમિતિના ઉપક્રમે જે સભ્યોએ સ્વેચ્છાએ પોતાનું અમૂલ્ય રક્તનું દાન કર્યું હતું, તેમના નામોની યાદી નીચે મુજબ છે. રક્તદાન કરનાર દરેક સભ્યોનો, સંજીવની લેબ, સ્વયંસેવકો, સમિતિના સભ્યો, કાર્યાલય સ્ટાફ વર્ગ વગેરે સર્વેનો ખૂબ ખૂબ આભાર.

### "રક્તદાન – મહાદાન"

### રક્તદાન કરનાર સભ્યોની યાદી

૧. હર્ષા નીતિન દેઢિયા
૨. પ્રવીશ કેશવજી મોતા
૩. જૈનન જીજ્ઞેશભાઈ શાહ
૪. મનીષ વિજય છાડવા
૫. જય બીપેન્દ્ર ગોગરી
૬. શિલ્પ એન. દોશી
૭. ઈલા મનીષ છાડવા
૮. જય મનીષ છાડવા
૯. જીજ્ઞેશભાઈ પી. શાહ
૧૦. મયંક એસ. રાંભિયા
૧૧. હીરેન હંસરાજભાઈ સતરા
૧૨. પ્રફુલ ભવાનજીભાઈ જૈન
૧૩. રાજેન્દ્રભાઈ ઈશ્વરભાઈ મકવાણા
૧૪. મૂકેશ અમૃતલાલ શાહ
૧૫. સંજય કીર્તિલાલ સંઘવી
૧૬. નીલેશ રતિલાલ છેડા
૧૭. કેતન એમ. શાહ
૧૮. ધર્મેશ લક્ષ્મીચંદ શાહ
૧૯. ગુલાબચંદ ડુંગરશી સાવલા
૨૦. શાલીન કમલેશભાઈ શાહ
૨૧. નિમેષ વિજયભાઈ શાહ
૨૨. રસિકભાઈ ખીમજીભાઈ મહેતા
૨૩. દિલીપ રમણિકલાલ શાહ
૨૪. ભૂમિકા કિશોરભાઈ જૈન
૨૫. આરતી લક્ષ્મીચંદ મૈશેરી
૨૬. પરાગ મૂકેશભાઈ સોની
૨૭. કેવલ તિલકચંદ મૈશેરી
૨૮. હેમંત પ્રવીણચંદ્ર શાહનંદ
૨૯. પારૂલ હેમંત શાહનંદ
૩૦. ચિરાગ હસમુખલાલ શાહ
૩૧. પાર્થ નિમેશભાઈ ત્રેવાડિયા
૩૨. મનીષ મનસુખલાલ ત્રેવાડિયા



૩૩. ખુશાલ પી. શાહ
૩૪. પ્રતીક લોદરિયા
૩૫. રીંકલ હસમુખ શેઠિયા
૩૬. વિનય હસમુખભાઈ શાહ
૩૭. મનીષ નવીનભાઈ મોતા
૩૮. અર્થ સ્નેહલ શાહ
૩૯. જૈનમ શાહ
૪૦. ધવલ બિપીન સાયા
૪૧. નિકુલ મહેન્દ્ર વોરા
૪૨. ખુશ શૈલેષ નાગડા
૪૩. વલય મહેન્દ્ર કોઠારી
૪૪. રીતેશકુમાર રજનીકાંત કોઠારી
૪૫. ગૌરાંગ જયેન્દ્રભાઈ ફોફલીયા
૪૬. વૈભવ પ્રીતેશ શાહનંદ
૪૭. વિનય પારેખ
૪૮. ધર્મેન્દ્ર બાબુલાલ માલી
૪૯. દેવાંશ અશોકભાઈ શાહ
૫૦. નમન જિતેન્દ્ર મહેતા
૫૧. પરેશ પદમશી ડાઘા
૫૨. અનિકેત શાંતિભાઈ સંઘવી
૫૩. સ્મિત શાહ
૫૪. વિજય પ્રવીણભાઈ શાહ
૫૫. નીલેશ રતિલાલ મહેતા
૫૬. પ્રજ્ઞેશ કે. શાહ
૫૭. કેતન ડી. શાહ
૫૮. મનીષ કરમશી દેઢિયા
૫૯. નીપેશ
૬૦. ભાવિન પ્રવીણચંદ્ર દોશી
૬૧. અંકિત રતિલાલ મહેતા
૬૨. આનંદ ચુનીલાલ વોરા
૬૩. તિમિર એમ. ખોના
૬૪. મનીષ સી. ગાંધી
૬૫. વિપીનભાઈ રતિલાલ શાહ
૬૬. નિમિત વસા
૬૭. ગૌરવ વિપીન શાહ
૬૮. સિધ્ધાર્થ સોની
૬૯. તરૂણ પ્રતાપ દંડ
૭૦. નીરા નીલેશભાઈ શાહ
૭૧. કમલેશભાઈ બી. શાહ
૭૨. નીલય હીરેન ગડા
૭૩. સમર્થ સમીરભાઈ શાહ
૭૪. ચૈત્ય એસ. મહેતા

*કમલેશ બી. શાહ - કન્વીનર*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# યુવા વિકાસ સમિતિ

### નવરાત્રી રાસ-ગરબા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા પરિવારના આર્થિક સહયોગથી નવરાત્રી એક દિવસીય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૩૮૫ સભ્યોએ હાજરી આપી આયોજકોના આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

આ કાર્યક્રમમાં ખૂબ જ સરસ અને રંગબેરંગી ટ્રેડિશનલ ડ્રેસના કારણે આખું ગ્રાઉન્ડ કલરફૂલ થઈ સંગીતના તાલે ઝુમી ઉઠ્યું હતું અને રાસ-ગરબા, સનેડો, નાગીન ડાન્સ, રાજસ્થાની ફોક ડાન્સના તાલે જુમી ઉઠ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખશ્રી / મંત્રીશ્રી સાથે હોદ્દેદારોએ ઉપસ્થિત રહી આયોજકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

રાતના ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છૂટા પડ્યા.

આ કાર્યક્રમમાં વય મર્યાદા મુજબ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં વિજેતાઓના નામ નીચે મુજબ છે :

**ઉંમર : ૬ થી ૧૪ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **Male** | ૧. | હેત દોશી | ૧૦ વર્ષ |
| | ૨. | આર્યન છેડા | ૧૨ વર્ષ |
| **Female** | ૧. | યાના દેઢિયા | ૧૦ વર્ષ |
| | ૨. | ક્રિશી | ૬ વર્ષ |

**ઉંમર : ૧૫ થી ૨૫ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **Male** | ૧. | હેત મારૂ | ૧૮ વર્ષ |
| | ૨. | જૈનમ શાહ | ૧૯ વર્ષ |
| **Female** | ૧. | દેવાંશી મારૂ | ૧૯ વર્ષ |
| | ૨. | દ્દષ્ટિ | ૨૦ વર્ષ |
| | | ધ્રુવા શાહ | ૧૯ વર્ષ |

**ઉંમર : ૨૬ થી ૪૦ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **Male** | ૧. | દીપેશ શાહ | ૩૫ વર્ષ |
| | ૨. | પીયૂષ સાવલા | ૩૬ વર્ષ |
| **Female** | ૧. | જેવંતીબેન લોઢા | ૩૩ વર્ષ |
| | ૨. | શ્વેતા શાહ | ૨૬ વર્ષ |

**ઉંમર : ૪૧ થી ૫૫ વર્ષ**

| | | | |
|---|---|---|---|
| **Male** | ૧. | જીજ્ઞેશભાઈ શાહ | ૪૫ વર્ષ |
| | ૨. | ધનરાજભાઈ દેઢિયા | ૪૪ વર્ષ |
| **Female** | ૧. | અંજુબેન મહેતા | ૪૮ વર્ષ |
| | ૨. | નયનાબેન | ૪૧ વર્ષ |
| | | બકુલાબેન શાહ | ૫૩ વર્ષ |

**ઉંમર : ૫૬ વર્ષથી ઉપર**

| | | | |
|---|---|---|---|
| **Male** | ● | ગીરીશભાઈ દેઢિયા | ૬૪ વર્ષ |
| **Female** | ● | શીલ્પિબેન શાહ | ૫૭ વર્ષ |

**બેસ્ટ જોડી**

● મનીષ છાડવા – ઈલા છાડવા

**બેસ્ટ ડ્રેસ**

| | | | |
|---|---|---|---|
| **Male** | ● | સ્નેહ દોશી | ૧૨ વર્ષ |
| **Female** | ● | દીપા | ૧૫ વર્ષ |

**All Over Best Performance**

| | | | |
|---|---|---|---|
| **Male** | ● | જય છાડવા | ૧૮ વર્ષ |
| **Female** | ● | કૃપા છાડવા | ૨૫ વર્ષ |

**અર્લી બર્ડના વિજેતા**

| | | |
|---|---|---|
| ૧. | જૈનમ શાહ | (નંબર : ૩૩) |
| ૨. | આર્યન છેડા | (નંબર : ૪૫) |
| ૩. | દીપેશ શાહ | (નંબર : ૧૧) |

***ડૉ. કેતન આઈ. શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# સભ્યોને મેડિકલ કાર્ડ ઇસ્યુ કરવા સંબંધી....

સંસ્થામાં રજિસ્ટર્ડ થનાર દરેક નવા સભ્યોને ખાસ જણાવવાનું કે સમાજના ટ્રસ્ટ મંડળની મીટિંગમાં આપનું સભ્યપદ મંજૂર / નામંજૂર થયા બાદ સંસ્થા તરફથી આપને તે સંબંધી યોગ્ય જાણ કરવામાં આવે છે. સભ્યપદ મંજૂર થયા બાદ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલતા મેડિકલ સેન્ટરનો લાભ લેવાની ઈચ્છા ધરાવનારે મેડિકલ કાર્ડ મેળવવા માટે અલગથી અરજી કરવાની હોય છે. મેડિકલ કાર્ડ ઈસ્યુ કરવા માટે થોડો વિલંબ શક્ય છે. જેથી નવા સભ્યોએ મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ તબીબી સેવા પ્રાપ્ત કરવાનો તુર્ત જ આગ્રહ ન રાખે અને મેડિકલ કાર્ડ સંબંધી વારંવાર કાર્યાલયમાં અથવા મેડિકલ સેન્ટરમાં પૂછપરછ ન કરે. મેડિકલ કાર્ડ તૈયાર થતાં, જે તે સભ્યને જાણ કરવામાં આવશે.

***કન્વીનર, સભ્યપદ / મેડિકલ કાર્ડ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમનો અહેવાલ





તા. ૨૫-૯-૨૦૧૯ બુધવારના રોજ પાલડી ભવન ખાતે કૂકિંગ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

શ્રીમતી સુમીરા શાહ (E-TV Expert) Nutrisnacks એટલે કે પૌષ્ટીક નાસ્તા બનાવતા પ્રત્યક્ષ રીતે શીખવ્યા હતા. અદ્યતન પધ્ધતિથી કૂકિંગ અને અદ્યતન છતાં પૌષ્ટીક સામગ્રી જેવી કે Oats, મખાના Peanut Butter, Kinva Canberry, Flex seeds, Honey વગેરે વાપરીને વાનગીઓ ડેમોન્સ્ટ્રેટ કરાઈ હતી. જે આ પ્રમાણે હતી :

ન્યુટ્રી સ્વીટ, Rice Corn spinach rolls, Kinva Cutlet, Nutri Tartlets, Nutri bar, Makhana roast, Fallafal rolls વગેરે વાનગીઓનો સમાવેશ કરાયો હતો.

'Easy to make & Easy to digest' વાનગીઓની પસંદગી સૌ બહેનોએ વખાણી હતી. આ ડેમોન્સ્ટ્રેશન માટેની બધી જ ચીજવસ્તુઓની વ્યવસ્થા સમિતિના સભ્યોએ સારી રીતે સંભાળી લીધી હતી.

દર વખતની જેમ આ વખતે પણ કાર્યક્રમ દરમિયાન અર્થોપાર્જન કરતી બહેનોએ પોતાની પ્રોડક્ટ પ્રદર્શિત કરી હતી. જેમાં નીચેની બહેનોએ ભાગ લીધો હતો.

| | |
|---|---|
| શ્રીમતી અવંતી દંડ | : Avantika Cafeteria |
| શ્રીમતી કવિતા શાહ | : Dry Fruits |
| શ્રીમતી દીપીકા નીસર | : Tupperwear |
| શ્રીમતી કાંતાબા શાહ | : તાજા નાસ્તા |
| શ્રીમતી રૂપલ ગોસર | : ખાખરા, હર્બલ પ્રોડ્કટ્સ |
| શ્રીમતી નીપા શાહ | : Hosiery Wear |

બહોળી સંખ્યામાં હાજર રહેલ બહેનોએ ટેબલ હોલ્ડર્સને સારો એવો સહકાર આપ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કુ. દૃષ્ટિ અંજુ મહેતા હાજર રહ્યા હતા. જેઓ કેન્સર fiology & cancer research – વિષય સાથે ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ માંથી માસ્ટર્સ કરી રહ્યા છે. એમણે બહેનોને કેન્સરથી બચવા અગમચેતીના ભાગરૂપે સમયાંતરે મેમોગ્રાફી અને પેપ ટેસ્ટ કરાવવાની અગત્યતા ઉપર સરળ સમજણ આપી હતી.

*સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

# યુવા વિકાસ સમિતિ

## જવાઇ ડેમ ટ્રેકિંગ એન્ડ એડવેન્ચર ટુર

યુવા વિકાસ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ટ્રેકિંગ અને એડવેન્ચર ટુરનું આયોજન કરવામાં આવનાર છે.

આ ટુર રાજસ્થાન ખાતે સિહોર પાસે આવેલ Leopard Santuaryની ૨ દિવસ અને ૧ રાત્રિની રાખેલ છે.

આ પ્રોગ્રામની પૂરી માહિતી ઓક્ટોબર માસના 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવેલ છે જેની ખાસ નોંધ લેશો.

આ કાર્યક્રમની તારીખ ઓક્ટોબર માસના મંગલ મંદિરના અંકમાં તા. ૨૨-૧૨-૨૦૧૯ આપેલ હતી, જે હવે તા. ૪ અને ૫ જાન્યુઆરી, ૨૦૨૦ નક્કી કરેલ છે. આ પ્રોગ્રામની ફી રૂા. ૨,૦૦૦/- રાખેલ છે. તા. ૩-૧-૨૦૨૦ના રાત્રે ૯.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસ ઉપડશે અને તા. ૫-૧-૨૦૨૦ના અમદાવાદ પરત આવવાનું રહેશે.

***ખાસ નોંધ* :**

૧. ચોવિહારનો આગ્રહ રાખવો નહીં.

૨. આ ટુરમાં વય મર્યાદા ૫૫ વર્ષ સુધીની રહેશે.


૩. આ ટુરમાં કોઈપણ જાતની આકસ્મિક જવાબદારી સમાજની રહેશે નહીં.

*વધુ વિગત માટે સંપર્ક :*

*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*

*રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*

***ડૉ. કેતન આઈ. શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***


ALL KIND OF
LADIES
PREMIUM
NIGHT
WEAR
Alpine : Aline,
Plit, Zip
PV : Aline, Plit, Zip
Cotton : Aline, Plit
Fancy, Kaftan,
Mother Nighty,
Two Pcs.,
Three Pcs.,
Five Pcs,
Seven Pcs.
AUTHO. : ARIHANT ENTERPRISE
G-6/13-15, NAVRANG COMPLEX, SWASTIK CHAR RASTA,
NAVRANGPURA, AHMEDABAD-9. PH.: (079) 4895 1613, 2640 1612


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Odisha
Maharashtra
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફૂલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેલ્વે દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre


Shree
Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
(નાની ખાખરવાળા))
શ્રી કચ્છી જૈન સેવા ભવન
એલ.જી. હોસ્પિટલ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુથરીવાળા)
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી નવનીત ભવન (આવાસ યોજના), બહેરામપુરા, અમદાવાદ.

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**